# ઓજસ દીઠાં આતમજળનાં

પ્રવચનકાર: આચાર્ય વિજય વલ્લભસૂરિજી





જય.

સંપાદક: ડૉ. કુમારપાળ દેસાઈ

કરમણ પરિવાર તરફથી શ્રી સોમચંદ ડી. શાહ
પ્રેરિત સદ્‌વાચન ગ્રંથમાળા

# ઓજસ દીઠાં આત્મબળનાં

: પ્રવચનકાર :

યુગવીર આચાર્ય

## શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ

: સંપાદક :

ડૉ. કુમારપાળ દેસાઈ

: પ્રકાશક :

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ
૧૩ બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

વીરનિર્વાણ સંવત : ૨૫૧૬
દ્વિતીય આવૃત્તિ (ગુજરાતીમાં)
**કિંમત : રૂ. ૨૦**

**પ્રકાશક :**
**શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ**
૧૩ બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭

**મુદ્રક :**
ભીખાભાઈ ડી પટેલ
**ત્રિપુરા ટાઇપ સેટિંગ**
૨૭, અડવાણી માર્કેટ, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ–૩૮૦ ૦૦૪ ફોન : ૨૪૩૦૬

# કુટુંબજીવનની વિરલ સુવાસ

પુરુષાર્થ અને પરમાર્થ બંનેનો સંયોગ વિરલ હોય છે. બહુ ઓછી વ્યક્તિઓમાં જ્યારે આ ભાવના જોવા મળે છે ત્યારે કુટુંબોમાં તો ક્યાંથી એનાં દર્શન થાય ? પરંતુ જૂની હરિપર ( જામનગર )ના કરમણુ નોંધાના પરિવારને જોતાં એમ લાગે કે આ પરિવારની પ્રત્યેક વ્યક્તિમાં પુરુષાર્થ અને પરમાર્થ એકસાથે વણાઈ ગયા છે.

સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાના લાલપુર તાલુકાનું હરિપર ગામ એ આ પરિવારનું મૂળ વતન. એના વડીલ દાદા કરમણુ નોંધા ખેતી કરતા, પણ કદી છાશ-દૂધ વેચતા નહીં. ગામમાંથી જે કોઈ લેવા આવે, તેને ભાવથી આપતા. પોતે ભણ્યા નહોતા, પરંતુ માનવતાની કેળવણી ખૂબ પામ્યા હતા. કોઈને ખેતી માટે બળદની જરૂર હોય કે કોઈને ત્યાં વિવાહ-લગ્નનો પ્રસંગ હોય તો તેઓ એને મદદ કરતા. પોતાની પાસે પૂરતી રકમ ન હોય તો તેઓ બીજેથી પોતાની જમીન પર પૈસા લેતા અને સહુનું કામ

પાર પાડી આપતા. પરોપકાર કર્યા પછી કદી એની પાસે ઉઘરાણી ન કરે. પેલો માણસ સુખી થાય અને સ્વેચ્છાએ આપી જાય તો બરાબર. બાકી ક્યારેય પૈસા માંગવા જવાનું નહીં. પોતાની અંતિમ વેળાએ દીકરાઓ પાસે એવી પ્રતિજ્ઞા લેવડાવી હતી કે જેની રકમ બાકી હોય તેને ત્યાં કદી ઉઘરાણી કરશો નહીં, કદી કોઈના પર કેસ કરશો નહીં; સ્વેચ્છાએ આવે તો લેજો, બાકી ભયો ભયો !

કરમણ નોંધાની આ ભાવના એમના કુટુંબમાં પણ ઊતરી. એમના મોટા પુત્ર લખમણે ખેતી અને ઢોરઢાંખર સંભાળવાની સાથોસાથ પિતાનાં સત્કાર્યો એ જ રીતે ચાલુ રાખ્યાં. આ સમયે લખમણના ભાઈ રાયચંદભાઈ અગિયાર વર્ષની નાની વયે ૧૯૨૮માં નાયરોબી આવ્યા, પછી પોતાના બીજા ભાઈઓને પણ બોલાવ્યા અને સહુએ મળીને વ્યાપારમાં શૂન્યમાંથી સર્જન કર્યું. દેવચંદભાઈના પુત્રો સોમચંદભાઈ અને પ્રેમચંદભાઈ મેટ્રિકનો અભ્યાસ પૂરો કરી વ્યવસાયમાં જોડાયા. પરિશ્રમ અને પ્રેમાળ સ્વભાવથી વ્યવસાયમાં સુંદર વિકાસ સાધ્યો. કેનિયા, યુગાન્ડા, ટાન્ઝાનિયા, ઝામ્બિયા, લંડન અને ઇન્દોરમાં પોતાના ધંધાનો ખૂબ વિકાસ કર્યો. સોમચંદભાઈની સેવાભાવના, પ્રેમચંદભાઈ, વેલજી લખમણ, સ્વ. જયંતિલાલ લખમણ, ગુલાબચંદ લખમણ, મનસુખલાલ રાયચંદ, કપુરચંદ દેવચંદ, રતિલાલ દેવચંદ, અરુણ દેવચંદ જેવા એમના પરિવારજનોમાં પણ પ્રગટ થઈ. નાયરોબીમાં સોમચંદભાઈનું નિવાસસ્થાન એટલે સંતોનો ઉતારો. એમની સેવાભાવના પણ અજોડ. આવા એક ઉમદા પરિવારના સહયોગથી આ ધર્મપોષક અને મૂલ્યવાન ગ્રંથમાળા પ્રગટ થઈ રહી છે, તે આનંદદાયક ઘટના ગણાય.

# પ્રારંભે

જૈન ધર્મમાં તપનો આગવો મહિમા છે. તપશ્ચર્યા એ ધર્મપાલનનું અગત્યનું અંગ છે. સ્વેચ્છાથી સમભાવપૂર્વક પોતાની ઇચ્છાઓને વિવિધ વિષયમાં જતી રોકવી તેનું નામ તપ. આ તપથી કર્મો અને વિષય કષાયોનો મેલ અળગો થઈ જાય છે અને આત્માનું તેજ અને સ્વભાવ પ્રગટ થાય છે. તપના વિષય પર અહીં યુગદર્શી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ. સા.ના વિચારો, ગહન ચિંતન અને મનનને જોવા પૂર્વે એ મહાન વિભૂતિની ભવ્યતાની થોડી ઝાંખી કરીએ.

ક્ષિતિજની અટારીએ સૂર્ય ઊગે અને એ સૂર્ય જન અને વન, મહેલ અને માનવ, વૃક્ષ અને વનરાજી–બધું જ પ્રકાશિત કરે એ રીતે મહાન પ્રતિભાનું આગમન થાય ત્યારે એનાં પ્રકાશકિરણો માત્ર કોઈ એક જ ખૂણાને અજવાળતાં નથી, પરંતુ જગત આખા પર એનાં અજવાળાં પાથરી દે છે. આવી એક મહાન પ્રતિભા હતી સમયદર્શી

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીની. આ પ્રતિભાનું માપ સંકુચિતતાની ફૂટપટ્ટીથી માપી શકાય નહીં. એનો અંદાજ સાંપ્રદાયિક સંકીર્ણતાથી આવી શકે નહીં. એમનું દર્શન દૃષ્ટિહીનને સમજાય પણ નહીં. કદી પ્રકાશને કોઈ કેદમાં રાખી શક્યું છે ખરું ? સીમાડામાં બાંધી શકયું છે ખરું ?

આવી વિભૂતિની દૃષ્ટિ આસપાસના સમાજ સોંસરવી નીકળી જાય. એમનું કાર્ય ભલે વર્તમાનમાં થતું હોય, પણ એમની નજર તો ભવિષ્ય પર મંડાયેલી હોય. ગતાનુગતિકતા કે અંધ રૂઢિચુસ્તતા ક્યારેક આવા વ્યાપક દર્શનને પારખી શકતી નથી, પરંતુ આવાં પરિબળો સામે ઝઝૂમવાનું કૌવત આવી વિભૂતિઓમાં હોય છે. યુગદર્શી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ એક સંપ્રદાયના આચાર્ય હતા, પરંતુ સાંપ્રદાયિક બંધનો કે કૂપમંડૂક વૃત્તિના સીમાડાઓથી તેઓ સાવ ઊફરા હતા. પોતાની દીર્ઘ આત્મસાધનાનું નવનીત આપતાં એમણે વિ. સં. ૨૦૧૦ના ભાઈબીજના દિવસે, પોતાના ૮૪મા જન્મદિવસે કહ્યું :

"હું ન જૈન છું, ન બૌદ્ધ, ન વૈષ્ણવ છું, ન શૈવ, ન હિંદુ છું, ન મુસલમાન; હું તો વીતરાગ દેવ પરમાત્માને શોધવાના માર્ગે વિચરવાવાળો એક માનવી છું, યાત્રાળુ છું. આજે સૌ શાંતિની ચાહના કરે છે, પરંતુ શાંતિની શોધ તો સૌથી પહેલાં પોતાના મનમાં જ થવી જોઈએ."

આ વાક્યોમાં આત્મધર્મ એવા જૈન ધર્મની મહત્તા કેટલી બધી માર્મિક રીતે પ્રગટ થઈ છે ! ધર્મના હાર્દ જેવી આત્મખોજ અને એની અવિરત ઝંખના આમાં પ્રગટ થાય છે. આવી વિભૂતિની નજર સમગ્ર માનવજાત પર પડતી હોય એ સ્વાભાવિક છે, અને એથી જ એમણે રાષ્ટ્રોદ્ધાર અને માનવકલ્યાણ માટે અવિરત પુરુષાર્થ કર્યો. સંયમ, તપ અને સેવાની પ્રવૃત્તિઓ જીવનભર એકસાથે ચલાવી. અનેકાન્તના ધર્મમાં જ્યાં એકાન્ત આગ્રહ જોયો ત્યાં સમયદર્શી આચાર્યશ્રીએ સમજાવટથી કામ લીધું અને વિખૂટાં પડેલાં માનવીઓનાં મન સાંધી આપ્યાં. સમાજની

કરુણ અને કફોડી સ્થિતિનું પહેલાં સમાજશાસ્ત્રીની માફક વિશ્લેષણ કર્યું અને પછી નિર્બળ બનતા સમાજને પુનઃ જાગૃત કરવા પ્રયાસ કર્યો, સંઘના ક્લેશ અને કલહ દૂર કર્યા. અજ્ઞાન, કુસંપ અને ગરીબીએ સંઘની સ્થિતિ એવી કરી નાખી હતી કે આખો સમાજ દુઃખી અને દીન હતો. આ સમયે જૈનસંઘની એકતા, ગરીબ અને મધ્યમ-વર્ગનો ઉત્કર્ષ તેમજ ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણની સુવિધા પૂરી પાડવા માટે આચાર્યશ્રીની અવિરત પ્રેરણા સાંપડી. સમાજની પરિસ્થિતિને જોનારા સમયદર્શી આચાર્ય-શ્રીની નજરમાંથી રાષ્ટ્રની પરિસ્થિતિ પણ કઈ રીતે છૂટી શકે ? એમણે પોતે દેશની સ્વાતંત્ર્ય-ઝંખનામાં અનાસક્ત ભાવે સહયોગ આપ્યો. એમના જીવનમાં પદવી માટેની અનાસક્તિ હતી; વિવેક, વાત્સલ્ય અને વિનયની રત્નત્રયી હતી અને ગચ્છ, સમુદાય કે પંથની સંકીર્ણ લાગણીઓથી પર જઈને એમણે વ્યાપક દૃષ્ટિથી જોવાની શક્તિ આપી.

આ પ્રવચનો વાંચતી વખતે વાચક-મિત્રોને વિનંતી છે કે તેઓ ચાલીસ વર્ષ પહેલાંના રાજસ્થાનના બીકાનેરમાં કેવો સમાજ હશે એની કલ્પના કરે. એમનાં આ પ્રવચનોએ સમાજમાં એક નવી જાગૃતિ આણી હતી; રૂઢિ અને જડતામાં ડૂબેલો સમાજ આ પ્રભાવક વાણીને પરિણામે નવી ચેતના સાથે સળવળી ઊઠ્યો હતો. સમાજમાં વ્યાપ્ત દાંભિકતા કે કૃતક ધાર્મિકતા તોડવી સરળ નથી. આમાં નવો ચીલો ચાતરનારને ઘણા વિરોધ સહેવા પડે છે. આવે સમયે યુગવીર આચાર્યશ્રીએ સમાજને પોતાનું વિશિષ્ટ દર્શન આપ્યું. ધર્મના મર્મને પ્રગટ કરીને જ સમાજને સાચી દિશામાં વાળવા પ્રયાસ કર્યો. આથી તેઓ ધર્મને નામે ફેલાયેલી અધર્મમય પરિસ્થિતિ તો ખુલ્લી પાડે છે, પણ એની સાથો-સાથ સમાજમાં જડ ઘાલીને બેસી ગયેલી કુરૂઢિઓ અને કુપ્રથાઓ પર પ્રહાર પણ કરે છે.

વાણી એ વ્યક્તિત્વની પરિચાયક છે અને એમના વિરાટ વ્યક્તિત્વનો હૂબહૂ પરિચય એમનાં આ પ્રવચનોમાં મળી

રહે છે. પરંતુ આ પ્રવચનોની વાતો માત્ર વચન કે વાણીથી જ અટકી જતી નથી, એને કાર્યમાં સાકાર કરવા માટે આચાર્યશ્રીએ જીવનભર પ્રયાસ કર્યો. માંસાહારી લોકોને જેમ એમણે માંસ, મદીરા છોડાવ્યાં એ જ રીતે હરિજનો કે અછૂતોને માટે પણ આચાર્યશ્રીએ સમભાવ દાખવ્યો. પાલિતાણાની જળહોનારત વખતે આચાર્યશ્રીએ શ્રાવકોને તત્કાળ સહાય માટે પ્રેરણા આપી અને એ જ રીતે જામનગરના એક પંડિતે લખેલા પુસ્તકમાંની જૈન ધર્મ વિશેની ખોટી વિગતો નિભીંકપણે જાહેર કરી. આમ શાસનપ્રભાવના અને સમાજોત્કર્ષ તેમના જીવનમાં વણાઈ ગયાં હતાં. વિ. સં. ૨૦૦૬માં નાણા ગામના એક બ્રાહ્મણ પંડિતે આચાર્યશ્રીનાં વખાણ કર્યાં ત્યારે આચાર્યશ્રીએ કહેલાં આ વાક્યો એમના જીવનને પારદર્શક રીતે રજૂ કરે છે. એમણે પંડિતજીએ કરેલી પોતાની પ્રશંસાના જવાબમાં કહ્યું:

"પંડિતજી, એવું ન કહો. હું ભગવાન મહાવીરનો એક સિપાહી છું. ધર્મના દીવા પ્રગટાવવા માટે જ મારું આ જીવન છે. આ શરીરથી સમાજ, ધર્મ, સાહિત્ય, દેશ અને માનવતાનું જેટલું કલ્યાણ થાય તેટલું કરવા માટે હું પ્રયત્ન કરતો રહું છું."

સૌથી મોટી બાબત આ ગ્રંથમાં એ જોવા મળે છે કે જ્યારે તત્ત્વદર્શનની વાત આવે છે ત્યારે સમયદર્શી આચાર્યશ્રીની વાણી ગંભીર બની જાય છે. એ જ વાણી સમાજની કુરૂઢિ પર પ્રહાર કરતી વખતે તીક્ષ્ણ અને તેજસ્વી લાગે છે. માત્ર જૈન-ગુરુ નહિ, પણ લોક-ગુરુ એવા આ આચાર્યશ્રીની દૃષ્ટિ સર્વધર્મસમભાવ પર ઠરેલી છે. આથી જ એમના વ્યાખ્યાનમાં રામાયણ અને મહાભારત જેવા ગ્રંથો અને ભર્તૃહરિ કે તુલસીદાસ જેવા કવિઓનાં ઉદ્ધરણો આવે છે આને પરિણામે આખીયે વાત એક વ્યાપક ફલક પર આવી જાય છે, જ્યાં સત્ય, મૈત્રી અને માનવતા સિવાય બીજું કશું હોતું નથી.

અંતરની વાણી કેટલી સહજ હોય છે એનો ખ્યાલ તો આ પ્રવચનોની સરળતા અને પ્રાસાદિકતા પરથી આવશે. સર્વજનસમૂહના હૃદયને સીધી ચોટ કરે તેવી આ વાણી છે. એમાં ભાષાની કોઈ ખોટી ભભક નથી, અલંકારોનો આડંબર નથી, જ્ઞાનનો ઘટાટોપ નથી કે પછી અનેક ઉદ્ધરણો અને પ્રમાણોનો ઢગ ખડકયો નથી. કયાંક દૃષ્ટાંતથી તો કયાંક વળી પ્રાસંગિક રમૂજથી પણ તેઓ પોતાની વાત સહજપણે કહી દે છે.

આ પ્રવચનોમાં શાસ્ત્રીય વચનને યુગના સંદર્ભમાં અને અનુભવની એરણ પર મૂકીને એમણે રજૂ કર્યાં છે. જૈન-દર્શન એક મહાન દર્શન છે અને દુનિયાનાં તમામ દર્શનોને એ પોતાનામાં સમાવી લે છે. જૈનદર્શનના આવા વ્યાપક સ્વરૂપની ઝલક આચાર્યશ્રીની વિચારધારામાં દેખાય છે. ૮૪ વર્ષ જેટલા સુદીર્ઘ સમયમાં જીવનની અંતિમ ઘડી સુધી શાસન અને સમાજની સેવા કરનાર આચાર્યશ્રી એક બાજુ શ્રી સંઘના સુખદુઃખના સાથી છે, બીજી બાજુ એના ઉકેલ અને ઉપાય દર્શાવીને એના માર્ગદર્શક લાગે છે, તો ત્રીજી બાજુ મોક્ષ-પુરુષાર્થના અપ્રમત્ત આરાધક છે.

સમયદર્શી આચાર્યશ્રી પ્રાચીન અને નવીન વિશેનો સૂક્ષ્મ વિવેક ધરાવે છે. તેઓ બંનેની તપાસ અને યોગ્ય ચકાસણીના પક્ષમાં છે. એમણે કહ્યું :

“પ્રાચીન અને નવીનને જોઈને એમ ન કહેવાય કે પુરાણું જ બધું સારું છે અને નવું બધું જ ખરાબ છે અથવા તો નવું જ સારું છે ને પુરાણું બધું ખરાબ છે. આ બાબત તો મનુષ્યના વિવેક પર નિર્ભર કરે છે. વિવેકની આંખે એ પ્રાચીન અને નૂતનને જુએ, પરખે અને પછી એમાંથી જે સત્ય(પ્રાણીમાત્રને માટે હિતકર) લાગે એને એ અપનાવે અને અસત્ય(અહિતકર)નો ત્યાગ કરે. આનો અર્થ એ છે કે સારું શું અને ખરાબ શું એનો નિર્ણય કરીને સારાને અપનાવે અને ખરાબને ત્યજે. જૈન ધર્મ

કોઈ પણ વસ્તુ સાચી છે કે ખોટી એ નિર્ણય કરવા માટે એમ કહ્યું છે–પહેલાં જ્ઞ–પરિજ્ઞાથી એને એ યોગ્ય રીતે જાણે અને ત્યજવા યોગ્ય લાગે તો પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી એનો ત્યાગ કરે.''

આ પ્રવચનોમાં પ્રાચીન વિચારોનું યથાર્થ મૂલ્યાંકન અને નવીન વિચારધારાઓની ઉચિત પરીક્ષા જોવા મળે છે. મહાન સમન્વયવાદી, દેશોદ્ધારક યુગદ્રષ્ટા, લોકકલ્યાણ અને આત્મકલ્યાણ વચ્ચે એકરૂપતા સ્થાપનાર તેમજ પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગ વચ્ચે સમન્વય સાધી આપનાર એક સાધુજીવનનાં દર્શન થાય છે. જીવનમાં ત્યાગ અને અનાસક્તિ, વિચારોમાં ગહનતા અને પરિપક્વતા, કાર્યમાં દઢતા અને આત્મવિશ્વાસ જોવા મળે છે. સમયદર્શી આચાર્યશ્રી વિજય-વલ્લભસૂરિજીએ વર્તમાનની ધરતી પર ઊભા રહીને ભવિષ્ય પર દૃષ્ટિ ઠેરવી, એક-એક ડગભરીને આવતી કાલને આંબવાનો પ્રયાસ કર્યો છે અને તેઓ પોતાની મંઝિલને દર્શાવતાં કહે છે :

“હું વીતરાગના પથનો મારી યાત્રી છું. યાત્રાનો અંત એનાં ચરણમાં આવશે.''

સમયદર્શી આચાર્યશ્રીનું જીવન એટલે અનેકાન્તનું જીવતું જાગતું દૃષ્ટાંત. એમની વાણી વ્યાપકતાને સ્પર્શે છે, એમનું લેખન સર્વ મતોમાંથી સમન્વયનું સારતત્ત્વ શોધી કાઢે છે. એમનાં કાર્યો જોઈએ તો ખ્યાલ આવશે કે એમણે અનેકાન્ત દૃષ્ટિએ મેળવેલી વ્યાપકતાથી વ્યક્તિ અને સંઘના કલહો દૂર કરવા સફળ પ્રયાસ કર્યા. ધર્મ જોડનારું પરિબળ છે, તોડનારું પરિબળ નહિ–એ હકીકત એમના જીવનકાર્યથી પ્રગટ થઈ.

આત્મસંન્યાસ, જ્ઞાનપ્રચાર અને શ્રાવક-શ્રાવિકાનો ઉત્કર્ષ –એ ત્રણ લક્ષની સાધનામાં જીવનની પળેપળનો ઉપયોગ કર્યો. એમના આ પ્રવચનમાં એક બાજુ દાન, શીલ, તપ અને ભાવને જીવનમાં ઉતારીને આત્માને ઉજ્જવળ બના-

વવાની વાત કરે છે, બીજી બાજુ અજ્ઞાન અને અંધશ્રદ્ધાના આવરણને ભેદીને જ્ઞાનનો પ્રકાશ પાથરે છે, તો ત્રીજી બાજુ સાધર્મિક દાન, શીલપાલનના ઉપાયો, તપનું ઔચિત્ય કે ભાવોની યથાર્થતાનું આલેખન કરીને એ શ્રાવક-શ્રાવિકાનો ઉત્કર્ષ કેમ થાય તેની ઝંખના પ્રગટ કરે છે. આથી જ આ પ્રવચનો એ આચાર્યશ્રીના ત્રણ મહાન આદર્શોના મનોમંથનમાંથી સાંપડેલા નવનીત સમાન છે.

આ ગ્રંથમાં બાહ્ય તપ અને આભ્યંતર તપની યુગદર્શી આચાર્યશ્રીએ માર્મિક આલોચના કરી છે. શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટનાં પુસ્તકો માટે શ્રી સોમચંદભાઈ શાહ (નાયરોબી) અને કરમણ પરિવારનો ઉમદા સહયોગ સાંપડેલો છે. સમાજમાં સાચી ધર્મજાગૃતિ પ્રગટાવતા આવા ગ્રંથો તો અમૂલ્ય જ ગણાય ને!

—કુમારપાળ દેસાઈ

# અનુક્રમ


| | | |
|---|---|---|
| | જીવનરેખા | ૧૩ |
| | યુગદર્શી આચાર્ય | ૧૭ |
| ૧. | બાહ્ય તપના પ્રકાર | ૨૫ |
| ૨. | આલોચના : જીવનનું અમૃત | ૪૫ |
| ૩. | હા પસ્તાવો ! વિપુલ ઝરણું | ૬૪ |
| ૪. | ધર્મનું મૂળ છે વિનય | ૭૮ |
| ૫. | વિનયના વિવિધ પ્રકાર | ૯૭ |
| ૬. | સૌરભ સાચી વૈયાવૃત્યની | ૧૧૭ |
| ૭. | ઉત્તમ પાત્રની વૈયાવૃત્ય | ૧૩૩ |
| ૮. | સાધનાનું નંદનવન : સ્વાધ્યાય | ૧૫૬ |
| ૯. | સ્વાધ્યાયનું પ્રથમ સોપાન | ૧૪૭ |
| ૧૦. | સ્વ-પર કલ્યાણનું સાધન : સ્વાધ્યાય | ૧૯૭ |
| ૧૧. | ધર્મકથાનો પ્રભાવ | ૨૧૦ |
| ૧૨. | વિકથા અને ધર્મકથા | ૨૨૬ |
| ૧૩. | ધ્યાતા, ધ્યાન અને ધ્યેય | ૨૪૫ |
| ૧૪. | ધ્યાન-સાધના | ૨૬૦ |
| ૧૫. | વ્યુત્સર્ગ-તપનું વિરાટ રૂપ | ૨૮૬ |
| ૧૬. | કાયોત્સર્ગ | ૨૯૯ |

## આચાર્યશ્રી વલ્લભસૂરિજીની જીવનરેખા

| | વિ. સં. | |
|---|---|---|
| વડોદરા | ૧૯૨૭ | જન્મ : કારતક સુદ ૨ (ભાઈબીજ). પિતાનું નામ દીપચંદભાઈ, માતાનું નામ ઇચ્છાબહેન, પોતાનું નામ છગનલાલ. |
| રાધનપુર | ૧૯૪૩ | દીક્ષા વૈશાખ સુદ ૧૩. પ. પૂ. આચાર્યશ્રી વિજયાનંદ સૂરીશ્વરજી મ. શ્રી લક્ષ્મીવિજયજીના શ્રી હર્ષવિજયજીના શિષ્ય થયા. |
| મહેસાણા | ૧૯૪૪ | ચંદ્રિકા, આત્મપ્રબોધનો અભ્યાસ. |
| પાલી | ૧૯૪૫ | કલ્પસૂત્રની સુબોધિકા ટીકાનો અભ્યાસ. |
| માલેર કોટલા | ૧૯૪૬ | પાલીમાં વડી દીક્ષા. 'ગપ્પ દીપિકા સમીર' રચી. શ્રીહર્ષવિજયજીનો સ્વર્ગવાસ. દશવૈકાલિક સૂત્રનો અમરકોષ, આચાર-પ્રદીપ, અભિધાન ચિંતામણિ અભ્યાસ. |
| પટ્ટી | ૧૯૪૭ | ચંદ્રોદય, સમ્યક્ત્વ સપ્તતી, ચંદ્રપ્રભા–વ્યાકરણ, ન્યાય-જ્યોતિષ, આવશ્યક સૂત્ર અભ્યાસ. |
| અંબાલા | ૧૯૪૮ | ન્યાયબોધિની, ન્યાયમુક્તાવલિનો અભ્યાસ. પ્રથમ શિષ્ય શ્રી વિવેકવિજય મ. સા. ની દીક્ષા. |
| જંડિયાલાગુરુ | ૧૯૪૯ | જૈન મતવૃક્ષ તૈયાર કર્યું. |
| જીરા | ૧૯૫૦ | યતિજીત કલ્પ આદિ છેદ સૂત્રનો અભ્યાસ. |
| અંબાલા | ૧૯૫૧ | "તત્ત્વનિર્ણય પ્રાસાદ" ગ્રંથની પ્રેસ કોપી શરૂ કરી. |
| ગુજરાનવાલા | ૧૯૫૨ | આ. શ્રી. વિજયાનંદસૂરિ મ. નો સ્વર્ગવાસ. |
| નારોવાલા | ૧૯૫૩ | તેમનું જીવન ચરિત્ર રચ્યું, આત્મસંવત શરૂ કરી. |
| પટ્ટી | ૧૯૫૪ | સમાધિ મંદિરનો પ્રારંભ. |
| માલેર કોટલા | ૧૯૫૫ | દુષ્કાળ અંગે અન્નસત્રનો પ્રારંભ. |
| હોશિયારપુર | ૧૯૫૬ | શ્રી વિજયાનંદસૂરિ મ. ની મૂર્તિની પ્રતિષ્ઠા. |
| અમૃતસર | ૧૯૫૭ | જંડીયાલાગુરુમાં અંજનશલાકા, પ્રતિષ્ઠા, પાઠશાળા. |
| પટ્ટી | ૧૯૫૮ | જીરામાં જૈન સાહિત્ય અવલોકન સમિતિ તથા |
| અંબાલા | ૧૯૫૯ | શ્રી આત્માનંદ જૈન પાઠશાળા સ્થાપી. |
| સમાના | ૧૯૬૦ | નાભાનરેશની સભા સમક્ષ શાસ્ત્રાર્થ. શ્રી મહાનિશીથ-સૂત્રથી મૂર્તિપૂજાની સાબિતી. |
| જીરા | ૧૯૬૧ | નવાણું પ્રકારી પૂજા રચી. |
| લુધિયાના | ૧૯૬૨ | ગુજરાનવાલાથી રામનગર તીર્થનો સંઘ. |

| | | |
|---|---|---|
| અમૃતસર | ૧૯૬૩ | શ્રી પાર્શ્વનાથસ્વામી પંચકલ્યાણક પૂજા રચી. |
| ગુજરાનવાલા | ૧૯૬૪ | "વિશેષ નિર્ણય" "ભીમજ્ઞાન ત્રિશીકા" ગ્રંથની રચના દિલ્હીથી હસ્તિનાપુરનો સંઘ. |
| પાલનપુર | ૧૯૬૫ | જયપુરથી ખોગામ સંઘ. આત્મવલ્લભ કેળવણી ફંડ. |
| વડોદરા | ૧૯૬૬ | રાધનપુરથી સિદ્ધાચલનો સંઘ. |
| મિયાગામ | ૧૯૬૭ | વડોદરાથી કાવી, ગંધારનો સંઘ. મિયાગામમાં પાઠશાળાનો પ્રારંભ. સામાજિક કન્યા વિક્રયાદિ કુરિવાજોનું નિવારણ. એકવીસ પ્રકારી શ્રી ઋષિ મંડળ "શ્રી નંદીશ્વરદ્વીપ" તીર્થ પૂજા રચી. |
| ડભોઈ | ૧૯૬૮ | વડોદરામાં મુનિ સંમેલન, દ્વાદશવ્રત પૂજા રચી. નાંદોદ તથા વડોદરાનરેશ સમક્ષ શ્રી હંસવિજયજી મ. ની અધ્યક્ષતામાં જાહેર પ્રવચનો. |
| મુંબઈ | ૧૯૬૯ | ઉપધાન, શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના. |
| મુંબઈ | ૧૯૭૦ | શ્રી પંચ પરમેષ્ઠી પૂજા રચી. |
| સુરત | ૧૯૭૧ | શ્રી જૈન વનિતા વિશ્રામ માટે પ્રેરણા, ઉપધાન. |
| જૂનાગઢ | ૧૯૭૨ | સ્ત્રી શિક્ષણ શાળા, શ્રી આત્માનંદ જૈન લાઇબ્રેરી સ્થાપી. |
| મુંબઈ | ૧૯૭૩ | વંથલીમાં શ્રી શીતલનાથની પ્રતિષ્ઠા. વેરાવળમાં સ્ત્રી શિક્ષણ શાળા, ઔષધાલય સ્થાપ્યાં. વેરાવળથી સિદ્ધાચલનો સંઘ. મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય માટે રૂ. એક લાખનું ફંડ. પંચતીર્થી પૂજા રચી. પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મ. સાથે ચાતુર્માસ. |
| અમદાવાદ | ૧૯૭૪ | શ્રી હંસવિજયજી મ. સાથે ચાતુર્માસ. મહાવીર પ્રભુ પંચકલ્યાણક પૂજા રચી. સૂરતમાં પ્રતિષ્ઠા. |
| સાદડી | ૧૯૭૫ | પાલનપુરમાં આચાર્યોની મૂર્તિની પ્રતિષ્ઠા, વિદ્યાલય માટે ફંડ, જૈન શ્વે. કોન્ફરન્સ માટે પ્રેરણા, નાણાબેડામાં પાઠશાળા. |
| ખુડાલા | ૧૯૭૬ | આદિનાથ પંચકલ્યાણક પૂજા રચી. બાલીમાં ઉપધાન. શિવગંજથી કેસરિયાજીનો સંઘ. "ચૌદ રાજલોક" "શ્રી પંચજ્ઞાન" "શ્રી સમ્યગ્ દર્શન" પૂજા રચી. ગૂંદોજ, મુંડારામાં લાઇબ્રેરી, પાઠશાળા. |
| બીકાનેર | ૧૯૭૭ | કાપરડાજીમાં ધર્મશાળાની પ્રેરણા. શુદ્ધ ખાદીની આજીવન પ્રતિજ્ઞા. |

| | | |
|---|---|---|
| અંબાલા | ૧૯૭૮ | હોશિયારપુરમાં ૧૦૮ સુવર્ણમહોરના સ્વસ્તિકથી સ્વાગત. શ્રી અષ્ટાપદ તીર્થની પૂજા રચી. સમાનામાં પ્રતિષ્ઠા. |
| હોશિયારપુર | ૧૯૭૯ | શ્રી ચારિત્ર (બ્રહ્મચર્ય વ્રત) પૂજા રચી. |
| લાહોર | ૧૯૮૦ | હોશિયારપુરથી કાંગડા તીર્થનો સંઘ. પંજાબમાં સરસ્વતી મંદિર માટે દસ દ્રવ્યનો અભિગ્રહ. |
| ગુજરાનવાલા | ૧૯૮૧ | લાહોરમાં પ્રતિષ્ઠા. ૧૯૮૧ના માગસર સુદ–૫ સોમવારે સવારે ૭॥ વાગે આચાર્યપદવી. શાન્તિનાથ પંચકલ્યાણક પૂજા રચી. |
| બડોત | ૧૯૮૨ | શ્રી આત્માનંદ જૈન–ગુરુકુળને જૈનેતર દાનવીર શ્રી વિઠ્ઠલદાસ ગોકળદાસનું રૂ. ૩૨ (બત્રીસ) હજારનું દાન. નવીન મંદિરનો પ્રારંભ. |
| બિનોલા | ૧૯૮૩ | બિનૌલીમાં અંજનશલાકા પ્રતિષ્ઠા, લાઇબ્રેરી, અલવરમાં પ્રતિષ્ઠા, સાડેરાવમાં પાઠશાળા સ્થાપી. |
| પાટણ | ૧૯૮૪ | હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર માટે ઉપદેશ. ઘેનુજથી ગાંભુનો સંઘ. |
| મુંબઈ | ૧૯૮૫ | ચારૂપ તથા કરચલીયા પ્રતિષ્ઠા. પાઠશાળા સ્થાપી. મુંબઈ પધાર્યા. |
| પૂના | ૧૯૮૬ | સંઘમાં લાયબ્રેરી સ્થાપી. ઉપધાન કરાવ્યા. |
| બાલાપુર | ૧૯૮૭ | ચેવલામાં પ્રતિષ્ઠા તથા નૂતન ઉપાશ્રય. |
| સાદડી | ૧૯૮૮ | અકોલા તથા નાડોલમાં પ્રતિષ્ઠા. ફલોદીથી જેસલમેરનો સંઘ. |
| પાલનપુર | ૧૯૮૯ | પોરવાડ સંમેલન. "અજ્ઞાન તરણી" "કલિકાલ કલ્પતરુ" બિરુદ અર્પણ. |
| અમદાવાદ | ૧૯૯૦ | પાલનપુરમાં ઉપધાન. શાન્તમૂર્તિ હંસવિજય મ. નો સ્વર્ગવાસ. ડભોઈમાં લોઢણ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા. મુનિ સંમેલન |
| મુંબઈ | ૧૯૯૧ | શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પ્રતિષ્ઠા. |
| વડોદરા | ૧૯૯૨ | શ્રી વિજયાનંદસૂરિજીનો શતાબ્દી મહોત્સવ, ઉપધાન, ઉપાશ્રયના જીર્ણોદ્ધાર માટે પ્રેરણા કરી. |
| ખંભાત | ૧૯૯૩ | જ્ઞાનમંદિર, દેરાસરનો જીર્ણોદ્ધાર, પ્રતિષ્ઠા. |
| અંબાલા | ૧૯૯૪ | શ્રી આત્માનંદ જૈન કોલેજનું શેઠ કસ્તુરભાઈના હસ્તે ઉદ્‌ઘાટન. વલ્લભ દીક્ષા-શતાબ્દી ઉત્સવ, ઉમેદપુરમાં અંજનશલાકા, સાઢોરા, બડોતમાં પ્રતિષ્ઠા. |

| | | |
|---|---|---|
| રાયકોટ | ૧૯૯૫ | માલેરકોટલામાં હાઈસ્કૂલ સ્થાપી. |
| ગુજરાનવાલા | ૧૯૯૬ | હોશિયારપુરથી કાંગડા તીર્થનો સંઘ. |
| શિયાલકોટ | ૧૯૯૭ | ખાનગાડોગરામાં પ્રતિષ્ઠા. મંદિરનું ખાતમુહૂર્ત. |
| પટી | ૧૯૯૮ | મૂર્તિની પ્રતિષ્ઠા. શ્રી કાન્તિવિજયજી મ. નો સ્વર્ગવાસ. |
| જંડિયાલાગુરુ | ૧૯૯૯ | કસુરમાં અંજનશલાકા, પ્રતિષ્ઠા. ગુરુ-મંદિર તથા લાઇબ્રેરી સ્થાપી. રાયકોટમાં અંજનશલાકા પ્રતિષ્ઠા. |
| બીકાનેર | ૨૦૦૦ | વડોદરાથી પૌષધસમિતિનું દર્શનાર્થ આગમન. આ. શ્રી. નો હીરક મહોત્સવ. |
| લુધિયાના | ૨૦૦૧ | ફાજલકામાં પ્રતિષ્ઠા, પંજાબી જૈન ધર્મશાળા–પાલીતાણા માટે ફંડ. |
| ગુજરાનવાલા | ૨૦૦૨ | શિયાલકોટમાં પ્રતિષ્ઠા. |
| ગુજરાનવાલા | ૨૦૦૩ | હિન્દુસ્તાનમાં ભાગલા. અમૃતસરમાં આગમન. |
| બીકાનેર | ૨૦૦૪ | મહિલા ઉદ્યોગશાળા સ્થાપી. સાધર્મિકના ઉત્કર્ષનો ઉપદેશ |
| સાદડી | ૨૦૦૫ | અંજનશલાકા પ્રતિષ્ઠા. વિદ્યાપ્રચાર. બીજાપુરમાં અંજન-શલાકા પ્રતિષ્ઠા. |
| પાલનપુર | ૨૦૦૬ | રાતામહાવીર પ્રભુની પ્રતિષ્ઠા માટે વાસક્ષેપ મોકલ્યો. શ્રી વિજયાનંદસૂરિજીની મૂર્તિની પ્રતિષ્ઠા. |
| પાલીતાણા | ૨૦૦૭ | કેળવણી ફંડ, દાદાની ટૂંકમાં શ્રી વિજયાનંદસૂરિજીની પંચધાતુની મૂર્તિની પ્રતિષ્ઠા. સાધુ સંમેલન ભાવનગરમાં, 'આત્મકાન્તિ' જ્ઞાનમંદિર ઉદ્ઘાટન, વડોદરામાં શ્રી શત્રુંજય તીર્થાવતાર પ્રાસાદે શ્રી આદિનાથ, મહેતાપોળના મંદિરે શ્રી નેમિનાથ, શ્રી મહાવીર જૈનવિદ્યાલયમાં શ્રીઆદિનાથની પ્રતિષ્ઠા તથા આ. શ્રી ઉમંગસૂરિજીને પટ્ટધર, પં. સમુદ્રવિજયજી, પં. પ્રભાવવિજયજીને ઉપાધ્યાય પદવી, ઝઘડીયામાં શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ સ્થાપ્યું. |
| મુંબઈ | ૨૦૦૮ થી ૨૦૧૦ | મુંબઈમાં ધર્મશાળા, ભોજનશાળા, પાઠશાળા માટે પ્રેરણા કરી. મધ્યમ વર્ગના ઉત્કર્ષ માટે ફંડ. ૩૪૦ મૂર્તિઓની અંજનશલાકા થાણામાં કરી. ઘાટકોપરમાં ઉપધાન. ઉપાધ્યાય શ્રી સમુદ્રવિજયજીને આચાર્યપદાર્પણ. શ્રી મહાવીર જૈન વિદ્યાલય માટે ફંડ. સંવત ૨૦૧૦ના ભાદરવા વદી ૧૦ની રાત્રે સ્વર્ગવાસ. (મુંબઈ) |

—દામજીભાઈ કે. છેડા

# યુગદર્શી આચાર્ય
## (જીવન-પરિચય)

યુગદ્રષ્ટા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ ત્યારે મુંબઈમાં બિરાજતા હતા. વિ૦ સં૦ ૨૦૧૦ ના ભાઈબીજનો દિવસ તેઓશ્રીનો ૮૪મો જન્મદિવસ હતો. અને એ નિમિત્તે મુંબઈની ૭૩ સંસ્થાઓ તરફથી એક મોટો સમારંભ યોજવામાં આવ્યો હતો. એ મંગલમય પ્રસંગે, જાણે પોતાની ૬૮ વર્ષ જેટલી દીર્ઘ આત્મસાધનાનું નવનીત જનતાને આપતા હોય એ રીતે, તેઓએ પોતાના અંતરની લાગણીને વાચા આપતાં આત્મવિશ્વાસપૂર્વક કહ્યું હતું, કે—

"હું ન જૈન છું, ન બૌદ્ધ, ન વૈષ્ણવ છું, ન શૈવ, ન હિંદુ છું, ન મુસલમાન; હું તો વીતરાગ દેવ પરમાત્માને શોધવાના માર્ગે વિચરવાવાળો એક માનવી છું, યાત્રાળુ છું. આજે સૌ શાંતિની ચાહના કરે છે, પરંતુ શાંતિની શોધ તો સૌથી પહેલાં પોતાના મનમાં જ થવી જોઈએ."

ગંભીરતા અને વિનમ્રતાપૂર્વક આચાર્યશ્રીના અંતરમાંથી, અમૃતની સરવાણીની જેમ, વહી નીકળેલા આ શબ્દો આચાર્યશ્રીની જુદાં જુદાં નામોથી ઓળખાતા ધર્મોનાં બાહ્ય સ્વરૂપથી ઊંચે ઊઠીને આત્મધર્મની-પોતાની જાતની ખોજની-ઉત્કટ તમન્નાનું સૂચન કરવા સાથે જૈનધર્મની અનેકાંતવાદની સત્યગામી અને ગુણગ્રાહી ભાવના તેઓના જીવનમાં કેવી ઓતપ્રોત થઈ ગઈ હતી, એનું દર્શન કરાવે છે.

જૈનધર્મે જીવનસાધનામાં અહિંસાને પ્રાધાન્ય આપીને વિશ્વભરના જીવો સાથે મૈત્રી કેળવવાનો આદેશ આપ્યો છે. યુગદર્શી આચાર્યશ્રીએ એ આદેશને ઝીલી લઈને પોતાના હૃદયને વિશાળ કરુણાપરાયણ અને સંવેદનશીલ બનાવ્યું હતું અને સમગ્ર માનવજાત પ્રત્યે સમભાવ કેળવ્યો હતો. કોઈનું પણ દુઃખ-દર્દ જોઈને એમનું અંતર કરુણાભીનું બની જતું અને એના નિવારણનો શક્ય પુરુષાર્થ કર્યા પછી જ એને નિરાંત થતી. આ રીતે તેઓ વેશથી જૈનધર્મના ગુરુ હોવા છતાં અંતરથી તો સર્વના હિતચિંતક એક આદર્શ લોકગુરુ જ બન્યા હતા. અને આવી ઉન્નત ભાવનાના બળે જ ઉપર મુજબના શબ્દો ઉચ્ચારી શક્યા હતા.

વિ૦ સં૦ ૧૯૨૭ના ભાઈબીજના દિવસે એમનો જન્મ. તેઓનું વતન વિદ્યા, કળા અને સંસ્કારિતાની ભૂમિ વડોદરા શહેર. તેઓની જ્ઞાતિ વીસા શ્રીમાળી. પિતાનું નામ દીપચંદભાઈ. માતાનું ઇચ્છાબહેન. એમનું પોતાનું નામ છગનલાલ. કુટુંબ ખૂબ ધર્મપરાયણ એટલે છગનલાલને પારણે ઝૂલતાં ઝૂલતાં જ ધર્મસંસ્કારનું પાન કરવાનો સુયોગ મળ્યો હતો. દસ-બાર વર્ષની ઉંમર થતાં થતાં તો પિતા અને માતા બન્નેની છત્રછાયા ઝૂંટવાઈ ગઈ ! મરણ-પથારીએ પડેલી માતાએ પોતાના પુત્રને આ જન્મમાં તેમજ જન્માંતરમાં પણ ઉપયોગી થાય એવી શિખામણ આપતાં કહ્યું, કે 'બેટા, અર્હંતનું શરણ સ્વીકારજે અને અનંત સુખના ધામમાં પહોંચાડે એવા શાશ્વત ધર્મધનને મેળવવામાં અને જગતના જીવોનું કલ્યાણ કરવામાં તારું જીવન વિતાવજે."

છગનને એકલવાયું ન લાગે અને એનું ચિત્ત પ્રસન્ન રહે એ માટે બન્ને મોટા ભાઈઓ-શ્રી હીરાભાઈ અને શ્રી ખીમચંદભાઈ-ખૂબ તકેદારી રાખતા, પણ છગનલાલનો જીવ કંઈક જુદી જ માટીનો હતો. એનું ચિત્ત ઘરસંસારનો ત્યાગ કરીને ત્યાગધર્મની દીક્ષા લેવા માટે ઝંખી રહ્યું : ક્યારે એવો અવસર આવે, અને હું ક્યારે સાધુજીવન સ્વીકારું !

અને એવો પુણ્ય અવસર પણ આવી ગયો. વિ૦ સં૦ ૧૯૪૨માં જૈનસંઘના મહાન પ્રભાવક આચાર્ય શ્રી વિજયાનંદસૂરિજી (આત્મારામજી) મહારાજ વડોદરા પધાર્યા. એમની ધર્મદેશના છગનના અંતરને સ્પર્શી ગઈ. એ ભાગવતી દીક્ષા લેવા તત્પર થઈ ગયો. હવે સંસારનું બંધન એને એક પળ માટે પણ, ખપતું ન હતું. છેવટે મોટા ભાઈઓ અને કુટુંબીજનોની નારાજી વહોરીને પણ એણે વિ૦ સં૦ ૧૯૪૩ ની સાલમાં, રાધનપુરમાં, શ્રી આત્મારામજી મહારાજ પાસે, મુનિ શ્રી હર્ષવિજયજીના શિષ્ય તરીકે, દીક્ષા લીધી.

નામ મુનિ શ્રી વલ્લભવિજય રાખવામાં આવ્યું. ભૂખ્યાને ભાવતાં ભોજન મળે એમ છગનનો આત્મા ખૂબ આહ્‌લાદ અનુભવી રહ્યો. એક પળ પણ નિરર્થક વિતાવવાને બદલે તેઓ ગુરુસેવા અને જ્ઞાન-ચારિત્રની આરાધનામાં લાગી ગયા. શ્રી આત્મારામજી મહારાજના તેઓ ખૂબ પ્રીતિપાત્ર બની ગયા—જાણે કાયાની છાયા જ સમજો!

ત્રણ ચોમાસાં ગુજરાત અને રાજસ્થાનમાં કરીને તેઓ દાદાગુરુજીની સાથે પંજાબ ગયા. ત્યાં એકધારાં ૧૯ ચોમાસાં કરીને પંજાબના શ્રીસંઘની ધર્મશ્રદ્ધાને ખૂબ દૃઢ બનાવી. ૧૯ ચોમાસાંમાં દાદાગુરુજીની સાથે ૭ કર્યાં અને વિ૦ સં૦ ૧૯૫૨ માં દાદાગુરુજીનો સ્વર્ગવાસ થતાં, ૧૩ ચોમાસાં બીજા મુનિવરો સાથે કર્યાં. અંતસમયે જેમ માતાએ હિતશિખામણ આપી હતી, એ રીતે જ દાદાગુરુજીએ અંતિમ આદેશ મુનિ શ્રી વલ્લભવિજયને કર્યો હતો, કે સમાજના ઉત્કર્ષ માટે ઠેર ઠેર વિદ્યામંદિરો સ્થપાવજો, અને પંજાબને સંભાળજો!

જેમના ચરણે મુનિ વલ્લભવિજયજીએ પોતાનું જીવન અને સર્વસ્વ સમર્પિત કર્યું હતું, એ વાત્સલ્યમૂર્તિ દાદાગુરુના સ્વર્ગવાસથી તેઓને ન કલ્પી શકાય એટલો આઘાત લાગ્યો. પણ કુદરતના સહજ ક્રમ પ્રમાણે આવી પડેલ આપત્તિથી હતાશ–નિરાશ થઈને નિષ્ક્રિય બની જવું એ મુનિ શ્રી વલ્લભવિજયજીના સ્વભાવમાં જ ન હતું. દાદાગુરુજીના પારસમણિ જેવા સહવાસને લીધે જીવનમાં ધીરજ, હિંમત અને સમતાનું જે તેજ પ્રગટ્યું હતું, એની જાણે કસોટી થવાની હતી. મુનિ શ્રી વલ્લભવિજયજી પંજાબના શ્રીસંઘની ધર્મશ્રદ્ધાને દૃઢ કરવાના અને સરસ્વતીમંદિરોની સ્થાપનાના કાર્યમાં દત્તચિત્ત બની ગયા. પંજાબ શ્રીસંઘમાં બાળકોથી લઈને તે વૃદ્ધો સુધી સૌ કોઈનાં અંતરમાં ગુરુવલ્લભ વસી ગયા તે તેઓની સંઘના ઉત્કર્ષની આવી ઉમદા ભાવના અને પ્રવૃત્તિને કારણે જ. ગુરુ વલ્લભનું નામ પડે છે, અને પંજાબના શ્રીસંઘનું અંતર આદર અને ભક્તિથી ગદ્‌ગદ બની જાય છે.

*

न धर्मो धार्मिकैर्विना —ધર્મ એના અનુયાયીઓમાં જ ટકી રહે છે—એ સૂત્રનો ભાવ મુનિ શ્રી વલ્લભવિજયજીના અંતરમાં બરાબર વસી ગયો હતો. વળી, પોતાની દીર્ઘ દૃષ્ટિને કારણે, તેઓ પલટાતા સમયનાં એંધાણ પણ પારખી શકતા હતા. વળી સંઘની શક્તિને ટકાવી રાખવા માટે અને સમાજનો ઉત્કર્ષ સાધવા માટે તેઓએ ત્રણ મુદ્દાઓ નક્કી કર્યા હતા :

(૧) સમાજની ઊગતી પેઢીને દરેક કક્ષાનું વ્યાવહારિક તથા ધાર્મિક શિક્ષણ મળતું રહે એવી વ્યવસ્થા કરવી.

(૨) સંઘશક્તિને ટકાવી રાખવા માટે જૈન સંઘના બધા ફિરકા વચ્ચે સંપ અને સંગઠનની ભાવનાને પ્રોત્સાહન મળે એવું વાતાવરણ ઊભું કરવું.

(૩) સમાજનો ગરીબ અને મધ્યમ વર્ગ આર્થિક ભીસમાં પિસાઈ ન જાય એ માટે ઉદ્યોગગૃહ જેવી સંસ્થાઓની સ્થાપના કરવી અને એ માટે મોટું ભંડોળ એકત્ર કરવું.

તેઓની આ ભાવનાને તેઓના જ શબ્દોમાં જોઈએ :

"અત્યારે હજારો જૈન કુટુંબો પાસે ખાવા પૂરતું અન્ન નથી; પહેરવા પૂરતાં કપડાં નથી; માંદાની સારવાર માટે અને પોતાના બાળકોને ભણાવવા માટે પાસે પૈસા નથી. આજે મધ્યમ વર્ગનાં આપણાં ભાઈ–બહેન દુ:ખની ચક્કીમાં પિસાઈ રહ્યાં છે...જો મધ્યમ વર્ગ જીવતો રહેશે તો જ જૈન જગત પણ ટકી રહેશે. ધનિક વર્ગ લહેર કરે અને આપણા સહધર્મી ભાઈઓ ભૂખે મરે એ સામાજિક ન્યાય નહીં પણ અન્યાય છે."

"સંસારનો ત્યાગ કરી, આ વેશ પહેરી, ભગવાન મહાવીરની જેમ, અમારે અમારા જીવનની પળેપળનો હિસાબ આપવાનો છે. આત્મશાંતિ અને આત્મશુદ્ધિ તો મળતાં મળશે, પણ સમાજ, ધર્મ અને દેશના ઉદ્યોગમાં આ જીવનમાં જે કાંઈ ફાળો આપી શકાય, તે આપવાનું કેમ ભૂલી શકાય ?"

"સાધર્મિક વાત્સલ્યનો અર્થ કેવળ મિષ્ટાન્ન ખવડાવવું એવો જ નથી; પરંતુ સાધર્મિક ભાઈઓને કામે લગાડીને એમને પગભર બનાવવા, એ પણ સાચું સાધર્મિક વાત્સલ્ય છે."

"સેવા, સંગઠન સ્વાવલંબન, શિક્ષણ અને જૈન સાહિત્યનું પ્રકાશન તથા એનો પ્રચાર—આ પાંચ બાબતો ઉપર જ જૈન સમાજની ઉન્નતિનો આધાર છે."

"બને કે ન બને, પણ મારો આત્મા એમ ચાહે છે, કે સાંપ્રદાયિકતા દૂર થાય અને જૈન સમાજ શ્રી મહાવીરસ્વામીના નેજા નીચે એકત્ર થઈને શ્રી મહાવીરસ્વામીની જય બોલે."

આચાર્યશ્રી ખાદી પહેરતા હતા. એ હકીકત પણ તેઓની રાષ્ટ્રભાવનાની સાક્ષી બની રહે એવી છે. પોતાની રાષ્ટ્રીય ભાવનાને વ્યક્ત કરતાં તેઓએ કહ્યું હતું કે: "આપણા દેશની આઝાદીમાં આપણા સહુનું કલ્યાણ છે. આઝાદીને માટે હિંદુ, મુસ્લિમ, શીખની એકતા જરૂરી છે; આ એકતા આપણે ગમે તે ભોગે સાધવી પડશે જ. આપણા દેશમાં એકતા સ્થપાય તો વિશ્વશાંતિમાં આપણા દેશનું સ્થાન અનેરું બનશે તેની ખાતરી રાખશો. હિંદુ નથી ચોટીવાળા જન્મતા, મુસલમાન નથી સુન્નતવાળા જન્મતા, શીખ નથી દાઢીવાળા જન્મતા. જન્મ લીધા પછી જેવા જેના સંસ્કાર અને જેવા જેના આચાર, તેવો તેને રંગ ચઢે છે. આત્મા તો બધામાં એક જ છે. સર્વે મોક્ષના અધિકારી છે. સર્વે સરખા છે. આપણે બધા એક જ છીએ."

*

પંજાબમાં એકધારાં ૧૮ વર્ષ સુધી કામ કર્યા પછી જ્યારે તેઓએ ગુજરાત તરફ વિહાર કર્યો ત્યારે સમાજના ઉત્કર્ષ માટે, સમયની હાકલને ધ્યાનમાં લઈને, શું શું કરવાની જરૂર છે એ અંગેના એમના વિચારો પરિપક્વ થઈ ચૂક્યા હતા. અને હવે તો એ વિચારોને રચનાત્મક સ્વરૂપ આપવાની જ જરૂર હતી. આ યોજનામાં મુખ્યત્વે બે બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હતી:

એક તો સંઘની નવી પેઢી વિદ્યાની દરેકેદરેક શાખામાં નિપુણતા મેળવે એ માટે શિક્ષણસંસ્થાઓ કે વિદ્યાર્થીગૃહો સ્થપાવવાં; અને બીજી, સમાજના જરૂરિયાતવાળાં ભાઈઓ-બહેનોને જરૂરપૂરતી પૂરક સહાય મળતી રહે એ માટે કંઈક કાયમી વ્યવસ્થા કરવી, જેમ કે એ માટે મોટું ફંડ એકઠું કરવું અને ઉદ્યોગ-ગૃહોની સ્થાપના કરવી.

ગુજરાત તરફના વિહારમાં આ યોજનાને તેઓએ અગ્રસ્થાન આપ્યું, અને જૈન સંઘ આ યોજનાનું મહત્ત્વ સમજે એ માટે અવિરત પુરુષાર્થ આદર્યો. તેઓના આ પુરુષાર્થને લીધે જ પંજાબ, રાજસ્થાન, ગુજરાત તેમજ મહારાષ્ટ્રમાં નાની-મોટી શિક્ષણસંસ્થાઓ અને વિદ્યાર્થીગૃહો સ્થપાયાં. આ ઉપરાંત સને ૧૯૧૪-૧૫માં, મુંબઈમાં સ્થપાયેલ અને સમય જતાં અનેક શાખાઓરૂપે વિસ્તાર પામેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, એ પણ આચાર્યશ્રીની પ્રેરણા અને ભાવનાનું જ ફળ છે.

આચાર્યશ્રીની પ્રેરણાથી સ્થપાયેલ આવી સંસ્થાઓ ઉત્તરોત્તર વિકાસ સાધી શકી એમાં એમની દૂરદેશી, સમયજ્ઞતા અને નિર્મોહવૃત્તિનો ફાળો કંઈ જેવો તેવો નથી. દરેક સંસ્થા પોતાનાં ધારાધોરણ પ્રમાણે કામ કરતી રહે એમાં જ પ્રસન્નતા અનુભવતા. આવી અનાસક્તિ કે અલિપ્તતા અતિવિરલ જોવા મળે છે.

આવી જ નિર્મોહવૃત્તિ તેઓએ આચાર્યપદવી માટે દર્શાવી હતી. પંજાબના સંઘે તો તેઓને છેક વિ૦ સં૦ ૧૯૫૭માં આચાર્યપદ સ્વીકારવાની આગ્રહભરી વિનંતિ કરી હતી; પણ મુનિ શ્રી વલ્લભવિજયજીએ વિનમ્રતાપૂર્વક એનો ઇન્કાર કર્યો હતો. આ પછી છેક ચોવીશ વર્ષે, વિ૦સં૦ ૧૯૮૧માં, પંજાબ શ્રીસંઘના આગ્રહને વશ થઈને, લાહોરમાં તેઓએ આચાર્યપદનો સ્વીકાર કર્યો હતો.

વિ૦ સં૦ ૨૦૦૬ માં. જૈન કૉન્ફરન્સનું અધિવેશન ફાલનામાં મળ્યું ત્યારે, સંઘની એકતાના મનોરથ સેવતા આચાર્યશ્રીએ લાગણીભીના સ્વરે એમ કહ્યું હતું, કે "જો આપણા સંઘની એકતા સાધવા માટે જરૂર પડે તો હું મારું આચાર્યપદ છોડવા તૈયાર છું." જૈન સંઘની એકતા માટેની આ કેવી ભવ્ય ઝંખના! આ જ રીતે તેઓ ઇચ્છતા હતા, કે જૈનોના બધા ફિરકાઓમાં પણ એકતા સ્થપાય.

એકવાર આચાર્યશ્રી પાલનપુર ગયા. એમના જાણવામાં આવ્યું કે સંઘમાં ક્લેશ છે. એમનો આત્મા કકળી ઊઠ્યો. એ વખતે જેઠ મહિનો ચાલતો હતો. ગરમી એવી પડતી હતી કે પંખીઓ પણ બહાર નીકળતાં ન હતાં આચાર્યશ્રીએ સંઘના અગ્રણીઓને બોલાવીને કહ્યું, કે જ્યાં કુસંપ હોય ત્યાં રહેવાનું મારું કામ નહીં. અને ઉનાળાની સખત ગરમીની પરવા કર્યા સિવાય તેઓએ વિહારની તૈયારી કરવા માંડી. સંઘ તરત જ સમજી ગયો.

રાજસ્થાનમાં ખિવાણદીના સંઘમાં ઝઘડો જોઈને તેઓએ કહ્યું, કે તમારો ઝઘડો દૂર ન થાય ત્યાં સુધી મારે ગોચરી બંધ. તરત જ ઝઘડો દૂર થયો.

મહારાષ્ટ્રમાં બુરાનપુરમાં મા–દીકરા વચ્ચે ખટરાગ પડેલો. આચાર્યશ્રીના જાણવામાં એ વાત આવી. તેઓ પોતે ગોચરી લેવા નીકળ્યા અને એ ઘરે જઈ પહોંચ્યા. માતા અને પુત્ર બન્ને ગોચરી વહોરવાની વિનંતિ કરવા લાગ્યાં. આચાર્યશ્રીએ કહ્યું, કલેશવાળા ઘરમાંથી હું ગોચરી નહીં લઉં. તમે બન્ને સંપીને વહોરાવો તો જ ભિક્ષા લઈશ. વર્ષો જૂનો કલેશ સત્વર દૂર થઈ ગયો!

ગુજરાનવાલાના ગુરુકુળને નાણાંની મોટી ભીડ પડી. આચાર્યશ્રીએ જાહેર કર્યું, કે "આ સંસ્થા માટે એક લાખ રૂપિયા ભેગા ન થાય ત્યાં સુધી મારે ગોળ-ખાંડ બંધ." થોડા દિવસોમાં જ સંસ્થાની ટહેલ પૂરી થઈ ગઈ.

પૂનાના સંઘમાં ઝઘડો પડયાનું જાણીને આચાર્યશ્રીએ કહ્યું, કે—"મેં સાંભળ્યું છે કે પૂનાના સંઘના લોકો અંદર અંદર બહુ ઝઘડે છે; આટલું જ નહીં, એવું પણ સાંભળ્યું છે કે એક પક્ષના લોકોએ જ મારું સ્વાગત કરવા નક્કી કર્યું છે. પણ તમારે જાણવું જોઈએ કે જ્યાં સંઘમાં ઝઘડા હોય છે, ત્યાં જવાનું હું ત્યારે જ પસંદ કરું છું કે જ્યારે સંઘના ઝઘડા મટી જાય."

વિ૰ સં૰ ૨૦૦૮ માં જૈન કૉન્ફરન્સની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરાં થતાં હતાં. એ નિમિત્તે એ જ વર્ષમાં કૉન્ફરન્સનું અધિવેશન મુંબઈમાં ભરાયું હતું. આચાર્યશ્રીએ મધ્યમ અને ગરીબ વર્ગના ઉત્કર્ષને માટે કંઈક નક્કર કામ કરવાનો અનુરોધ કર્યો. કૉન્ફરન્સના મોવડીઓએ એ આદેશને ઝીલી લીધો તો ખરો, પણ એ દિશામાં ધારી પ્રગતિ થતી ન લાગી, એટલે આચાર્યશ્રીએ જાહેર કર્યું કે આ કામ માટે પાંચ લાખ રૂપિયા એકત્ર ન થાય ત્યાં સુધી મારે દૂધ બંધ. જૈન સંઘે થોડા વખતમાં જ એમની ટહેલ પૂરી કરી દીધી. આચાર્યશ્રીનું સંઘનાયક પદ ચરિતાર્થ થયું.

સાધ્વીસંઘ ઉપર શાસ્ત્રો અને પરંપરાને નામે મૂકવામાં આવતાં નિયંત્રણોને કારણે એમનો વિકાસ રુંધાઈ જાય છે, એ વાત પ્રગતિશીલ વિચારો ધરાવતા આચાર્યશ્રીના ખ્યાલ બહાર ન હતી. સાધ્વીસંઘને શાસ્ત્રાભ્યાસ અને વ્યાખ્યાનોની છૂટ આપવામાં આવે તો એ અવશ્ય પ્રગતિ સાધીને સંઘની વિશેષ સેવા કરી શકે. આચાર્યશ્રીએ પોતાની આજ્ઞામાં રહેતા સાધ્વીસમુદાયને આ બાબતમાં પૂરી છૂટ આપી.

એકવાર બિનૌલીના હરિજનોએ આચાર્ય મહારાજને ફરિયાદ કરી, કે "મહારાજ, હિંદુઓ અમને પાણીને માટે પજવે છે. એ દુઃખ દૂર નહીં થાય તો અમે હિંદુ મટી મુસલમાન બની જઈશું.' કરુણાપરાયણ આચાર્યશ્રીએ એમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી. શ્રાવકોએ તરત જ એમને એક કૂવો બનાવી દીધો.

આચાર્યશ્રીના સંઘનાયકપદની ખરેખરી અગ્નિપરીક્ષા થઈ સને ૧૯૪૭ માં, દેશના વિભાજન વખતે. ત્યારે આખો દેશ કોમી હુતાશનમાં ઓરાઈ ગયો હતો. એ ચોમાસું આચાર્યશ્રી પંજાબમાં દાદાગુરુની નિર્વાણભૂમિ ગુજરાનવાલા શહેરમાં રહ્યા હતા. દેશ બે ભાગમાં વહેંચાઈ ગયો હતો અને ગુજરાનવાલા પાકિસ્તાનમાં ગયું હતું. જૈન સંઘની ચિંતાનો પાર ન હતો.

સંઘે ગમે તેમ કરીને ગુજરાનવાલા છોડીને હિંદુસ્તાનમાં આવી જવાની આચાર્યશ્રીને પ્રાર્થના ઉપર પ્રાર્થના કરી; એ માટે જરૂરી સગવડ પણ કરી. પણ

ગુજરાનવાલામાં સપડાઈ ગયેલાં બધાં સાધુ-સાધ્વીઓ અને જૈન ભાઈઓ-બહેનોના સ્થળાંતરની પૂરી ગોઠવણ ન થાય ત્યાં સુધી પોતાનો જીવ બચાવવા ચાલી નીકળવાનો તેઓએ સાફ સાફ ઇન્કાર કર્યો. છેવટે એ બધાંના સ્થળાંતરની ગોઠવણ થઈ ત્યારે જ આચાર્યશ્રીએ દુભાતે દિલે ગુરુતીર્થ ગુજરાનવાલાને છેલ્લી સલામ કરી !

જીવનના છેલ્લા દિવસો વીતતા હતા. ત્યારે (વિ૦ સં૦ ૨૦૧૦ માં) આચાર્યશ્રી મુંબઈમાં બિરાજતા હતા. ૮૪ વર્ષની ઉંમર અને ૬૮ વર્ષના દીક્ષા પર્યાયને લીધે કાયાનો ડુંગર ડોલવા લાગ્યો હતો. છતાં મનમાં એક જ રટણ હતું કે ક્યારે પાલીતાણા જઈને હું દાદાનાં દર્શન કરું અને પંજાબ ક્યારે પહોંચું ? કાયા ભલે ને જર્જરિત થઈ, અંતરનો ઉત્સાહ અને ઉમંગ તો એવોને એવો જ હતો.

નિરાશમાંથી આશા પ્રગટે, ક્રૂરતામાંથી કરુણા જન્મે, અધર્મમાંથી ધર્મની અભિરુચિ જાગે એવા એવા સારમાણસાઈના, સેવાપરાયણતાના, નમ્રતાના, કરુણા-પરાયણતાના તેમજ સમતા, શાંતિ અને સ્વસ્થતાના અનેક પ્રસંગ મૌક્તિકોથી આચાર્યશ્રીનું જીવન વિમળ, ઉચ્ચ અને ઉદાત્ત બન્યું હતું.

આવા એક જાજરમાન પ્રભાવક મહાપુરુષે, વિ૦ સં૦ ૨૦૧૦ ના ભાદરવા વદી ૧૦ ના દિવસે (તા. ૨૨-૯-૫૪ ના રોજ), વધુ ઉન્નત સ્થાનને માટે અંતિમ પ્રયાણ કર્યું !

છેલ્લે છેલ્લે એમની કલ્યાણકારી ઉદાર જીવનસાધનાનો ખ્યાલ આપતા એમના જ શબ્દોથી આ સંક્ષિપ્ત પરિચય પૂરો કરીએ. તેઓએ વિ. સં. ૧૯૮૫માં અમદાવાદમાં પોતાના અંતરની વાત કરતાં કહેલું કે—

"યુવકોને નાસ્તિક અને વૃદ્ધોને અંધશ્રદ્ધાળુ કહેવાથી કશો અર્થ સરવાનો નથી. બન્નેના હાથ મેળવી, સમયને-દેશકાળને ઓળખીને તેમને અને જગતને બતાવી આપવાનું છે કે જૈનધર્મ શ્રેષ્ઠ છે. મોક્ષ એ કંઈ કોઈનો ઇજારો નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ દરેક જો વીતરાગ બને તો મોક્ષ મેળવી શકે છે"

એ સર્વમંગલકારી વિભૂતિને આપણી વંદના હો !

—રતિલાલ દી. દેસાઈ

*

એક

# બાહ્ય તપના પ્રકાર

તપ જીવનનું અમૃત છે. અમૃતની પ્રાપ્તિ પછી માનવીને મૃત્યુનો ભય રહેતો નથી. એ જ રીતે તપ રૂપી અમૃત પ્રાપ્ત થતાં મનુષ્યનું જીવન અમર બની જાય છે. એટલે જ તો ઉપનિષદના ઋષિઓએ કહ્યું છે :

ब्रह्मचर्येण तपसा देवा मृत्युमुपाघ्नत ।

"બ્રહ્મ(આત્મા)માં વિચરણ કરવાવાળાં તપથી દેવોએ મૃત્યુને પણ મહાત કરી દીધું."

એ સાચું છે કે તપશ્ચર્યા દ્વારા જીવનનાશક, જીવનમાં વિકૃતિ લાવનાર કે એને અશુદ્ધ બનાવનાર કામ–ક્રોધાદિ શત્રુ કે તેને કારણે બંધાતાં અશુભ કર્મો નષ્ટ થઈ જાય છે અથવા તો નાસી જાય છે.

શુદ્ધ તપના બે ભેદ છે, એક બાહ્ય તપ બીજું આભ્યન્તર તપ.

આજે બાહ્ય તપ વિશે વિચાર કરીશું. તમે જાણો છો કે દવા બે પ્રકારની હોય છે: એક બહાર લગાડવા માટે કે લેપ કરવા માટે હોય છે અને બીજી મોં વાટે પેટમાં લેવાની. રોગીને જરૂરિયાત મુજબ બંને પ્રકારની દવાઓનો ઉપયોગ કરવો પડે છે. તાવમાં માથાનો દુ:ખાવો થાય તો એ વખતે ખાવાની દવાની સાથે માથા પર બામ પણ લગાડવો પડે છે. ક્યારેક શરીરમાં જમા થયેલાં વિજાતીય દ્રવ્યોને બહાર કાઢવા માટે ઑપરેશન પણ કરવામાં આવે છે. ઑપરેશન કરતી વખતે રોગીની શક્તિને ટકાવવા માટે મોં વાટે દવા પણ આપવામાં આવે છે. આમ બે પ્રકારના ઉપચાર મુજબ તપના પણ બાહ્ય અને આભ્યન્તર એવા બે પ્રકાર છે. જીવનમાં પ્રવેશેલા રોગને દૂર કરવા અને આત્માને સ્વસ્થ અને સશક્ત બનાવવા માટે બાહ્ય અને આભ્યન્તર તપ બે પ્રકારના ઉપચાર છે. આ રીતે બાહ્ય તપ બીમાર આત્માનો બહારથી ઇલાજ કરે છે અને આભ્યન્તર તપ અંદરથી ઇલાજ કરે છે.

બીજી રીતે વિચારીએ તો બાહ્ય તપ આભ્યન્તર તપ દ્વારા આત્મારૂપી રોગી માટે બતાવેલા ઉપાયો અનુસાર સક્રિય કામ કરવાનું શરૂ કરી દે છે. જેમ કે અમુક રુગ્ણ આત્મા માટે પ્રાયશ્ચિત્તરૂપી ઑપરેશન દ્વારા રોગ દૂર કરવાની વ્યવસ્થા વિચારવામાં આવે છે. હવે પ્રાયશ્ચિત્તરૂપી ઑપરેશનને માટે સહન કરવાની શક્તિ, પ્રબળ ભાવના, ઉત્તમ ધ્યાનરૂપી ઔષધની વ્યવસ્થા આભ્યન્તર તપ કરશે, તો બાહ્ય તપ પ્રાયશ્ચિત્ત માટે નિશ્ચિત કરવામાં આવેલા ઉપવાસોને ક્રિયાન્વિત કરશે, કષ્ટ સહન કરશે અને ઇન્દ્રિયોને વિષયોમાં સરી પડતાં રોકશે. આમ બાહ્ય તપનું કાર્ય ખાસ ઉપચાર કરવાનું છે, અને આભ્યન્તર તપનું કામ અંદરથી ઉપચાર કરવાનું છે. પોતપોતાની રીતે બંનેની જરૂર છે.

હવે આપણે એ જોઈએ કે બાહ્ય તપ ક્યાં ક્યાં સાધનોથી કર્મરોગથી ગ્રસિત આત્માનો ઉપચાર કરે છે. વીતરાગદેવે બાહ્ય તપ દ્વારા ઉપચાર કરવા માટે ૬ ભેદ(સાધન) બતાવ્યા છે. એ બધાને એક ગાથા દ્વારા પ્રગટ કર્યા છે–

"अणसण (१) मुणोअरीआ (२) वित्तिसंखेवण (३) रसच्चाओ (४) कायकिलेसो (५) पडिसंलीणया य (६) बज्झो तवो होइ ॥१॥

"અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ અને પ્રતિસંલીનતા–આમ છ પ્રકારનાં બાહ્ય તપ હોય છે."

હવે આપણે આ છ પ્રકાર વિશે ક્રમશઃ વિવેચન કરીશું અને સાથે એ પણ જોઈશું કે આમાંથી દરેક પ્રકારનું તપ, શરીર, ઇન્દ્રિયો અને અંગોપાંગો ઉપર કેવી રીતે પ્રભાવ પાડે છે? તેમજ એ પ્રત્યેકનો ઉપયોગ શું છે?

## ઉપવાસનો મર્મ

આમ સૌપ્રથમ અનશન તપ છે. એનો શબ્દશઃ અર્થ થાય છે–

न अशनं अनशनं ।

જેમાં ભોજન કરવામાં આવે નહીં અથવા અલ્પભોજન કરવામાં આવે. પરંતુ અહીં અનશનનો ભાવાર્થ છે–અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ. આમ ચારે પ્રકારના અશનનો હેતુ એ છે કે પ્રમુખ આહારનો યથાયોગ્ય ત્યાગ કરવો, અને આ જ અર્થ જૈન પરંપરામાં સ્વીકૃત છે. તીવ્રતા કે મંદતા પ્રમાણે દવાની માત્રામાં પણ ફેરફાર કરવામાં આવે છે, એવી રીતે અનશનરૂપી ઔષધની પણ વિવિધ માત્રાઓ હોય છે. આમ અનશન કેવળ એક જ પ્રકારના ઉપવાસના રૂપમાં જ નથી હોતું, પણ અનેક પ્રકારનાં હોય છે. એક ઉપવાસથી ઓછા સમયનું અને ઉપવાસથી પણ અધિક સમયનું એટલે કે બે ઉપવાસથી લઈને ૭ મહિના સુધીના ઉપવાસ અથવા તો આમરણાંત અનશન (સંથારા) સુધીના સમયનું હોય છે. આ દૃષ્ટિથી અનશનના મુખ્ય બે ભેદ કર્યા છે–ઇત્વરિક અને યાવત્કથિત.

ઇત્વરિક એટલે થોડા સમય માટે અશન ત્યાગ અને યાવત્કથિત એટલે–જે તીર્થંકરના સમયમાં જેટલી અવધિ સુધીના અનશન બતાવ્યાં છે, એટલી અવધિ સુધી અનશન કરવાં. અથવા તો અંતિમ સમયે કે ઉપસર્ગાદિ આવતાં કરવામાં આવતાં સાગારી (છૂટ કે શરતની સાથે)

કે આગાર (છૂટ કે શરત વગરના) અનશન તીર્થંકર કથિત વિધિ અનુસાર સંલ્લેખના-સંથારાપૂર્વક આજીવન(આમરણ) અનશનને પણ યાવત્કથિત કહે છે.

ઇત્વરિક અનશનનો સમય બે ઘડી (મુહૂર્ત ૪૮ મિનિટ)થી લઈને આખા દિવસ-રાત સુધીના અનશન સુધીનો હોય છે. આ ઇત્વરિક અનશન તપમાં બે ઘડી, નવકારસી (નમસ્કારિકા), પોરસી (૧ પ્રહર), એકાસન (અર્ધો દિવસ) અથવા સંપૂર્ણ દિવસ-રાત સુધી ચારેય અશનાદિ અથવા પાન (પેય) છોડીને ત્રણેય આહારોનો ત્યાગ કરવામાં આવે છે. યાવત્કથિતમાં બે દિવસના ઉપવાસથી લઈને ત્રણ (તેલા), ચાર (ચોલા), પાંચ (પંચોલા), આઠ (અઠ્ઠાઈ), માસખમણ (એક માસિક ઉપવાસ), બે માસ, ત્રણ માસ, ચાર માસ, પાંચ માસ અને ૬ મહિના સુધીના ઉપવાસ કરી શકાય છે, ઉપસર્ગાદિને કારણે અથવા તો અંતિમ સમય નજીક આવેલો જાણીને સંલ્લેખના સંથારાપૂર્વક આજીવન સાગારી કે અસાગારી અનશન કરી શકાય છે.

મનુષ્યની શક્તિ, રુચિ, પરિસ્થિતિ, ઉત્સાહ, ભાવના વગેરે એક સરખાં નથી હોતાં, માટે અનશન તપના પણ અમુક પ્રકાર કે અમુક માત્રાઓ દર્શાવવામાં આવી છે.

જે લોકો રાત-દિવસ ખાવા-પીવામાં જ ડૂબેલાં રહે છે, તેમને માટે તપ આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ છે. તે જો બે ઘડીના અનશનથી શરૂ કરીને ધીરેધીરે પ્રયત્ન કરીને વધારવામાં આવે તો મહીનાઓ સુધી ભોજન લીધા વગર રહી શકાય છે. આનાથી અનેક લાભ છે. એક લાભ એ થાય છે કે મનુષ્યનું મન અને ઇન્દ્રિયો રાત -દિવસ પોતપોતાના વિષયોને ગ્રહણ કરવામાં ડૂબેલાં હોય છે તેના પર થોડા સમય માટે સંયમ આવી જાય છે. બિલકુલ નિર્બળ, નિરુત્સાહ અને કંઈ પણ ત્યાગ કરતાં ડરતું મન આનાથી સબળ બને છે, નાના નાના ત્યાગ કરવાથી અને તેનું ઉત્સાહપૂર્વક પાલન કરવાથી ધારણાશક્તિ અને સંકલ્પશક્તિ વધી જાય છે. પછી મનુષ્ય

મોટા-મોટા સંકલ્પો અને ધારણાઓને સફળતાપૂર્વક પાર પાડી શકે છે. ભૂખ્યા-તરસ્યા રહેવાના અભ્યાસને લીધે દુકાળ સમયે અન્ન-સંકટની પરિસ્થિતિમાં કે ક્યાંક જંગલોમાં કે દેશાન્તર કરવું પડે ત્યારે અચાનક સગવડ ન મળે તો પણ મનુષ્ય આનંદભેર ખાધા-પીધા વિના કેટલાય દિવસો સુધી રહી શકે છે.

આમ સમાજની શુદ્ધિ માટે તેમ જ પોતાની શુદ્ધિ માટે પણ પ્રાયશ્ચિત્તના રૂપમાં ઉપવાસનું ખૂબ મહત્ત્વ છે. વર્તમાનયુગમાં માણસ એક પછી એક ભૂલ પર ભૂલ અને દોષ પર દોષ કર્યે જતો હોય છે, પરંતુ એ ભૂલને સુધારવા માટે પશ્ચાત્તાપપૂર્વક એનું પ્રાયશ્ચિત્ત કરતો નથી. ઉપવાસ દ્વારા દોષોનું પરિમાર્જન કરતો નથી, એથી એ દોષો વધતા જાય છે અને સમાજ અનેક અનિષ્ટો અને દોષોનું ધામ બની જાય છે. પ્રાચીન કાળમાં સમાજના મુખી કે અગ્રણીના વ્યક્તિગત જીવનમાં કોઈ અનિષ્ટ જાગતું તો એ પ્રાયશ્ચિત્ત સ્વરૂપે ઉપવાસ કરીને શુદ્ધિ પામતો હતો, સમાજ(સંઘ)માં પણ કોઈ દોષ, અનિષ્ટ, ભૂલ કે અપરાધ થાય તો તેના માટે ક્યારેક અનિષ્ટ આચરનારને પ્રાયશ્ચિત્ત કરાવીને કે ક્યારેક પોતે જ તેના દોષ માટે પ્રાયશ્ચિત્તરૂપે ઉપવાસ કરીને સમાજને શુદ્ધ રાખવાનો પ્રયત્ન કરતા હતા. કેટલાય મુનિઓ સમાજના અનિષ્ટો, ઉપદ્રવો, અશાન્તિ, ક્લેશ વગેરેને દૂર કરવા અને સંઘ(સમાજ)માં શુદ્ધ વાતાવરણ સર્જવા માટે ઉપવાસ કે આમરણ અનશન(સાગરી) કરતા હતા અને સમાજને પણ એ ઉપવાસોમાં સામૂહિક-રૂપે ભાગ લેવાની પ્રેરણા આપતા હતા.

"कषायविषयाहारत्यागो यत्र विधीयते ।
उपवासः स विज्ञेयः शेषं लंघनकं विदुः ।।

ભગવાન મહાવીરે એ વખતમાં પ્રચલિત દાસ-દાસીનાં ખરીદ-વેચાણ અને તેમની સાથે થતા અમાનુષિક વ્યવહારની કુપ્રથાની વિરુદ્ધ અભિગ્રહ (સત્યાભિમુખી સંકલ્પ ગ્રહણ કરવો, જેમાં સંકલ્પપૂર્તિ સુધી ઉપવાસ કરવામાં આવે છે.) કર્યો હતો. આમાં પાંચ મહિના અને

પચીસ દિવસ સુધી તેમને ઉપવાસી (નિરાહાર) રહેવું પડયું હતું અને અંતે તેમનો અભિગ્રહ પૂર્ણપણે સફળ થયો હતો. એનું પ્રતીક રાજ-કુમારી ચંદનબાળા (દાસીના રૂપમાં) બની. સમગ્ર સમાજ ઉપર આનો પ્રબળ પ્રભાવ પડયો અને તે અમાનવીય પ્રથા ધીરે ધીરે ભારતમાંથી લુપ્ત થઈ. સમાજમાં પ્રચલિત જાતિવાદના અનિષ્ટને દૂર કરવા માટે ભગવાન મહાવીરનું હરિકેશીમુનિ જેમાં મુખ્ય હતા, તેવું શ્રમણ-શ્રમણીઓનું મંડળ કાર્યરત બની ગયું. એમણે ઘોર તપશ્ચર્યા કરી, અનેક કષ્ટ(પરિગ્રહ) અને ઉપસર્ગ(વિપદ) સહ્યાં અને આખરે, સમાજમાંથી આ અનિષ્ટનું જોર ઓછું થયું.

આવી રીતે મોટા-મોટા યજ્ઞોમાં નિર્દોષ પશુઓના બલિની વિરુદ્ધ ભગવાન મહાવીર અને એમનો સંઘ તીવ્ર તપ સ્વીકારીને સમાજના મેદાનમાં ઊતરી પડયો હતો. એ દૂર કરવા માટે કંઈ ઓછું સહન નથી કર્યું ! તપશ્ચર્યા તો સતત ચાલતી રહી. બાર વર્ષના ભીષણ દુષ્કાળ વખતે જૈન સાધુ-શ્રાવક વર્ગમાંથી હજારોએ આમરણ અનશન કરીને સ્વેચ્છાએ શરીર છોડી દીધાં હતાં. જૈન ઇતિહાસનાં પાનાંઓ પર આલેખાયેલી આ બધી ઘટનાઓ અને બાહ્ય તપના ચમત્કાર વાંચીએ છીએ તો એમાંથી આપણને અસીમ પ્રેરણા મળે છે.

પરંતુ એ ઉપવાસ શુદ્ધ ઉપવાસ હતા. એમાં કોઈ પ્રકારની પરવશતા, સ્વાર્થ, વાસના કે નામનાની કામના હતી નહીં-અને એ ઉપવાસની સાથે સાથે પાંચેય ઇન્દ્રિયોના વિષયો અને કષાયોને ઓછા કરવાનો પ્રયત્ન ચાલતો રહેતો હતો. ઉપવાસનું લક્ષણ આ છે—(ઉપર જુઓ) જ્યાં આહારની સાથે કષાયો અને વિષયોનો ત્યાગ કરવામાં આવે. એ જ ઉપવાસ કહેવાય. એના સિવાયની બાબતને તો લાંઘણ ગણવામાં આવી છે.

જેનાથી એકેય ઉપવાસ ન થઈ શકે, તેમના માટે એકાસણું (એક સમય ભોજન) પણ બતાવવામાં આવ્યું છે, એટલો પણ આહાર-ત્યાગ ન થઈ શકે તો નૌકારસી, પોરસી, બે પોરસી સુધીનો આહાર-

ત્યાગ કરી શકાય છે. આનો અર્થ એ કે જીવનમાં અનશન-તપનો અભ્યાસ હોવો જોઈએ, જેનાથી વિકટ આપત્તિ સમયે પણ શાંતિ-પૂર્વક ભૂખ્યાતરસ્યા રહી શકાય. આ કારણે સાધુ-સાધ્વીઓને માટે તો રોજ કોઈ ને કોઈ તપ કરવાનું વિધાન છે.

## ઉણોદરીનો પ્રભાવ

ઉણોદરીનો અર્થ છે ભૂખથી ઓછું ભોજન કરવું. આપણા રોજના સામાન્ય ખોરાકથી ઓછો ખોરાક લેવાને ઉણોદરી કહે છે. ભૂખ હોય તેનાથી ઓછું ખાવું, અને એટલામાં જ સંતોષ માની લેવો એ પણ તપ છે. સામાન્ય રીતે આરોગ્યશાસ્ત્રનો નિયમ છે કે જે વ્યક્તિ સ્વસ્થ અને સશક્ત રહેવા માગતી હોય, એણે રોજ પોતાના પેટના અવકાશને આઠ ભાગમાં વહેંચી દેવો જોઈએ. એમાંથી ચાર ભાગ એટલે કે અડધો અવકાશ આહાર માટે, બે ભાગ એટલે કે $\frac{1}{4}$ અવકાશ પાણી માટે અને બાકીના બે ભાગમાંથી $\frac{1}{4}$ અવકાશ હવા માટે રાખવો જોઈએ. પેટનો બધો જ અવકાશ માત્ર આહાર માટે જ અનામત રાખવો અને પેટને માલગોદામની જેમ ભરતાં જ જવું, તે પેટ પર અત્યાચાર જ છે. શ્રાદ્ધમાં અધિકાંશ બ્રાહ્મણો જે રીતે ઠાંસી ઠાંસીને આહાર લે છે, તેમ કરવાથી શરીરને નુકસાન થાય છે. મેં અગાઉ તમને માલેરકોટલાના બ્રાહ્મણની વાત કહી હતી કે તેણે એક યજમાનને ત્યાં વધુ દક્ષિણા મેળવવાના લોભે એટલું ઠાંસી-ઠાંસીને ખાધું કે તેનાથી ઊઠી શકાયું પણ નહીં. શું આવી રીતે જીવવું એ જીવ્યું ગણાય ?

જગતના મૃત્યુઆંક વિશે સંશોધન કરવામાં આવે તો ખ્યાલ આવશે કે જેટલાં લોકો ઓછું ખાવાથી કે ભૂખ્યાપેટે મરે છે. તેનાથી અધિક લોકો અતિ ભોજન કે સ્વાદના લોભમાં પડીને ભૂખથી વધુ ઠાંસી-ઠાંસીને ખાવાથી મૃત્યુ પામે છે. એમ પણ જોવા જઈએ તો તપસ્વીનું આયુષ્ય વધારે હોય છે, શરીર પણ કસાયેલું, કષ્ટસહિષ્ણુ અને નિરોગી હોય છે. તો પછી જાણી-જોઈને વધુ ખાઈને બીમાર

પડવું અને પછી ડૉકટરો અને દવાઓ પાછળ હજારો રૂપિયાનું પાણી કરવામાં કઈ અક્કલ રહેલી છે! એવું નથી કે ઓછું ખાવાથી માણસનું શરીર કામ કરવાને યોગ્ય રહેતું નથી. હકીકતમાં તો ઓછું ખાવાથી સઘળાં કામ સ્ફૂર્તિથી થાય છે.

મનુષ્યનું મન શુભ ચિંતનમાં એકાગ્ર થઈ શકે છે, અને અલ્પ આવકમાં જ નિર્વાહ થઈ શકે છે. પણ શું કહેવું? તમે લોકોએ જાતે જ વધુ પડતું ખાવાની અને બીજાને પણ અધિક ખવડાવવાની ટેવ પાડી છે, અને પછી બેય સમય ભોજન ઉપરાંત નાસ્તો પણ દાબીદાબીને કરવાનો રિવાજ રાખ્યો છે. આ કારણસર લગ્ન, પાર્ટી, ભોજન–સમારંભોમાં ઘણું અન્ન વેડફાય છે. લોકોને છાંડવાની પણ આદત પડી ગઈ છે. એ કારણે પણ અન્નનો બગાડ થાય છે અને જેને જરૂર છે તેને પેટપૂરતું ખાવાનું ય નથી મળતું. જો કયારેક ખાવાનું ન મળ્યું હોય અથવા તો પોતાના વ્યવસાયમાં ડૂબેલા રહ્યા હોય અને તેને કારણે ઓછું ખાધું હોય, અથવા તો ભોજન મોડું મળ્યું હોય તો તેની ગણના ઉણોદરી તપમાં નહીં થાય. જેમાં વસ્તુ ઉપલબ્ધ હોય કે મેળવી શકવાની ક્ષમતા હોય તો પણ સ્વેચ્છાએ પ્રત્યાખ્યાન (ત્યાગ કરવાનો સંકલ્પ) કરીને ભૂખથી ઓછા કોળિયા લેવાય તેને ઉણોદરી તપ કહેવાય. ઉણોદરી તપમાં રોજની આહારની માત્રામાં એક કોળિયો ઓછો કરો, બે કોળિયા ઓછા કરો, ત્રણ કોળિયા ઓછા કરો, છેલ્લે ફક્ત એક કોળિયો લઈને જ સંતોષ માનો અથવા એક દાણો લઈને જ સંતોષ માનો તો આ બધાને ઉણોદરી તપ કહી શકાય.

શાસ્ત્રોમાં સાધુ–સાધ્વીઓ માટે આહારના કોળિયાનું પ્રમાણ બતાવવામાં આવ્યું છે. સામાન્ય રીતે સાધુ માટે વધુમાં વધુ બત્રીસ કોળિયા અને સાધ્વી માટે વધુમાં વધુ અઠ્ઠાવીસ કોળિયા બતાવવામાં આવ્યા છે. એક કોળિયાનું માપ પણ મરઘી (કુક્કુટી)ના ઈંડા જેટલું હોવું જોઈએ. શાસ્ત્રોના ટીકાકારોએ કુક્કુટી + અંડનો વ્યુત્પત્ત્યર્થ આમ પણ

કર્યો છે—"કુત્સિત કુટી" એટલે જેમાં અનેક ઘૃણા જનક વસ્તુઓ પડી છે એવી કુટી, પેટ છે અને તેનો અંડ એટલે કે મૂળ (અગ્રભાગ) છે મુખ. એટલે કુક્કુટી-અંડ પ્રમાણનો અર્થ થયો-પોતાના મુખમાં કશીય તકલીફ વિના આસાનીથી પ્રવેશી શકે તેટલું પ્રમાણ, એટલી માત્રાના પિંડને એક ગ્રાસ(કોળિયો) કહેવાયો છે. આનો અર્થ એ છે કે સાધુ-સાધ્વી એમના દર્શાવેલા કોળિયાની સંખ્યામાં ઘટાડો કરે તો ઉણોદરી તપનો લાભ મળે છે. સાધુ-સાધ્વીઓ માટે જે ગ્રાસ-પરિમાણ (કોળિયાનું પ્રમાણ) બતાવ્યું છે તે જ ગૃહસ્થ નર-નારી માટે પણ ક્રમશઃ સમજી લેવું જોઈએ.

એ અનુભવસિદ્ધ હકીકત છે કે ઉપવાસ કરીને મનુષ્ય સરળતાથી સ્વાદિષ્ટ-અસ્વાદિષ્ટ બધા જ પ્રકારનો આહાર ત્યજી શકે છે, પરંતુ ભોજન સમયે સ્વાદિષ્ટ વાનગી સામે આવે ત્યારે વધુ ખાવાનો લોભ તજવો એ ભલભલાને માટે કપરું કામ હોય છે. સ્વાદિષ્ટ વાનગી જોતાં જ મુખમાં પાણી આવવા માંડશે અને બધું જ ઝાપટી જવાનું મન થશે. આવે વખતે પેટને ભાડું ચૂકવવાની વાત લોકો ભૂલી જાય છે, પરંતુ ઉણોદરીનો દૃઢ સંકલ્પ (પ્રત્યાખ્યાન) કરનાર વ્યક્તિ વધુ ખાવાની લાલચમાં નહીં સપડાય અને અલ્પાહાર કરીને જ તે ઊઠી જશે. ઉણોદરી તપથી પેટ હલકું રહેતાં ચિંતન પણ સ્વસ્થ અને સુંદર થાય છે.

ઉણોદરી તપનું એક બીજું પાસું પણ છે અને તે પણ જૈન-ધર્મની પ્રાચીન પરંપરા સાથે જોડાયેલું છે. આ છે આહારની માફક કપડાં તથા જીવન જરૂરિયાતનાં રોજબરોજનાં સાધનોની આવશ્યકતામાં પણ ઘટાડો કરવો. આવો ઘટાડો કરવાથી વ્યક્તિ પર એક પ્રકારનો સ્વૈચ્છિક અંકુશ આવશે. જેમ કે કોઈને વર્ષમાં ચાર જોડી કપડાંની જરૂર હોય છે. જો તે બરાબર કાળજીથી કપડાંનો ઉપયોગ કરે તો ત્રણ જોડીથી જ નહીં પણ બે જોડી કપડાંથી પણ ચલાવી શકે. એ રીતે અન્ય સુખ-સાધનો ઓછાં કરવાં કે તેના ઉપભોગમાં કાપ મૂકવો

અથવા તો એનો સંભાળપૂર્વક ઉપયોગ કરવામાં પણ ઊણોદરી તપ જ છે. અલબત્ત, આ કાપ કે આવી મર્યાદા સમજી વિચારીને, વિવેકપૂર્વક કરવી જોઈએ.

આ તપથી શરીર અને ઇન્દ્રિયો પર પ્રત્યક્ષ પ્રભાવ પડે છે. દેહ અને ઇન્દ્રિયોની આદતો લાલચ, સુખ–સુવિધાઓમાં લપેટાવાની ઇચ્છા અને સાંસારિક વસ્તુઓનો અત્યધિક ઉપયોગ કરવાની વૃત્તિ દૂર થાય છે. સ્વૈચ્છિક ઇચ્છાનિરોધ કે સંયમ આવી જાય છે. આને જ વર્તમાનયુગની ભાષામાં 'સ્વેચ્છાએ ગરીબી ધારણ કરવી' કહી શકાય.

મહાત્મા ગાંધીજીએ ઓરિસ્સામાં શરીરે માત્ર એક ફાટેલી, મેલી–ઘેલી સાડી લપેટેલી વૃદ્ધાને જોઈ હતી.

મહાત્માજીએ તેને પૂછ્યું, "માતા! સાડીને કેમ ધોતી નથી?"

એ ડોશીએ દુઃખી સ્વરે કહ્યું, "આને કેવી રીતે ધોવું? મારી પાસે પહેરવાને એક જ સાડી છે, ને તેય વળી ફાટેલી છે!"

ડોશીનો ઉત્તર સાંભળીને ગાંધીજી વિચારમાં પડી ગયા. તેમણે વિચાર્યું – આ ભૂખ્યા – નગ્ન ભારત દેશમાં આપણને મોજ – શોખ કરવાનો, અધિક વસ્ત્રો પહેરવાનો અને ઉત્તમ સ્વાદિષ્ટ ભોજન કરવાનો અધિકાર નથી. જો મારે દરિદ્રનારાયણની સેવા કરવી હોય તો મારે સ્વેચ્છાએ જ દરિદ્રતાનું વ્રત લઈને તેમનાં દુઃખોમાં હમદર્દ બનવું જોઈએ."

બસ, એ દિવસથી જ ગાંધીજીએ માત્ર એક પોતડી પહેરવાનું નક્કી કર્યું અને આખી જિંદગી એ જ પહેરી. લંડનની ગોળમેજી પરિષદમાં વાઇસરોયને મળવા ગયા તો પણ પોતડી પહેરીને જ સાદા ભારતીય પોષાકમાં તેઓ વાઇસરોયને મળ્યા.

મિત્રો! આ છે ઊણોદરી તપનું રહસ્ય! ગાંધીજીની જેમ આજે સ્વેચ્છાએ ગરીબી સ્વીકારીને સંપન્ન લોકો ઊણોદરી તપ કરે તો સમાજમાં ફેલાયેલી વિષમતા અને અવ્યવસ્થા દૂર થઈ જાય અને

ભારતીય સંસ્કૃતિનો પુનરુદ્ધાર થાય. પરંતુ આ 'ફેશન'નું ભૂત અને 'પોઝિશન'નું ભૂત બંને મનુષ્યની પાછળ એવાં પડ્યાં છે કે બસ, સાદગી, સાદો ખોરાક, સાદો પોશાક અથવા કરકસરને અપનાવવી તેને લોકો ગાંડપણ કે ગામડિયાપણામાં ખપાવે છે.

કેટલાક લોકો અગિયારસનું વ્રત કરે છે. ભગવાનના ભજનના હેતુથી ફલાહાર, અલ્પાહાર અથવા સાદા સાત્ત્વિક ખોરાક પર રહે છે. પણ તે દિવસે પકવાન અને છપ્પનભોગનું સેવન કરીને મનુષ્ય ભગવદ્-ભજનને બદલે ભોજન-ભજનમાં જ મશગૂલ રહે છે. તે અગિયારસ તો બારસની દાદી બની જાય છે.

## વૃત્તિસંક્ષેપનો સંયમ

ભોજન વગેરેની રોજિંદી વસ્તુઓની સંખ્યા નક્કી કરીને નિયમબદ્ધ થવું તે વૃત્તિસંક્ષેપ અથવા વૃત્તિપરિસંખ્યાન કહેવાય છે. 'વૃત્તિ'નો અર્થ છે ખાવાપીવા વગેરેની રોજિંદા જીવનમાં ઉપયોગમાં આવનારી વસ્તુઓ અને 'સંક્ષેપ'નો અર્થ છે ઘટાડવું, ઓછું કરવું અથવા તો માપસર કરવું-અર્થાત્ પ્રાતઃકાળે નિદ્રાનો ત્યાગ કરવાની સાથે જ રોજના કામમાં આવનારી ખાવાપીવા અને પહેરવાની વસ્તુઓની સંખ્યા નક્કી કરવી કે આજે હું અમુક પદાર્થ સિવાય અથવા તો આટલા પદાર્થ સિવાય બીજા પદાર્થોના ખાવા-પીવા અને પહેરવા વગેરેનો ત્યાગ કરું છું અથવા તો પાંચ છ અથવા દશ સિવાય વધુ વાનગી ખાવાનો ત્યાગ કરું છું.

મનુષ્યની પાસે ખાવા-પીવાની અનેક ચીજો છે. દુનિયાભરની બધી ચીજોનો ઉપભોગ તે કરી પણ શકતો નથી. તો જો તે પોતાની ઇચ્છાથી દ્રવ્યો ઓછાં કરે અથવા રોજિંદા વપરાશની વસ્તુઓની સંખ્યા નિશ્ચિત કરે તો તે પદાર્થોથી થનારા આરંભ(હિંસા)થી બચી જાય. ઓછી વસ્તુઓથી જીવન ચલાવવાનો અભ્યાસ થતાં ભલે ગમે તેટલી કપરી પરિસ્થિતિ હોય તો પણ તે આનંદથી રહી શકે છે; પોતાનું જીવન પણ સંયમી અને નિયમબદ્ધ બનાવી શકે છે.

જો કુટુંબનાં વડીલ માતા અથવા પિતા આ તપ તરફ ધ્યાન આપે તો આવનારી પેઢીને પણ તેમાંથી પ્રેરણા મળી શકે છે અને મનુષ્ય ઘણા બધા પ્રપંચોથી મુક્ત થઈને શાંતિમય જીવન વ્યતીત કરી શકે છે. શ્રાવક–શ્રાવિકાઓ માટેના ચૌદ નિયમો અંગે રોજ ચિંતન કરીને નિયમબધ્ધ થઈ જવું જરૂરી છે.

આ તપનો સીધો પ્રભાવ ઇન્દ્રિયો પર પડે છે. આનાથી ઇન્દ્રિયનિગ્રહ આસાન બને છે.

## રસપરિત્યાગ

રસપરિત્યાગનો અર્થ છે સ્વાદવૃત્તિનો ત્યાગ કરવો. આજે સ્વાદના ચટકાને વશ થઈને લોકો તીખાતમતમતા, ખૂબ મરચાં-મસાલાવાળા, ચટાકેદાર અને તળેલી ચરબીયુક્ત વાનગીઓ ખાતા હોય છે. તેનાથી સ્વાસ્થ્ય તો બગડે જ છે. દવા અને ડૉકટરોમાં હજારો રૂપિયાનો ધુમાડો થઈ જાય છે. તેઓ આ સ્વાસ્થ્યને હાનિકારક વિકૃત ચીજોનો ત્યાગ કરીને એમાંથી બચાવેલા પૈસા ગરીબ અને અસહાય માનવબંધુઓની સેવામાં વાપરે તો કેટલો બધો લાભ થાય ! તપનું તપ થાય અને દાનનું દાન પણ થાય.

પરંતુ આવા શોખીન અને રસલોલુપ માણસો તો સ્વાદના આકર્ષણમાં પડીને માછલીની જેમ પોતાનો પ્રાણ ગુમાવે છે. રસપરિ-ત્યાગના લાભ વિશે ઇતિહાસની એક પ્રસિદ્ધ ઘટના યાદ રાખવા જેવી છે.

પ્રાચીન સમયમાં જેરૂસેલમ પર બેબીલોનના બાદશાહે વિજય હાંસલ કર્યો અને ત્યાંથી કેટલાય ઉમરાવોને પકડીને પોતાની સાથે પોતાના દેશમાં લઈ ગયો. તેમાં કેટલાક યુવાન પણ હતા. રાજાએ એ યુવાનોને અભ્યાસ માટે કૉલેજમાં મોકલ્યા, જેથી ત્રણ વર્ષ સુધી રાજ્યના ખર્ચે શિક્ષણ મેળવીને વિદ્વાન અને રાજસેવા યોગ્ય બની શકે. રાજાએ એમની સાથે પોતાનો રસોઇયો પણ મોકલ્યો અને

સૂચના આપી, "આ યુવકોના ભોજનની બાબતમાં જરાય કચાશ રાખીશ નહીં. સરસ મજાનું ભોજન બનાવી આપજે અને એમની બરાબર સારસંભાળ રાખજે."

રસોઇયો તો રોજ યુવકોને પકવાન અને સ્વાદિષ્ટ ભોજન બનાવીને ખવડાવતો અને દારૂ પણ પિવડાવતો. આવા સ્વાદિષ્ટ ભોજન અને વિકૃતપાનથી ડેનિયલ નામનો એક યહૂદી યુવક કંટાળી ગયો. એણે સંકલ્પ કર્યો, "હું આવું હાનિકર ભોજન અને પીણું છોડીને સાવ સાદું ભોજન લઇશ."

તેના ત્રણ યુવાન મિત્રો પર પણ એના વિચારોનો પ્રભાવ પડ્યો. રસોઇયાની આગળ આ બધાએ પોતાના વિચારો રજૂ કર્યા. રસોઇયાએ કહ્યું, "આ ચાલશે નહીં. બીજાઓ માટે જે ભોજન બને છે તે જ તમારે ખાવું પડશે. મને બાદશાહે ખાસ સૂચના આપી છે. જો હું તેનો અમલ કરું નહીં તો તો મારું આવી જ બને."

યુવકોએ નમ્રતાપૂર્વક કહ્યું, "અમે તમારા પર કોઈ આંચ નહીં આવવા દઈએ. અમે ઓછામાં ઓછા દસ દિવસ સાદું શાકાહારી ભોજન લેવા ઇચ્છીએ છીએ. જો તેનું સારું પરિણામ આવશે તો અમે એ ભોજન લેવાનું ચાલુ રાખીશું; નહીં તો અમે ફરીથી ભારે ખોરાક લેવાનું શરૂ કરી દઈશું."

રસોઇયાએ યુવાનોની વાત મંજૂર રાખી. દસ દિવસ પછી સાદું ખાવા-પીવાનું પરિણામ એ આવ્યું કે ડેનિયલ અને તેના સાથીઓ અધિક સ્ફૂર્તિવાળા, ચપળ, પ્રસન્ન અને સ્વસ્થ જોવા મળ્યા. વિદ્યાભ્યાસમાં એમનું મન વધુ એકાગ્ર બન્યું. કેટલાય અઘરા વિષયો પણ એમને સમજાવા લાગ્યા. પછી શું ? રસોઇયાએ તેમને સાદું ભોજન આપવાનું ચાલુ જ રાખ્યું. ત્રણ વર્ષ પછી તપાસ કરવામાં આવી તો આખી ય કૉલેજમાં આ ચાર વિદ્યાર્થીઓ બધા વિદ્યાર્થીઓમાં સૌથી વધુ બુદ્ધિમાન, તંદુરસ્ત અને સુંદર જણાયા. રાજાએ એમને પોતાના અંગરક્ષકો તરીકે નિયુક્ત કર્યા.

આ છે સ્વાદ જીતવાનું સારું પરિણામ ! ભાગવતમાં કહ્યું છે–

'जितं सर्वं रसे जिते.'

'રસ(સ્વાદ)ને જીતી લેવાથી બધું જ જીતી લેવાય છે.'

મહાત્મા ગાંધીજીએ 'આરોગ્યની કૂંચી'માં કહ્યું છે કે એકસોમાંથી પંચાણું માનવી સ્વાદવૃત્તિના ચક્કરમાં ઘૂમ્યા કરે છે. સ્વાદને છોડવો અતિ મુશ્કેલ છે. રસપરિત્યાગનો એક બીજો પણ અર્થ છે– રસચલિત થઈને જે ચીજો વિકૃત બની જાય છે એવી વિકૃત રસવાળી ચીજોનો ત્યાગ કરવો.

કેટલીક ચીજો એવી હોય છે કે જે થોડીવાર પડી રહે તો સડવા માંડે, કેટલીક મોડેથી અથવા તો થોડા દિવસો સુધી પડી રહે તો સડવા માંડે છે. આને 'વિકૃતિક' (વિગ્ગઈય) કહેવામાં આવે છે. સડીને વિકૃત બની ગયેલી આવી ચીજો શરીરમાં પણ વિકૃતિ પેદા કરે છે, તેના અતિ સેવનથી કામવાસના, પ્રમાદ, નશો આદિ વિકાર જાગે છે. આથી આવી વિકૃતિજનક ચીજોનો ત્યાગ કરવાને પણ રસપરિત્યાગ તપ કહેવાય છે.

આવા સામાન્ય વિકૃતિક (વિગ્ગઈય) પાંચ છે—ઘી, તેલ (ઘી, તેલ વગેરેમાં તળેલી ચીજો પણ), દૂધ, દહીં અને ગોળ–ખાંડ કે ગોળખાંડમાં બનેલી વસ્તુઓ. આ પાંચેય વિકૃતિકનું રોજેરોજ સેવન કરવું સાધુ–સાધ્વી વર્ગ માટે વર્જિત છે. શ્રાવક–શ્રાવિકાઓએ પણ તેનો યથાશક્તિ ત્યાગ કરવો જોઈએ. આનાથી શરીર વધુ પડતું પુષ્ટ થવાને લીધે કામોત્તેજના જાગવાનો પણ ભય છે.

મધ અને માખણ એ બે તો મહાવિકૃતિક છે. મધ મેળવવા માટે મધપૂડાની આસપાસ ધુમાડો કરવો પડે છે, જેનાથી ઘણી મધમાખીઓ ઊડી જાય છે ને કેટલીક મરી પણ જાય છે. મધપૂડામાંથી મધને નિચોવતી વખતે મરેલી મધમાખીઓ મળે છે. આ રીતે મધની પ્રાપ્તિની વિધિ હિંસાપૂર્ણ હોવાને લીધે તેને ત્યાજ્ય

માનવામાં આવે છે.[1] અને માખણ પણ છાશથી અલગ રહે તો તેમાં સફેદ રંગના સૂક્ષ્મ જીવાણુઓ ઉત્પન્ન થાય છે. એ સિવાય આ બંને ખૂબ પુષ્ટિકારક હોવાથી વિકારજન્ય પણ છે તેથી ત્યાજ્ય ગણાયા છે. અપવાદરૂપ કારણોસર દવા તરીકે તેનું સેવન કરવું પડે તો છાશમાં રાખેલું માખણ લઈ શકાય.

## સર્વથા ત્યાજ્ય મહાવિગ્ગઈય

હવે બાકી રહ્યાં બે મહાવિકૃતિક – માંસ અને દારૂ. આ બંને અત્યંત વિકૃતિજનક છે, તેથી સર્વથા ત્યાજ્ય છે. કોઈપણ પરિસ્થિતિમાં તેનું સેવન ન કરવું જોઈએ. પ્રત્યેક જૈનધર્મી સાધુ–સાધ્વી કે ગૃહસ્થ ભાઈ–બેન તેનો કદાપિ ઉપયોગ નથી કરતાં. કરવો પણ ન જોઈએ. માંસ અને દારૂ આ બંને ખૂબ સડી જાય છે અને ગંધાઈ ઊઠે છે. માંસ તો પંચેન્દ્રિય પ્રાણીઓના વધથી જ મેળવી શકાય છે. દારૂ[2] માદક હોવાથી શીઘ્ર કામોત્તેજક છે. ભાન ભુલાવી દે છે. એટલે અહિંસા, બ્રહ્મચર્ય, શરીર-સ્વાસ્થ્ય, મનોવિકાસ વગેરે દૃષ્ટિએ પણ આ બંને સર્વથા ત્યાજ્ય છે.

જૈનોમાં અયંબિલ તપનું ખૂબ જ મહત્ત્વ છે. ચૈત્ર અને આસો મહિનામાં તો નવપદની ઓળી (અવલિકા) એટલે કે સિદ્ધચક્ર આરાધનના સમયે નવ દિવસો સુધી લગાતાર આયંબિલ તપ કરવામાં આવે છે. એમાં નિર્વિકૃતિક(નિવિગ્ગઈય) તપમાં પણ કોઈ પ્રકારની

---

૧. મધમાખીનું પાલન કરીને ધુમાડો વગેરે કંઈ પણ કર્યા વિના, યુક્તિથી તેને બીજી પેટીમાં જવા દેવાય છે, એટલે કે અહિંસક રીતે મધ પ્રાપ્ત થાય છે. આથી આ પ્રકારના અહિંસક મધનું સેવન વિચારણીય છે. —સંપાદક.

૨. આ આજકાલ મદ્ય નામક વિકૃતિની અન્તર્ગત તમાકુ, બીડી, સિગરેટ, ચિરુટ, ગાંજો, હુક્કો અફીણ, ભાંગ વગેરેની ગણના થવી જોઈએ. આ બધી વસ્તુઓ દારૂની જેમ જ માદક અને નશીલી છે. એટલે ત્યાજ્ય હોવી જોઈએ, શાસ્ત્રમાં વિકૃતિઓનું વર્ણન લખાયું તેના ઘણાં વર્ષો બાદ આ માદક વસ્તુઓ ભારત બહારથી આવી છે.

વિકૃતિઓ (પહેલાં બતાવેલા વિકૃતિજનક પદાર્થો) નથી લેવામાં આવતા, અને ચોવીસ કલાકમાં ફક્ત એકવાર જ મસાલા કે રસ રહિત લૂખું ખાવાનું ખવાય છે. તેમાં પીવા માટે અચિત્ત (ઉકાળેલું) પાણી ઉપયોગમાં લેવાય છે.

રસ પરિત્યાગ – તપનો મુખ્ય ઉદ્દેશ સ્વાદ–વિજય છે. મહાત્મા ગાંધીજીએ આશ્રમવાસીઓ અને રચનાત્મક કાર્યકર્તાઓને માટે 'અસ્વાદ' નામનું એક વ્રત નિયત કર્યું હતું તેમના આશ્રમમાં કોઈ જાતના મસાલા (મીઠું, મરચું, હળદર અને ધાણા વગેરે) લેવાનું આશ્રમવાસીઓ માટે નિષિદ્ધ હતું. જો કોઈ આગંતુકને મીઠું લેવું હોય તો તેને માટે છૂટ આપવામાં આવતી હતી. બ્રહ્મચર્ય પાલનને માટે ગાંધીજી 'સ્વાદ–વિજય' અને મસાલા–મરચાંનો ત્યાગ જરૂરી માનતા હતા. રસલોભમાં ફસાઈને મનુષ્ય વધુ પડતું ખાઈ લે છે, ને તેને પરિણામે અજીર્ણ વગેરે રોગ પણ થાય છે. આથી રસ–પરિત્યાગનું તપ પણ જીવનને માટે આવશ્યક છે.

રસ-પરિત્યાગના તપનો સીધો પ્રભાવ સ્વાદેન્દ્રિય અને પેટ પર પડે છે. મારવાડના તિવરી ગામમાં એક શ્રાવક રહેતા હતા. તેમની માતા અંધ હોવાથી એકવાર ખીચડીમાં મીઠું વધુ પડી ગયું. તેઓ જ્યારે ભોજન કરવા બેઠા ત્યારે તે જ ખીચડી પીરસવામાં આવી. તેઓ શાંતિથી ખાઈને ચૂપચાપ ચાલ્યા ગયા. પાછળથી તેમની માતાએ ખીચડી ખાધી તો કડવી લાગી. તેમણે પોતાના પુત્રને બોલાવીને ક્ષમા માગી. આ છે સ્વાદ–વિજયનું ઉદાહરણ !

## કાયકલેશના લાભ

પોતાના અને બીજાના ઉત્થાન અને કલ્યાણની સાધનાને માટે શુદ્ધ ધર્મનું પાલન દૃઢતાપૂર્વક કરવા જતાં કાયા ક્લિષ્ટ થાય, થાકી જાય કે કષ્ટ સહન કરવું પડે તેને કાયકલેશ તપ કહેવામાં આવે છે. આપણે અગાઉ જોયું કે શરીરને મારવું અથવા કચડવું તે કોઈપણ પ્રકારના તપનો ઉદ્દેશ નથી, પરંતુ શરીરને સાધવાનું છે. આ દૃષ્ટિથી

શરીરને જાણી જોઈને નિરર્થક અને બિનજરૂરી રીતે દુઃખોમાં નાખવું એ કાય-કલેશ નથી. પોતાના અને બીજાના કલ્યાણની સાધના અથવા શુદ્ધ ધર્મની આરાધનાને માટે કોઈવાર તમને અણસમજુ લોકો દુઃખ આપે, હેરાન કરે અથવા તમારે કોઈ વ્યક્તિની સેવા-સુશ્રુષામાં ભૂખ-તરસ અથવા રાત્રે ઉજાગરાનું દુઃખ સહેવું પડતું હોય ત્યારે કાયાને કલેશ થાય છે. એ જ રીતે અપ્રમાણિકતા અથવા કરચોરી નહીં આચરવાના સિદ્ધાંત પર દૃઢ રહેવાથી તમારે સરકારી કાર્યાલયમાં વારેવારે ધક્કા ખાવા પડતા હોય, પરેશાની થતી હોય તેવું પણ બને છે. વળી બ્રહ્મચર્ય અથવા સત્યના પાલનની કેટલીય જગ્યાએ કસોટી થતી હોય. રાત્રિ-ભોજન-ત્યાગના નિયમને કારણે ઘણીવાર સાંજનું ભોજન છોડવું પડતું હોય અથવા અગવડ પડતી હોય, સામયિકના નિયમને કારણે સમયની ખૂબ ખેંચતાણ રહેતી હોય અથવા કોઈ જગ્યાએ રેલવે વગેરેમાં જગ્યા ન મળવાથી કલાકો સુધી ઊભા રહેવું પડતું હોય વગેરે ધર્મપાલન અને સ્વ-પર કલ્યાણની સાધનાના અનેક પ્રસંગોમાં શરીરને બહુ કષ્ટ છે.

જો તે સમયે સમભાવપૂર્વક ધર્મ સમજીને તેને સહન કરી લે તો કાયકલેશ તપ થઈ જાય છે. સ્વ-પર કલ્યાણ સાધના માટે પણ શરીરને કસાયેલું અને ચપળ રાખવું ખૂબ જરૂરી છે. આ રીતે શરીરને કસાયેલું અને ચુસ્ત રાખવા માટે શરીરને સશક્ત, નિરોગી અને કષ્ટસહિષ્ણુ બનાવવું જરૂરી છે. આ ઉદ્દેશ્ય કાયકલેશ-તપથી પૂર્ણ થાય છે. શરીરને કસવા અને ચપળ રાખવા, સ્વસ્થ અને સશક્ત રાખવા શાસ્ત્રકારોએ વીરાસન, ઉત્કુટાસન, દંડાસન, લગુડાસન, પદ્માસન, સિદ્ધાસન વગેરે આસન અને કેશલોચ વગેરેની સાધના દર્શાવી છે અને તેવી સાધનાની ગણના કાયકલેશમાં જ કરી છે. જેમ કે,

"वीरासनादिक्लेशः कायस्यागमयुक्तितः ।
तनुषाधनरूपोऽत्र विधेयस्तत् तपः स्मृतम् ॥"

"આગમમાં બતાવેલી યુક્તિ અનુસાર વીરાસન વગેરે આસનો (વ્યાયામ)

દ્વારા શરીરને કષ્ટ આપવાના રૂપમાં જે કાયક્લેશ થાય છે, તેને સમ-ભાવપૂર્વક સહેવો તેને કાયક્લેશ તપ કહ્યું છે.''

જો તમને પદ્માસન લગાવીને આખો દિવસ બેસવાનું કહેવામાં આવે તો તમે નહીં બેસી શકો. થોડીવારમાં જ કષ્ટનો-મુશ્કેલીનો અનુભવ કરશો. એક કલાકનું વ્યાખ્યાન સાંભળતી વખતે પણ તમે સહુ ઘણીવાર આસન બદલો છો, પરંતુ કાયક્લેશ તપ દ્વારા આ પ્રકારે બેસવાની ટેવ પાડવાથી તમે આસાનીથી બેસી શકશો.

ધર્મપાલક માટે કાયક્લેશ તપ ખૂબ જરૂરી છે. આ તપનો સીધો પ્રભાવ શરીર પર પડે છે.

## પ્રતિસંલીનતાનો પ્રભાવ

શરીરના અંગ-ઉપાંગો, જ્ઞાનેન્દ્રિયો, અને કર્મેન્દ્રિયો, કષાયો અને અશુભ યોગો (મન, વચન-કાયાના વ્યાપારો) ને પોતપોતાના વિષયોમાં જતા રોકીને સમેટી લેવા અથવા આત્મામાં લીન કરી દેવા કે શુભ ધ્યાનમાં વીતરાગદેવ કે સિદ્ધપ્રભુના ધ્યાનમાં એકાગ્ર કરી દેવા એ પ્રતિસંલીનતા છે. આમ જ કહેવાયું છે :

> ''इंदिय-कसाय-जोए पडुच्च संलीणया मुणेयव्वा ।
> तह य विवित्तचरिया, पन्नत्ता वीयरागेहिं ॥''

''વીતરાગી પુરુષોએ ઇન્દ્રિય, કષાય, યોગ અને વિવિક્તચર્યા આ ચારેયનો સમાવેશ કરીને સંલીનતા બતાવી છે.''

પ્રતિસંલીનતાનો શબ્દશઃ અર્થ છે : પાછું મોકલીને લીન કરી દેવું. આનો યોગદર્શનમાં 'પ્રત્યાકાર' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાં ઇન્દ્રિયો અને મન કે શરીરનાં કોઈપણ અંગ-ઉપાંગ જ્યારે પણ અશુભ વિષયવિકારોમાં પ્રવૃત્ત થતાં હોય ત્યારે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તેને રોકવાં અને ત્યાંથી દૂર કરીને શુભ કે શુદ્ધ કાર્યોમાં પ્રવૃત્ત કરવાનાં હોય છે. માની લો કે તમારા કાનને કોઈ કર્ણમોહક મધુર શબ્દ સંભળાય છે તેથી કાન

તે તરફ ખેંચાઈ રહ્યા હોય અને થોડીવાર સુધી તમે કાનને હટાવશો નહીં તો તે આસક્તિ (મોહ–મમતા)માં પડી જશો. આ જ રીતે તમારી આંખ કોઈ મનમોહક રૂપને જોતી હોય કે કોઈ વિરોધી કે અપ્રિય વ્યક્તિને જોઈને ક્રોધથી ખેંચવા લાગી હોય. જો આ સમયે તમે એને ઉપરના બંને વિષયોમાંથી ખસેડશો નહીં તો તે રાગદ્વેષમાં ખૂંપી જશે.

હાથ કોઈને મારવા કે કોઈ ચીજવસ્તુ ચોરવા કે ઝૂંટવવા સળવળી રહ્યા હોય ત્યારે તેને તરત જ અટકાવવામાં આવે નહીં તો તે પક્ષ–વિપક્ષ બંને બાજુ દ્વેષ પેદા કરશે. પગ કોઈને ઠોકર મારવા કે કચડવા તૈયાર થતા હોય ત્યારે તત્કાળ રોકવામાં આવે નહીં તો તે ભયંકર અનિષ્ટ સર્જશે. જીભ કોઈને અપશબ્દ કહેવા, ગાળો દેવા, ચાડી–ચુગલી કરવા, નિંદા કરવા કે કોઈ ભાવતી વાનગીને ખાવા માટે લોલુપ થઈ રહી હોય ત્યારે તેને તુરત રોકવામાં આવે નહીં, તો અનર્થ પેદા કરશે. સ્પર્શેન્દ્રિય કોમળ કે ગલગલિયાં કરે તેવો સ્પર્શ કરીને ઉત્તેજિત થવા ઇચ્છતી હોય, તે સમયે જો તેને તત્કાળ નહીં રોકો તો તે વાસનાની ખાઈમાં પડી જશે. મન વિકૃત વિચારોના પ્રદેશમાં વિચરતું હોય, વાણી ખરાબ વાત કહેવા અધીરી બની ગઈ હોય અને શરીર ખરાબ, અહિતકર પ્રવૃત્તિ કે વર્તન કરવા ઇચ્છતું હોય તે સમયે ત્રણે યોગના વ્યાપારને રોકશો નહીં તો અનર્થ કે પાપની ખાઈમાં પડશો. આ રીતે જો ક્રોધ, માન, માયા અને લોભ આ ચારેય સાપ ફેણ ઊંચી કરીને બેઠા હોય ત્યારે જો એને તત્કાળ શાંત કરવામાં આવે નહીં તો તેઓ અનેક અનર્થ સર્જશે. તમે જ્યાં વખતોવખત સ્ત્રી, પશુ અને નપુંસકની અવરજવર થતી હોય તેવા સ્થાનમાં તમે વસતા હો અને તેથી તમારી સાધનામાં વિક્ષેપ પડતો હોય, તો તમારે માટે આવા સ્થાનથી દૂર નિર્જન સ્થળે જવું જરૂરી બને છે.

આમ, પ્રતિસંલીનતામાં શરીરનાં અંગોપાંગ, મન, વાણી

અને ઇન્દ્રિયોને તેના વિષયોમાં પ્રવૃત્ત ન થવા દેવાને બદલે પ્રયત્ન-પૂર્વક તત્કાળ સમત્વ યોગ સારી પ્રવૃત્તિમાં યોજવામાં આવે છે. ઉદય નહીં પામેલા કષાયોને રોકવા અને ઉદય પામેલા કષાયોને નિષ્ફળ બનાવવા જોઈએ. મન, વચન અને કાયાના અશુભયોગોનો નિરોધ કરીને શુભયોગનો ઉદય કરવો જોઈએ. આથી જ આને તપ કહેવામાં આવ્યું છે. આનો અર્થ એ છે કે શરીરનાં અંગોપાંગો, મન, વાણી અને ઇન્દ્રિયોને પોતાના વિષયોમાં ઓછામાં ઓછાં પ્રવૃત્ત થવા દેવાં, એ જ સંકોચ છે ને, એ જ પ્રતિસંલીનતા છે. આ વિષયમાં કાચબાની અંગ–ગોપન (અંગોને અંદર ખેંચીને સંકોચી લેવાં)ની ઉપમા આપવામાં આવે છે. આ તપનો પ્રભાવ આખાય શરીર, ઇન્દ્રિયો અને મન પર પડે છે.

આ રીતે છ પ્રકારનાં બાહ્ય તપ જીવનના સુંદર ઘડતરને માટે અત્યંત ઉત્તમ છે. એની આરાધના કરવાથી સ્વ–પર–શુદ્ધિ અને કર્મોની નિર્જરા થાય છે.

સ્થાન : જૈનભવન, બીકાનેર.
૩ ઓગસ્ટ ૧૯૪૮.

□

બે

# આલોચના : જીવનનું અમૃત

## [આભ્યન્તર તપ]

માખણમાંથી કચરો અને મેલ જુદા પાડવા માટે વાસણને અગ્નિ પર રાખીને તપાવવામાં આવે છે. એ તપાવવામાં આવેલાં વાસણની ગરમી જ્યારે માખણને લાગે છે ત્યારે તે પીગળવા માંડે છે. આ રીતે ચૈતન્યગુણસમ્પન્ન આત્મામાંથી કર્મ અને રાગદ્વેષ વગેરે મેલ અને કચરો જુદો પાડીને આત્મબળને પ્રગટ કરવા માટે શરીરરૂપી વાસણને અનશન વગેરે બાહ્યતપની ગરમીથી તપાવવામાં આવે છે. પરંતુ આ આંચ પ્રબળ ન હોય તો આત્મબળરૂપી ઘી પ્રાપ્ત નથી થતું કે નથી કર્મોનો મેલ અલગ થતો. આ આંચને પ્રખર–પ્રબળ કરવા માટે આભ્યન્તર તપરૂપી હવાની જરૂર છે. તો જ અંદર અને બહારથી મેલ નીકળશે. અને આત્મબળરૂપી શુદ્ધ ઘી પ્રાપ્ત થશે.

લોટાને માંજનાર એને માત્ર ફક્ત ઉપર–ઉપરથી જ ઘસતો રહે અને ફક્ત બહારના

ભાગને જ ચળકતો રાખે તો તેની સફાઈ અધૂરી રહેશે. લોટાની અંદર જામેલો મેલ અને ગંદકી ઘસીને કાઢવાની જરૂર હોય છે. એ જ રીતે જીવનરૂપી લોટાના બહારના ભાગને બાહ્ય-તપ દ્વારા જ ઘસતાં રહીએ તે પૂરતું નથી, તેની પૂરેપૂરી સફાઈ માટે આભ્યન્તર-તપ દ્વારા અંદરથી પણ ઘસીને સાફ કરવાની અને કર્મ-મેલ દૂર કરવાની જરૂર છે. આથી આભ્યન્તર-તપ જીવનમાં લાગી ગયેલા આંતરિક કર્મ-મેલને દૂર કરે છે.

### આભ્યન્તર તપના ભેદ

આંતરિક કર્મમેલને દૂર કરવાની દૃષ્ટિએ છ મુખ્ય સાધન હોવાથી આભ્યન્તર તપના છ ભેદ પાડવામાં આવ્યા છે તે નીચેની ગાથામાં બતાવ્યું છે :

"पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं विउसग्गो य अब्भिंतरओ तवो होइ ।।"

"આભ્યન્તર તપ (૧) પ્રાયશ્ચિત (૨) વિનય (૩) વૈયા-વૃત્ય (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન અને (૬) વ્યુત્સર્ગ એમ છ પ્રકારનું હોય છે."

સોનાને જેમ શુદ્ધ કરવા અને ઘડવા માટે તેને કસોટી પર ઘસવામાં આવે છે, કાપવામાં આવે છે, અગ્નિ પર તપાવવામાં આવે છે અને હથોડાથી ટીપવામાં આવે છે તે જ રીતે જીવનની શુદ્ધિ અને ઘડતર માટે પ્રાયશ્ચિત્ત દ્વારા તેના પર શસ્ત્રક્રિયા કરીને જીવનના સડેલા ભાગને દૂર કરવામાં આવે છે, વિનય દ્વારા તેની ઉપર સદ્ગુણરૂપી શુદ્ધ ઢોળ ચડાવવામાં આવે છે, વૈયાવૃત્ય દ્વારા તેને આત્મસ્વભાવની કસોટી પર મૂકવામાં આવે છે, ધ્યાનરૂપી અગ્નિમાં તેને તપાવવામાં આવે છે, સ્વાધ્યાયરૂપી વાયુ દ્વારા તેના પર લાગેલો કચરો દૂર કરવામાં આવે છે, અને વ્યુત્સર્ગરૂપી કાતરથી તેમાં આત્મગુણ અને પરગુણોને અથવા તો શરીર અને આત્માને જુદા પાડવામાં આવે છે. આ રીતે જીવનને શુદ્ધ, સુંદર અને સર્વગુણસંપન્ન બનાવવા માટે આ છ તપની આવશ્યક્તા છે. હવે ક્રમશઃ એક પછી એક તપનો વિચાર કરીએ.

## પ્રાયશ્ચિત્તનો અર્થ

આભ્યન્તર તપનું પ્રથમ અંગ છે પ્રાયશ્ચિત્ત પ્રાકૃત ભાષાના 'पायच्छित्त' શબ્દનો સંસ્કૃતમાં 'पापच्छित्त' શબ્દ પણ બને છે.

'पापं छिनत्तीति पापच्छित्'

એટલે કે પાપનું છેદન કરે છે તે પ્રાયશ્ચિત્ત. એક અન્ય જૈન આચાર્યે અર્થ આ પ્રમાણે કર્યો છે.

"प्रायः पापं विजानीयात् चित्तं तस्य विशोधनम् ।"

"પ્રાય : નો અર્થ પાપ થાય અને ચિત્ત તેનું શોધન છે. જે ક્રિયાથી પાપોની શુદ્ધિ થાય, તે પ્રાયશ્ચિત કહેવાય. એક બીજા આચાર્યએ આમ પણ અર્થ કર્યો છે.

"प्रायो नाम तपः प्रोक्तं चितं मानससमुच्यते ।
तपो मानसशुद्धयर्थं प्रायश्यित्तमितीर्यते ।।"

"પ્રાયઃ તપને કહેવાય અને 'ચિત્ત' માનસને કહેવાય. આથી માનસ(અંતર)ની શુદ્ધિ માટે જે તપ કરવામાં આવે, તે પ્રાયશ્ચિત્ત કહેવાય.

પ્રાયશ્ચિત્ત તપ પાપરૂપી મેલને ધોવા માટે અને આત્મા ઉપર લાગેલા પાપના ઘાને સાફ કરવા માટે છે. તે એક સર્જનની જેમ આત્મા પર થયેલા પાપ-વાસનાના ઝેરી ફોલ્લાને તપનું નસ્તર મારીને કાપે છે, ફોડે છે અને પરુને સાફ કરીને ઘા ધોઈને તેના પર મલમ-પટ્ટી લગાડે છે.

પોતાના દ્વારા થયેલા અપરાધો અથવા દોષોની શુદ્ધિ પ્રાયશ્ચિત્ત-તપ દ્વારા પોતાના અપરાધોનું નિરીક્ષણ, પશ્ચાત્તાપ (આત્મનિંદા), ગર્હણા (ગુરુ અથવા સમાજ આગળ પ્રગટ કરવા) અને તેમણે નિશ્ચિત કરેલા દંડના રૂપમાં ઉપવાસ આદિથી શુદ્ધિ થાય છે. આથી જ એમ કહેવાયું છે :

"अकुर्वन् विहितं कर्म, निन्दितं च समाचरन् ।
प्रसक्तश्चेन्द्रियार्थेषु प्रायश्चित्तीयते नरः ।।

'શાસ્ત્રવિહિત કર્તવ્યોને ન કરવામાં અને નિંદિત કર્મો કરવાને

લીધે તેમજ ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત થઈ જવાને લીધે મનુષ્યને પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.”

## દોષનું પ્રમાણ

થર્મોમિટરથી તાવ માપ્યા પછી ઓછી કે વધારે ડિગ્રી હોય તે પ્રમાણે રોગીને દવા આપવામાં આવે છે. આ રીતે આલોચના (સ્વયં અથવા ગુરુ વગેરે સમક્ષ કરવામાં આવેલી) દ્વારા દોષને માપીને તથા તેની તપાસ કરીને, દોષોની માત્ર મુજબ પ્રાયશ્ચિત્તરૂપી ઔષધિ આપવામાં આવે છે. દોષોની માત્રાની તપાસ ચાર રીતે થાય છે– અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર.

લીધેલા વ્રતનો પ્રત્યાખ્યાન અથવા પ્રતિજ્ઞાનો ભંગ કરવો અથવા પોતાની ભૂમિકાની ધર્મમર્યાદાને તોડવાનો ઇરાદો રાખવામાં આવ્યો હોય. અથવા ઉપરની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવાનો સંકલ્પ કર્યો હોય અથવા તો મર્યાદા ભંગ કરનારી વ્યક્તિના કાર્યનું સમર્થન કર્યું હોય, તો ત્યાં અતિક્રમ નામનો દોષ થાય છે. જ્યાં વ્રતાદિનો ભંગ કરવા અથવા મર્યાદા તોડવા માટે પ્રયત્નશીલ થવાયું હોય તો તે ‘વ્યતિક્રમદોષ’ કહેવાય છે. જ્યાં વ્રત, પ્રતિજ્ઞા વગેરેનો અથવા મર્યાદાનો ભંગ કરવા માટેની સામગ્રી એકઠી કરવામાં આવી હોય અથવા કેટલેક-અંશે તેનો ભંગ કરવાનું પગલું ભરી લીધું હોય ત્યાં ‘અતિચાર દોષ’ કહેવાય છે. જ્યાં વ્રતાદિ અથવા ધર્મમર્યાદાનો સંપૂર્ણપણે ભંગ થયો હોય કે કરવામાં આવ્યો હોય ત્યાં ‘અનાચાર’ નામનો દોષ માનવામાં આવે છે.

ધારો કે કોઈ વ્યક્તિએ પોતાની ભૂમિકા કે મર્યાદાને અનુરૂપ વ્રત, નિયમ કે કોઈ વસ્તુનો ત્યાગ કે પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યું હોય પછી સંયોગવશ તેના મનમાં ત્યજેલી બાબતને મેળવવાની કે લેવાની ઇચ્છા જાગી કે લીધેલા વ્રતને તોડવાનો વિચાર આવ્યો તો તે ‘અતિક્રમ’ થયો. પછી તે વસ્તુને મેળવવા માટે જ પગલું ભરે તે

'વ્યતિક્રમ' થાય. તેથી આગળ વધીને તે વસ્તુને મેળવીને પોતાની પાસે રાખી લે પણ તેનો ઉપયોગ ન કરે તો તેને 'અતિચાર' કહેવાય. પણ જો આ વસ્તુ કામમાં લીધી, મુખમાં મૂકી દીધી, પરંતુ પ્રતિજ્ઞાનું તરત જ સ્મરણ થતાં થૂંકી દીધી કે ત્યાગ કર્યો પણ પશ્ચાત્તાપ ન કર્યો, તો એ દોષ પણ 'અતિચાર'ની કોટિમાં જ આવે. પરંતુ વસ્તુને કામમાં લઈ લીધી કે ખાવાની વસ્તુ ગળાની નીચે ઉતારી અથવા તો ખાઈ લીધી ત્યારે આ દોષ 'અનાચાર' કહેવાય.

## હા પસ્તાવો !

સમાજમાં જ્યારે કોઈ વ્યક્તિ મોહ, સ્વાર્થ, લોભ કે અભિમાનને વશ થઈને સામાજિક મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે અને તેનું પાલન કરતી નથી, તો તેના પરિણામે અનેક અનિષ્ટ સર્જાય છે. અહીં પણ પ્રાયશ્ચિત્ત–તપ ગુનેગાર વ્યક્તિની અને એ રીતે પરંપરાથી અચૂક સમાજની શુદ્ધિ કરે છે. પ્રાચીનકાળમાં ગામડાંઓમાં ગ્રામપંચાયત કે વિભિન્ન જાતિઓની પંચાયતો હતી. તે ગામ કે સમાજમાં ફેલાતા અનિષ્ટને દૂર કરીને સમાજમાં શુદ્ધિનું વાતાવરણ સર્જવા માટે અનિષ્ટકર્તા-(ગુનેગાર)ને પ્રાયશ્ચિત્ત(સજા) આપીને તેની શુદ્ધિ કરતી હતી. આજે પણ સમાજમાં આ પ્રયોગ સાર્વજનિક સેવા સંસ્થાઓ દ્વારા થઈ રહ્યો છે. સાધુસમાજમાં તો આ પ્રયોગ વર્ષોથી પ્રચલિત છે અને આચાર્ય કે સંઘ–નાયક પ્રાયશ્ચિત્ત દ્વારા દોષ કરનારા સાધુની શુદ્ધિ કરે છે. જો તે પ્રયોગ ગૃહસ્થ–સમાજમાં યોગ્ય રીતે પ્રચલિત થાય, તો સમાજમાં દોષો કે અપરાધોની સ્થિતિ ઘણી ઓછી થઈ શકે અને સમાજ શુદ્ધ અને ધર્મનિષ્ઠ બની શકે છે. પરંતુ આજે આ બાબત પ્રત્યે ગૃહસ્થવર્ગનું લક્ષ ખૂબ ઓછું છે. આને પરિણામે સમાજમાં મોટાં-મોટાં ભયંકર પાપ રોજબરોજ ચેપી ફોલ્લાની માફક થાય છે. આનાથી સમાજમાં નૈતિકતા અને ધાર્મિકતાની મર્યાદાઓ લુપ્ત થતી જાય છે.

અપરાધીઓને એનો પણ ખ્યાલ નથી કે સમાજની શુદ્ધ ધર્મ-મર્યાદાઓનો ભંગ કરવા છતાં અહીં ભલે તેઓ સરકારની સજાથી બચી જાય,

પરંતુ કુદરતના ન્યાયથી અહીં કે પરલોકમાં ક્યાંય પણ બચી શકતા નથી. જેમ કોઈ વ્યક્તિ ઠાંસી ઠાંસીને ખાઈ લે, તો સરકાર કે સમાજ તેને ભલે કોઈ સજા ન કરે, પરંતુ કુદરત તો તેને સજા આપે જ છે. જેમ કે ચોરી કરવાવાળા માટે કહ્યું છે—

"अदत्तादानाच्च भवेदरिद्रः दरिद्रभावात् कुरुते स पापं ।
पापं हि कृत्वा नरकं प्रयाति, पुनर्दरिद्री पुनरेव पापी ॥"

"ચોરીના ફળસ્વરૂપે મનુષ્ય દરિદ્ર બની જાય છે. દરિદ્રતાને કારણે તે પાપ કરે છે. પાપ કરીને નરકમાં જાય છે. ફરીથી દરિદ્ર બને છે અને વળી પાછો પાપી થાય છે. આ રીતે ચોરીના ખરાબ પરિણામનું ચક્ર ચાલતું રહે છે."

આ ચક્ર પ્રારંભ થતાંની સાથે જ જો કોઈ અપરાધની પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરી લેવાય તો ખરાબ ફળનું ચક્ર આગળ વધતું નથી, ત્યાં જ અટકી જાય છે અને સમાજની વ્યવસ્થા પણ બગડતી નથી.

## આત્મદમન અને પરદમન

પ્રાયશ્ચિત્ત સ્વયંભૂ કે સ્વપ્રેરિત હોય છે. તેમાં અપરાધી વ્યક્તિ પોતાના દોષોની આલોચના વગેરે કરીને કે પછી જાતે જ કોઈ બાહ્ય તપ એ પ્રાયશ્ચિત્તના રૂપમાં કરે છે અથવા તો કોઈ ગુરુ કે મહાન પુરુષની પાસેથી પ્રાયશ્ચિત્ત માગી લે છે. બીજું જ્યારે કોઈ જાતે પ્રાયશ્ચિત્ત સ્વીકારી શકતો નથી અને ગુરુ અથવા સમાજની અગ્રણી વ્યક્તિઓ સમક્ષ અપરાધનું નિવેદન કરીને પ્રાયશ્ચિત્ત કરતો નથી તે વખતે સમાજની અગ્રણી વ્યક્તિ અથવા આચાર્ય તેને પ્રાયશ્ચિત્ત કરવા માટે પ્રેરિત કરે છે. બીજા દ્વારા આપેલા આ પ્રાયશ્ચિત્તને દંડ કહેવામાં આવે છે. પરંતુ આ દંડ શારીરિક કે આર્થિક નથી હોતો; એ હોય છે ઉપવાસ વગેરેના રૂપમાં અથવા સામાજિક બહિષ્કારના રૂપમાં. આ બે પ્રકારના પ્રાયશ્ચિત્તને ક્રમશઃ આત્મદમન અને પરદમન કહેવામાં આવે છે. આથી 'ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે :

"अप्पा चेव दमेयव्वो, अप्पाहु खलु दुदम्मो ।
अप्पा द तो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥"
माऽहं परेहिं दम्म तो बंधणेहिं हिं वहेय ।

"આત્માનું દમન(પ્રાયશ્ચિત્ત વગેરે દ્વારા સ્વયં) કરવું જોઈએ. જો કે આત્માનું દમન બહુ મુશ્કેલ છે. એમાં ખૂબ પ્રયાસ કરવો પડે છે, પરંતુ આત્માનું દમન કરવાથી મનુષ્ય આ લોક અને પરલોકમાં સુખી થાય છે." મારું અન્ય દ્વારા બંધન અથવા મારપીટ વગેરે અથવા બીજી સજા દ્વારા દમન કરવામાં આવે નહીં એમ મનુષ્ય વિચારે છે, પરંતુ જ્યારે તે પોતાના દુષ્ટ આત્માનું દમન કરી શકતો નથી, ત્યારે તેનું અન્ય દ્વારા દમન કરવામાં આવે છે.

## પ્રાયશ્ચિત્તના દસ પ્રકારો

દોષોનું વત્તા-ઓછાપણું, અપરાધીની પરિણામ-ધારા અને શુદ્ધિ કરવા માટેની તીવ્રતા-મંદતા પ્રમાણે પ્રાયશ્ચિત્તના ઘણા પ્રકાર થઈ શકે. સ્થાનાંગ સૂત્રમાં દસ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યાં છે:

"दसविहे पायच्छित्ते पन्नत्ते, तंजहा—आलोयणारिहे,
पडिक्कमणारिहे, तदुभयारिहे, विवेगारिहे, विउसग्गारिहे,
तवारिहे, छेदारिहे, मूलारिहे, अणवट्ठप्पारिहे, पारंचियारिहे ।"

"પ્રાયશ્ચિત્ત ૧૦ પ્રકારના બતાવવામાં આવ્યાં છે. (૧) આલોચનાર્હ (૨) પ્રતિક્રમણાર્હ (૩) તદુભયાર્હ (આલોચના અને પ્રતિક્રમણ બંનેને યોગ્ય) (૪) વિવેકાર્હ (૫) વ્યુત્સર્ગાર્હ (૬) તપસ્યાર્હ (૭) છેદાર્હ (૮) મૂલાર્હ (૯) અનવસ્થાપ્યાર્હ (૧૦) પારંચિકાર્હ."

કેટલીક વસ્તુઓની શુદ્ધિ માત્ર પાણીથી જ થઈ જાય છે. કેટલીક વસ્તુઓ સાબુ-સોડાથી સાફ થાય છે. કેટલીક માટી અથવા રાખ ઘસવાથી સાફ થાય છે અને કેટલીક વસ્તુઓ આમલી વગેરેની ખટાશથી સાફ થાય છે. કેટલાક પદાર્થો એવા પણ હોય છે કે જેમની શુદ્ધિ અગ્નિથી થાય છે. કેટલાંક સ્થળોની સફાઈ ઝાડુ મારવાથી જ થઈ જાય છે.

આ રીતે કેટલાક દોષો એવા હોય છે જેમને ગુરુ સામે પ્રગટ કરીને, આલોચના કરીને પ્રાયશ્ચિત્ત લેવાથી, કેટલાક સ્વયં પ્રતિક્રમણના રૂપમાં પ્રાયશ્ચિત્ત લેવાથી, કેટલાક બંનેથી, કેટલાક વિવેકથી, કેટલાક કેટલીક વસ્તુઓ અને વિકૃતિઓને છોડવાથી અથવા ભૂલ સુધારી લેવાથી, કેટલાક તપથી તો કેટલાક છેદથી (સાધુ માટે દીક્ષાપર્યાય ઓછો કરવો ને ગૃહસ્થ માટે સમાજમાં તેમની પ્રતિષ્ઠા ઓછી કરવાથી), કેટલાક મૂળથી (નવી દીક્ષા આપવાથી, ગૃહસ્થો માટે ઉક્ત સંસ્થામાંથી તેમનો બહિષ્કાર કરવાથી) કેટલાક અનઅવસ્થાપ્યથી એટલે કે કેટલાંક વર્ષો સુધી સાધુ અવસ્થામાં પરીક્ષણ હેઠળ રાખીને સુધરવાની તક આપીને કરવામાં આવે છે. આ રીતે ગૃહસ્થો માટે પણ તેમને તે પ્રદેશ સિવાય અન્યત્ર અન્ય વ્યવસાયમાં રાખીને સુધરવાની તક આપવામાં આવે છે. કેટલાક પારંપરિક નામક પ્રાયશ્ચિત્તથી (એટલે કે ૧૨ વર્ષ સુધી કઠોર તપશ્ચર્યા કરીને, સમાજની બહાર રહીને વિતાવવાના રૂપે, ગૃહસ્થો માટે કાળા પાણીની સજાના રૂપમાં આજીવન કારાવાસના રૂપે) શુદ્ધ થાય છે.

આ માટે પ્રાયશ્ચિત્તના દસ ભેદ પાડવામાં આવે છે. હવે આપણે ક્રમશઃ તેનો વિચાર કરીએ.

## આલોચનાની શુદ્ધિ

આલોચનાર્હ પ્રાયશ્ચિત્તમાં વ્યક્તિ પોતાની જાત સમક્ષ અથવા તો ગુરુ, સમાજ કે અગ્રણી વ્યક્તિની સામે પોતાના દોષોની આલોચના કરવાથી શુદ્ધ બની જાય છે. તેનાં ત્રણ અંગ હોય છે. (૧) પશ્ચાત્તાપ (નિન્દના) (૨) આલોચના (સ્વયં અન્તર્નિરીક્ષણ કરવું) અને (૩) ગર્હણા એટલે કે ગુરુ અથવા સમાજ કે મુખ્ય વ્યક્તિની સમક્ષ પોતાના અપરાધો પ્રગટ કરીને એકરાર કરવો. ક્યારેક મોહવશ થઈને વ્યક્તિ કોઈ અપરાધ કરી બેસે છે. પરંતુ પાછળથી તેને તે ભૂલ કે અપરાધ ડંખવા લાગે છે તે સમયે તે પશ્ચાત્તાપ કરે છે, એટલાથી તેનાં પાપ હલકાં થઈ જાય છે, અથવા દોષમુક્તિ થાય છે. ક્યારેક

તો મોહની તીવ્રતાને લીધે વ્યક્તિ પોતાનાં પાપો બદલ કેવળ પશ્ચાત્તાપ કરે છે તેટલાથી જ પાપ નથી ધોવાતાં. આ માટે આંતર-*નિરીક્ષણ કરીને ગુરુની સમક્ષ પોતાનાં પાપો પ્રગટ કરવાં પડે છે.* જો અચકાય તો ક્યારેક ગુરુ કે મુખ્ય વ્યક્તિ તેને પ્રેરીને કે પ્રોત્સાહન આપીને તેને બદલે સ્વયં સમાજની સમક્ષ તેની ઉપસ્થિતિમાં તેના દોષોનું યથાર્થ ચિત્રણ કરીને, ઉપવાસાદિના રૂપમાં પ્રાયશ્ચિત્ત આપે છે, જેનો તેણે સ્વીકાર કરવાનો હોય છે.

આલોચનાને યોગ્ય પ્રાયશ્ચિત્ત તો ત્યાં હોય છે, જ્યાં દોષ કે ભૂલ થઈ જવાથી વ્યક્તિ ગુરુ કે મુખ્ય વ્યક્તિની સમક્ષ યથાર્થરૂપમાં પોતાના દોષોને પ્રગટ કરીને એકરાર કરે છે.

વાસ્તવમાં આવી આલોચના (ગુરુ કે વડીલની સામે અપરાધનું પ્રકટીકરણ) કરવી ખૂબ મુશ્કેલ બાબત હોય છે. વ્યક્તિ લજ્જા, સ્વાર્થ, અભિમાન, પ્રપંચ, મોહ વગેરેથી પ્રેરાઈને કેટલીય વખત પોતાના દોષોને વ્યક્ત કરી શકતો નથી. ક્યારેક અર્ધા દોષોને કહે છે, તો ક્યારેક અધિકાંશ દોષ કહેવા છતાં છુપાવે છે.

### લક્ષ્મણા સાધ્વીની કથા

આ અંગે જૈન ઇતિહાસની એક જાણીતી કથા જોઈએ. આજથી ચોવીસીઓ (૪૦ કાળચક્ર) પહેલાંની આ વાત છે. લક્ષ્મણા નામનાં એક ઉત્કૃષ્ટ સંયમપાલન કરનારાં સાધ્વી થઈ ગયાં. તે સાધ્વીવર્ગમાં ખૂબ જાણીતાં હતાં. માનવી ગમે તેટલી ઉત્કટ સાધના કરે. પણ તેની સાથે શુદ્ધિની જાગૃતિ રાખવી જોઈએ. આમ ન થાય તો સાધનાનું અભિમાન વધી જાય છે, પ્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે પણ તેમાં ભૂલ તો જેમની તેમ જ રહી જાય છે. અને તે વિશે આલોચના વગેરે દ્વારા પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થવામાં ન આવે તો જન્મોજન્મ સુધી ભૂલોની પરંપરા વધતી જાય છે. આવું જ લક્ષ્મણા સાધ્વીના જીવનમાં બન્યું.

એક વાર જે ઉપાશ્રયમાં તેઓ ચાતુર્માસ વ્યતીત કરતાં હતાં તેની બહાર ધ્યાનસ્થ થઈને સૂર્યનો તાપ લઈ રહ્યાં હતાં. અચાનક

એમની દૃષ્ટિ કામક્રીડા કરતા ચકલીના યુગલ પર પડી. જો સાધ્વીએ તરત પોતાની નજર હટાવી લીધી હોત અને એને સારી જગ્યાએ સ્થિર કરી હોત તો સારું થાત પણ એમણે એમ ન કરતાં વધારે ઉત્સુકતાથી જોવાનું શરૂ કર્યું. મનોમન મલિન વિચાર કરવાથી કામવિકારોનો ઉદ્ભવ થવા લાગ્યો. મન તો આસાનીથી આકાશ–પાતાળ સુધી દોડ લગાવે છે. લક્ષ્મણા સાધ્વી મનમાં ને મનમાં વિચારવા લાગ્યાં, "જિનેશ્વર ભગવાન સ્વયં તો અવેદી (વાસનાની વેદનાથી રહિત) છે. તેઓ કામવિકારોથી જાગતી વાસનાથી રહિત હોવાથી સંવેદી (કામવાસનાથી યુક્ત) વ્યક્તિની મનોવ્યથાને કેવી રીતે જાણે ? કામવાસનાથી પીડિત વ્યક્તિને કેટલું કષ્ટ થાય છે તેની તેઓને ક્યાંથી જાણ હોય ? એટલા માટે જ તેમણે ચરિત્રપાલનમાં બ્રહ્મચર્યને સૌથી વધારે મહત્ત્વ આપ્યું હશે."

થોડી વારમાં લક્ષ્મણા સાધ્વીની વિચારધારાએ નવો વળાંક લીધો. એમણે વિચાર્યું "ઓહ ! હું કેટલા બધા ખરાબ વિચારોમાં પડી ગઈ. મેં કેવો અધમ વિચાર કર્યો. શું વીતરાગ પ્રભુને જ્ઞાન ન હતું ? તેઓ તો સર્વજ્ઞ–સર્વદર્શી હતા. ભલા, એમનાથી કોઈનાય મનોભાવ છુપાયેલા રહે ખરા ? તો પછી કામવાસના પીડિતના મનોભાવ શું તે નહીં જાણતા હોય ? જરૂર જાણતા હશે, તેમનાથી કોઈ વાત અજ્ઞાત ન હતી, પણ હું આ મોહનીય કર્મના ઉદયથી અધમાધમ વિચારોના ચક્કરમાં પડી ગઈ, ધિક્કાર છે મને !"

આમ પશ્ચાત્તાપ કરતાં લક્ષ્મણા સાધ્વીએ વિચાર્યું, "પ્રભુએ કામથી બચવા માટે મનમાં તેનું ચિંતન કરવાની પણ ના પાડી છે, અબ્રહ્મચર્ય સેવનનો નિષેધ કર્યો છે તે યોગ્ય જ છે. હવે તો હું મારા આ કુવિચારનો મોટો અપરાધ મારાં ગુરુણીજીની સમક્ષ જઈને યથાર્થરૂપમાં પ્રગટ કરીને, આલોચના કરીને, પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધ અને દોષમુક્ત થઈ જાઉં તો જ મારા મન ઉપર ચડેલો પાપનો બોજ હળવો થઈ શકશે."

બીજી જ ક્ષણે એમણે વિચાર્યું કે, "આ રીતે જો સ્પષ્ટ અને યથાર્થરૂપે ગુરુણીજીની સામે હું મારા કલુચિત વિચારોને પ્રગટ કરી દઈશ તો તેઓ મનમાં શું સમજશે ? વિચારશે કે ઉચ્ચકુળની ઉમદા રાજકુટુંબની છોકરી થઈને મનમાં કેવા ખોટા વિચાર કરે છે ! હું તેમની દૃષ્ટિમાં હલકી પડી જઈશ. બધાની સામે હું અપમાનિત થઈ જઈશ. આથી આલોચના કરવી મારાથી શકય બનશે નહીં."

## અપરાધીનું કલ્યાણ

સાચે જ આજે સમાજમાં પણ આ જ મનોદશાને કારણે અપરાધી વ્યક્તિ ખુલ્લા દિલથી પોતાના અપરાધોને સ્પષ્ટરૂપે પ્રગટ કરવાની હિંમત કરી શકતી નથી, કારણ કે આ રીતે પોતાના દોષ જાહેરમાં પ્રગટ કરનારને લોકો હીનદૃષ્ટિએ જુએ છે, તેની નિંદા અને બેઇજ્જતી કરવા લાગે છે. તેને એક માનસિક રોગી સમજીને તેની સાથે એક ચિકિત્સક જેવી હમદર્દી રાખવી જોઈએ. એણે અપરાધનો એકરાર કર્યા પછી અને પ્રાયશ્ચિત્ત લીધા પછી સમાજમાં તેના તરફ કોઈ આંગળી ચીંધે નહીં અને તે બાબતમાં ઊહાપોહ ન કરે, અથવા ખોતરી ખોતરીને પાછલી વાતોની ચર્ચા ન કરે તો સમાજમાં આજે પ્રચલિત અનિષ્ટોમાંથી નેવું ટકા અનિષ્ટ દૂર થઈ શકે. સત્ય કહેવાની હિંમત થઈ શકે, ખચકાટ મટી શકે.

ડૉકટરની સાથે જેમ રોગી મોકળે મને રોગ વિશે કહે છે. ત્યારે ડૉકટર તેને વઢતો કે મારતો નથી, ઠપકો પણ આપતો નથી, બલ્કે આશ્વાસન આપીને ચિકિત્સા કરીને તેને સ્વસ્થ કરે છે, એ જ રીતે સાધુ વર્ગ અથવા ગૃહસ્થવર્ગમાં આચાર્ય અથવા મુખ્ય વ્યક્તિ આવા અપરાધરૂપી રોગથી ગ્રસ્ત વ્યક્તિની વાત સાંભળીને તેને આશ્વાસન આપે અને પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થવાની પ્રેરણા કરે તો શુદ્ધિનું વાતાવરણ સાહજિકતાથી રચી શકાય. આ જ કારણ છે કે શાસ્ત્રોમાં જ્યાં આલોચના કરીને શુદ્ધ થવાનું કહ્યું છે ત્યાં આલોચના

પણ કેવા પ્રકારની યોગ્યતા ધરાવતી વ્યક્તિ સામે કરવામાં આવે, તેનાં લક્ષણ બતાવ્યાં છે;

"गीअत्थो कडजोगी चारित्ती तह य गाहणाकुसलो ।
खेअन्नो अविसाई भणिओ आलोयणारिहो ॥"

"આલોચના સાંભળીને પ્રાયશ્ચિત્ત આપવાની અધિકારી વ્યક્તિ (સાધુઓમાં) (૧) ગીતાર્થ–ધર્મસિદ્ધાન્તોનો અનુભવયુક્ત જ્ઞાતા હોય. (૨) મન–વચન–કાયા પર કાબૂ હોય. (૩) દોષ રહિત ચરિત્રનું પાલન કરનાર હોય (૪) આલોચના કરવાવાળી વ્યક્તિને તપ વગેરે રૂપમાં પ્રાયશ્ચિત્ત સ્વીકારવા અનેક યુક્તિઓથી પ્રોત્સાહિત કરવામાં નિપુણ હોય (૫) આલોચના કરનારી વ્યક્તિના દોષો સાંભળીને ખિન્ન ન થઈ જાય, ગભરાઈ કે અકળાઈ ન જાય, પરંતુ અનેક પ્રકારનાં ઉત્તમ દૃષ્ટાન્ત સંભળાવીને તેને શુદ્ધ ચરિત્ર પાળવામાં પ્રોત્સાહિત કરનાર હોય, (૬) સમ્યક્ પ્રકારની આલોચના કરવામાં અને પ્રાયશ્ચિત આપવામાં થતાં ખેદ–કષ્ટથી પૂર્ણ અનુભવી હોય. આલોચના કરવામાં યોગ્ય સાધુના વિશે જેમ આ વાત કહેવાઈ છે તેવું જ ઉત્તમ સદાચારી ગૃહસ્થના વિષયમાં પણ સમજવું.

હા, તો હું કહી રહ્યો હતો કે લક્ષ્મણા સાધ્વી પણ આ શંકા–કુશંકામાં ડૂબકી ખાતાં ઊંડાં ઊતરી ગયાં. એમને વળી પાછો વિચાર આવ્યો, "આલોચના કર્યા વિના તો શુદ્ધિ નહીં થઈ શકે અને આ માનસિક પાપનો બોજો મારા ચિત્ત પર છવાયેલો જ રહેશે, મારા હૃદયને આ પાપ ખટકતું રહેશે. તેથી જાઉં તો ખરી. ગુરુણીનું વલણ જોયા પછી આલોચના કરી લઈશ."

વિચારોની ભુલભુલામણીમાં અટવાયેલાં લક્ષ્મણા સાધ્વીએ ગુરુણીની પાસે આલોચના કરવા માટે જેવું એક પગલું ભર્યું કે તેમના પગમાં કાંટો વાગી ગયો. તેઓ ત્યાં જ અટકી ગયાં. મનમાં વિચાર્યું, "હવે તો આલોચના માટે નહીં જાઉં, કેમ કે પહેલા પગલે જ વિઘ્ન આવ્યું.

એણે મને જતાં અટકાવી દીધી.” આમ છતાં સાધ્વીનું હૃદય અત્યંત સરળ હતું. એમણે વિચાર્યું–“ગુરુણીને પહેલાં સામાન્ય રીતે જ વાત કરીશ પછી એમનું વલણ જોઈને આલોચના કરીશ, નહીં તો નહીં કરું.”

તેમણે વિનયપૂર્વક પૂછ્યું, “ગુરુણીજી! જો કોઈ સાધ્વીને કામસેવનનો આવો વિચાર આવે તો તેણે શું પ્રાયશ્ચિત્ત કરવાનું હોય?”

તેમણે એ ન કહ્યું કે મને આવા ખોટા વિચાર આવ્યા હતા! એટલું છુપાવી રાખ્યું! પરંતુ મનોભાવોને ઓળખવામાં ચતુર ગુરુણીજીએ કહ્યું, “જેના મનમાં આવી દુર્ભાવના આવી હોય, તે જ આલોચના કરવાની અને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવાની અધિકારિણી છે. તેના બદલે બીજી સાધ્વી આલોચના કરીને પ્રાયશ્ચિત્ત કરી શકે નહીં. જો તારા મનમાં આવા કુવિચાર આવ્યા હોય તો તું આલોચના કરીને પ્રાયશ્ચિત્ત કરી શકે છે.”

## વિષરૂપ કપટ અને દંભ

આલોચના જીવનનું અમૃત છે. સાધક ગુરુ કે વડીલની સમક્ષ પોતાની ભૂલોની આલોચના કરીને દોષના બોજો હળવો થઈ શકે છે. જેમ દુઃખી વ્યક્તિ હમદર્દની સામે પોતાના હૃદયના દુઃખને વ્યક્ત કરીને એક પ્રકારની હળવાશ અનુભવે છે તે રીતે અપરાધોથી ભારે થયેલો આત્મા સહૃદય ગુરુ કે વડીલોની સામે હૃદય ખોલીને આલોચના કરે છે તો અપરાધના ભારથી ભારે બનેલા તેના હૃદયને હળવાશનો અનુભવ થાય છે. આ સાથે જ પ્રાયશ્ચિત્ત દ્વારા પોતાના આત્માની શુદ્ધિ પણ થાય છે.

આગમમાં કહ્યું છે કે જે સાધક નિષ્કપટ અને સ્વચ્છ દર્પણ જેવા હૃદયથી આલોચના કરે છે, તેણે અલ્પ પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. પરંતુ જે મનમાં કૂડ–કપટ રાખીને આલોચના કરે છે, તેણે બમણું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. બે સાધકોનો અપરાધ એકસરખો હોય. બંને આલોચના પણ કરતા હોય પણ જેનામાં સરળતા છે, તેનો

ઓછા પ્રાયશ્ચિત્તથી છુટકારો થાય છે, જ્યારે બીજો સાધક દંભી ને કપટી છે એટલે તેણે બમણું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.

કપટ અને દંભ એ એવું વિષ છે જે આલોચનાના અમૃતને પણ ઝેરયુક્ત બનાવે છે. કોઈ રોગી જો ચિકિત્સક સમક્ષ જૂઠું બોલે, તેની આગળ રોગનું સાચું વર્ણન કરે નહીં અને ચિકિત્સકે પૂછેલા પ્રશ્નોના જવાબ આપે નહીં તો તેનાથી ચિકિત્સકને કોઈ હાનિ થતી નથી, બલ્કે તેને તો આર્થિક લાભ છે, કારણ કે રોગીનો રોગ તો વધતો જશે. જોકે કોઈપણ હમદર્દ અને પ્રામાણિક ચિકિત્સકને આવું કરવું પસંદ નહીં પડે, પણ રોગીની છળવૃત્તિ જ એના રોગને વધારશે, ચિકિત્સકની ફી અને દવાનો ખર્ચ પણ વધશે.

વકીલને છેતરીને કોઈ અસીલ મુકદમામાં સફળતા પ્રાપ્ત કરી શકતો નથી અને અધ્યાપકને છેતરીને કોઈ વિદ્યાર્થી આગળ વધી શકતો નથી. દાયણથી પેટ સંતાડીને શું કોઈ ગર્ભવતી સ્ત્રી સુખ મેળવી શકે?

વ્યાવહારિક જીવનમાં છલ-કપટ અને દંભ ખૂબ મુશ્કેલીઓ સર્જે છે, ત્યારે આધ્યાત્મિક જીવનમાં તો એ વધુ મુશ્કેલી કેમ ન ઊભી કરી શકે? જૈન ધર્મમાં સાધનાના ક્ષેત્રમાં માયાને કોઈ સ્થાન નથી. સાધુ હોય કે ગૃહસ્થ, પણ બંનેના જીવનમાં, સાધનામાં અને આત્મવિકાસમાં માયા અવરોધ લાવે છે. માયાવી માણસને અહીં મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. વક્રતા, દંભ અને છલનાને કારણે તે સચ્ચાઈ (સમ્યકત્વ) પામી શકતો નથી. આ સાધનાનું પ્રથમ સોપાન છે. ભગવાન મહાવીરે 'કૃતાંગસૂત્ર' માં સ્પષ્ટ કહ્યું છે—

> "जइ विय नगिणे किसे चरे, जइ विय भुंजिय मासमंतसो ।
> जे इह मायाई मिज्जइ आगंता गब्भायणंतसो ॥"

"સાધનાના ક્ષેત્રમાં જે પ્રગતિશીલ સાધક તમામ વસ્તુ પરિત્યાગ કરીને નગ્ન રહે છે, વર્ષો સુધી તપશ્ચર્યા કરીને શરીરનાં લોહી-માંસ

સૂકવી નાખે છે, મહિનાઓ સુધી નિરાહાર રહીને શરીરને કૃશ કરે છે. આટલી બધી સાધના પછી પણ જેણે માયાની ગાંઠ નથી છોડી તેને તો અનંતવાર ગર્ભમાં આવવું પડશે ને જન્મમરણના ફેરા કરવા પડશે.”

## સ્વચ્છ દર્પણ સમું હૃદય

દંભવૃત્તિ સાધુજીવનમાં જ નહીં પણ સામાજિક જીવનમાં ય અશાંતિ પેદા કરે છે. એક વિચારકે કપટી માનવીને કબરની ઉપમા આપી છે. કબર ઉપરથી ઢાંકેલી રહે છે. જોનારને એ પવિત્ર ભૂમિ લાગે છે, પરંતુ તેને થોડી ખોદીને જોઈશું તો તેની ભીતરમાં ગળી ગયેલાં–સડી ગયેલાં હાડકાં અને દુર્ગંધ મારતી માટી જ મળશે. એ રીતે કપટીના હૃદયની ભીતરમાં મલિન, દગાખોર, દુર્ભાવનાની માટી અને વક્રતાનાં હાડકાં જ મળશે.

એ સાચું છે કે હૃદયની પવિત્રતા, સરળતા અને નિષ્કપટતા વિના સઘળી સાધના નિષ્પ્રાણ છે. આવી કૂડ–કપટયુક્ત આલોચનાનું અમૃત પણ તે સાધનાને સજીવ અને સફળ બનાવી શકતું નથી.

સાધનાના ક્ષેત્રમાં આટલાં આગળ વધેલાં લક્ષ્મણા સાધ્વીએ થોડી અપ્રતિષ્ઠાથી બચવા માટે ગુરુણીજી સાથે કપટ કરીને આટલાં વર્ષોની સાધનાને ધૂળમાં મેળવી દીધી. એ સ્પષ્ટતાથી અને સરળ હૃદયથી ગુરુણીજીની પાસે સાચી આલોચના કરી શકયાં નહીં. એમના મને તો નિર્ણય કરી લીધો કે તપથી મોટાં મોટાં પાપ નષ્ટ થઈ જાય છે. ત્યાં આ તો મારો માત્ર નાનકડો અને તેય માનસિક અપરાધ છે, તેને દૂર થતાં કેટલી વાર લાગવાની?

તેમણે એ ન વિચાર્યું કે પવિત્ર સાધનામાં કપટનું વિષ ભળી જવાથી તે અનંત કાળ સુધી સંસારમાં જન્મ–મરણના ચક્રમાં અથડાશે. તેથી ગુરુણીજીએ એ અપરાધનું જે પ્રાયશ્ચિત્ત દર્શાવ્યું હતું, તેના કરતાં તો એમણે અનેકગણી તપશ્ચર્યા કરી હતી. તેમ છતાં નિઃશલ્ય

ન હોવાથી તે શુદ્ધ થઈ શકયાં નહીં અને ૯૪ ચોવીસીના કાળ પછી ૯૪ મી ચોવીસીમાં શ્રેણિકરાજાનો જીવ જ્યારે પદ્મનાભ નામક પ્રથમ તીર્થંકર થશે ત્યારે લક્ષ્મણા સાધ્વીજીનો જીવ મુક્તિ પ્રાપ્ત કરશે. આનો અર્થ એટલો જ કે લક્ષ્મણા સાધ્વીજીએ કપટપૂર્વક આલોચના કરી, જેના દુષ્પરિણામ રૂપે તેમને ૯૪ ચોવીસી સુધી ભવભ્રમણ કરવું પડ્યું.

સાર એ જ કે જેમ નિર્દોષ બાળક પોતાના માતાપિતાની સામે જે વાત જેવી હોય તે રૂપે નિઃસંકોચ કહી દે છે, તે જ રીતે સાધકે પણ નિર્દોષ અને સરળ બનીને ગુરુ કે મુખ્ય વ્યક્તિની સામે કશાય ખચકાટ વિના જે બન્યું હોય તે યથાતથ કહીને આલોચના કરવી જોઈએ. આલોચના કરતી વખતે તેને ગુરુ કે મોટી વ્યક્તિથી ગભરાઈને ભાવો કે આશયોને વ્યક્ત કરવામાં જરા પણ ફેરફાર કરવો જોઈએ નહીં.

## ગુરુનો 'અકથનીય' ગુણ

ગુરુ પાસે જઈને શિષ્યે કઈ રીતે આલોચના કરવી જોઈએ? તેની વિધિ છેદસૂત્રોમાં વિસ્તારથી વર્ણવવામાં આવી છે. આલોચના સાંભળનાર ગુરુનું કર્તવ્ય પણ બતાવ્યું છે કે અપરાધી શિષ્ય પોતાના અપરાધને જે કોઈ રૂપે ગુરુની સમક્ષ પ્રગટ કરે, ગુરુએ તે વાત અન્ય કોઈની આગળ પ્રગટ કરવી નહિ. જો ગુરુ એમ કરે તો બધા જ અપરાધ ગુરુને માથે આવી જાય છે. તેનાથી સર્જાનારા અનર્થના ગુરુ સહભાગી બને છે, કારણકે શિષ્યે તો ગુરુને માતા-પિતા સમજીને પોતાનો બધો જ અપરાધ દિલખોલીને રજૂ કરી દીધો. હવે જો ગુરુ એ વાત બીજાને કહે છે તો તે શિષ્યને બદનામ કરે છે અને એ વાત અનેક વ્યકિત સુધી પહોંચી જવાને કારણે બેઆબરૂ થવાના ડરથી આલોચના કરનાર શિષ્ય કેટલીકવાર આત્મહત્યા પણ કરી બેસે છે. તેનાથી ધર્મની નિંદા અને અવહેલના થાય છે, અને લોકોની શ્રદ્ધા ઘટી જાય છે. આથી ગુરુ એટલા ગંભીર હોવા

જોઈએ કે તે શિષ્ય દ્વારા થયેલી આલોચનાને મનમાં ગુપ્ત રાખી શકે. આથી આચાર્યના ગુણોમાં એક 'અકથનીય' ગુણ પણ દર્શાવ્યો છે. આનો અર્થ છે, "કોઈના દ્વારા પોતાના અપરાધની કરાયેલી આલોચનાની વાત ન કહેનાર."

## નિષ્કપટ આલોચના

ગુજરાતના ઇતિહાસમાં કુમારપાળ નામનો પ્રસિદ્ધ રાજવી થઈ ગયો. તે પરમશૈવ હોવા છતાં કલિકાલ-સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિના ઉપદેશથી જૈનધર્મના આચાર-વિચારો પ્રત્યે શ્રદ્ધાવાન અને અનુરાગી થયો. ભગવાન મહાવીરના યુગમાં જે કામ રાજા શ્રેણિક કરી શક્યો નહીં તે આચાર્ય હેમચંદ્રની ઉપસ્થિતિમાં કુમારપાળ રાજાએ કરી બતાવ્યું. તેણે પોતાના રાજ્યના અઢાર પ્રદેશોમાં સર્વત્ર 'અમારિપટહ' ની ઘોષણા કરાવીને જીવહત્યા બંધ કરાવી દીધી. અહિંસાનો આટલો ભવ્ય પ્રચાર કુમારપાળ રાજા આચાર્યશ્રીની પ્રેરણાથી જ કરી શક્યો. આવા અહિંસાના મહાન ઉપાસક કુમારપાળ રાજા પૂર્ણપણે શાકાહારી બની ગયો હતો.

એક દિવસ ભોજન કરતી વખતે તે ઘેવર ખાઈ રહ્યો હતો, ઘેવરને દાંતથી તોડતી વખતે તેના મનમાં આ વિચાર આવ્યો, 'માંસાહારનો ત્યાગ કર્યા પહેલાં જ્યારે હું માંસ ખાતો હતો ત્યારે આવું કરકરું માંસ ખાતો રહેતો.'

આવા કુવિચાર પછી તરત જ બીજી ક્ષણે તેના મનમાં સુવિચારનું કિરણ ચમક્યું. એણે વિચાર્યું, 'જે વસ્તુથી કુત્સિતભાવ જાગે તેનો ત્યાગ કરવો જ ઉચિત છે. હું એ ખાઈશ નહીં તો ખરાબ ભાવ પણ પેદા નહીં થાય. આથી આજથી ઘેવર ખાવાનું સંપૂર્ણ રીતે છોડી દઉં છું.' બસ પછી શું ? કુમારપાળ રાજાએ એ જ સમયે ઘેવર ખાવાનું સદાને માટે છોડી દીધું.

આમ છતાં સરળ હૃદયના કુમારપાળના મનમાં હજી પણ આ કુવિચાર કાંટાની જેમ ખૂંચતો હતો. તેને દૂર કરવા માટે ગુરુની

પાસે જઈને આલોચના લઈને તથા તેઓ જે પ્રાયશ્ચિત્ત આપે તેને સ્વીકારીને શુદ્ધ અને નિઃશલ્ય થઈ જવાનો નિશ્ચય કર્યો. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રની પાસે જઈને રાજા કુમારપાળે પોતાના અપરાધનું અથથી ઇતિ સુધી વર્ણન કર્યું અને તેમને પ્રાયશ્ચિત્ત આપવા કહ્યું.

આચાર્યે કહ્યું, "આનું પ્રાયશ્ચિત્ત ઘણું મોટું છે." 'ગુરુદેવ ! આપ જે પણ પ્રાયશ્ચિત્ત આપશો તે લેવા માટે હું તૈયાર છું.' રાજા કુમારપાળે કહ્યું.

આચાર્યે કહ્યું, "જો તમે તૈયાર છો તો સાંભળો. જે દાંતથી તમે આ ઘેવર ખાધું છે, એને પથ્થરથી તોડી નાખો."

અનન્ય શ્રદ્ધાવાન કુમારપાળ રાજાએ કશુંય વિચાર્યા વિના તરત જ પાસે પડેલો એક પથ્થર ઉપાડયો અને દાંત તોડવા તત્પર થયા.

આચાર્યે અધવચ્ચે જ એને રોકતાં કહ્યું, "જરા રોકાઈ જાઓ, કુમારપાળ."

કુમારપાળે પૂછયું, 'શા માટે ગુરુદેવ !'

આચાર્યે કહ્યું, "બસ, તમારું પ્રાયશ્ચિત્ત પૂરું થઈ ગયું."

'કેવી રીતે થઈ ગયું, ગુરુદેવ, મેં તો હજી દાંત તોડયા જ નથી.'

આચાર્યે કહ્યું, "હા. થઈ ગયું. સાંભળો. જે દાંતથી તમે માંસ ચાવવાની ભાવના કરી હતી, એના પ્રાયશ્ચિત્ત રૂપે એ દાંત તોડવા તૈયાર થઈ ગયા, આથી તમારી આ શુદ્ધ ભાવનાથી જ પ્રાયશ્ચિત્તનું કામ પૂર્ણ થઈ ગયું."

આમ ગુરુ સમક્ષ નિષ્કપટ ભાવથી આલોચના કરવી અને પોતાના અપરાધોને પ્રગટ કરવા એ સહેલું કામ નથી. કુમારપાળ રાજા સાચી આલોચના અને પ્રાયશ્ચિત્તથી તત્કાળ શુદ્ધ થઈ ગયા. તેમના હૃદયમાં ખૂંચતો કાંટો નીકળી ગયો.

## પાપવિનાશિની આલોચના

વાસ્તવમાં આલોચના તો સ્વયંસ્ફુરિત હોય છે અને એનો જન્મ વ્યક્તિના મનમાં જ થાય છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સ્વત: સ્ફુરિત થઈને પોતાના મનમાં આવેલા દુર્વિચારો અને ખરાબ ચેષ્ટાઓની આલોચના પોતે જ કરીને પશ્ચાત્તાપની પાવનગંગામાં પોતાનાં બધાં પાપોને ધોઈ નાખ્યાં હતાં. પરંતુ સમાજની સુવ્યવસ્થા માટે, સમસ્ત અપરાધીઓને શુદ્ધિ માટે પ્રેરણા મળે એટલે ગુરુ, સમાજ, અથવા તો સમાજના અગ્રણીઓ કે વડીલો સામે પોતાના દોષોનો ખુલ્લા દિલથી એકરાર કરીને તથા પ્રાયશ્ચિત્ત સ્વીકારીને શુદ્ધ થવાની પદ્ધતિ અપનાવવી વધારે શ્રેયસ્કર છે.

ખ્રિસ્તી ધર્મમાં દેવળમાં જઈને ધર્મગુરુ સામે પોતાનાં પાપોનો સ્વીકાર કરવા(Confession of sin)ની પદ્ધતિ પ્રચલિત છે.

વાસ્તવમાં આલોચનાને યોગ્ય પ્રાયશ્ચિત્ત બધાં જ પ્રાયશ્ચિત્તોનો નિચોડ છે. આથી આલોચનાર્હ પ્રાયશ્ચિત્ત દ્વારા જે જીવનની શુદ્ધિ કરે તે પરમપદના ભાગી થશે.

સ્થાન : જૈનભવન, બીકાનેર
૪ ઑગસ્ટ, ૧૯૪૮

□

ત્રણ

# હા પસ્તાવો! વિપુલ ઝરણું

જીવનસાધનાના પથમાં પાપની પરિણુતિ આત્માને ભારે બનાવે છે, તેના પર અનંત–અનંત કર્મોના પરમાણુ ચોંટી જાય છે. અને તમે જાણો છો તેમ ભારે વસ્તુ નીચે પડે છે. કર્મથી ભારે બનેલો આત્મા પણ નીચે ગતિ કરે છે. જો પાપ-કર્મોને લીધે ભારે થયેલ આત્માને પ્રાયશ્ચિત્ત-તપરૂપી અમૃતનું પાન કરાવવામાં આવે તો તે જરૂર શુદ્ધ થઈને ઊર્ધ્વગમન કરી શકે છે. ઊર્ધ્વ-ગમન તો આત્માનો સ્વભાવ જ છે, પરંતુ તેના પર કર્મોનો જાડો થર લાગવાથી તે વજનદાર બનતાં અધોગમન કરે છે. જો આત્મા પર જામેલા કર્મોના થરને પ્રાયશ્ચિત્ત–તપથી દૂર કરવામાં આવે તો આત્મા સંપૂર્ણ શુદ્ધ થઈ શકે છે, પ્રાયશ્ચિત્ત તપમાં એવી શક્તિ છે. કે એના દ્વારા ગમે તેવો પાપી પુણ્યાત્મા બની શકે છે. અને ગમે તેવો

રીઢો ચોર પણ શાહુકાર બની શકે છે. તેમ જ નિર્દયી હત્યારો ધર્માત્મા કે સંત બની શકે છે. આને માટે સાચી જરૂર છે પ્રાયશ્ચિત્તના સર્વ પ્રકારોને યથાર્થ રીતે સમજીને આચરવાની. પ્રાયશ્ચિત્તના પ્રથમ ભેદ વિશે આગળના પ્રકરણમાં વિચાર કર્યો. હવે બીજા ભેદોનું વિવેચન કરીશું.

## પ્રતિક્રમણાર્હ પ્રાયશ્ચિત્ત

પ્રતિક્રમણાર્હ પ્રાયશ્ચિત્તનો અર્થ છે કે એવું પ્રાયશ્ચિત્ત, જે માત્ર પ્રતિક્રમણ કરવાથી જ ભરપાઈ થઈ જાય, એવું પ્રાયશ્ચિત્ત કે પ્રતિક્રમણ કરવાથી જ દોષમુક્તિ મળે અને શુદ્ધતા પમાય. આને પ્રતિક્રમણાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે. 'પ્રતિક્રમણ' શબ્દથી તો તમે બધા જૈન હોવાથી પરિચિત છો, પણ પ્રતિક્રમણનો અર્થ એ નથી કે કેટલાક પાઠ ધડાધડ બોલી નાખ્યા કે સાંભળી લીધા અને વગર સમજે-વિચાર્યે માત્ર દેખાદેખીથી જ 'મિચ્છામિ દુક્કડમ્' કહેતા જવું. આ પ્રકારે કરેલું પ્રતિક્રમણ એ પ્રતિક્રમણના ઉદ્દેશને સાર્થક કરતું નથી. આમ કરવાથી તો આ ક્રિયા માત્ર યંત્રવત્ બની જાય છે. અર્થ, ભાવ, ઉદ્દેશ અને પ્રયોજનની બાબતમાં શૂન્ય હોય તેવી પ્રતિક્રમણ ક્રિયા યોગ્ય રીતે જીવનને પવિત્ર બનાવી શકતી નથી. આવું યંત્રવત્ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્તની ઉદ્દેશપૂર્તિ નથી કરી શકતું. માટે પ્રતિક્રમણના અર્થને પ્રાયશ્ચિત્તના સંદર્ભમાં સમજીને, તેની ભાવનાને અનુરૂપ પ્રતિક્રમણ કરવાથી સફળતા મળે.

## શુભયોગમાં પુનરાગમન

પ્રતિક્રમણનો શબ્દશઃ અર્થ થાય છે 'પાછા ફરવું.' પ્રશ્ન એ છે કે ક્યાંથી અને કેવી રીતે પાછા ફરવું ? આથી પ્રતિક્રમણનો સ્પષ્ટ અર્થ કરવામાં આવ્યો કે 'પ્રમાદ'ને કારણે શુભ યોગમાંથી અશુભ યોગમાં ગયેલા આત્માના પુનઃ શુભ યોગમાં પહોંચવાને 'પ્રતિક્રમણ' કહે છે. તે અર્થનો દ્યોતક એક શ્લોક પણ છે—

"स्वस्थानात् यत् परस्थानं प्रमादस्य वशाद्गतम् ।
तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते ॥"

"પ્રમાદને વશ થઈને આત્માનું પોતાના શુદ્ધ ભાવો(क्षायोपशमिकादि)ને છોડીને અન્ય ભાવો (કષાય-વિષયાદિના ઔદયિક ભાવો)માં ગમન કર્યા પછી પુનઃ આત્મભાવોમાં પાછા આવવાને પ્રતિક્રમણ કહેવાય છે."

પ્રતિક્રમણ શબ્દના નિમ્નોક્ત ૮ પર્યાયવાચી શબ્દ આપીને શાસ્ત્રકારોએ તેના ગર્ભિત અર્થને વધુ સ્પષ્ટ કરી આપ્યો છે—

(૧) પ્રતિક્રમણ–પાપથી વિરુદ્ધ ગમન કરવું-પાછા ફરવું.
(૨) પ્રતિચરણા–શુભ યોગમાં વારંવાર જવું.
(૩) પ્રતિહરણા–અશુભ યોગમાંથી આત્માને હટાવી દેવો. અશુભ યોગને છોડવો.
(૪) વારણા–અકાર્યનો નિષેધ 'મારું દુષ્કર્મ નિષ્ફળ થાવ'–આ પ્રકારે ઉચ્ચારણ કરવું.
(૫) નિવૃત્તિ–સાવદ્ય કાર્યથી નિવૃત્ત થવું.
(૬) નિંદા–આત્મસાક્ષીથી પાપની નિંદા કરવી, પાપને ધિક્કારવું.
(૭) ગર્હા–ગુરુસાક્ષીએ પાપની નિંદા કરવી.
(૮) શુદ્ધિ–આત્માને નિર્મળ બનાવવો.

ઉપર્યુક્ત આઠ પર્યાયોનો પરમાર્થ એકબીજાથી સંબંધિત છે. શબ્દ જુદા જુદા હોવા છતાં બધાનો ભાવાર્થ એક છે. ટૂંકમાં, પ્રતિક્રમણનો હેતુ દોષમાંથી પાછા ફરવાનો અને ભવિષ્યમાં એ દોષ ન થાય તે માટે પ્રાયશ્ચિતરૂપે 'મારું દુષ્કૃત્ય મિથ્યા થાવ', એમ ઉચ્ચારણ કરીને પ્રત્યાખ્યાન કરવાનો છે.

## પ્રતિક્રમણના પ્રકાર

અપરાધો કે દોષોની અલગ અલગ પાંચ શ્રેણીઓ હોવાથી પ્રતિક્રમણ પણ પાંચ પ્રકારનાં હોય છે: (૧) મિથ્યાત્વનું પ્રતિક્રમણ,

(૨) અવિરતિ કે અવ્રતનું પ્રતિક્રમણ, (૩) પ્રમાદનું પ્રતિક્રમણ, (૪) કષાયનું પ્રતિક્રમણ, અને (૫) અશુભ યોગનું પ્રતિક્રમણ.

આનો અર્થ એ કે દિવસે કે રાત્રે પોતાનો આત્મા પ્રમાદને કારણે મિથ્યાત્વ વગેરેમાં ડૂબી ગયો હોય, તો તેને પ્રબળ વિચારો દ્વારા પાછો યથાસ્થાને લઈ આવવો, ખોટું કામ થયું હોય તો તેને ત્યાગવાનો સંકલ્પ કરવો, ઉપરના દોષો માટે અંતઃકરણથી પસ્તાવો કરવો, વાણીથી પણ તેને ખોટું કાર્ય કહીને ધિક્કારવું એ જ આ પાંચ પ્રતિક્રમણોની ભાવના છે.

કાળના ભેદથી પ્રતિક્રમણના ત્રણ પ્રકાર છે : (૧) ભૂતકાળના દોષોની આલોચના કરવી, (૨) વર્તમાનકાળમાં લાગનારા દોષોથી 'સંવર'થી બચવું, (૩) ભવિષ્યમાં થઈ શકે તેવા દોષોને પ્રત્યાખ્યાન દ્વારા અટકાવવા.

સાધુવર્ગ પોતાની દિવસભરની ચર્યામાં ભિક્ષા માટે, સ્વાધ્યાય (વ્યાખ્યાનાદિ) માટે, શૌચાદિ માટે, એક ગામથી બીજે ગામ વિચરણ માટે અથવા બીજા કોઈ કાર્ય માટે ગમન-આગમન કરે છે, તે વખતે ઉપયોગ અને યતના (સાવધાની)માં કોઈ ક્ષતિ થઈ હોય, પ્રમાદને કારણે હિંસા વગેરે દોષ લાગ્યા હોય, તો તેનું પ્રતિક્રમણ કરવું તેમના માટે જરૂરી હોય છે. તે દૈવસિક કે રાત્રિના આવશ્યક સમયે નહીં, પણ એ જ વખતે કરવાનું હોય છે, આ પ્રતિક્રમણને ઐર્યા-પથિક (ઇરિયાવહી) પ્રતિક્રમણ કહેવાય છે.

ભિક્ષાચરી, વિહાર, શૌચાદિ માટે આવનજાવન કરવી સાધુવર્ગ માટે અપરિહાર્ય છે અને શાસ્ત્રીય આજ્ઞાને અનુકૂળ છે, પરંતુ એ કાર્ય માટે જતાં-આવતાં રસ્તામાં ઉપયોગ ન રાખતાં, યતના (સાવધાની) ન રાખવાથી તથા બેદરકારી વગેરેને લીધે ઐર્યાપથિક પ્રતિક્રમણ કરવામાં આવે છે.

આનો અર્થ જ એ કે સાધુવર્ગની પ્રત્યેક ક્રિયા વિવેકપૂર્વક, સાવધાનીપૂર્વક અને ઉદ્દેશપૂર્વક થવી જોઈએ. તેનાથી વિપરિત ક્રિયા

થઈ હોય તો પ્રાયશ્ચિત્ત કરીને પોતાનું જીવન નિરંતર શુદ્ધ રાખવું જોઈએ. પોતાના જીવનની ચાદર પર એક પણ દોષ કે અશુદ્ધિનો ડાઘ રહેવા દેવાનો નથી. ઐર્યાપથિક પ્રતિક્રમણથી કઈ રીતે દોષોની શુદ્ધિ થાય છે, તે વિશે એક શાસ્ત્રીય ઉદાહરણ જોઈએ.

## આંતરમંથન અતિમુક્તક મુનિનું

અતિમુક્તક મુનિ હજી ખૂબ નાના હતા. તેઓ ઇન્દ્રભૂતિ ગૌતમ-સ્વામી પાસે દીક્ષિત થયા હતા. એમ કહેવાય છે કે દીક્ષા સમયે તેમની ઉંમર આઠ વર્ષની હતી. વર્તમાનયુગમાં આટલી નાની વયમાં બાળક–બાલિકાઓને દીક્ષિત કરવા તે શાસ્ત્રાજ્ઞાની વિરુદ્ધ છે અને યુગથી પ્રતિકૂળ પણ છે. અસ્તુ !

અતિમુક્તક મુનિ એકવાર શૌચાદિ માટે અન્ય સ્થવિર મુનિઓ સાથે સ્થંડિલભૂમિ (જંગલ)માં ગયા. તેઓ બીજા મુનિઓની પહેલાં ઝડપથી શૌચાદિથી નિવૃત્ત થઈને બીજા મુનિઓની રાહ જોવા લાગ્યા. વરસાદને લીધે એક તલાવડીમાં પાણી ભરાઈ ગયું હતું. બાલચાપલ્યને લીધે પાણી જોઈને મુનિનું મન ચંચલ થયું અને તેમણે પોતાના કાષ્ઠપાત્રને પાણીમાં મૂકયું. પાત્ર તરી રહ્યું હતું.

બીજા મુનિઓ જ્યારે શૌચાદિ પતાવીને આવ્યા તો અતિમુક્તક મુનિ બોલ્યા, "જુઓ, મુનિરાજ ! મારી નાવ તરી રહી છે."

બીજા મુનિઓએ ઠપકો આપતાં કહ્યું, "હે મુનિ ! સાધુ માટે આ કલ્પનીય નથી. આવું કરવું એ સાધુમર્યાદાથી વિપરિત છે.

કેટલાક મુનિ કહેવા લાગ્યા, "ગૌતમસ્વામી તો જેને જુએ, તેને સાધુ બનાવી દે છે. આ બાળક સાધુ બિચારો સાધુ–મર્યાદામાં શું સમજે ?"

બસ, પછી શું ? સરળહૃદયી બાળસાધુના મનમાં મુનિઓની વાણી પર ખૂબ મંથન ચાલ્યું. તે પોતાના આજના દુષ્કૃત્ય વિશે ચિંતનમાં ડૂબી ગયા. એમના ચિત્તે સાક્ષી આપી કે આજે મેં જે

કંઈ કર્યું તે સાધુ-ધર્મની મર્યાદા વિરુદ્ધ હતું, અનુચિત હતું. એ વિશે વિચાર કરતાં આપોઆપ જ આલોચના, નિંદના, ગર્હણા અને પશ્ચાત્તાપ દ્વારા તેમની ભાવના એટલી હદે વિશુદ્ધ થઈ ગઈ કે બધા જ દોષો તે અગ્નિની જ્વાળામાં ભસ્મ થઈ ગયા. તેમનો વિશુદ્ધ આત્મા એ ક્ષપક (કર્મક્ષયકારિણી) શ્રેણીએ પહોંચીને કેવલજ્ઞાનને પામ્યો.

આ હતું સાચા હૃદયના પ્રતિક્રમણનું પરિણામ ! આ રીતે સાચા અંતઃકરણથી પ્રતિક્રમણ કર્યું હોય તો તે પાપનાશક પ્રાયશ્ચિત્ત બને છે.

## જીવનના આનંદની સાધના

આજકાલ ગૃહસ્થવર્ગમાં જે રીતે પ્રતિક્રમણ થાય છે તેણે તો પ્રતિક્રમણની ભાવનાનો સત્યાનાશ વાળ્યો છે. પ્રતિક્રમણમાં 'તેનાહડે', 'તક્કર પઓગે' વગેરે ત્રીજા અણુવ્રતના અતિચાર બોલવામાં આવે છે, પરંતુ ખરેખર પોતાના હૃદયને ઢંઢોળી જોશો તો આપને ખ્યાલ આવશે કે જે અતિચારો(દોષો) વિશે બોલો છો એ જ દોષોનું આચરણ તમે જીવનમાં વારંવાર કરો છો. 'મિચ્છામિ દુક્કડ'' (મારું દુષ્કૃત્ય-અપરાધ નિષ્ફળ જાવ', તેના માટે મને પસ્તાવો થાય છે). વાણી દ્વારા ઉચ્ચારાવાની સાથે જ્યાં સુધી તેમાં હૃદયની સાચી ભાવના ભળતી નથી, પશ્ચાત્તાપ (નિંદા, ગર્હા)ના ઉત્કટ ભાવો ચિત્ત અનુભવતું નથી, ત્યાં સુધી 'મિચ્છામિ દુક્કડ'' પણ પોપટની જેમ બોલવા સમાન છે. વાસ્તવમાં જે અપરાધ માટે શુદ્ધ ભાવથી 'મિચ્છામિ દુક્કડ'' કહેવામાં આવે, એ પછી ક્યારેય એ દોષનું પુનરાવર્તન ન થવું જોઈએ. આમ થાય તો જ પ્રતિક્રમણની સાર્થકતા છે. પ્રતિક્રમણની સાધના પણ જીવન-નિર્માણનું એક આવશ્યક અંગ છે. તેને રૂઢિગત રૂપે, પ્રદર્શનના ઇરાદાથી કે દેખાદેખી કરવાથી તો સાધનાનો આનંદ પ્રાપ્ત થતો નથી. પ્રતિક્રમણની સાધના તો જીવનને રસપ્રદ અને આનંદમય બનાવનારી હોવી જોઈએ. આમ ન હોય તો તે ક્ષુલ્લક શબ્દો દ્વારા કરાયેલાં 'મિચ્છામિ દુક્કડ''ની જેમ તે કેવળ દેખાડો જ બની જાય છે.

## ક્રિયા-ભાવનું સાયુજ્ય

એક શહેરમાં કેટલાક સાધુઓ એક કુંભારના મકાનમાં તેની અનુમતિથી ઊતર્યા હતા. એ સાધુઓની સાથે એક ક્ષુલ્લક (નાનો) સાધુ પણ હતો. નાનો સાધુ થોડો સ્વચ્છંદી હતો. કુંભાર વાસણ બનાવતો તો એ નાનો સાધુ તેના ઉપર કાંકરા મારતો, જેથી વાસણમાં કાણાં પડી જતાં.

ક્ષુલ્લક સાધુનું આવું વર્તન જોઈને કુંભારે પૂછ્યું, 'આપ, આમ શાથી કરો છો?'

તે સાધુએ જવાબ આપ્યો-'મિચ્છામિ દુક્કડમ્'.

કુંભાર શ્રદ્ધાવાન હતો. તેણે વિચાર્યું કે કદાચ આ ક્ષુલ્લક સાધુ પોતાની ભૂલનો પસ્તાવો કરીને માફી માગી રહ્યો છે. હવેથી તે આવી ભૂલ નહીં કરે. પરંતુ જેવો કુંભાર જતો રહ્યો, સાધુએ ફરી કાંકરા મારવાનું શરૂ કર્યું. આ રીતે બે ત્રણ વાર તેણે 'મિચ્છામિ દુક્કડમ્' કહ્યું અને વાસણો ભાંગ્યાં.

કુંભારે જોયું કે આ, આમ નહીં માને. તેમને બરાબર પાઠ ભણાવવો પડશે.

તેણે એક કાંકરો ઉઠાવીને સાધુને કાન પર મારીને જોરથી તેનો કાન આમળ્યો.

ક્ષુલ્લકે જોરથી બૂમ પાડીને કહ્યું-'અરે! આ શું કરે છે?'

કુંભારે કહ્યું-'મિચ્છામિ દુક્કડમ્' ફરીથી કાન આમળીને ફરીથી કહ્યું, 'મિચ્છામિ દુક્કડમ્'.

ક્ષુલ્લક સમજી ગયો અને કાંકરા મારવાનું બંધ કરી દીધું.

આ રીતે પાપ કરતાં જઈએ અને 'મિચ્છામિ દુક્કડમ્' માગતાં રહીએ તેથી કંઈ પ્રાયશ્ચિત્ત થતું નથી. પરંતુ 'મિચ્છામિ દુક્કડમ્'ના ઉચ્ચારણની સાથોસાથ હૃદયના ખૂણેખૂણામાંથી એ ભાવનાનો સ્વર રણકી ઊઠે અને પસ્તાવાથી ભરેલું હૃદય ફરીથી એ ભૂલભરેલું કાર્ય

કરવા જતાં ધ્રૂજી ઊઠે, ત્યારે જ 'મિચ્છામિ દુક્કડમ્' સાર્થક થાય છે, અને તે પ્રતિક્રમણનો હેતુ સાર્થક કરે છે.

## સાચા હૃદયની ક્ષમા

આર્યા ચંદનબાળા અને સાધ્વી મૃગાવતીનું પરસ્પરનું પ્રતિક્રમણ હૃદયપૂર્વક થયેલું હતું. એક દિવસ સાધ્વી મૃગાવતી ધર્મસ્થાનમાં મોડેથી પાછાં ફર્યાં. પ્રતિક્રમણનો સમય થઈ ગયો હતો અને રાતનું આગમન થઈ ચૂક્યું હતું. ગુરુણી ચંદનબાળા સાધ્વીએ તેમને ખૂબ ઠપકો આપ્યો અને કહ્યું, 'તમારા જેવી કુળવાન કુટુંબની સાધ્વો માટે સાધુ –ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કરવું શોભારૂપ નથી.'

બસ, પછી તો ગુરુણીના આ શબ્દો મૃગાવતીજીના કાનમાં ગૂંજવા લાગ્યા. તેમનું મનોમંથન વધતું ગયું. તેઓ વિચારવા લાગ્યાં, "ઓહ ! હું કેવી બેદરકાર અને પ્રમાદી સાધ્વી છું. સાધુ જીવનમાં તો પ્રત્યેક ક્રિયાનો ઝીણવટથી ખ્યાલ રાખવાનો હોય. મારી ભૂલને કારણે જ ગુરુણીજીને મને ઠપકો આપવાનું કષ્ટ લેવું પડ્યું. મેં સાધુમર્યાદાનો ભંગ કરીને એમના હૃદયને આઘાત આપ્યો છે. હું એમનો વિશ્વાસ ગુમાવી બેઠી છું. અરેરે ! મારો આત્મા હજી પણ કેટલો ભૂલ્યો–ભટક્યો છે." આ રીતે પશ્ચાત્તાપની ત્રિવેણી (આલોચના, નિંદા, ગર્હણા)માં ડૂબકી લગાવતાં એમનાં બધાં પાપો ધોવાઈ ગયાં. આત્મા શુદ્ધ થતાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

રાત ઘણી વીતી ગઈ હતી. ચારે બાજુ ઘોર અંધકાર છવાયેલો હતો. હાથને જાણે હાથ પણ દેખાતો ન હતો. એવા અંધારામાં એક ભયંકર કાળો સાપ ચંદનબાલા સાધ્વીની શય્યા પાસેથી જવા લાગ્યો. ચંદનબાલાનો હાથ શય્યાની બહાર હતો. મૃગાવતીએ કેવળજ્ઞાનના પ્રભાવથી સાપને જતો જોઈ ચંદનબાળાનો હાથ ખસેડી લીધો. સાપ ચાલ્યો ગયો.

હાથનો સ્પર્શ થતાં જ ચંદનબાળા એકદમ ઝબકીને બેઠાં થઈ ગયાં. જોયું તો સાધ્વી મૃગાવતીજી હજી જાગતાં હતાં. એમણે

પૂછ્યું, 'મૃગાવતીજી, શું તમે હજી સુધી બેઠાં છો, સૂતાં નથી ? મારો હાથ કેમ ખસેડ્યો ?'

મૃગાવતીજીએ કહ્યું, 'ગુરુણીજી, અહીંથી સાપ ચાલ્યો જતો હતો એટલે મેં ખસેડ્યો.'

ચંદનબાળાએ આશ્ચર્યચકિત થઈને પૂછ્યું, "આટલા ઘોર અંધકારમાં તમને સાપની ખબર કેવી રીતે પડી ? શું કંઈ જ્ઞાન થયું છે ?"

મૃગાવતીજી બોલ્યાં-'જી, ગુરુણીજી, આપની કૃપાથી એવું જ જ્ઞાન થયું છે.'

ચંદનબાળાએ પૂછ્યું-"તો શું તે પ્રતિપાતી (જે જ્ઞાન આવીને ચાલ્યું જાય) થયું છે કે અપ્રતિપાતી (જે જ્ઞાન થયા પછી ક્યારેય નષ્ટ ન થાય)"

મૃગાવતીજીએ કહ્યું, "આપની કૃપાથી અપ્રતિપાતી જ થયું છે."

ચંદનબાળા બોલી ઊઠયાં, 'તો શું મેં કેવલજ્ઞાનીની આશાતના કરી ? આપને મેં કઠોર વચનો કહ્યાં ! ધિક્કાર છે મને ! મારા અવિનય માટે મને ક્ષમા કરો.'

આ રીતે પશ્ચાત્તાપ કરતાં કરતાં ચંદનબાળાને પણ કેવળજ્ઞાન થઈ ગયું.

આ હતું સાચું પ્રતિક્રમણ, જેનાથી જીવનના ખૂણેખૂણામાં જામેલો કચરો સાફ થઈ જાય. આ રીતે જે દોષ 'મિથ્યા દુષ્કૃત' કહેવાથી શુદ્ધ થઈ જાય. જેને ગુરુ સમક્ષ પ્રગટ કરવાની જરૂર ન હોય એવું પ્રાયશ્ચિત્ત પ્રતિક્રમણને યોગ્ય કહેવાય છે. ગૃહસ્થ જીવનમાં રહેવા છતાં કેટલાય ગૃહસ્થ આ પ્રકારના પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થયા છે.

### તદુભયાર્હ પ્રાયશ્ચિત્ત

જે દોષની શુદ્ધિને માટે ગુરુ સમક્ષ પ્રગટ કરીને અને આલોચના કરીને તથા તેની પહેલાં પ્રતિક્રમણ (પશ્ચાત્તાપ) કરવાની પણ જરૂર પડતી હોય એને તદુભયાર્હ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે.

## વિવેકાર્હ પ્રાયશ્ચિત્ત

જે પ્રાયશ્ચિત્તમાં કેટલાક દોષોની સાથે ગુણ વધુ હોય અથવા કોઈ અપરાધમાં ગુણોની માત્રા અધિક હોય, ત્યાં ગુણ સિવાયના દોષ કે અપરાધને વિવેકપૂર્વક દૂર કરવામાં આવે તે વિવેકાર્હ (વિવેકને યોગ્ય) પ્રાયશ્ચિત્ત કહેવાય છે. જેમ ઘઉંમાં કેટલાક કાંકરા ભળેલા હોય તો ઘઉં વીણનારી બહેનો કાંકરાને જુદા પાડી દે છે અને ઘઉં રહેવા દે છે તે રીતે થોડાક દોષો હોય તેને અલગ પાડીને કે દોષયુક્ત વસ્તુને દૂર કરીને ગુણ કે ગુણયુક્ત વસ્તુને રહેવા દેવામાં આવે તેને વિવેક કહેવાય છે. હંસની પાસે દૂધ અને પાણીને અલગ કરવાની શક્તિ હોય છે. આ જ રીતે વિવેકાર્હ પ્રાયશ્ચિત્તમાં સાધકમાં હંસની જેમ ગુણ-દોષને જુદા તારવવાની શક્તિ હોવી જોઈએ.

આનું એક ઉદાહરણ જોઈએ. એક સાધુ ગોચરી લેવા ગયા. એ આહારમાં સાધુની અસાવધાનીને કારણે દોષ લાગ્યો. ઉપાશ્રય આવ્યા પછી તેનો ખ્યાલ આવ્યો તેથી તેણે વિવેક કર્યો. દોષવાળો જે આહાર હતો તેને જુદો પાડયો અને નિર્દોષ આહાર લીધો. આટલો વિવેક કર્યો તે જ તે દોષનું પ્રાયશ્ચિત્ત થયું કહેવાય.

આ રીતે કોઈ ગૃહસ્થ સાધકે મેથીનો ત્યાગ કર્યો. તેની પત્નીની બેદરકારીથી મેથીના કેટલાક દાણા બીજા શાકમાં પડી ગયા. જ્યારે થાળીમાં ભોજન પીરસ્યું ત્યારે મેથીના દાણા નજરે પડયા. હવે, તે શ્રાવકે મેથીના દાણા જુદા પાડીને બીજું શાક ખાઈ લીધું. તો અહીં ત્યાગ કરેલી મેથીના દાણા વિવેકપૂર્વક જુદા પાડવા એ જ પ્રાયશ્ચિત્ત થયું ગણાય.

## વ્યુત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત

જે પ્રાયશ્ચિત્તમાં પોતાની પ્રિય વસ્તુનું મમત્વ છોડીને ઉત્સર્ગ કરવાનો હોય છે, અને તેનાથી જ લાગેલા દોષની શુદ્ધિ એનાથી થાય તેને વ્યત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

જેમ કે, કોઈ વ્યક્તિએ ચોરી કરી અથવા તો કોઈને ખૂબ નુકસાન કર્યું હોય. આવી વ્યક્તિ ગુરુ પાસે આવીને આલોચના કરે

અથવા પશ્ચાત્તાપયુક્ત પ્રતિક્રમણ કરે એટલાથી દોષશુદ્ધિ કે પેલી વ્યક્તિ(જેની વસ્તુની ચોરી કે નુકસાન થયું હોય)ના મનનું સમાધાન નહીં થાય. આથી તેની શુદ્ધિ કે પેલી વ્યક્તિના મનનું સમાધાન તેની ખોટ ભરપાઈ કરવાથી જ થશે. આનો અર્થ એ કે કોઈ વ્યક્તિની વસ્તુ કે ધનની હાનિ થઈ હોય, તેની શુદ્ધિ રૂપે તેના બદલામાં પોતાની કોઈ વસ્તુનો(જેનાથી પેલી વ્યક્તિને સંતોષ કે સમાધાન થાય) વ્યુત્સર્ગ કરવો એ જ વ્યુત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત કહેવાય.

આ પ્રકારનું પ્રાયશ્ચિત્ત કરવાની બીજી રીત પણ છે અને તે ઘણી યોગ્ય પણ છે. જે વસ્તુના સંબંધમાં દોષ થયો હોય તેનો જીવનભર સર્વથા ત્યાગ કરવો અથવા છોડી દેવી તેને વ્યુત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

કોઈ વ્યક્તિએ ભાંગ પીધી હોય. પાછળથી તેને પસ્તાવો થાય તો એના માટે પ્રાયશ્ચિત્ત એ આપવામાં આવ્યું કે આજ પછી ક્યારેય ભાંગ નહીં પીવાની. ભાંગ પીવાનો સદાને માટે ત્યાગ કરવો તે જ તેના માટે વ્યુત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત થયું કહેવાય.

કેટલાક ટીકાકાર આને કાયોત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત પણ કહે છે અને તેનો અર્થ એમ કરે છે કે જે દોષ ફક્ત કાયોત્સર્ગ કરવા માત્રથી જ દૂર થઈ જાય, તે કાયોત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત છે. કેટલાય એવા દોષો હોય કે જેનું આલોચના પ્રતિક્રમણાદિમાં નિવારણ કરવું રહી ગયું હોય, તે સ્થૂળ કે સૂક્ષ્મ દોષોના નિવારણ માટે કાયોત્સર્ગ કરવામાં આવે, એવું પ્રાયશ્ચિત્ત કાયોત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત છે.

જે કામ, ચેષ્ટા વગેરેનો નિષેધ છે, તેનો નિરોધ કરીને ધ્યેય-વસ્તુ કે શુભ યોગમાં તેને લીન કરવાથી આત્મા શુદ્ધ થઈ જાય છે તે વ્યુત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત છે.

## તપસ્યાર્હ પ્રાયશ્ચિત્ત

જે દોષની શુદ્ધિ કોઈ બાહ્ય કે આભ્યન્તર તપથી થાય તે તપસ્યાર્હ પ્રાયશ્ચિત્ત છે. જેમ કોઈ કોઈનું અપમાન કરે કે અપશબ્દો

કહે, તે અપરાધી વ્યક્તિની શુદ્ધિ કાં તો અપમાનિત કે ગાળ–પીડિત વ્યક્તિનો વિનય(તપ) કરીને ક્ષમાયાચના દ્વારા થાય અથવા તો તે માટે ઉપવાસાદિ તપ કરવાથી થાય.

જે વ્યક્તિએ કોઈ વ્યક્તિને પાળી પોષીને મોટી કરી હોય અને અને પછી મોટી થયા બાદ તે વ્યક્તિ પેલા પિતાતુલ્ય પુરુષની ઉપેક્ષા કરતી હોય કે તેને હેરાન કરતી હોય તો તે અપરાધની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્તરૂપે વૈયાવૃત્ય તપ કે વ્યુત્સર્ગ તપ કે ઉપવાસાદિ તપ કરવાનું કહેવામાં આવે છે.

## છેદાર્હ પ્રાયશ્ચિત્ત

તપથી પણ દૂર ન થાય તેવા મોટા દોષ સમયે સાધુના દીક્ષા-પર્યાયનો છેદ કરવામાં આવે છે; જેમ કે, કોઈ સાધુ દસ વર્ષથી દીક્ષિત હોય, તેનાથી કોઈ મોટો અપરાધ થઈ જવાથી તેની દીક્ષાની અવધિમાંથી એક મહિનાના ચાર મહિનાની કે છ મહિનાની અવધિ કે કેટલાક દિવસો કાઢી નાખવામાં આવે છે. દીક્ષા–પર્યાયની અવધિ-માંથી જેટલો સમય કાપવામાં આવે છે તેટલો જ તે સાધુ દીક્ષામાં નાનો માનવામાં આવે છે. જો તેના પછી કોઈ સાધુ દીક્ષિત થાય તો તે સાધુને છેદ–પ્રાયશ્ચિત્ત મળ્યા પછી દીક્ષિત સાધુ તેના પૂર્વદીક્ષિત સાધુને વંદના કરે છે.

જેવી રીતે પાનના ટોપલામાં કોઈ પાન સડેલાં હોય તો પાન-વાળો એને કાતરથી કાપીને ફેંકી દે છે, તે જ રીતે છેદાર્હ પ્રાયશ્ચિત્તમાં દીક્ષાની અવધિ કાપી નાખવામાં આવે છે. જેમ કોઈ રોગીનો પગ અડધો કે આખો સડેલો હોય અને તેનાથી તેના આખા શરીરમાં ઝેર ફેલાઈ જવાનો ભય હોય તો ઑપરેશન કરનાર ડૉકટર પગનો તે ભાગ અથવા તો આખો પગ કાપી નાખે છે, આ રીતે મોટો અપરાધ કરનાર સાધુનો દીક્ષાછેદ કરવામાં આવે છે. ગૃહસ્થ સમાજમાં ઘોર અપરાધથી દૂષિત વ્યક્તિની પ્રતિષ્ઠા પર આઘાત કરવામાં આવે છે. તેને અમુક સમય સુધી એવા સ્થાને જવાનો દંડ કરવામાં આવે છે

કે જ્યાં તેને જરૂરી સુવિધા ન મળે, માનવસંપર્ક ન હોય અથવા તો અમુક સમયમર્યાદા માટે કારાવાસ કે નજરબંધ રાખવામાં આવે છે અને મહાદોષી વ્યક્તિને આ પ્રાયશ્ચિત્ત સ્વીકારવું પડે છે.

## મૂલાર્હ પ્રાયશ્ચિત્ત

દોષ જ્યાં સુધી અતિક્રમ, વ્યતિક્રમ કે અતિચાર સુધીની કોટિનો હોય છે ત્યાં સુધી તેની શુદ્ધિ પૂર્વોક્ત સાતેયમાંથી કોઈ એક પ્રાયશ્ચિત્તથી થઈ શકે છે, પરંતુ જ્યારે દોષ અતિચારની સીમાથી આગળ વધીને અનાચારની કોટિમાં આવે છે, ત્યારે તેના માટે નવેસરથી વ્રતસ્થાપના કરવાની (એટલે કે મહાવ્રત કે અણુવ્રત આપવાની જરૂર) રહે છે. મૂળ ગુણોમાં અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારથી ચરિત્રમાં મલિનતા આવે તો તેની શુદ્ધિ આલોચના, પ્રતિક્રમણ આદિથી થાય છે, પરંતુ અનાચારની કોટિના દોષથી મૂળગુણનો સર્વથા ભંગ થાય છે. તેને ફરી નવેસરથી ગ્રહણ કરવા પડે છે. ઉત્તરગુણમાં ચારેય અતિક્રમાદિથી ચરિત્ર દૂષિત થાય છે, પણ સંપૂર્ણ વ્રતભંગ નથી થતો.

મૂલાર્હ પ્રાયશ્ચિત્તમાં સામાન્ય રીતે પાંચે મહાવ્રત (ગૃહસ્થ માટે પાંચ અણુવ્રત) અને ખાસ કરીને ચોથું મહાવ્રત (ગૃહસ્થ માટે ચોથું અણુવ્રત)બ્રહ્મચર્યનો ભંગ થયો હોય ત્યારે લેવું પડે. અન્ય મહાવ્રતોમાં કદાચ કોઈ દોષ લાગી જાય તો તે ક્ષમ્ય છે, પણ બ્રહ્મચર્ય મહાવ્રત(અથવા અણુવ્રતમાં)માં જો કોઈ દોષ લાગી જાય તો તે અક્ષમ્ય દોષ કહેવાય છે. એનું પ્રાયશ્ચિત્ત નવેસરથી દીક્ષા એ જ છે. ગૃહસ્થને માટે નવેસરથી વ્રત ગ્રહણ કરવું એ જ છે, કારણ કે ચોથા મહાવ્રતના ભંગથી પાંચેય મહાવ્રતનો ભંગ થઈ જાય છે.

## અનવસ્થાપ્યાર્હ પ્રાયશ્ચિત્ત

કોઈ સાધુએ કોઈ ભયંકર પાપ કર્યું હોય તો એને દીક્ષાથી દૂર કરીને વિશેષ તપ કર્યા પછી જ એ જ દીક્ષા ફરી આપવામાં આવે છે. એના માટે નક્કી કરવામાં આવેલું તપ ન કરે તો તેને ફરીથી સાધુ દીક્ષા આપવામાં આવતી નથી. તપ પછી બીજી વાર

દીક્ષા લીધા પછી જ જે મહાદોષની શુદ્ધિ થાય છે તે અનાવસ્થાપ્યાર્હ પ્રાયશ્ચિત્ત કહેવાય છે. ગૃહસ્થ શ્રાવક વર્ગને માટે પણ આમ જ સમજવું જોઈએ.

## પારાંચિકાર્હ પ્રાયચ્ચિત્ત

આ રીતના મહાભયંકર દોષની શુદ્ધિને માટે સંઘમાંથી બહિષ્કૃત કરવામાં આવે છે અને બાર વર્ષ સુધી એ મહાદોષી સાધુને જિનકલ્પી મુનિની જેમ કઠોર તપશ્ચર્યા કરવી પડે છે. એકાંતમાં રહીને જે પ્રાયશ્ચિત્ત કરવામાં આવે છે, જેમાં કોઈને જૈનસાધુ છે તેવી ખબર પણ ન પડે એવું પ્રાયશ્ચિત્ત પારાંચિકાર્હ પ્રાયશ્ચિત્ત છે. ગૃહસ્થને માટે જેમ કાળાપાણીની સજા કે આજીવન કારાવાસ છે એ જ રીતનું આ પ્રાયશ્ચિત્ત છે.

આ રીતે પ્રાયશ્ચિત્તના દસ ભેદોનું સ્વરૂપ આપણે જોયું. આને ઊંડાણમાં સમજીને જીવનમાં અપનાવવાથી વ્યક્તિ અને સમાજની શુદ્ધિ અને કર્મોથી મુક્તિ મળી શકશે.

સ્થાન : જૈનભવન, બીકાનેર.
૫ ઑગસ્ટ, ૧૯૪૮.

## ચાર

# ધર્મનું મૂળ છે વિનય

આભ્યન્તર તપનો બીજો પ્રકાર છે વિનય. વિનય જીવનરૂપી સુવર્ણને ચોંટેલા અભિમાન, કઠોરતા મદ, દર્પ, અહંકાર, અશ્રદ્ધા, ઘૃણા વગેરે દુર્ગુણો રૂપી મલિનતાને તપાવીને દૂર કરે છે અને જીવનરૂપી સુવર્ણને શુદ્ધ અને ચમકદાર બનાવે છે કે જેના દ્વારા સદ્ગુણરૂપી કેટલાંય આભૂષણો બને છે. એ હકીકત છે કે જ્યાં સુધી સોનું નરમ ન થાય ત્યાં સુધી તેમાં નંગ જડી શકાતું નથી. સદ્ગુણોનાં નંગ જડતાં પહેલાં જીવનરૂપી સુવર્ણને નરમ બનાવવું પડશે. એક રીતે જોઈએ તો વિનય બધા જ ગુણોનું મૂળ છે. વિનયરૂપી મૂળ ન હોય તો ધર્મરૂપી વૃક્ષ વિકસશે નહીં, તે સાવ સૂકું-ઠૂંઠું બનીને રહી જશે.

જેનું હૃદય પથ્થર જેવું કઠોર હોય, તેમાં જ્ઞાન પ્રવેશી શકે નહીં. જ્ઞાનના પ્રવેશ માટે હૃદયની

ભૂમિ પર ઊગેલાં અહંકારનાં કાંટાળાં ઝાંખરાં, અભિમાનના કાંકરા અને મદના પથ્થરોને ઉખાડીને ભૂમિને ચોખ્ખી કરીને તેને નમ્ર અને સમથળ બનાવવી પડશે. આજકાલ વિદ્યાર્થીઓના મગજમાં પુસ્તકોનું જ્ઞાન ભરેલું હોય, વિશાળ કૉલેજ અને વિશાળ પુસ્તકાલય હોય, પણ તેમનામાં વાસ્તવિક જ્ઞાનની ખામી હોય છે. તેમની પાસે જ્ઞાનનું ઊંડાણ નથી. માત્ર ઉપરચોટિયું પુસ્તકિયું જ્ઞાન ઠાંસી દેવામાં આવે છે, જે તેમના અભિમાનને વધારી દે છે. આજકાલના વિદ્યાર્થીઓમાં કોઈપણ વસ્તુના મૂળ સુધી પહોંચવાનું સાહસ નથી. તેનાં કારણો શોધતાં ખ્યાલ આવશે કે વિનયની ખોટ વિદ્યાર્થીઓને જ્ઞાનની ભીતર સુધી પહોંચવા જ નથી દેતી.

'નંદી સૂત્ર'માં અક્કડ શ્રોતાને મુદ્‌ગશૈલ પથ્થરની ઉપમા આપી છે. જેવી રીતે મુદ્‌ગશૈલ પથ્થર પર ગમે તેટલો મૂશળધાર વરસાદ વરસે તો પણ બધું પાણી વહી જશે અને તેના પર એક ટીપું પાણી રહેશે નહીં. એ જ રીતે જેની હૃદયભૂમિ પર અભિમાન, મદ અને અહંકારના મુદ્‌ગશૈલીય પથ્થરો પડ્યા હોય, તેના પર જ્ઞાનની ગમે તેટલી મુશળ-ધાર વર્ષા કરવામાં આવે તો પણ તે ટકશે નહીં અને તે જ્ઞાનને ગ્રહણ કરશે નહીં.

જો મનનો ઘડો પહેલેથી જ અહંકાર, મદ અને મત્સરના પથ્થરોથી ભરેલો હશે તો તેમાં જ્ઞાનનું અમૃત ઠલવાશે તો તે ટકશે નહીં, પણ વહી જશે. વળી એ જ્ઞાન મેળવીને તેનું અભિમાન વધી જશે. 'અધૂરો ઘડો બહુ છલકાય' એ કહેવત અનુસાર તે અધકચરું જ્ઞાન તેના અહંકારને વધારવાનું નિમિત્ત બનશે.

કૂવામાં ઘડો નાખ્યા પછી જો તે આડો પડે નહીં તો તેમાં પાણી ભરાશે નહીં. ઘડો પોતે પાણીમાં છે. એની ચારે બાજુ પાણી જ પાણી છે, પરંતુ તોય ઘડો ખાલી રહે છે કારણ કે તે નીચે ઝૂક્યો નથી. જીવનરૂપી ઘડાને પણ જ્ઞાનથી ભરવો હોય તો તેને નમાવવો પડશે. જો નમવાનું નહીં જાણો તો ગમે તેવા જ્ઞાનના મહાસમુદ્ર

સમાન સંત કે ઋષિમુનિ પાસે જાઓ અથવા તો વિદ્યાના ભંડાર એવા દાર્શનિક, પ્રોફેસર કે વિશેષજ્ઞ પાસે જાઓ, તમે તો કોરા ધાકોર જ રહેશો.

વિનમ્રતાનો અભાવ હોય તો કોઈ પણ જ્ઞાનસાગર કે વિદ્યાભંડાર વ્યક્તિ તમારી આગળ દિલ ખોલશે નહીં, કારણ કે વિદ્યાર્થી કે શિષ્યની ગેરશિસ્ત કે ઉદ્ધતાઈ તેમના મનને ખિન્ન કરી દેશે અને એ ખિન્નતા હૃદયના ખૂલતા દ્વારાને ફરીથી બંધ કરી દેશે.

જીવનના ઘડાને જ્ઞાનના અમૃતથી ભરવા માટે સૌપ્રથમ અહમ્‌ના વિષને દૂર કરવું પડશે, નહીં તો જ્ઞાનને તે વિષમય બનાવી દેશે. ઝેરનું એક ટીપું કેટલાય મણ દૂધને વિષયુક્ત કરી મૂકે છે, તો જ્યાં આખો જીવનઘટ જ અધિકાંશ અહંકારના ઝેરથી ભરેલો હોય ત્યાં જ્ઞાનના થોડાં ટીપાં પણ વિષમય બની જાય, તેમાં વળી શું નવાઈ?

જીવનના નિર્માણ માટે અને જીવનને અનેક ગુણોથી સુશોભિત કરવા માટે, વિનયગુણની તપ રૂપે અનિવાર્ય આવશ્યકતા છે. તપ-સાધના રૂપે જ્યારે જીવનમાં વિનય આવે છે ત્યારે તે શ્રદ્ધા, નમ્રતા અનુશાસન, નિરહંકારીપણું, નિરાભિમાન, ક્ષમા, કરુણા વગેરે અનેક ગુણોને સાથે લઈને આવે છે, આથી જ જીવનના મર્મજ્ઞ ભગવાન મહાવીરે વિનયને ખૂબ મહત્ત્વ આપ્યું છે.

"ઉત્તરાધ્યયન સૂત્ર"ના નામથી પ્રચલિત પાવાપુરીના એમના અંતિમ પ્રવચનોમાં તેમણે સૌપ્રથમ 'વિનયધર્મ' પર પ્રવચન આપ્યું હતું. તે ઉપરાંત 'દશવૈકાલિક સૂત્ર'માં નવમો અધ્યાય પણ વિનય-સમાધિની ભાવનાથી ભરેલો છે. 'પ્રશ્નવ્યાકરણ સૂત્ર'માં વિનયને આચારનું રૂપ આપવામાં આવ્યું છે. તપશ્ચર્યાના પ્રકારોમાં અભ્યાન્તર તપમાં વિનયને ગણાવ્યો છે, જો કે આ ત્રણેમાં વિનયના વિવેચનનો દૃષ્ટિકોણ ભિન્ન ભિન્ન છે, છતાંય આ ત્રણેયનો હેતુ એક જ છે અને તે છે જીવનશુદ્ધિ અને તે દ્વારા જીવનનું સર્વાંગી નિર્માણ. વિનય મનના અહંકારને પિગળાવનારો અને જીવન-શુદ્ધિનો સર્જક હોવાથી

એ તપ છે અને જીવનના અન્ય દુર્ગુણોને આયાસપૂર્વક ઉખાડી નાખીને, જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રત્યે શ્રદ્ધા રાખીને તેમને જીવનમાં સ્થાપતો હોવાથી વિનય ગુણ પણ છે. વળી, જ્ઞાનપ્રાપ્તિને માટે જ્ઞાની અને ચારિત્ર્યશીલનું અથવા ચારિત્ર્યમાં સહાયક થનારાં પ્રબળ નિમિત્તોનું બહુમાન કરવામાં, આશાતના ન કરવામાં, ભક્તિ અને ગુણગ્રાહકતાના રૂપમાં ચરિતાર્થ થવાથી વિનય આચરણરૂપ પણ બને છે. સમાજનું ધારણ–પોષણ કરનારો હોવાથી અને સમાજની વ્યવસ્થા અને અનુશાસનને સુંદર રીતે ટકાવનારો હોવાથી વિનય એ ધર્મ પણ છે. લોકસંગ્રહ કરવાવાળો અને પ્રાણીઓમાં પરસ્પર સદ્ભાવના જગાડીને સદ્વ્યવહાર જગાડનારો હોવાથી અને જીવનમાં દુર્વ્યસન, ખોટી આદતો, ખરાબ સ્વભાવને શુદ્ધ કરીને નીતિ તરફ પ્રેરનારો હોવાથી વિનય જીવનને સંસ્કારી બનાવનારી એક વિશિષ્ટ નીતિ પણ છે. વિનયનાં આ બધાં રૂપો કર્મોની નિર્જરા દ્વારા આત્માને શુદ્ધ બનાવીને મુક્તિ અપાવે છે. આથી બધાંનું ઉદ્દેશ્ય સમાન છે.

આ જ કારણે જૈનધર્મમાં વિનયને ધર્મનું મૂળ માનવામાં આવે છે. એને ગુણોનો સંગ્રાહક અને મોક્ષનો દરવાજો કહ્યો છે. આથી કહ્યું છે :

'मूलं धम्मस्स विणओ'

'વિનય ધર્મનું મૂળ છે.'

ચંદ્રગુપ્તના વૃદ્ધ મહામંત્રી ચાણક્યે પોતાના નીતિસૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે :

'इन्द्रियजयस्य मूलं विनयः'

'ઇન્દ્રિય પર વિજય મેળવવા પાછળનું મૂળ કારણ વિનય છે.' વિનયથી માત્ર ઇન્દ્રિયો જ નહીં, બલ્કે આખી સૃષ્ટિ મનુષ્યના વશમાં આવી જાય છે. તમે કોઈની સામે થોડાક નમશો, તો તે વ્યક્તિ તમારી સામે વધુ નમશે. એક શાસક જો પ્રજા તરફ ઉદ્ધતાઈ દાખવશે અથવા તો અહંકારમાં ડૂબી જઈને પ્રજાનો

તિરસ્કાર કરશે, તો તે રાજા કદી પણ રાજ્ય કરવામાં સફળ નહીં થાય. જો રાજા વિનયી હશે તો પ્રજા તેના માટે પ્રાણ પાથરશે.

ભગવાન મહાવીરે જ નહીં, ભગવાન બુદ્ધે પણ વિનયને પોતાના સંઘમાં અનિવાર્ય અંગના રૂપે દર્શાવ્યો છે અને વિનય વિશેનાં તેમનાં પ્રવચનો 'વિનય-પિટક'ના નામે સંગ્રહિત થયાં છે.

વિનયના બળ પર જ ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, ભગવાન રામ, શ્રીકૃષ્ણ, ઈશુખ્રિસ્ત કે હજરત મહંમદ જગતના ચોકમાં ઊભા રહી શક્યા અને દુનિયાના રૂઢિગત પ્રવાહોની સામે લડવાની શક્તિ તેઓએ વિનયમાંથી જ મેળવી હતી. વિનય વિના એકલા ટકી શકવું અસંભવ છે. રોગશૈયા પર સૂતેલા ચીનના સંત ચાંગચુઆંગને લાઓત્સેએ પૂછ્યું, 'રે મહાત્મા! તમે તમારા શિષ્યને કોઈ સંદેશ આપવા માગો છો?'

એમણે મોઢું ખોલતાં પૂછ્યું, 'મારા મોઢામાં દાંત છે?'

'નથી તો.'

'અને જીભ?'

'એ તો છે.'

'એવું કેમ છે, કારણ બતાવી શકશો?'

'મારો ખ્યાલ છે કે નરમ હોવાને લીધે જીભ ટકી રહી છે અને અક્કડ હોવાને લીધે દાંત પડી ગયા છે.'

ચાંગે કહ્યું, 'હા, બરાબર કહો છો. જગત વિનયના જ સિદ્ધાંત પર ટક્યું છે. બસ, હવે મારે વધુ કંઈ જ કહેવું નથી.'

આ છે વિનય દ્વારા ચિરસ્થાયિત્વનું વરદાન.

એકવાર મહાત્મા હુસેન બસરાઈએ પોતાના શિષ્યોને ઉપદેશ આપતાં કહ્યું, 'શિષ્યો! મેં મારા જીવનમાં ત્રણ વખત શરમથી માથું ઝુકાવ્યું છે.'

શિષ્યોએ પૂછ્યું, 'ગુરુદેવ! ક્યાં ક્યાં?'

હુસેને કહ્યું, 'એકવાર દારૂડિયા પાસે, એકવાર બાળકની પાસે અને એક વાર સ્ત્રી સમક્ષ.'

શિષ્યોની ઉત્સુકતા વધી ગઈ. એમણે વધુ ભણવાની જિજ્ઞાસા પ્રગટ કરી એટલે હુસેન બસરાઈએ કહ્યું, "એક વાર સાંજના સમયે એક શરાબી નશામાં ચકચૂર થઈને ચાલ્યો જતો હતો. સામે કીચડથી ભરેલો એક ખાડો હતો. દારૂડિયો લથડતો લથડતો એ ખાડા તરફ જઈ રહ્યો હતો. મેં વિચાર્યું કે આ હમણાં ખાડામાં પડી જશે. એટલે કહ્યું, 'જરા સંભાળો? હમણાં ખાડામાં પડી જશો.'

દારૂડિયાએ લથડતા અવાજે કહ્યું, 'સાંઈ, હું તો ખાડામાં પડું કે ન પડું, પણ તમે જો એકવાર પણ પડયા, તો બેઠા થવામાં આખો જન્મારો વીતી જશે.'

તેની વાત સાંભળીને મારું માથું નમી ગયું.

એકવાર હું જે રસ્તે જઈ રહ્યો હતો, તે રસ્તા પર સામેથી એક બાળક હાથમાં દીવો લઈને આવી રહ્યું હતું. મેં તેને પૂછ્યું, 'બેટા, આવે વખતે આ દીવો તું કયાંથી લાવ્યો?' એટલામાં પવનનો એક ઝપાટો આવ્યો અને દીવો ઓલવાઈ ગયો.

ચાલાક બાળકે કહ્યું, 'બાબા! પહેલાં આપ કહો કે તે દીવો કયાં ગયો? પછી હું કહીશ કે દીવો હું કયાંથી લાવ્યો.' બાળકની વાત સાંભળીને હું નિરુત્તર બની ગયો.

એકવાર હું ખુદાની બંદગી કરી રહ્યો હતો અને એક સ્ત્રી દોડતી આવી. એનો પતિ એની સાથે ઝઘડો કરીને કયાંક ભાગી ગયો હતો. તે હાંફળી-ફાંફળી થઈને પતિને શોધતી હતી.

તેણે મને પૂછ્યું, 'બાબા, મારા પતિને તમે અહીંથી જતાં જોયો?' તે સ્ત્રીનાં કપડાં અસ્તવ્યસ્ત હતાં અને માથું ખુલ્લું હતું. મેં શરમના માર્યા માથું ઝુકાવીને કહ્યું, 'પહેલાં તારાં કપડાં તો સરખાં કર. પછી મને પૂછજે.'

આટલું સાંભળતાં જ તે ગુસ્સે થઈને બોલી, 'અરે સાંઈ! મને મારા પતિને શોધવામાં કપડાં તો શું, શરીરનું ભાન પણ નથી રહ્યું, પરંતુ તમે તો ખુદાની બંદગી કરતાં-કરતાં મારાં કપડાં તરફ ધ્યાન આપો છો!' આ સાંભળીને મારું માથું શરમથી ઝૂકી ગયું. બસ, આ ત્રણેએ મને સ્વધર્મનું ભાન કરાવ્યું હતું."

આ છે જગત પ્રત્યે વિનયનો આચાર! સંસારની પાઠશાળામાં વિનયી બનીને તો ઘણું બધું શીખી શકાય છે. બધા જ મહાપુરુષો આ રીતે વિનયી થઈને જગત પાસેથી અસાધારણ જ્ઞાન મેળવી શક્યા છે. આ કારણે ભગવાન મહાવીરે સાધુને દરેક જગ્યાએ વિનયી બનીને રહેવાનું કહ્યું છે. આથી એ સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ પાસેથી ઘણું જ્ઞાન મેળવી શકે અને એમના જીવનને સુધારી શકે. બધા મહાપુરુષ પરમ વિનયી હોવાને લીધે જ જગતની સેવા અને સુધારણા કરી શક્યા. આ કારણે જ 'જ્ઞાતા-ધર્મકથા સૂત્ર'માં તીર્થંકરત્વ પ્રાપ્ત કરવાનાં વીસ કારણો બતાવ્યાં છે, તેમાં 'વિનય'ને એક મહત્ત્વનું કારણ દર્શાવ્યો છે. કારણ એટલું જ કે તીર્થંકર થવા માટે લોકસંગ્રાહક બનવું ખૂબ જરૂરી છે. લોકોને વિશ્વાસમાં લીધા સિવાય કે તેમની વાત નમ્રતાપૂર્વક સાંભળ્યા વિના અને તેમની સાચી વાતોમાંથી ઉપરોક્ત રીતે પ્રેરણા કે અનુભવ ગ્રહણ કર્યા વિના લોકસંગ્રાહક બનવું મુશ્કેલ છે, અને એ જ કારણે વિનય લોકસંગ્રહતાનો આવશ્યક ગુણ હોવાથી તીર્થંકરત્વનું અન્યતમ કારણ માનવામાં આવે છે. જો તીર્થંકર કે અન્ય મહાપુરુષોએ જાતિ, કુળ, બળ, રૂપ, તપ, જ્ઞાન, વૈભવ કે ઐશ્વર્યનું અભિમાન રાખ્યું હોત તો દુનિયા ક્યારેય તેમની બની શકી ન હોત. આ જ કારણે વિનમ્રભાવે ભગવાન મહાવીર અને બુદ્ધે શુદ્ર ગણાતા હજારો લોકોને, સ્ત્રીઓને, વૈશ્યોને, ક્ષત્રિયોને (બ્રાહ્મણોના એકાધિકાર પર આઘાત કરીને) પોતાના સંઘમાં શ્રાવક-શ્રાવિકાના રૂપે જ નહીં, બલ્કે સાધુ-સાધ્વીના રૂપમાં પણ સ્થાન આપ્યું અને તેમને ઉચ્ચ સંસ્કારી બનાવ્યાં. આથી જ એક મહાન આચાર્યે કહ્યું :

"विणओ जिणसासणमूलं, विणओ निव्वाणसाहओ ।
विणयाओ विप्पमुक्कस्स कओ धम्मो कओ तवो ?"

"જિનશાસનનું મૂળ જ વિનય છે. વિનય નિર્વાણસાધક છે. વિનય વગર કયો ધર્મ કે કયું તપ ટકી શકે?"

મહાત્મા ગાંધીએ વિનયી થઈને જ પછાત જાતિઓ અને હરિજનોને અપનાવ્યા અને તેમને સંસ્કારી બનાવીને ઉચ્ચ બનાવ્યા. શું વિનયનો આ ચમત્કાર ઓછો છે!

પરંતુ અનંતકાળથી આત્મા પર અહંકાર અને મદના કુસંસ્કારનું આવરણ લાગેલું હોવાથી મનુષ્ય 'વિનય'ને તરત અપનાવી શકતો નથી. અહમ્‌-બુદ્ધિ તેને સર્વપ્રિય બનતાં અટકાવે છે. તે અહમ્‌ના સંકુચિત વર્તુળમાં ફસાઈને પોતાના માનીતા લોકોને જ પોતાના માને છે. એના સિવાય જગતમાં જેટલા પણ ગુણવાન, શ્રદ્ધાળુ અને જિજ્ઞાસુ છે તેમને પોતીકા માનવાનો ઇન્કાર કરે છે. આથી વૈષ્ણવ આચાર્ય રામાનુજ પોતાના જાતિ-અભિમાનનું નિવારણ કરવા માટે કાવેરી નદીમાં સ્નાન કરવા જતા ત્યારે બ્રાહ્મણના ખભા પર અને પાછા ફરતા ત્યારે શુદ્રના ખભા પર હાથ રાખીને ચાલતા હતા. જગદ્‌ગુરુ આદ્ય શંકરાચાર્યે બ્રહ્મની સર્વવ્યાપકતાનો બોધ નમ્ર બનીને એક ચાંડાલ પાસેથી મેળવ્યો હતો. આથી પૂ. વિજયાનંદસૂરિજી મહારાજે તીર્થંકરત્વનાં વીસ સ્થાનકોની પૂજામાં એની દુર્લભતાનું વર્ણન કરતાં કહ્યું:

"सखी री! मैं तो विनय पिछानी री!
अनन्ते काल से, मैं तो विनय० ॥"

"હે સખી! મેં અનંતકાળ પછી વિનયધર્મ ઓળખ્યો છે."

આત્માની બહેનપણી સુબુદ્ધિ છે. તેના સહવાસથી આત્મા અનંતકાળના ક્ષુદ્ર અહમ્‌ના મલિન આવરણને હટાવીને વિનયનાં દર્શન કરે છે, પરિણામે વ્યાપક દૃષ્ટિ અને વિશ્વવ્યાપક ક્ષેત્ર અપનાવે છે. આમ થાય નહીં તો, અનંતકાળ સુધી પોતાના પરિવાર, જ્ઞાતિ, કુળ, ગામ, નગર, પ્રાંત, રાષ્ટ્ર કે અમુક ધર્મસંપ્રદાયના ક્ષુદ્ર બંધનમાં બંધાઈને તેને જ પોતાના માનીને ચાલે.

વિનમનો અર્થ ફક્ત શરીરને નમાવવું, એટલો જ નથી. આ હાડકાંનો માળો તો કેટલીય વાર ઝૂક્યો છે અને ઝૂકે છે. પોતાના સ્વાર્થને લીધે, ભયને લીધે અને દીનતાને કારણે મનુષ્ય સેંકડો વખત ઝૂકતો હોય છે. પણ આવી રીતે ઝૂકવાનો કશો અર્થ નથી. કસરત કરતી વખતે શરીરને ઝુકાવવામાં વિનય થતો નથી. એક કલાક સુધી કસરત કરીને શરીરને નમાવનારો યુવક પોતાના પિતાનું, ગુરુજનોનું અને ગુણવાનોનું સન્માન નથી કરતો. તેમને જોઈને ઝૂકવું તો એક બાજુ રહ્યું પણ પોતાની ખુરશીમાંથી પણ ઊભો થતો નથી. આથી શરીરની સાથે જ્યાં સુધી હૃદય, મન, બુદ્ધિ, વાણી અને આત્મા ઝૂકી જાય નહીં, ત્યાં સુધી સાચા અર્થમાં વિનય નથી હોતો. એ માત્ર બાહ્યાડંબર કે ઔપચારિક શિષ્ટાચાર જ બની રહે છે.

આથી મનને ઝુકાવવા માટેની મુખ્ય શરત છે કે અભિમાન અને મદ દૂર થવા જોઈએ. ક્રોધ, માન, માયા અને લોભના પ્રસંગોમાં પણ મનને શાંત રાખવું. ક્રોધ વગેરેનો પ્રસંગ જાગતાં જ જે વ્યક્તિ કે વસ્તુ તરફ ક્રોધ વગેરે થાય ત્યારે તેના સદ્‌ગુણોનો વિચાર કરવો, સદ્‌ભાવ રાખવો અને સારી બાજુ અપનાવવી. વાણીને ઝુકાવવાની શરત છે વાણીમાં નમ્રતા અને મધુરતા. કડવી વાતનો મીઠો જવાબ દેવો અને ગુણવાનની પ્રશંસા કરવી. કડવી વાતનો કડવો જવાબ તો પશુ પાસેથી પણ મળશે. જો તમે આવેશમાં આવીને પ્રાણીનો તિરસ્કાર કરશો, તો તે પણ ગુસ્સામાં આવી જશે; પોતપોતાની વાણીમાં ભસીને, ત્રાડ નાખીને, ગર્જના કરીને કે ડચકારા બોલાવીને જવાબ આપે છે. આથી ગાળ, અપશબ્દ અથવા તો કટુવચનનો ઉત્તર એ જ રીતે આપવામાં આવે તો માનવી પશુથી સહેજે આગળ જતો નથી. બલ્કે માનવતાને પણ લજ્જિત કરે છે.

વાદળ શું કરે છે? તે સમુદ્રે બનાવેલા ખારા પાણીને આકાશમાં ખેંચીને ફરી મીઠું બનાવે છે. એ જ રીતે વિનયી મનુષ્યે પણ કઠોર, કર્ણકટુ વચનને હૃદયની મીઠાશથી ધોઈને મધુર બનાવીને સામી વ્યક્તિને પાછું આપવું જોઈએ. આ રીતે શરીરને ઝુકાવવાની

શરત છે—હાથ જોડવા, માથું નમાવીને વંદન-અભિવાદન કરવું, ગુણવાનોનું બહુમાન કરવું, ભક્તિ કરવી; શરીરના વિનયમાં તેમની આશાતના ન કરવી એ બાબતનો પણ સમાવેશ થાય છે. આ રીતે ચિત્તને ઝુકાવવાની શરત છે. અપરાધીને દંડ આપતી વખતે પણ કોમળ રહેવું, મોટાઈનો ઘમંડ ન કરવો, સામાન્ય વ્યક્તિ તરફ પણ ઉપેક્ષા અથવા તિરસ્કારનો ભાવ ન રાખવો. જેમ માતા પોતાના અપરાધી બાળકને જ્યારે કઠોર દંડ આપે છે ત્યારે તેનું વાત્સલ્યભર્યું મન ને હૃદય રડે છે, માના હૃદયમાં અપરાધી બાળકને શિક્ષા કરતી વખતે પણ વાત્સલ્યનું ઝરણું વહેતું હોય છે. આ જ રીતે પોતાને આધીન વ્યક્તિને દંડ દેતી વખતે ચિત્તમાં કઠોરતા ન આવવી જોઈએ. ક્યારેક કોઈ સાધકના જીવનમાં કોઈ દોષ અથવા અપરાધ થઈ જાય તો ગુરુ અથવા આચાર્ય તેને કઠોર પ્રાયશ્ચિત્ત પણ આપે છે, પરંતુ એમના હૃદયમાં અપરાધી સાધક પ્રત્યે પણ માના જેવું જ હેત ઊભરાતું હોય છે. આ જ વાત વિનયી સાધકના ચિત્તમાં પણ હોવી જોઈએ. આ રીતે બુદ્ધિને ઝુકાવવાની શરત છે—કુટુંબ, જ્ઞાતિ, પરિવાર, ગામ, પ્રાંત, કોમ, ધર્મસંપ્રદાય, ભાષા, રાષ્ટ્ર વગેરેના ક્ષુદ્ર અહમ્‌ના સીમાડાને તોડી નાખવો. વિશ્વવિશાળ દૃષ્ટિ અને આત્મૌપમ્ય બુદ્ધિ જ આ ક્ષુદ્ર અહમ્‌ના નાશનું ચિહ્ન છે. સમગ્ર સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના આત્માઓ તરફ બુદ્ધિથી નમવાવાળા વિનયી સાધક તેમને પોતાના તરફ આત્મીય સમજવા લાગે છે અને તેઓ દોષો, દુર્ગુણો માટે પોતાને જ જવાબદાર માને છે અને તે દોષો કે દુર્ગુણોને દૂર કરવાનો પુરુષાર્થ કરે છે. આત્માના ઝૂકવાની શરત એ છે કે જ્યારે સમગ્ર સમાજ કે દુનિયા વિરુદ્ધ હોય ત્યારે પણ સત્યની સામે ઝૂકી જવું, એ સત્યને ન છોડવું. એ સત્ય તરફ એટલી ભક્તિ હોવી ઘટે કે પ્રાણાન્ત કષ્ટ આવી પડે તોપણ સત્યને છોડવું નહિ કે તેનાથી વિચલિત થવું નહીં. જે વ્યક્તિ ધર્મ, સત્ય કે ગુણને સર્વહિતકર અને વિશ્વનાં કલ્યાણકારી માને છે, તેને તે સ્વપ્નમાં પણ છોડવાનું વિચારે નહીં.

આ રીતે મન, વાણી, શરીર, ચિત્ત, બુદ્ધિ અને આત્મા દ્વારા

વિનયનાં લક્ષણો ઉપર બતાવવામાં આવ્યાં છે. જીવનનાં આ છ મુખ્ય સાધનમાં જ્યારે વિનય વિશેષ પ્રમાણમાં ભળે છે ત્યારે મનુષ્યમાં અન્ય ગુણોની સાથે લઘુતાનો ગુણ પણ સાહજિકપણે આવે છે. જ્યાં લઘુતા છે, ત્યાં લોકપ્રિયતા અને સરળતા છે. આથી જ કહ્યું છે :

"लघुता में प्रभुता बसे, प्रभुता से प्रभु दूर ।"

બાળસહજ નમ્રતાથી સાધક ક્રૂર, કઠોર કે ઉદ્ધત લોકોના ઘરમાં પણ પ્રવેશે તો તેને આદર-સત્કાર મળે છે અને લોકો તેની વાત સ્વીકારે છે. અભિમાની, અહંકારી કે ઘમંડી બનીને જાય છે તો તેને ક્યાંય પણ પ્રવેશ મળતો નથી. વળી, જો તે બળજબરીથી પ્રવેશ મેળવે છે તો તેનું સહીસલામત રીતે પાછા ફરવું મુશ્કેલ બને છે, કોઈ તેની વાત માનવા કે સાંભળવા તૈયાર હોતું નથી.

નમ્રતાની પ્રતિમૂર્તિ, વિનયગુણસંપન્ન સાધક અસત્યનો સામનો પણ દૃઢતાપૂર્વક કરી શકે છે, કારણકે તે સત્ય સમક્ષ નમ્ર બની જાય છે. આ રીતે તે અંધવિશ્વાસની ગર્તામાં પડેલી પ્રજાને વિનયના દોરડાંથી બહાર લાવી શકે છે. ખોટી પરંપરાને વળગી રહેનારી દુનિયાને તે દૃઢતાપૂર્વક કહી શકે છે, કારણ કે તેમાં વિનય અને નમ્રતા હોવાથી પ્રજા તેમની વાત અપૂર્વ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક સાંભળે છે.

## વિનયનાં પાંચ રૂપ

કેટલીય જગ્યાએ વિનય અને ખુશામતખોરી, વિનય અને ચાંપલાશ, વિનય અને દીનતા, વિનય અને હીનભાવના કે વિનય અને શરીરના નમવાને એક જ માની લેવામાં આવે છે, પરંતુ આ બંનેમાં રાત-દિવસ જેટલું અંતર છે. ખુશામત કે હજૂરિયાપણું ભય કે લોભવશ કરવામાં આવે છે, પણ સાચા વિનયમાં લોભ કે ભયનું નામનિશાન હોતું નથી. ભય કે લોભ-વશ કરેલો વિનય નાટક જરૂર છે, પણ વાસ્તવિક વિનય નથી. આ જ રીતે ચાંપલાશ, આજીજી, ચાટુકારિતા કે દીનતા પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે, કામ કઢાવવા માટે કે કંઈ મેળવવા માટે કરવામાં આવે છે. તેમાં પણ, અલબત્ત નમ્ર બનવાનો સ્વાંગ રચવામાં આવે છે, પરંતુ સાચી નમ્રતા નથી હોતી.

આ જ રીતે પોતાને દીન-હીન ગણવો, પોતાની શક્તિઓને નગણ્ય માનવી, પોતાના જીવનમાં ધર્મને બિલકુલ અસંભવ માની લેવો એ લઘુતાગ્રંથિ પણ વિનય નથી. તેમાં અને વિનયમાં લાખ-ગણું અંતર છે. આ જ રીતે મન વિના શરીર નમાવવાથી અથવા તો જ્યાં સુધી મનમાંથી ખરાબ ભાવ નીકળી ન જાય ત્યાં સુધી તેને વિનય કહેવામાં આવતો નથી. જાસૂસી કરનારા પણ કુટિલતાવશ નમ્ર બનીને બીજાના મનની વાત જાણી લે છે. આમ કપટથી પોતાનું કામ કઢાવવા માટે શરીરને નમાવવું કે ઝૂકી ઝૂકીને સલામ કરવી તે પણ વિનય નથી. હાથી ઉપર હુમલો કરતાં પહેલાં સિંહ પણ પ્રથમ ઝૂકે છે, ચિત્તો પણ કોઈ પર હુમલો કરવા માટે પહેલાં શરીરને એકદમ નમાવે છે. આ રીતે શરીર નમાવવાને વિનય કહેવાય ખરો? કદાપિ નહીં.

આ માટે તત્ત્વજ્ઞાનીઓએ દુનિયાદારીની બધી વાતોને દૃષ્ટિમાં રાખીને પાંચ પ્રકારના લૌકિક વિનય બતાવ્યા છે: (૧) લોકોપચાર-વિનય (૨) ભય-વિનય (૩) અર્થ-વિનય (૪) કામ-વિનય (૫) દૈન્ય-વિનય.

### ૧. લોકોપચાર-વિનય :

આવો વિનય ત્યાં હોય છે, જ્યાં માત્ર આડંબર હોય અને હૃદયની પ્રેરણા હોય નહીં. કોઈ વડીલ કે સમાજમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ આવે અને હું ઊભા થવાનો શિષ્ટાચાર પણ ન કરું તો લોકો શું કહેશે? લોકહૃદયમાં એની વિપરીત પ્રતિક્રિયા થશે. તેઓ કહેશે, "જુઓ, આ કેટલો બધો અભિમાની છે!" અથવા એમ કહેશે કે, 'મોટાંનું સન્માન જેટલું અધિક કરવામાં આવે, તેટલી વધુ પ્રસન્નતા તેમના પર વરસશે; મારો વિનય જોઈને પ્રજા મારી પ્રશંસા કરશે.' આવા હેતુને લક્ષમાં લઈને કરેલો વિનય લોકોપચાર-વિનય કહેવાય છે.

### ૨. ભય-વિનય :

પોતાનાથી મોટા ઑફિસર, અધિકારી કે ઉચ્ચ પદવાળા તરફ વિનયપૂર્વક વર્તીશું નહીં, તો તેઓ નારાજ થઈ જશે અને કદાચ

કોઈ સજા કરી બેસે અથવા તો બઢતી અટકાવી દે. કોઈ સત્તાધારી આવતાં તેનો સ્વાગત-સત્કાર કરવામાં આવે નહીં તો તે કદાચ દંડ કરે અથવા તો ગામ પર તેનો ખોફ ઊતરે કે પછી અમારા ગામની ઉન્નતિ માટે કશું નહીં કરે. આ બધાં ભય-વિનયનાં ઉદાહરણ છે.

કોઈ વિદ્યાર્થી એ કોઈક ભૂલ થઈ જવાથી સજા મેળવવાના ભયથી કે પરીક્ષામાં નાપાસ કરી નાખવાના ભયથી આધ્યાપક સમક્ષ વિનય બતાવવો તે પણ ભય-વિનય છે. કોઈ સાધુથી કોઈ અપરાધ થઈ ગયો તો પ્રાયશ્ચિત્તથી બચવા માટે પોતાનાથી મોટા ગુરુનું જો અધિક સન્માન કરે, તેમના પ્રત્યે બહુમાન દાખવે તો તે પણ ભય-વિનય છે. અપરાધી સાધક જો પોતાના વડીલના કે ગુરુના આત્મિક ગુણોથી આકર્ષિત થઈને અથવા તો પોતાના પર સાચા રૂપમાં નૈતિક અંકુશ રાખીને માર્ગદર્શન કે શુદ્ધિ માટે તેમનું સન્માન કે બહુમાન નથી કરતો, અને એટલા માટે પણ નથી કરતો કે તેઓ સમાજના આચાર-વિચારને સુરક્ષિત રાખનાર કે તેમાં આવેલી વિકૃતિઓ, સંકીર્ણતાઓ કે રૂઢિઓને દૂર કરનારા છે, તો તે પણ ભય-વિનય છે.

### ૩. અર્થ-વિનય:

પૈસાની પ્રાપ્તિ માટે ધનાઢ્ય, સત્તાધારી અથવા મોટા અધિકારીનું સન્માન કરવામાં આવે અથવા તો તેમને પુણ્યશાળી, ભાગ્યવાન, શેઠજી, બાબુજી વગેરે શબ્દોથી નવાજવામાં આવે કે પછી તેમને સભામાં ઉચ્ચસ્થાન, અગ્રસ્થાન અથવા પદ આપવામાં આવે છે તો તે અર્થ-વિનય કહેવાય. પોતાની નોકરી સલામત રાખવા માટે, વેતનમાં વધારો કરાવવા માટે અથવા પોતાનો માલ ખપી જાય એટલા માટે કોઈ વ્યક્તિ કોઈક ધનવાન અથવા મૅનેજર પ્રત્યે વિનય દાખવે તો તે પણ અર્થ-વિનય છે. આમ જોવા જઈએ તો જે મુનિમ શેઠનું સન્માન કરે છે તે જ પોતાની નીચેના માણસોની નાની ભૂલ તરફ ગુસ્સાથી

લાલચોળ થઈ જાય છે. આથી શેઠ પ્રત્યેનો વિનય હૃદયથી નહીં પણ પૈસાને કારણે થતો હોય છે.

આજે જગતમાં ધનની બોલબાલા છે. ધનાઢ્ય વ્યક્તિમાં કોઈ દોષ હશે તો લોકો તેની સામે કહેવાના બદલે તેમની પ્રત્યે તો વિનય જ દાખવશે. આ બાબતમાં મને એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક વાણિયો ગામડામાં રહેતો હતો. એની પાસે પૈસા તો બહુ ન હતા, પણ ગામલોકો તેના સદાચાર અને નીતિમત્તાને જોઈને તેને શેઠ કહેતા હતા. આ વાણિયો શહેરમાં માલ લેવા માટે મોટા વેપારી પાસે જતો, ત્યારે સાવ સાદો પોશાક પહેરીને જતો. શહેરનો વેપારી એનાં સાદાં કપડાં અને ગરીબીને જોઈને તેનું કંઈ આતિથ્ય કરતો નહોતો કે ન તો તેને ભોજન માટે કહેતો. એથીયે વધુ, ક્યારેક તો આ ગામડાના શેઠનું અપમાન પણ કરી નાખતો. એક દિવસ ગામડાના શેઠે વિચાર્યું:

"આ શહેરના અભિમાની વેપારીની સાન ઠેકાણે લાવવી જોઈએ. એને કોઈક એવો બોધપાઠ શીખવવો જોઈએ કે જેથી જિંદગીમાં ક્યારેય કોઈ ગરીબનું અપમાન કરવાની હિંમત ન કરે."

તેણે શહેરના એક ધોબી પાસેથી કીમતી કપડાં ભાડે લઈ લીધાં. એક લાકડી ખરીદી અને ક્યાંકથી ઉધાર માંગીને કેટલાંક આભૂષણો પહેરી લીધાં અને પછી ભારે ભપકા સાથે શહેરના એ અભિમાની વેપારી પાસે પહોંચ્યો. અભિમાની શેઠે ગામડિયાને આ વેશમાં ઓળખ્યો નહીં અને કોઈ મોટો માણસ સમજીને તેનું સ્વાગત કર્યું. એણે ભોજન માટે આગ્રહ કર્યો. ગામડાના શેઠે આગ્રહનો સ્વીકાર કરી લીધો.

જ્યારે તે ભોજનને માટે બેઠો ત્યારે શહેરી શેઠે એક થાળમાં મીઠાઈ પીરસીને સામે મૂકી. ગામડાના શેઠે હાથમાં મીઠાઈનો ટુકડો લીધો અને ક્યારેક પોતાના કપડાંને તો ક્યારેક ઘરેણાંને અડકાડવા

લાગ્યો. શહેરી વેપારીએ તેના આવા વર્તનને જોઈને પૂછ્યું, "આપ ભોજન કેમ નથી કરતા? આ શું કરો છો? કપડાને મીઠાઈ કેમ અડાડો છો?"

શેઠે કહ્યું, "હું પહેલાં આ બધાને ભોજન ખવડાવું છું, કે જેને કારણે મને મીઠાઈ અને આટલી બધી મહેમાનગતિ મળી."

શહેરના વેપારીએ કહ્યું, "કેમ એવી શી વાત છે?"

ગામડાના શેઠે જવાબ આપ્યો, "વાત એમ છે કે હું તો તેનો તે જ ગામડાનો વાણિયો છું, પણ પહેલાં જ્યારે સાદા પોષાકમાં આપને ત્યાં આવતો, ત્યારે આપ મારો ભાવ પણ પૂછતા નહીં. મેં વિચાર્યું કે આ વેપારી માનવીના ગુણોની કદર કરતા નથી. માત્ર પોષાક અથવા ટાપટીપને જ જુએ છે. એને સાચો બોધપાઠ ભણાવવો જોઈએ. એટલે આજે હું બની-ઠનીને રાજવી ઠાઠમાઠથી આવ્યો છું અને તેથી તો તમે આજે મારી ખૂબ મહેમાનગતિ કરી. તો જેને લીધે મને આદર મળ્યો છે તેને હું પહેલાં ખવડાવતો હતો."

શહેરનો વેપારી સમજી ગયો. તેનું માથું શરમથી ઝૂકી ગયું અને પોતાની ભૂલને માટે ગામડાના શેઠની માફી માગી.

કહેવાનું તાત્પર્ય એ છે કે ધન અથવા વૈભવને જોઈને જે વિનય દાખવવામાં આવે છે, એ અર્થ-વિનય છે, સાચો વિનય નથી.

### ૪. કામ-વિનય :

કામ-વાસનાથી ભરેલી વ્યક્તિ સ્ત્રીઓ પ્રત્યે નમીને-લળીને વિનય દાખવે છે, પણ તે શા માટે? માત્ર કામ-વાસનાની પૂર્તિ માટે. એ વખતે તો તે સ્ત્રીની લાત પણ સહન કરી લે છે. આ રીતે પોતાની કામ-ક્રીડાની પોકળ લીલા કોઈ જાણી જાય અને પોતાની પ્રતિષ્ઠા ધૂળમાં મળવાની દશા આવી પડે તો પોતાનાથી ઉંમરમાં નાની વ્યક્તિ તો શું, પણ બાળક હોય તો તેના ચરણમાં માથું નમાવવા તૈયાર થઈ જાય છે. એ વખતે તેની સો ગાળો પણ ચૂપચાપ સાંભળી લે

છે, પરંતુ આ વિનયનું નાટક છે, આ કામ-વિનય છે, વાસ્તવિક વિનય નથી. જો વાસ્તવિક વિનય હોય તો આવી કામી વ્યક્તિ તપોમૂર્તિ કોઈ સંત કે મહાત્માના ચરણમાં જઈને ઝૂકે અને પશ્ચાત્તાપ કરી પ્રાયશ્ચિત્ત માનીને શુદ્ધ બને.

### ૫. દૈન્ય-વિનય :

મનમાં જ્યાં મોટા ગૂંડા, હત્યારા, લૂંટારા વગેરે સમક્ષ દીન-ભાવના આવી જાય, ત્યારે વ્યક્તિ હાથ જોડે છે અને તેની આગળ બીકણ બિલાડી બની જાય તો તે દૈન્ય-વિનય કહેવાય. વળી, પોતાના આત્મ-ગૌરવને ભૂલીને મનુષ્ય પોતાની જાતને દીન માનવા લાગે અને પોતાની શક્તિઓ પરથી વિશ્વાસ ગુમાવી બેસે ત્યારે દૈન્ય-વિનય થયો કહેવાય.

સારાંશ એ છે કે ઉપરના પાંચેય વિનય સાચા વિનય નથી. તેને વિનયનું પ્રદર્શન કહી શકાય, સાચો વિનય નહીં. જેમાં કોઈ તપ ન હોય, અહંકાર દૂર થતો ન હોય, અભિમાન ઓછું ન થાય, સ્વાર્થ કે ભય હટી જાય નહીં અને આત્મામાં પ્રવેશેલા દુર્ગુણો અને ખરાબ વૃત્તિઓને તપાવીને સદ્‌વૃત્તિ અને સદ્‌ગુણોને સ્થાપિત કરવાનું પગલું ન ભરીએ, ત્યાં વિનય પ્રદર્શન માત્ર બનીને અટકી જાય છે. આવો વિનય દ્રવ્ય-વિનય કહેવાય, ભાવ-વિનય નહીં.

કેવળ હાથ જોડેલા હોય, માત્ર માથું ઝુકાવેલું હોય કે વંદનનો મુખપાઠ કરી જવાનો હોય, પરંતુ હૃદય જોડાયેલું ન હોય, મન ઝૂકેલું ન હોય અને બુદ્ધિથી સમજ પ્રગટેલી ન હોય તો સમજવું જોઈએ કે તે દ્રવ્ય-વિનય જ છે.

જેમની ઇચ્છા ઠગવાની અને છેતરવાની હોય છે તે દ્રવ્ય-વિનયનું આચરણ કરે છે. એ દ્રવ્ય-વિનય દ્વારા એ પોતાનો સ્વાર્થ સાધવાની કોશિશ કરે છે.

### દ્રવ્ય-વિનયનું દૃષ્ટાંત

અભયકુમાર મગધ રાજ્યના મંત્રી અને સમ્રાટ શ્રેણિકના પુત્ર હતા. જૈનધર્મી હોવાને કારણે પ્રત્યેક સહધર્મી ભાઈ-બહેનનો આદર

સત્કાર, વિનય, બહુમાન અને સેવા કરતા હતા. એકવાર અભયકુમારે બહારથી આવેલા કેટલાક યાત્રીઓને પોતાને ઘેર ભોજન માટે નિમંત્રણ આપ્યું. એ યાત્રીઓમાં એક વેશ્યા પણ હતી. એ પોતાને શ્રાવિકા તરીકે ઓળખાવતી હતી. તેણે કોઈ શત્રુ રાજાની સમક્ષ અભયકુમારને બાંધીને લઈ જવાનું બીડું ઝડપ્યું હતું. આથી જાસૂસી કરવા માટે તેણે આવો છૂપો વેશ લીધો હતો. જ્યારે અભયકુમાર ભોજન કરાવવા માટે યાત્રાળુઓને બોલાવવા આવ્યા ત્યારે તે કપટી વેશ્યાએ કહ્યું, "આજ તો મારે ઉપવાસ છે." અભયકુમારે તેને સહધર્મી બહેન સમજીને એની વિનય-ભક્તિ કરતાં કહ્યું, "ભલે આજે તમારે ઉપવાસ છે, તો કાલે પારણું મારે ત્યાં કરજો."

વેશ્યાએ કહ્યું, "જેમ આપ મને સહધર્મી સમજીને વિનય-ભક્તિ દર્શાવો છો, તેમ મારું પણ કર્તવ્ય છે કે હું પણ સહધર્મીને નાતે તમને આમંત્રણ આપું. આથી હું તમારું નિમંત્રણ ત્યારે જ સ્વીકારી શકું કે જ્યારે તમે પણ મારે ત્યાં આવવાનું નિમંત્રણ સ્વીકારો."

શુદ્ધ અને સરળ હૃદયના અભયકુમારે તેનું નિમંત્રણ સહર્ષ સ્વીકારી લીધું. બીજે દિવસે અભયકુમાર નિમંત્રણ સ્વીકાર્યું હતું તે મુજબ શ્રાવિકાવેશધારી વેશ્યાને ત્યાં ભોજનને માટે પહોંચ્યા. વેશ્યાએ અભયકુમારનું સ્વાગત કર્યું, ખૂબ વિનય દાખવ્યો, અભય-કુમારની પ્રશંસા કરી અને આદર-સત્કારપૂર્વક ભોજન કરાવ્યું. ભોજન બાદ વેશ્યાએ અભયકુમારને ચંદ્રહાસ નામનો દારૂ પીવા માટે આપ્યો. ચંદ્રહાસ દારૂમાં કોઈ વાસ હોતી નથી અને દેખાવમાં આબેહૂબ દૂધ સમાન હોય છે. વળી, સહધર્મીને ત્યાં તો શંકાને કોઈ સ્થાન જ હોય નહીં, તેથી અભયકુમાર નિઃશંકપણે દૂધ સમજીને તે દારૂ પી ગયા. આમેય ઘણા પ્રાંતોમાં ભોજન પછી દૂધ પીવાનો જાણીતો રિવાજ પ્રચલિત છે. બસ પછી શું ? ચંદ્રહાસ દારૂએ પોતાનો પ્રભાવ બતાવ્યો. અભયકુમાર તેને પીતાં જ પોતાનું ભાન

ગુમાવી બેઠા. બેભાન અભયકુમારને જોઈને વેશ્યાને થયું કે સારો લાગ મળ્યો છે, તેથી તેને કસીને બાંધીને, રથમાં નાખીને તેનું અપહરણ કરી ગઈ. આ છે દ્રવ્ય-વિનયનું જ્વલંત ઉદાહરણ. આ રીતે વલ્કલચીરીને ફોસલાવીને વનવર્તી ઋષિને આશ્રમેથી શહેરમાં લઈ જવા માટે કેટલીક વેશ્યાઓએ આ રીતનો દ્રવ્યવિનય દેખાડયો હતો અને પ્રલોભન આપ્યું હતું.

આવું વિનયનું નાટક ધર્મઘોષ આચાર્યના 'વિનય' નામના શિષ્યે કર્યું હતું. ઉદાયી રાજાએ જ્યારે ચંદ્રપ્રદ્યોતને યુદ્ધમાં હરાવી દીધો ત્યારે હારેલા અને ગુસ્સે થયેલા ચંદ્રપ્રદ્યોતે રાજા ઉદાયીને પકડવાને માટે કેટલાય ગુપ્તચરો મોકલ્યા, પણ બધા પ્રયાસ નિષ્ફળ ગયા. અંતે તેણે ઉદાયી રાજાને પકડી લાવનાર અથવા એની હત્યા કરનારાને મોટું ઇનામ આપવાની ઘોષણા કરી. એક ધૂર્તે કોઈ રસ્તો ન નીકળતાં ધર્મઘોષ આચાર્ય પાસે દીક્ષા લઈને સાધુનો સ્વાંગ રચ્યો. ગુરુ અને અન્ય સાધુઓની તે સેવાભક્તિ કરતો અને એમના પ્રત્યે ખૂબ વિનય બતાવતો, પણ આની પાછળ તેના મનમાં શું કુટિલતા હતી તે કોઈ જાણી ન શકયું. તે પોતાની પાસે ગુપ્તપણે શસ્ત્રો રાખતો હતો. એક દિવસ ચતુર્દશી પર્વ (પખ્ખી પર્વ) હોવાથી ઉદયી રાજાએ ઉપાશ્રયમાં પૌષધવ્રતનો સ્વીકાર કર્યો હતો. રાજાએ આખો દિવસ ધર્મક્રિયા અને ધર્મધ્યાનમાં વિતાવ્યો. સંધ્યા સમયે પ્રતિક્રમણ વગેરે કરીને રાત વીતતાં પોતાની પથારીમાં સૂઈ ગયો. બધા સાધુઓ સૂઈ ગયા હતા, પણ ધૂર્ત સાધુ આજે જાગતો રહ્યો હતો. તે ધીરેથી ઊઠયો. પોતાનું છૂપાવેલું શસ્ત્ર બહાર કાઢીને સૂતેલા ઉદાયી રાજાના પેટમાં એકાએક ખોસી દીધું. શસ્ત્ર વાગતાં જ લોહીની ધારા વહેવા લાગી. શસ્ત્ર એટલું ઊંડું પેસી ગયું હતું કે ઉદાયી રાજા કંઈ બોલે એ પહેલાં જ એનું પ્રાણપંખેરું ઊડી ગયું. ધૂર્ત સાધુ પોતાનાં ખૂનથી ભરેલાં કપડાં, શસ્ત્ર અને બીજાં ધર્મોપકરણો ત્યાં જ છોડીને નાસી ગયો.

આ રીતે વિનયની આડમાં 'વિનય' શિષ્યે ધૂર્તતાનું મહાભયંકર કૃત્ય કર્યું.

મિત્રો ! ધ્યાન રાખજો કે દ્રવ્ય-વિનય માત્ર દેખાડો-છેતરવાનું સાધન બની જાય નહીં. હૃદયની સચ્ચાઈથી જે શુદ્ધ, છલરહિત વિનય આચરવામાં આવે છે તે મોક્ષફળદાયક હોય છે. ભાવ-વિનયની સાથે દ્રવ્ય-વિનય જોડાઈ જાય તો સોનામાં સુગંધ ભળે છે. જો દ્રવ્ય-વિનય (વૃદ્ધાવસ્થા, બીમારી, અશક્તિ, પંગુતા વગેરેને કારણે) ક્યારેય ન હોય તો ભાવ વિનયથી પણ મોક્ષની હૂંડી સ્વીકારાઈ જાય છે.

સ્થળ : જૈનભવન, બીકાનેર
૭ ઑગસ્ટ, ૧૯૪૮

□

પાંચ

# ૫. વિનયના વિવિધ પ્રકાર

જૈનધર્મ ગુણોનો પૂજક છે, ગુણોની પૂજા એ તેનો મુદ્રાલેખ છે. આ દૃષ્ટિએ માનવજીવનનું નિર્માણ કરવામાં, આત્માની શુદ્ધિ કરવામાં અને જીવનને ઉન્નત કરવામાં સહાયક થાય તેવા ગુણો તરફ અભિમુખતા અને શ્રદ્ધા રાખવી તેમ જ તેનો આદર અને તેનું માહાત્મ્ય કરવું જોઈએ. વળી તેની આશાતના ન કરવી જોઈએ. આ રીતે વિનય દાખવવો આવશ્યક બની જાય છે. સાથોસાથ ગુણ અને ગુણવાનનો અભિન્ન સંબંધ હોવાને કારણે, જે પૂર્વોક્ત પ્રકારના ગુણથી સંપન્ન હોય, તેવી વ્યક્તિનો પણ વિનય કરવો જોઈએ. ગુણવાનનો વિનય તે ગુણના વિનય બરાબર છે. ગુણવાનના વિનયથી તે ગુણોને પ્રોત્સાહન મળે છે. તે ગુણોને પ્રજા જીવનમાં અપનાવવા પ્રેરિત થાય છે. આ રીતે પ્રકારાન્તરે ગુણવાનની સેવા, પૂજા, ભક્તિ

તથા તેના ધર્મપ્રસારના કાર્યમાં સહયોગ વગેરે બધી જ બાબતો ગુણપૂજામાં જ સમાવેશ પામે છે. આથી "ઉત્તર-રામચરિત"માં સીતા અંગે અરુંધતીએ કહ્યું :

"गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ।"

"ગુણીજનોમાં ગુણ જ પૂજાનું કારણ છે. લિંગ કે વય પૂજાનાં કારણ નથી."

જેમ ધર્મિષ્ઠમાં ધર્મ વસે છે, તે જ રીતે ગુણીજનમાં ગુણ વસે છે. તો પછી આપણે ગુણો પ્રત્યે વિનમ્ર દાખવીએ પણ ગુણોના ધામ-ગુણવાન-તરફ વિનય ન દાખવીએ, તે કેટલું યોગ્ય ગણાય?

કેટલાક લોકો એમ કહે છે કે ગુણવાન પુરુષોમાં કેટલાંક દોષો પણ હોય છે. આથી જ્યારે આપણે ગુણવાન પ્રત્યે વિનય રાખીએ છીએ તો ગુણોની સાથે સાથે તેના દોષોનું પણ સમર્થન થઈ જાય છે; પણ આ તર્ક અસંગત છે. કોઈ નગરનાં બાગબગીચા, સુંદર ઇમારતો, વિદ્યાલયો તથા ઉદ્યોગ-મંદિરોને જોઈને તે નગરની પ્રસંશા કરે છે, તેમાં તે નગરમાં રહેલી ગંદા પાણીની ગટરોનું સમર્થન હોતું નથી.

કોઈપણ વસ્તુના સમર્થનનો આધાર તેના સમર્થકની ભાવના પર નિર્ભર છે. જો તેની ભાવના કોઈ ધનવાન વ્યક્તિના ગુણો જોઈ, એ ગુણોનું જ સમર્થન કરવાની હોય તો તેમાં તેનામાં રહેલા દોષોનું સમર્થન નહિ થાય, પણ જે ગુણોની દૃષ્ટિએ સમર્થન કર્યું હશે, તે જ ગુણોનું સમર્થન કર્યું કહેવાશે. જૈનધર્મનો અનેકાન્તવાદ સાપેક્ષ દૃષ્ટિથી કોઈ પણ વસ્તુમાં રહેલા ધર્મ(સત્ય)ને ગ્રહણ કરવાનું કહે છે, આથી અમુક ગુણોની અપેક્ષાએ જ તે ગુણનું સમર્થન કરવું એ સિદ્ધાંત-સંમત છે. જેવી રીતે અરિહન્તના ગુણોની અપેક્ષાએ અરિહન્તનો વિનય તેમનું સમર્થન છે, સાધુના ગુણોની અપેક્ષાએ સાધુનો વિનય ગુણ-સાપેક્ષ છે. કોઈ સાધુમાં કોઈ દોષ હોય તો તે સાધુ પ્રત્યે વિનય રાખવાની ભાવના તે દોષનું સમર્થન કરવાની ન હોય, તો પછી દોષનું સમર્થન કર્યું કેવી રીતે કહેવાય?

આવી રીતે કેટલાક લોકો એમ પણ કહે છે કે આ ઝંઝટમાં ન પડતાં આપણે સાચા ગુણોનો વિનય કરવો જોઈએ; ગુણવાનનો

વિનય નહીં. પરંતુ આ લોકો એ ભૂલી જાય છે કે લોકો કોઈ વ્યક્તિમાં રહેલા ગુણો પ્રત્યે જ વિનય રાખશે કે પછી માત્ર તે ગુણનું જ નામ લખીને જ વિનય કરશે ?

ગુણનું હોવું એટલે કોઈ ને કોઈ વ્યક્તિમાં એનું હોવું કહેવાય, ગુણનું એકલું અસ્તિત્વ ન હોઈ શકે. કારણ કે, "तत्त्वार्थ सूत्र"ના

"द्रव्याश्रया निर्गुणा गुणाः"

આ સૂત્ર અનુસાર ગુણ પોતે જ સ્વયં નિર્ગુણ–નિરાકાર હોય છે, તે કોઈ ને કોઈ દ્રવ્યનો આશ્રિત બનીને રહ્યો હોય છે. ગુણોની અભિવ્યક્તિ પણ કોઈ ને કોઈ ચેતનાશીલ પ્રાણી દ્વારા થાય જ છે. એ વિના અમૂર્ત ગુણને ઓળખવો પણ મુશ્કેલ છે.

## ગુણવાન પ્રત્યે વિનય

ગુણપૂજક જૈન ધર્મે ગુણની સાથે સાથે ગુણવાન પુરુષો પ્રત્યેના વિનયને પણ સ્પષ્ટપણે બતાવ્યો છે. કેવળ ગુણો પ્રત્યે જ વિનય રાખવાથી કે માત્ર ગુણોને જ અપનાવવાથી જ્યારે પણ સંકટ આવે, ભય લાગે, પ્રલોભન આવે અથવા તો કોઈ વિકટ સમસ્યા આવે ત્યારે ઉપરના ગુણો(જેનો તે વિનય રાખે છે) પર ટકી રહેવાની પ્રેરણા કે પ્રોત્સાહન કેવી રીતે મળશે ? તે તો ગુણવાન પુરુષો પ્રત્યે વિનય રાખવાથી જ સાંપડે. ભલે, તે ગુણવાન પુરુષ વર્તમાન સમયમાં આપણને દૃષ્ટિગોચર ન હોય, પરોક્ષ હોય, તેમ છતાં તેમના તરફ દાખવેલો શ્રદ્ધાપૂર્ણ વિનય આપણને તેમના ગણોનું સ્મરણ કરાવશે અને વિકટ સમયમાં તે ગુણમાં દૃઢ રહેવાનું બળ આપશે. આપણને જ નહીં પણ બીજાં લોકોને પણ આપણા દ્વારા તે ગુણવાન પુરુષ પ્રત્યેનો વિનય પોતાના જીવનમાં અપનાવવાની પ્રેરણા આપશે.

એટલું જ નહીં પણ જૈન ધર્મે તો ગુણવૃદ્ધિ કે ગુણવિકાસ કરવામાં જે જે મહાનિમિત્ત છે, તેનો પણ વિનય કરવાની વાત કરી છે. નંદીસૂત્રમાં કહ્યું છે—

"संघं गुणायरं वंदे"

"ગુણની ખાણ એવા શ્રીસંઘને હું વંદન કરું છું."

હકીકતમાં તો ગુણવાન વિના ગુણનું કોઈ મહત્ત્વ નથી. બંનેનો અવિનાભાવ-સંબંધ છે. સાકરની મીઠાશને અળગી કરવાથી કોઈ એને સાકર નહીં કહે, એ જ રીતે અગ્નિમાંથી ઉષ્ણતાનો ગુણ કાઢી નાખીએ તો અગ્નિનું અસ્તિત્વ જ નષ્ટ થઈ જશે, તેમ ગુણવાનમાંથી ગુણને દૂર કરીએ તો કોઈ એને ગુણવાન કહેશે નહીં. ગુણ જો ગુણવાનથી અલગ થઈ જશે, તો કોઈ તેના તરફ વિનય દાખવશે નહીં, કારણકે તે કેવળ નામનો જ ગુણ છે, તેમાં તે ગુણની ગુણત્વ-શક્તિ નથી. એ ગુણની ગુણત્વ-શક્તિ ગુણવાન વ્યક્તિની સાથે સંસર્ગમાં રહેવાથી જ પ્રગટ થશે. સાકર સાથે મધુરતા રહેવાથી જ સાકરમાં એ પ્રગટશે, કાગળ પર 'મધુરતા' શબ્દ લખ્યો હોય તો તેમાંથી મધુરતા પ્રગટ નહીં થાય.

આ કારણે જ જૈન ધર્મે ગુણ અને ગુણવાન બંને પ્રત્યે શુદ્ધ ભાવપૂર્વક વિનય રાખવાને તપ, ધર્મ અને આચાર કહ્યો છે.

## વિનયના બાવન પ્રકાર

આવો, હવે એનો પણ વિચાર કરીએ. કયા કયા મુખ્ય ગુણો અને ગુણવાનો તરફ જૈન ધર્મે વિશેષ વિનય રાખવાનું દર્શાવ્યું છે. આમ તો શાસ્ત્રોમાં વિભિન્ન પ્રકારે ક્યાંક ભેદ-પેટાભેદ કરીને વિનયનું વર્ણન કરવામાં આવ્યું છે. વિનયના ત્રણ ભેદ દર્શાવ્યા છે, તો ક્યાંક ચાર, પાંચ, દસ ને તેર ભેદ કર્યા છે. આ તેર ભેદોની સાથે વિનયના ચાર પ્રકારોનો ગુણાકાર કરવાથી બાવન ભેદ થાય છે.

પહેલાં વિનયના બાવન ભેદોની ચર્ચા જોઈએ. જૈન ધર્મમાં મુખ્ય ગુણ અને મુખ્ય ગુણવાન બંને મળીને વિનય માટે તેર પાત્ર બતાવવામાં આવ્યાં છે. જેમના પ્રત્યે વિનય આચરવો જોઈએ, તે આ પ્રમાણે છે : (૧) તીર્થંકર (૨) સિદ્ધ (૩) કુળ (૪) ગણ (૫) સંઘ (૬) ક્રિયા (૭) ધર્મ (૮) જ્ઞાન (૯) જ્ઞાની (૧૦) આચાર્ય (૧૧) ઉપાધ્યાય (૧૨) સ્થવિર અને (૧૩) ગણી.

આ તેર વિનયયોગ્ય પાત્રોમાં તીર્થંકર, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર અને ગણી એ છ ગુણવાન પુરુષ છે; કુળ, ગણ અને સંઘ

આ ત્રણ ગુણયુક્ત સંસ્થાઓ છે અને ક્રિયા, ધર્મ અને જ્ઞાન એ ત્રણ ગુણ છે. કુળ, ગણ અને સંઘ ગુણયુક્ત સંસ્થાઓ છે, તો પણ સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ ચારેય પ્રકારની વ્યક્તિઓનો સમાવેશ માનવામાં આવતો હોવાથી એ પણ એક રીતે ગુણવાન વ્યક્તિ છે. આ રીતે ઊંડાણપૂર્વક વિચારીએ તો આ તેરનો સમાવેશ દેવ, ગુરુ અને ધર્મ આ ત્રણમાં થાય છે. દેવમાં તીર્થંકર અને સિદ્ધ બંનેનો; ગુરુમાં આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ગણી, કુલ, ગણ અને સંઘનો તેમ જ ધર્મમાં ક્રિયા, ધર્મ અને જ્ઞાનનો સમાવેશ થાય છે.

આ તેર વિનયયોગ્ય ગુણપાત્રોની (૧) આશાતના ન કરવી (૨) ભક્તિ કરવી (૩) તેમનું બહુમાન કરવું (૪) તેમના ગુણ ગાવા, તેમના ગુણોની પ્રશંસા કરવી કે તેમને માન આપવું. આ ચાર પ્રકારે વિનય કરી શકાય છે. આથી તેર ભેદના ચાર પ્રકાર સાથે ગુણાકાર કરવાથી વિનયના બાવન પ્રકાર બને છે. હવે તેનો ક્રમશઃ વિચાર કરીએ.

## તીર્થંકર વિનય :

જૈન ધર્મના પંચપરમેષ્ઠી મંત્રમાં સર્વપ્રથમ તીર્થંકરોને નમસ્કાર કરવામાં આવ્યા છે, જોકે સિદ્ધ તેમનાથી પદમાં ઊંચા હોય છે. એનું કારણ એ છે કે તીર્થંકર શરીરધારી હોય છે એટલે તેમના દ્વારા અનેક જીવોને શુદ્ધ ધર્મનો લાભ સાંપડે છે અને કલ્યાણમાર્ગની પ્રાપ્તિ થાય છે. આ સંસારસાગર પાર કરવા માટે જીવ તેમના દ્વારા બનાવાયેલી સંઘરૂપી નૌકાનો આશ્રય લે છે. એમની પાસેથી શુદ્ધિ, નિર્વાણ, કર્મક્ષય અને મુક્તિની પ્રેરણા મળે છે. આથી આસન્ન–ઉપકારી હોવાથી તેમનું નામ પ્રથમ લેવામાં આવે છે. જેમ કે દાદા–પરદાદા પિતા કરતાંય વધુ ગુણવાન કે ઉપકારી હતા, પરંતુ વર્તમાનમાં તેમની ગેરહાજરીમાં પિતા જ નિકટના ઉપકારી છે, માટે તેમનું નામ વિશેષપણે લેવામાં આવે છે. આ તીર્થંકર દેવને દેવાધિદેવ, સાકારદેવ, જિનેશ્વર, જિન, અરિહંત અથવા વીતરાગ વગેરે નામોથી સંબોધવામાં

આવે છે. વૈદિક ધર્મની ભાષામાં એમને જીવનમુક્ત (સદેહમુક્ત) અવતારી, ધર્મ(તીર્થ)સંસ્થાપક કહેવામાં આવે છે.

તેઓ અઢાર દોષ રહિત અને બાર ગુણ સહિત હોય છે. બધા તીર્થંકર ચોત્રીસ અતિશય, પાંત્રીસ ગુણ તથા બાર પ્રકારના પરિષહથી મુક્ત હોય છે. આઠ કર્મોમાંથી તેઓ ચાર ઘાતી કર્મો (જેનાથી આત્માના ગુણોનો સીધો જ ઘાત થાય છે તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય)નો સર્વથા ક્ષય કરી દે છે. બાકીનાં ચાર અઘાતી કર્મો (જે શરીરથી સંબંધિત છે, આત્મગુણોનો સીધો ઘાત નથી કરતાં તે–વેદનીય, નામ, ગોત્ર અને આયુકર્મ) રહી જાય છે એ આ શરીરના અવસાન સુધી જ રહે છે. આ જન્મના શરીરના અવસાનની સાથે જ બાકીનાં ચારેય કર્મો સર્વથા નાશ પામે છે અને તેઓ નિરંજન, નિરાકાર, સિદ્ધ–બુદ્ધ બની જાય છે. પછી ફરીથી જન્મ–મરણ થતાં નથી. જૈન ધર્મ ગુણનો પૂજક હોવાથી, એમાં નામભેદ હોવાથી વિનયમાં કોઈ ભેદ હોતો નથી. આચાર્ય હેમચંદ્રે આથી આ રીતે સ્તુતિ કરી છે :

"भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥
यत्र यत्र समये योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद् एक एव भगवन्नमोऽस्तु ते ॥"

"જેમના સંસારરૂપી બીજ(કર્મરૂપી)અંકુરને પેદા કરનારા રાગદ્વેષ વગેરે નાશ પામ્યા છે, તેમનાં નામ ભલે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, મહાદેવ હોય અથવા જિન હોય, તેમને મારા નમસ્કાર છે. જે જે સમયમાં જે જે મહાપુરુષો જે જે નામથી થયા છે તેઓ જો રાગદ્વેષ વગેરે દોષોથી રહિત હોય તો એક જ છે અને તેવા ભગવાનને મારા નમસ્કાર છે."

આ રીતે કોઈપણ નામના તીર્થંકર હોય, પણ તેમના પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા રાખવી, તેમની આશાતના ન કરવી, તેમનું બહુમાન કરવું, તેમના ગુણો ગાવા તથા તેમની ભક્તિ કરવી એ તેમનો વિનય છે.

તીર્થંકર સંસારનું સર્વોચ્ચ શિખર છે. વિશ્વમાં તેમનાથી વિશેષ કોઈ પુણ્યાત્મા નથી. તેઓ સાકાર પરમાત્મા છે. તેમને શરીર હોવાથી રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પણ હોય છે, શરીર હોવાથી તેઓ શરીરની બધી જ ક્રિયાઓ કરે છે છતાં શરીર પ્રત્યે અથવા સંસારની કોઈપણ વસ્તુ તરફ તેમને આસક્તિ કે મૂર્છા હોતી નથી તેમ જ તેઓ કોઈ પણ પ્રત્યે ઘૃણા, દ્વેષ અથવા વેર રાખતા નથી. તેઓ વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી છે.

## સર્વોચ્ચ ગુણવાનનો વિનય

કોઈ એમ કહી શકે કે તીર્થંકર વર્તમાનકાળમાં આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી તો પછી એમનો 'વિનય કઈ રીતે કરી શકાય ?' અમે પૂર્વે કહ્યું તેમ ગુણવાન પુરુષની હાજરી હોય કે ન હોય, પણ વિનય તો તેમનામાં રહેલા ગુણો પ્રત્યે દાખવવાનો છે. આથી સર્વોચ્ચ ગુણવાન તીર્થંકરોની ગેરહાજરીમાં પણ તેમના ગુણોમાંથી પ્રેરણા લેવા માટે તથા સંકટ, ભય, પ્રલોભન વગેરે વખતે પણ આપણે તેમના ગુણો ઉપર આધાર રાખી શકીએ. વળી તેમના ગુણોને અપનાવવાની પ્રેરણા અથવા પ્રોત્સાહન પણ બીજા લોકોને મળી શકે એ દૃષ્ટિથી ઉપર્યુક્ત ચારેય પ્રકારે એમનો વિનય કરી શકાય.

જેવી આકૃતિવાળી મૂર્તિ હોય છે, તેને જોઈને પ્રાયઃ તે વિભૂતિ કે મહાપુરુષનું સ્મરણ થાય છે. ધારો કે તમારી સામે કોઈએ મર્યાદા-પુરુષોત્તમ શ્રી રામ, ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન બુદ્ધ કે ભગવાન મહાવીર વગેરેની ચાર–પાંચ મૂર્તિઓ મૂકી હોય. તમે મૂર્તિની આકૃતિ જોઈને તરત એ મૂર્તિ કોની છે તે ઓળખી કાઢશો. શંખ, ચક્ર, ગદા, પદ્મ વગેરે સાહિતની મૂર્તિને જોઈને જ તમે તરત બોલી ઊઠશો કે આ તો 'વિષ્ણુ'ની મૂર્તિ છે. મોર–પીંછનો મુગટ કે હાથમાં વાંસળી વાળી આકૃતિ જોતાં જ તમને શ્રીકૃષ્ણનું સ્મરણ થશે. ધનુષ–બાણ જોતાં જ તમે જાણી જશો કે આ મર્યાદાપુરુષોત્તમ શ્રી રામની મૂર્તિ છે. પદ્માસનસ્થ કે અર્ધપદ્માસનસ્થ ધ્યાનમુદ્રામાં લીન મૂર્તિ કે ધ્યાનાવસ્થામાં

ઊભેલી મૂર્તિને જોઈને પોતાના સંસ્કાર અનુસાર તમે સમજી જશો કે આ જૈન તીર્થંકરની મૂર્તિ છે. આ રીતે જૈન-તીર્થંકરની મૂર્તિ જેવી આકૃતિ હોય, પરંતુ તેના ઉપર વસ્ત્ર કે યજ્ઞોપવિતનું ચિહ્ન અંકિત હોય તો જેને ખબર હશે તે તરત જ કહી દે કે આ બુદ્ધ ભગવાનની મૂર્તિ છે. આ રીતે જે તે આકૃતિવાળી મૂર્તિને જોઈને તે તે મૂર્તિમાનનું સ્મરણ કરી શકાય છે.

આથી ખરેખર તો તીર્થંકર-વિનય ત્યારે જ સિદ્ધ થશે કે જ્યારે આપણે તીર્થંકર દ્વારા પ્રરૂપિત ધર્મને જીવનમાં ઉતારીશું, તેમના ગુણોને અપનાવીશું અને સંકટ સમયે પણ અડગપણે ધર્મ-શ્રદ્ધા દાખવીશું.

**સિદ્ધ-વિનય:**

ગત ચોવીસીમાં જેટલા પણ તીર્થંકર હતા, તે બધા સિદ્ધ થઈ ગયા અને બીજા પણ સામાન્ય કેવલી કે વીતરાગ-પુરુષ પોતાના અંતિમ દેહ અને આઠ કર્મોથી મુક્ત થઈને સિદ્ધ થાય છે. તેઓ પૂર્ણ મુક્ત (વિદેહમુક્ત, અશરીરી) થઈ જાય છે. આવા મુક્ત પુરુષો કેવળ જૈન-ધર્મ-સંઘ દ્વારા જ થાય છે એવું નથી. જૈન ધર્મ ગુણ-પૂજક હોવાથી તે કોઈપણ ધર્મસંઘ, દેશ, વેશ, લિંગ, જ્ઞાતિ અથવા કોઈપણ રીતે કોઈને પણ, બોધપ્રાપ્ત સાધક-સાધિકાને મુક્તિનાં અધિકારી માને છે. તીર્થ-અતીર્થ આદિ પંદર પ્રકારોમાંથી કોઈપણ એક પ્રકાર દ્વારા સિદ્ધ એટલે કે નિરંજન-નિરાકાર પરમાત્મા થયા પછી તે તેમનામાં કોઈ ભેદ રાખતાં નથી, કારણ કે તે ભૂમિકાએ તો નામ, રૂપ, દેહ, ઘર, મોહ-માયા, કર્મ-કાયા બધું વિસરાઈ ગયું હોય છે. કેવળ શુદ્ધ આત્મા જ્યોતિમાં જ્યોતિસ્વરૂપ બની રહે છે. આવા નિરંજન-નિરાકાર સિદ્ધ થયા પછી તેઓ સંસારમાં ફરી પાછા આવતા નથી. જૈન-સાધનામાં એ લોકોની સ્તુતિ ગાતી વખતે કહેવાય છે—

"सिवमयलमरुवमणंतमक्खयमव्वाबाहमपुणरावित्तिसिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं।"

"કલ્યાણકર, અચલ, અરૂપ, અનંત, અક્ષય અવ્યાબાધ અને

અપુનરાવૃત્તિ (જ્યાં પહોંચ્યા પછી પાછું આવવાનું હોતું નથી) સિદ્ધ ગતિ નામક સ્થાન જેને પ્રાપ્ત થયું છે તે."

ભગવદ્‌ગીતા પણ આ જ કહે છે:

"यद् गत्वा न निवर्तन्ते, तद्धाम परमं मम ।"

"જ્યાં પહોંચ્યા પછી પાછા ફરવાનું નથી હોતું, તે જ મારું પરમધામ છે."

અહીંથી, પહેલાં કે પછી, કોઈપણ પ્રકારે કર્મોનો ક્ષય કરીને સિદ્ધ કે મુક્ત થયા બાદ, સિદ્ધગતિમાં કોઈ ફેર હોતો નથી. સિદ્ધ થયા પહેલાંની અવસ્થાઓથી શરૂ કરીને અહીંની અપેક્ષાએ સિદ્ધોના પંદર પ્રકાર પાડયા છે. અહીં બધા સિદ્ધ એકસમાન છે. જ્યાં એક સિદ્ધ છે ત્યાં જ અનંત સિદ્ધ છે.

સિદ્ધ ભગવાનના મૂળ આઠ ગુણ છે: અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર્ય, અનંત બલવીર્ય, અવ્યાબાધ સુખ, અટલ અવગાહના, અમૂર્તિક અને અ-ગુરુ-લઘુ. આમ તો દરેક આત્મા અનંતગુણી હોય છે, પરંતુ આ આઠ ગુણો સિદ્ધોમાં વિશેષ રીતે હોય છે.

સિદ્ધ ભગવાનનો વિનય કરવા માટે તો ભાવના જ ઉપયોગી માધ્યમ થઈ શકે છે. એ ઉપરાંત સ્તુતિ, બહુમાન, પૂર્ણ શ્રદ્ધા, ભક્તિ, ગુણ-ગાન, અનાશાતના વગેરે કેટલીય રીતે વિનય કરી શકે છે. અને વાસ્તવમાં અહીં પણ,

"सिद्धा सिद्धिं मम दिसंतु"

અથવા

"आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु"

વગેરે પ્રાર્થનાઓ ભક્તિભાવયુક્ત છે. આ પ્રાર્થનાઓનો અર્થ એ જ કે "હું સિદ્ધિ(મુક્તિ) મેળવવા માટે ખૂબ પુરુષાર્થ કરું અથવા સ્વસ્થ બોધિલાભ કે ઉત્તમ સમાધિ માટે હું જ પ્રયત્નશીલ બનું, તેમાં ક્યાંય અવરોધ આવતો હોય કે મારી શક્તિની અપૂર્ણતા હોય કે હું રાગદ્વેષાદિ શત્રુઓનો શિકાર બનું ત્યારે મને પ્રેરણાબળ પ્રાપ્ત થાઓ." ભાવનામાં તો અસીમ શક્તિ છે. ભાવોની ગતિ પણ દેશ-

કાળના અંતરની પરવા કરતી નથી, તેથી શુદ્ધ અને પ્રબળ સંકલ્પ દ્વારા આત્મબળ પ્રાપ્ત કરવામાં સિદ્ધ ભગવાન નિમિત્ત બની શકે છે, શરત માત્ર એટલી કે તે માટે વિનય અને પુરુષાર્થ પૂરેપૂરા હોવા જોઈએ.

**કુળ-વિનય અને ગણ-વિનય :**

સાધુઓના સમુદાયને ગચ્છ અથવા ગણ કહેવાય છે, જેમ કે ખરતર ગચ્છ, તપોગચ્છ વગેરે. આ ગણ કે ગચ્છના સમૂહને કુળ કહે છે. જેવી રીતે મારું અને આપનું ચાન્દ્ર કુળ છે. મૂળે આ ગચ્છનું નામ કૌશિક ગચ્છ હતું, પછી કાલાન્તરે તેનું નામ તપોગચ્છ તરીકે જાણીતું થયું.

ગણ અને કુળ પ્રત્યે વિનય દાખવવો તેને ગણવિનય અને કુળવિનય કહેવાય. આનો અર્થ એ કે ગણ અને કુળનાં ગુણગાન ગાવાં, તેમનાં ધર્મકાર્યોમાં સહાનુભૂતિ દર્શાવવી, સહયોગ આપવો, કોઈપણ સાધુ-સાધ્વી સારું કાર્ય કરતાં હોય તો તેની ટીકા ન કરવી, તેમનાં કાર્યોમાં અવરોધ ન નાખવો, ડખલગીરી કરવી નહીં, પણ શ્રદ્ધાપૂર્વક મદદરૂપ થવું. એનો અર્થ એ પણ નહિ કે બીજાં ગણ કે કુળ માટે અવિનય દાખવવો, ઘૃણા, દ્વેષ, સંઘર્ષ કે વેરભાવ રાખવો, કારણ કે આમ કરવું તે તો સંઘ પ્રતિ અવિનય આચર્યો ગણાશે. સંઘ એ તો વ્યાપક ભાવના છે, એમાં બધાં જ ગણ અને કુળનો સમાવેશ થાય છે. આજે સાંપ્રદાયિકતાને લીધે એકબીજાના સંપ્રદાયો વચ્ચે સંઘર્ષ, વેરભાવના, અન્યને નીચા દેખાડવાની વૃત્તિ, ઝઘડો વગેરે રાગદ્વેષયુક્ત કાર્ય થઈ રહ્યાં છે જેમાં વીતરાગી વૃત્તિ ક્યાંય દેખાતી નથી. આવાં કાર્યો સંઘ અને તીર્થંકર સમક્ષ અવિનય દર્શાવનારાં છે.

**સંઘ-વિનય :**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા આ ચારેય મળીને ચતુર્વિધ સંઘ કહેવાય. આ ચતુર્વિધ સંઘનું બહુમાન, શ્રદ્ધા-ભક્તિ, ગુણગાન અને

અનાશાતના આદિથી વિનય દર્શાવવો તે સંઘ-વિનય છે. સંઘમાં પરસ્પર વિચાર-ભેદ કે આચાર-ભેદ હોય તો તેને લીધે સંઘર્ષ, કલેશ કે દ્વેષ કે વેર-વિરોધ ઊભો કરવાને બદલે, સહિષ્ણુ બનીને પરસ્પર સમન્વય સાધવાનો પ્રયત્ન કરવો જોઈએ. મુખપટ્ટી, દંડ ગ્રહણ કરવો કે અગ્રહણ કરવો, તિથિચર્ચા, સચિત્ત-અચિત્તની ચર્ચા વગેરે નાની નાની ઉત્તરગુણની બાબતોને ચર્ચાના ચગડોળે ચડાવવી, દ્વેષ વધારીને એકબીજાને મિથ્યાત્વી કહેવું, ગાળો આપવા માંડવી, એકબીજા વિરુદ્ધ પત્રિકાઓ બહાર પાડવી–આવાં કામ સંઘ અને સંસ્થાપક (તીર્થંકર) પ્રતિ અવિનય દર્શાવનારાં છે. ભગવાન મહાવીરના મહાન પુત્રો આ રીતે પરસ્પર લડે–ઝઘડે અને કર્મોથી બંધાય તે સંઘની સમક્ષ અવિનય આચર્યો ગણાય.

'नमो लोए सव्वसाहूणं' મંત્રમાં કોઈપણ એક સંપ્રદાય (દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી કે તેરાપંથી), ગચ્છ, કુલ અથવા ધર્મસંઘનાં જ નહીં, પરંતુ સાધુત્વની સાધનામાં પરાયણ જગતનાં સમસ્ત સાધુ–સાધ્વીઓને નમસ્કાર કરવાનો ઉલ્લેખ છે. અહીં કોઈ એક વિશેષ સંપ્રદાય કે ધર્મસંઘની તરફેણ કરવામાં આવી નથી, કારણ કે આ ધર્મ વીતરાગનો છે, નિષ્પક્ષ પુરુષોનો છે. ભલે કોઈપણ વેશમાં કોઈપણ સાધુ–સાધ્વી (પછી તે મુનિ, ભિક્ષુ કે ઋષિ કહેવાતાં હોય) જે સત્ય–અહિંસા વગેરે મહાવ્રતોની સાધના કરતાં હોય, તે બધાં પૂજનીય, વંદનીય અને આદરણીય છે. ઉત્તરગુણોના પાલનમાં–ક્રિયાકાંડ કે ધર્મસાધનોમાં–ભેદ હોઈ શકે, પરંતુ તમારે તો ગુણદર્શન કરવાનું છે. આથી જ કહ્યું છે :

"गुणेहि साहू ।"

"ગુણો દ્વારા જ સાધુ ઓળખાય છે."

જો સાધુત્વના ગુણ હોય તો તેને વંદનીય અને આદરણીય સમજીને વિનય દાખવવો જોઈએ. રોટલી કેવી બની છે તે ન જોતાં આ રોટલી ભૂખ ભાંગશે કે નહિ, તે વિચારવું જોઈએ. આ રીત કયા સાધુ કે સાધ્વીની સાધના, કયા ક્રિયાકાંડથી, કયા વેશમાં, કયા

ક્ષેત્રમાં કે કયા ધર્મસાધનો દ્વારા ચાલે છે તે જોવાને બદલે તેનામાં સાધુત્વના ગુણ પરિપકવ થઈ રહ્યા છે કે નહિ, સંયમની સાધના વિકસી રહી છે કે નહિ, વીતરાગીપણું, સમતા, કષાય-ક્ષીણતા, વિષયાસક્તિમાં મંદતા, અહિંસા, સત્ય વગેરે ગુણોની દૃઢતામાં વધારો થયો છે કે નહિ તે જોવાનું હોય છે. સંકુચિત દૃષ્ટિથી કે માત્ર સાંપ્રદાયિકતાની નજરે વિચારવું અને તે અનુસાર વ્યવહાર કરવામાં ગુણવાન સાધુ-સાધ્વીઓ પ્રત્યે અન્યાયભાવ છે, તેમના દ્વારા મળનારા સદ્ધર્મ-લાભથી વંચિત રહેવું પડે છે અને આ રીતે તેમને અક્ષમ્ય આશાતના પહોંચાડીને કર્મબંધનમાં ફસાઈ જઈએ છીએ.

ગુણવાન સાધુઓની જેમ યોગ્ય સાધ્વીઓની પણ કદર કરવામાં ન આવે અને તેમના તરફ ઉપેક્ષાભાવ સેવવામાં આવે તેમ જ તેમના જીવન-વિકાસનું ધ્યાન રાખવામાં ન આવે, તેમને ઉચિત અધિકારો (વ્યાખ્યાન આપવું, ધર્મ-પ્રભાવના કરવી, ધર્મ-પ્રચાર કરવો વગેરે)થી વંચિત રાખવામાં આવે કે તેમનો તિરસ્કાર કરાય-આ બધું સાધ્વીઓ-ની આશાતનારૂપ ગણાય.

## સાધ્વીઓ પ્રત્યે વિનય

શ્રમણ-શ્રમણીઓના પ્રતિક્રમણમાં 'શ્રમણસૂત્ર'માં 'तेत्तीसाए आसायणाए' (તેત્રીસ પ્રકારની આશાતનાથી) પ્રતિક્રમણ(દુષ્કૃત્યમાંથી નિવૃત્ત થવા માટે)નો પાઠ આવે છે. ત્યાં જેવી રીતે 'साहूणं आसायणाए'(સાધુઓની આશાતનાથી) પ્રતિક્રમણનો પાઠ આવે છે તેવી જ રીતે 'साहूणीणं आसायणाए' (સાધ્વીઓની આશાતનાથી) પ્રતિક્રમણ પાઠ પણ આવે છે. તો પછી શા માટે સાધ્વીઓની આશાતના દ્વારા થતા અવિનય પ્રત્યે જરા પણ ધ્યાન આપવામાં આવતું નથી ?

આ રીતે આ પાઠમાં આગળ વધીને 'सावयाणं आसायणाए' (શ્રાવકોની આશાતના)થી પ્રતિક્રમણનો તથા 'सावियाणं आसायणाऐ'(શ્રાવિકા-ઓની આશાતના)થી પ્રતિક્રમણનો પાઠ પણ આવે છે અને આ પાઠ રોજ પ્રતિક્રમણ કરતી વખતે બોલાય છે, પરંતુ આજે તો શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા સાધુ-સાધ્વીઓને કોઈ હિતકર, યુગાનુરૂપ, ધર્માનુકૂલ

કે સંઘ–કલ્યાણકારી કોઈ વાત સપ્રેમ કે સવિનય કરવામાં આવે તો પ્રાયઃ તેનો અસ્વીકાર કે ઉપેક્ષા થાય છે. ક્યારેક ક્યારેક તો કોઈ સાધુ-સાધ્વીમાં અમુક મહાવ્રતભંગનો દોષ હોય અને કોઈ શ્રાવક–શ્રાવિકા દ્વારા સવિનય નિવેદન કરવા છતાં પણ તેને તેમના ગુરુ યા ગુરુણી દ્વારા દબાવી દેવાનો કે છુપાવી દેવાનો પ્રયાસ થાય છે અને વધારામાં હિતેચ્છુ શ્રાવક–શ્રાવિકાઓને ઠપકો સાંભળવો પડે છે અથવા તો સમાજમાંથી તેમને બહિષ્કૃત કરાવવા સુધીના પ્રયાસો થાય છે. આ શ્રાવક–શ્રાવિકાઓની આશાતના નથી તો બીજું શું છે ? કેટલીક વાર તો હિતેચ્છુ શ્રાવક–શ્રાવિકા જો પ્રેમપૂર્વક સાધુ-સાધ્વીઓને સાવધાન કરે તો તેમને અપશબ્દો બોલીને નવાજવામાં આવે છે અથવા તો તેમને 'શું તમારામાં કોઈ અવગુણ નથી ?' કે 'પહેલાં તમે સુધરો' એવાં મહેણાં મારીને વળતો પ્રહાર કરવામાં આવે છે.

આ પ્રકારના શબ્દો કે દુર્વ્યવહાર શ્રાવક–શ્રાવિકા વર્ગ પ્રત્યે અવિનયી આશાતના આચરવાનું જ લક્ષણ છે. આ રીતે સંઘમાં કોઈ શ્રાવકની પરિસ્થિતિ ખરાબ હોય, આર્થિક તંગી હોય અને તેને લીધે તેને અનીતિના માર્ગે ચાલવું પડ્યું હોય, તો તે સમયે સાધુ-વર્ગ તેની ઉપેક્ષા કરે કે સંપન્ન શ્રાવકવર્ગને સ્વધર્મ ન સમજાવે, નબળી સ્થિતિના શ્રાવકની વાત કાને ન ધરે તો ત્યાં પણ ખરેખર તો આશાતનાનો દોષ રહેલો છે.

આનો અર્થ એ કે સાધુ–સાધ્વીઓ માટે શ્રાવક-શ્રાવિકાની આશાતના કરવી એ દોષરૂપ છે. એવી જ રીતે શ્રાવક-શ્રાવિકા દ્વારા સાધુ-સાધ્વીની આશાતના કરવી તે પણ દોષરૂપ છે. બાહ્ય રીતે 'मत्थएण वंदामि' કે 'इच्छामि खमासमणो वंदिउं' કહીને સાધુ-સાધ્વીઓને વંદન કરવામાં આવે છે, પરંતુ ઉપાશ્રયનાં પગથિયાં ઊતરતાં જ તેમની નિંદા, ચુગલી, તેમના પ્રત્યે ઘૃણા ફેલાવવવાનાં કાર્યો શરૂ કરવામાં આવતાં હોય તો આવું વિનયનું નાટક ઘોર કર્મબંધનનું કારણ બને છે, આ ઘણી મોટી આશાતના અને અવિનય કહેવાય. આ રીતે સાધુ-સાધ્વીઓ દ્વારા કહેવામાં આવેલી હિતકારી, સાચી વાતને ઠુકરાવી દેવી, તેમની

નિંદા કરવી, એમણે દર્શાવેલા શુદ્ધ ધર્મ-માર્ગ પર ન ચાલવું, યુગની પ્રગતિને રોકતી કુપ્રથાઓ તથા હાનિકારક રૂઢિઓમાંથી સાધુ-સાધ્વીઓ બહાર આવવા ઇચ્છે તોપણ શ્રાવકવર્ગ જરાય મચક ન આપતાં સુધારણાના કાર્યમાં અવરોધ નાખવાનો પ્રયત્ન કરે તો એ પણ સાધુ-સાધ્વીઓની અવિનય આશાતના છે.

## સંઘભક્તિનું જ્વલંત દૃષ્ટાંત

શ્રાવકની આશાતના ન કરવાના વિનયનું જ્વલંત અને પ્રેરક ઉદાહરણ ગણધર ગૌતમ સ્વામી અને શ્રમણોપાસક આનંદ અંગેનું આપણને 'ઉપાસક દશાંગ સૂત્રો' નાં પૃષ્ઠો પર મળે છે. આ બંને ભગવાન મહાવીરના સંઘની શોભા હતા. બંનેની જીવનભૂમિ પર ધર્મ સાકાર થયો હતો અને બંને ભગવાન મહાવીરના કૃપાપાત્ર હતા.

વાણિજ્ય ગ્રામની બહાર પોતાની પૌષધશાળામાં આનંદ શ્રાવકે પોતાના જીવનના અસ્તાચળે સંલેખના-સંથારો કર્યો હતો. આ તપ-સાધનાને કારણે આનંદનું શરીર દૂબળું થઈ ગયું હતું. તેમનામાં ઊઠવા-બેસવાની શક્તિ પણ રહી નહોતી. ધર્મસાધના કરતાં કરતાં આનંદને અવધિજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું. સમજદાર માનવી સંપત્તિ મેળવીને પણ ક્યારેય છકી જતો નથી. આનંદે પણ પોતાની રિદ્ધિ-સિદ્ધિનાં કોઈની સામે વખાણ કર્યાં નહીં. યોગ્ય વ્યક્તિનું મિલન થાય ત્યારે તે પ્રગટ કરવાથી કંઈ હાનિ થતી નથી, બલ્કે ક્વચિત્ લાભ પણ થાય છે.

આ બાજુ જ્ઞાન અને તપના સંયોગની મૂર્તિ સમા ગણધર ગૌતમ છઠ્ઠ (બેલે)ના પારણાના દિવસે વાણિજ્યગ્રામમાં ભિક્ષા માટે પધાર્યા હતા. ભિક્ષા લઈને જ્યારે પાછા ફરી રહ્યા હતા ત્યારે પ્રત્યેક વ્યક્તિના મુખેથી ગૌતમે શ્રાવક આનંદની તપસ્યા, સાધના અને ધર્મ આરાધનાનું શ્રદ્ધાયુક્ત યશોગાન સાંભળ્યું, તો તેઓ પણ પોતાની ભાવના રોકી શક્યા નહીં. તેઓ જાતે આનંદ શ્રાવક પાસે પહોંચી ગયા. ગણધર ગૌતમના આગમનને કારણે આનંદના મનમાં આનંદની

કોઈ સીમા રહી નહીં, શરીર તપશ્ચર્યાથી કૃશ થઈ ગયું હતું અને સ્વાગત-સત્કારની ઇચ્છા હોવા છતાં પણ તેઓ ઊઠી શક્યા નહીં. ખિન્ન સ્વરમાં તેઓ બોલ્યા, "ભન્તે, મારી ઊભા થઈને વંદન કરવાની ઇચ્છા હોવા છતાં પણ ઊભો થઈ શકતો નથી. વિનય અને ભક્તિ સહિત મારા પ્રણામ સ્વીકારો." ગૌતમે વંદનાનો સ્વીકાર કર્યો. ભાવપૂર્વક વંદન અને ચરણસ્પર્શ કરીને આનંદે પૂછ્યું, "ભન્તે, ગૃહસ્થને અવધિજ્ઞાન થઈ શકે ખરું?"

ગૌતમ સ્વામીએ કહ્યું, "હા, ચોક્કસ થઈ શકે."

આનંદ શ્રાવક બોલ્યા, "તો ભન્તે! આપની કૃપાથી મને એ પ્રાપ્ત થયું છે. હું પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણમાં પાંચસો પાંચસો યોજન સુધી, ઉત્તરમાં ઊંચા હિમાલય પર્વત સુધી અને ઉપર સૌધર્મ વિમાન સુધી અને નીચે રત્નપ્રભાના લોલુપચ્યુત નરકવાસ સુધીની વાતને જાણી અને જોઈ શકું છું."

ગૌતમ સ્વામીએ શાંત સ્વરે કહ્યું, "આનંદ! શ્રાવક કે ગૃહસ્થને અવધિજ્ઞાન તો થઈ શકે, પરંતુ આટલું લાંબું કે વિસ્તારવાળું ન હોય. આથી તમારા આ આલોચનાયુક્ત કથનની આલોચના કરીને જીવનશુદ્ધિ કરો."

આનંદ નમ્રતાપૂર્વક બોલ્યા, "ભગવાન! શું સત્યની પણ શુદ્ધિ કરવાની હોય?"

ગૌતમ સ્વામીએ કહ્યું, "સત્યમાં અતિશયોક્તિ હોય તો શુદ્ધિ કરવી પડે."

"તો ભન્તે! આપ પણ આપની શુદ્ધિ કરવાની કૃપા કરો." આનંદે નમ્રતાથી કહ્યું.

ગૌતમ સ્વામીને પોતાના વિચારો પર સંદેહ થયો. તેમણે વિચાર્યું—આનંદ બાર વ્રતધારી શ્રાવક છે, તેની ધર્મનિષ્ઠાની પ્રશંસા સ્વયં ભગવાન મહાવીરે કરી છે, તે ક્યારેય અસત્ય ન બોલે. આથી તેની વાતમાં તથ્ય હોય તો પ્રભુને મારે પૂછવું જોઈએ.

ગૌતમ ગણધર ચાર જ્ઞાનના ધારક હતા, છતાંય તેમણે ભગવાન મહાવીર જેવા કેવળજ્ઞાની સૂર્યની ઉપસ્થિતિમાં તેમણે પોતાના ચતુઃ-જ્ઞાનરૂપી દીપકનો ઉપયોગ કરવાનું ઉચિત માન્યું નહીં. તેઓ મૌન ધારણ કરીને ત્યાંથી નીકળી ગયા. પ્રભુની પાસે જઈને પોતાની શંકા રજૂ કરી.

તેઓ વિનયપૂર્વક બોલ્યા, "ભગવાન! કોની ભૂલ થાય છે, મારી કે આનંદની?"

ભગવાન મહાવીરે સ્પષ્ટપણે કહ્યું, "ગૌતમ, ભૂલ તારી છે, આનંદની નહીં. તું પ્રાયશ્ચિત્તનો ભાગી બને છે. આનંદ પાસે જઈને 'મિચ્છા મિ દુક્કડં' માગી આવ."

સાચો અને વિનમ્ર સાધક સત્યને જાણીને ક્રોધાયમાન નહીં, બલ્કે આનંદિત થાય છે. અને સાચો ગુરુ પોતાના શિષ્યના દોષને છુપાવી કે દબાવી દઈને તેનો ખોટો બચાવ કરતો નથી. ભગવાન મહાવીરે એવો બચાવ ન કર્યો કે આ મારો પટ્ટશિષ્ય અને ગણધર છે.

ગણધર ગૌતમ તરત જ આનંદ શ્રાવક પાસે ગયા અને તેમણે પોતાની ભૂલ માટે 'મિચ્છા મિ દુક્કડં'ની ભાવના વ્યક્ત કરી અને ક્ષમા માગી. ગણધર ગૌતમ અને આનંદ બંનેએ સરળતા અને નમ્રતાની મધુર ક્ષણોમાં પરસ્પર ક્ષમાયાચના કરી.

ચૌદ હજાર શ્રમણોના અધિનાયક ગણધર ગૌતમ કેટલા બધા નમ્ર હતા! તેમને સત્ય તરફ કેટલો બધો આદર હતો! સત્યની ઉપાસનામાં તેઓ માન-અપમાનને વચ્ચે ન લાવ્યા. આ રીતે ગણધર ગૌતમ અને આનંદનો આ પાવન પ્રસંગ સંઘ-વિનયનું કેવું ભવ્ય ઉદાહરણ છે!

**ક્રિયા-વિનય :**

શુદ્ધિક્રિયા અથવા શુદ્ધિપૂર્વક ક્રિયા કરનારાઓનો વિનય કરવો તે ક્રિયા વિનય છે, આનો કેટલાક સૂત્રોમાં 'ચારિત્ર્ય વિનય' તરીકે ઉલ્લેખ મળે છે. ક્રિયા કે ચારિત્ર્ય પ્રત્યે વિનય રાખવાનો ભેદ જ એ

છે કે આત્માની સચ્ચાઈથી જે ક્રિયા અને ચારિત્ર્યને યોગ્ય, યુગાનુકૂલ' સત્ય–અહિંસાને પ્રોત્સાહિત કરનાર અને વિકાસશીલ હોય તેના તરફ સતત નિષ્ઠા, શ્રદ્ધા અને આદરભાવ રાખીને તેનું પાલન કરવું. જે કોઈ સાધક આ રીતે ક્રિયાશીલ હોય કે ચરિત્રવાન હોય તેના પ્રત્યે આદર, શ્રદ્ધા અને સન્માન રાખવાં, પરંતુ કોઈ ક્રિયા દંભને વધારનારી હોય, વિકાસની અવરોધક હોય, યુગમર્યાદાની બહાર હોય અને માત્ર દેખાડા તરીકે જ જેનું અસ્તિત્વ હોય અને તેને ક્રમને સતત કર્યે જવું એ ક્રિયા-વિનય નથી. ચારિત્રના નામ પર લોકોને અંધવિશ્વાસ, ચમત્કાર કે જ્યોતિષના ચક્કરમાં ફસાવવા કે વહેમમાં ડુબાડવાના કાર્યને ચારિત્ર-વિનય ન કહેવાય, પરંતુ જે સાધક મૌલિક મર્યાદાઓનું દૃઢતાપૂર્વક પાલન કરતો હોય તે પવિત્ર ચરિત્રયુક્ત પુરુષ સમક્ષ વિનયી બનવું એ જ ચારિત્ર્ય-વિનય છે.

**ધર્મ–વિનય :**

સત્ય, અહિંસા, ન્યાય, બ્રહ્મચર્ય, પ્રામાણિકતા, નીતિ, અસ્તેય, અપરિગ્રહવૃત્તિ આદિ શુદ્ધ અને વ્યાપક સદ્ધર્મના આચારોનું સ્વ-મર્યાદામાં રહીને નિષ્ઠાપૂર્વક પાલન કરવું. ધર્મ ઉપર નિશ્ચલ શ્રદ્ધા રાખવી, સંકટ, ભય કે પ્રલોભન ઊભાં થાય તો પણ ધર્મ પ્રત્યેનો આદર ત્યજવો નહીં, ધર્મથી વિચલિત ન થવું. ધર્મની ઠેકડી ઉડાડીને જનતાને તથા પોતાને ધર્મશ્રદ્ધાવિહીન બનાવવાં નહીં, ધર્મમાંથી વિચલિત થનારને સ્થિરતા આપવી. આ ધર્મ-વિનય છે. અંધારામાં, કોઈ ન જોતું હોય ત્યાં એકાંતમાં પણ ધર્મમાંથી ડગવું નહીં, તે છે ધર્મ–વિનય. કારણ કે ધર્મ-વિનયી સાધક-જાણે છે કે વ્યક્તિ અને સમાજનાં ધારણ, પોષણ, રક્ષણ અને સંશોધન માટે ધર્મપાલનની અનિવાર્ય આવશ્યકતા છે. એ સિવાય સમાજમાં અવ્યવસ્થા ઊભી થશે અને સમાજની સુખશાંતિ નષ્ટ થઈ જશે.

**જ્ઞાન–વિનય :**

જ્ઞાન પ્રત્યે વિનય દાખવવો તે જ્ઞાન-વિનય છે. આ જ રીતે જ્ઞાન–ગુણથી યુક્ત વ્યક્તિ પ્રત્યે વિનયી રહેવું તે જ્ઞાની–વિનય છે. વસ્તુ-સ્વરૂપને સમ્યક્ રીતે જાણવું તે જ શુદ્ધ જ્ઞાન છે. તેનાથી

વિરુદ્ધ અશુદ્ધ જ્ઞાન અજ્ઞાન છે. જ્ઞાન-વિનય ધરાવનારી વ્યક્તિ એટલી નમ્ર હોય છે કે ક્યાંયથી પણ કોઈનીય પાસેથી વાસ્તવિક જ્ઞાન મળતું હોય તો તે તેને ગ્રહણ કરવામાં લેશમાત્ર અચકાશે નહીં. ભલે ગંદી જગ્યાએ સોનું પડ્યું હોય તો પણ કોણ તે લીધા વગર રહે છે? તે જ રીતે જ્ઞાન પણ કોઈની પાસે હોય તેની પાસેથી મેળવી લેવામાં શો વાંધો?

જ્ઞાન કે જ્ઞાની તરફ પાંચ પ્રકારે અવિનય આચરવામાં આવે છે.

૧. પ્રદ્વેષ—જ્ઞાન કે જ્ઞાની પ્રત્યે દ્વેષ કરવો. પોતે જે શાસ્ત્રમાં શ્રદ્ધા રાખતો હોય તે સિવાય ક્યાંય સત્યજ્ઞાન કે જ્ઞાની મળે તો તેનેદ્વેષને વશ થઈને તેનો વિરોધ કરવો તેને પ્રદ્વેષ કહે છે.

૨. નિહ્નવ—જે વ્યક્તિ પાસેથી કે જેના નિમિત્તે જ્ઞાન મેળવ્યું હોય તેનું નામ છુપાવવું.

૩. માત્સર્ય—કોઈ જ્ઞાન અથવા જ્ઞાનીની નિંદા કરવી કે ખોટું દોષારોપણ કરવું.

૪. આશાતના—જ્ઞાન કે જ્ઞાનીની આશાતના કરવી. જે જ્ઞાનદાતા છે તેના તરફ વિનય રાખવો જ જોઈએ. પરંતુ જ્ઞાનનાં શાસ્ત્ર, ગ્રંથ, પુસ્તકાદિ જેવાં સાધનો કે ઉપકરણોનું માન ન રાખવું, તેમને પગ લગાવવો, થૂંક લગાડવું, તેને ફાડી-તોડીને ગંદકીમાં નાખી દેવું, તેના દ્વારા મળેલા જ્ઞાનને આચરણમાં મૂકવાનો પ્રયત્ન ન કરવો તે પણ જ્ઞાનનો અવિનય કરવા સમાન છે, કારણ કે સંપૂર્ણ જ્ઞાન તો તીર્થંકર પાસે છે.

તીર્થંકર કેવળજ્ઞાન દ્વારા જાણીને જે કહે છે, તેની ગણધર વ્યવસ્થિત રીતે શબ્દોમાં રચના કરીને તેને ગૂંથે છે, પછી તે લિપિબદ્ધ થાય છે, તે જ શ્રુતજ્ઞાન કહેવાય છે. આથી જ્ઞાનપંચમીને દિવસે શ્રુતજ્ઞાનનાં પરમ નિમિત્ત શાસ્ત્રાદિનું બહુમાન કરવાની દૃષ્ટિએ વંદના કરવામાં આવે છે. જ્ઞાનની માફક જ્ઞાનનાં પ્રબળ નિમિત્ત શાસ્ત્રાદિ પણ આદરણીય છે.

૫. અન્તરાય—જ્ઞાનપ્રાપ્તિમાં અંતરાય નાખવો, કોઈ જિજ્ઞાસુને જ્ઞાન આપવામાં અચકાવું, જ્ઞાનીઓ દ્વારા થતા જ્ઞાનપ્રસારમાં વિક્ષેપ કરવો અથવા કપટ આચરીને શીખવવું-આ બધાં જ જ્ઞાન પ્રત્યે

અવિનય દાખવવાનાં ઉદાહરણો છે. "जंत्राइद्ध वच्चामेलिय" આદિ ૧૪ પ્રકારની જ્ઞાનની આશાતનાથી બચવું તે પણ જ્ઞાન-વિનય છે.

**સૂરિ(આચાર્ય)-વિનય :**

અગાઉ કહ્યા મુજબ ચાર પ્રકારે આચાર્યોનો વિનય કરવો તે આચાર્ય-વિનય છે. આચાર્ય સંઘમાં આચારપક્ષની રક્ષા કરે છે. તેઓ સ્વયં ધર્માચરણ કરે છે અને બીજાને પણ ધર્માચરણમાં પ્રેરિત કરે છે.

**સ્થવિર-વિનય :**

જે પોતે ધર્મપાલનમાં સ્થિર રહીને સાધુ-સમુદાયને ધર્મપાલનમાં સ્થિર રાખે છે તે સ્થવિર કહેવાય છે. જો કોઈ સાધુ-સાધ્વી પોતાના ધર્માચરણ કે વ્યાપક ધર્મવિચારમાં શિથિલ થતાં હોય તો તેને તે દૃઢ બનાવે છે. વૃદ્ધ કે અનુભવી વ્યક્તિઓની જેમ તેઓ સાધુ-સાધ્વીઓને સુધારવાનો પ્રયત્ન કરે છે. આથી આવા સ્થવિરોનો પૂર્વોક્ત ચારે પ્રકારે વિનય દર્શાવવો તેને સ્થવિર-વિનય કહે છે.

**ઉપાધ્યાય-વિનય :**

ઉપાધ્યાય સંઘમાં જ્ઞાનપક્ષના રક્ષક હોય છે. તેઓ શાસ્ત્રોના પાઠને સુરક્ષિત રાખે છે. શાસ્ત્રના અગાધજ્ઞાનમાં ડૂબકી લગાવીને સાધુ-સાધ્વીઓને અને શ્રાવક-શ્રાવિકાઓને તેઓ જ્ઞાનરત્ન શોધી આપે છે. ઉપાધ્યાય સાધુ-સાધ્વીઓને શાસ્ત્રના સામાન્ય અર્થસહિત પાઠ કરાવે છે, તેથી તેઓ પાઠક પણ કહેવાય છે. પછી આચાર્ય તેનું વિશ્લેષણ કરીને સામાજિક અનુભવના સંદર્ભમાં તેની વ્યાખ્યા આપે છે. આવા ઉપાધ્યાય પ્રતિ વિનય રાખવો તે ઉપાધ્યાય-વિનયતપ છે.

**ગણિ-વિનય :**

ગણિ એ આચાર્યથી નીચેના ક્રમનું સ્થાન છે. એને પ્રવર્તક પણ કહે છે. સાધુઓનાં બધાં નિત્યકર્મોની વ્યવસ્થા ગણિ કરે છે. ગણિ સર્વને પોતપોતાના કર્તવ્યમાં જોડે છે. જે કાર્ય માટે જે યોગ્ય હોય તેને તે કાર્ય સોંપે છે. ગોચરી લાવનારાને ગોચરી લાવવાના કામમાં, વૈયાવૃત્ય(સેવા) કરનારાને વૈયાવૃત્યના કાર્યમાં અને બીજા કામમાં અન્ય યોગ્ય સાધુને નિયુક્ત કરે છે. સાધુ-સાધ્વીઓના પઠન-

પાઠનનો પ્રબંધ પણ ગણિ જ કરે છે. આવા ગણિ પ્રત્યે વિનય પૂર્વોક્ત ચારે પ્રકારે રાખવો તે ગણિ–વિનય કહેવાય.

આ રીતે તેર પ્રકારના વિનયપાત્રની વિશદ છણાવટ સમજીને વિનયતપને જીવનમાં અપનાવવું જોઈએ.

## વિનયનું વ્યાપક સ્વરૂપ

આ વિવરણ પરથી કોઈ એમ ન સમજે કે આ તો ઘરની (જૈન ધર્મના સાધુ-શ્રાવક વગેરેની) જ વાત કરી છે. વાસ્તવમાં જૈન ધર્મ વ્યાપક અને ઉદાર દૃષ્ટિકોણ ધરાવતો ધર્મ છે. આટલા માટે જ વિનય પણ સાધનાના ક્ષેત્રમાં જેટલાં પ્રબળ નિમિત્તો છે એ દરેક પ્રત્યે દર્શાવવાનો છે. પ્રતિક્રમણમાં શ્રમણસૂત્રમાં બોલવામાં આવતા 'तित्तिसाए आसायजए' પાઠથી આ સ્પષ્ટ થાય છે–

"अरिहंताण आसायणाए, सिद्धाण आसायणाए, आयरियाण आसायणाए, उवज्झायाण आसायणाए, साहूण आसायणाए, साहूणीण आसायणाए, सावयाण आसायणाए, सावियाण आसायणाए, देवाण आसायणाए, देवीण आसायणाए, इहलोगस्स आसायणाए, परलोगस्स आसायणाए, केवलिपन्नतस्स धम्मस्स आसायणाए, सदेवमणुआसुरस्स लोगस्स आसायणाए, सव्वपाणभूयजीवसत्ताण आसायाणाए, कालस्स आसायणाए, सुयस्स आसायणाए, सुयदेवयाए आसायणाए, वायणायरियस्स आसायणाए।"

"અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, દેવ, દેવી, ઇહલોક, પરલોક, કેવલીપ્રજ્ઞપ્તધર્મ, દેવ–મનુષ્ય અસુર–સહિત–લોક, સર્વ પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વ, કાળ, શ્રુત, શ્રુતદેવતા, વાચનાચાર્ય–આ બધાં સાધનાનાં પ્રબળ નિમિત્તોની મેં આશાતના કરી હોય તો તેનું હું પ્રતિક્રમણ કરું છું."

ભાઈઓ, વિનયનું આ કેટલું વ્યાપક સ્વરૂપ બતાવ્યું છે! જગતનાં સર્વ પ્રાણીઓ જ નહીં, કાળ, લોક, પરલોક, શાસ્ત્રજ્ઞાન વગેરે બધાં જ પ્રબળ નિમિત્તોનો અવિનય–આશાતના ન કરવાની સાધકે સાવધાની રાખવી અને એમના પ્રત્યે વિનય રાખવો એવી શિખામણ આપી છે. આ પ્રકારે વિનયતપ આત્માની શુદ્ધિ માટે પરમ સહાયક છે.

સ્થળ : જૈનભવન, બીકાનેર
૬ ઑગસ્ટ, ૧૯૪૮

□

૭

# સૌરભ સાચી વૈયાવૃત્યની

ગુલાબના ફૂલની સુવાસથી માનવીનું મન કેવું મહેકી ઊઠે છે! પરંતુ એની ખબર છે ખરી કે ગુલાબે આવી સુવાસ મેળવી ક્યાંથી? એણે આ માટે ભારે તપશ્ચર્યા કરી છે. મુલાયમ ચીકણી માટી વચ્ચે એ રહ્યું છે, કંટકોની વચ્ચે એ જીવ્યું છે અને બીજાઓના હૃદયને આકર્ષિત કરવા માટે પોતાની સુવાસ ફેલાવતું રહ્યું છે. પોતાના શરીરને પણ બીજાને માટે એ ન્યોછાવર કરી દે છે.

આવી રીતે જે વ્યક્તિ પોતાના જીવનમાં સેવાની સુવાસ મેળવવા માટે તપ કરે છે, મુસીબતોના કાંટાની વચ્ચે જીવે છે અને પરોપકાર કાજે રાત-દિવસ એક કરે છે. તે બીજાના હૃદયને આકર્ષિત કરી શકે છે. એનું હૃદય અનેક પરિષહ (કષ્ટ) અને ઉપસર્ગ (આફત) સહન કરતું હોય છે. પોતાના જીવનમાં એ સમર્પણ કરવાનું જાણે છે.

એનું જીવન ઝિંદાદિલીનું જીવન છે. માત્ર શ્વાસોચ્છ્વાસ લેનાર અને દેહની દીવાલોમાં જ રમમાણ તેમ જ પોતાના શરીરસુખમાં જ જીવન સર્વસ્વ માનનાર શ્વાસ લેતો હશે, પણ એની જિંદગી જીવંત હોતી નથી. જે વ્યક્તિ પોતાના દેહ, ઘર આદિના સાંકડા વર્તુળમાંથી બહાર આવીને બીજાના હિત માટે અને બીજાનાં આંસુ લૂછવા માટે કે અન્યના દુઃખદર્દનું નિવારણ કરવા માટે જીવે છે તે જ સાચો શ્વાસોચ્છ્વાસ લેતો ગણાય અને એ જ સાચું જીવન ગણાય. આવું અગરબત્તી જેવું જીવન જાતે બળીને બીજાને સુગંધ પ્રદાન કરે છે અને પોતાની આસપાસના જીવનને સુરભિત કરે છે.

પરહિત કાજે જીવનનો ઉત્સર્ગ કરવામાં જ જેણે સાચો આનંદ માન્યો છે તે જ જીવનનો વાસ્તવિક કલાકાર કહેવાય. બીજાની સેવા માટે કે બીજાનાં દુઃખદર્દ દૂર કરવા માટે જેણે તન, મન, ધન કે સાધનનો ઉપયોગ કર્યો નથી તે વ્યક્તિને પગ હોય તેમ છતાં પંગુ છે, હાથ હોય તેમ છતાં હાથવિહીન છે, કાન હોવા છતાં બહેરો છે, આંખ હોવા છતાં અંધ છે અને શરીરના બધા અવયવો હોવા છતાં વિકલાંગ છે. એની પાસે ધન કે સાધન હોય તોપણ નિર્ધન કે સાધનહીન છે. માનવી બનીને જેણે પોતાની આખી જિંદગીમાં એકેય માનવની સેવા ન કરી હોય તેવા માનવીનું જીવન કંઈ જીવન ગણાય? એના કરતાં તો બાવળનું ઝાડ સારું કે જે ખેતરનું રક્ષણ તો કરે છે. નદી કે તળાવની પાસે કોઈ તરસ્યો જાય તો એની તરસ તો એ છિપાવે છે. કોઈ ફળથી લચી પડેલા વૃક્ષની પાસે થાકેલો પ્રવાસી જાય તો તેને એ વૃક્ષ ઠંડી છાયા, મધુર ફળ અને ફૂલની ખુશબૂ પણ આપે છે. સાચું પૂછો તો આ નાનાં નાનાં પ્રાણીઓ, સ્થાવર જીવો અને એકેન્દ્રિય આત્માઓનું જીવન બીજાઓને કેટલું બધું ઉપયોગી બને છે!

ધરતી આ જગતનાં તમામ પ્રાણીઓને હૂંફાળી ગોદ આપે છે. ધાર્મિક, સદાચારી અને વિદ્વાનની માફક એ પાપી, ચોર અને ડાકુને પણ આશરો આપે છે. હવા તો બધાં પ્રાણીઓ માટે જીવન-આધાર છે. એના વિના તમે અને હું એક દિવસ તો શું, પણ એક કલાક

પણ રહી શકતાં નથી. અગ્નિએ ક્યારેય કોઈને એનો ઉપયોગ કરવાનો ઇન્કાર કર્યો ખરો ? અને વનસ્પતિ તો પોતાને માટે કશું સંઘરી રાખતી નથી. એ તો પૃથ્વી અને પાણી પાસેથી રસ અને સત્ત્વ લઈને બીજાને આપે છે. બધાં પ્રાણીઓને એમના પોષણને અનુરૂપ આહાર આપે છે.

આવાં એકેન્દ્રિય અને સુષુપ્ત ચેતનાશીલ પ્રાણીઓએ આપણા પર કેટલો બધો ઉપકાર કર્યો છે ! કયારેય તમે આ ઉપકારનો બદલો વાળવાનું વિચાર્યું ખરું ? જો મનુષ્ય નહિ હોય તો પણ આ પૃથ્વી, પાણી, હવા, આગ કે વનસ્પતિને કશો વાંધો આવવાનો છે ? ના. સહેજે નહિ. હકીકતમાં તો મનુષ્યને કારણે એમને તકલીફ પડતી હોય છે. જ્યારે આ બધાંના અભાવે મનુષ્યને મોટી ચિંતા થતી હોય છે. આપણી સમગ્ર સભ્યતા અને સંસ્કૃતિ આના અભાવમાં નષ્ટપ્રાયઃ થઈ જાય. આથી 'સ્થાનાંગ સૂત્ર'માં ધર્માચરણ કરનારને માટે સૌપ્રથમ આ ષટ્કાય (સ્થાવર અને ત્રસ) જીવોના આશ્રય અને ઉપકારને અનિવાર્ય બતાવવામાં આવ્યો છે.

### મનુષ્યનો ભાવ-વિકાસ

આવા એકેન્દ્રિય જીવો બીજાને માટે જિંદગી જીવીને પોતાના પ્રાણનું બલિદાન આપે છે, તો મનુષ્યે એ વિચાર ન કરવો જોઈએ કે હું અતિ વિકાસશીલ પંચેન્દ્રિય માનવી થઈને મારા જીવનને માત્ર ખાવા-પીવામાં, પહેરવા-ઓઢવામાં અને આનંદ-પ્રમોદમાં શા માટે વેડફી દઉં ? મારું જીવન તો વિશ્વના પ્રાણીમાત્રને માટે સુખશાંતિદાયક થવું જોઈએ, બીજાં પ્રાણીઓની સેવા અને રક્ષા માટે ન્યોછાવર થવું જોઈએ. આવું સાર્થક્ય ન સધાય તો સાડા ત્રણ હાથની કાયા મળવાનો લાભ શો ? આ તો મનુષ્યનો માત્ર દ્રવ્યવિકાસ ગણાય કે એ એકેન્દ્રિયમાંથી દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિયની ભૂમિકા પાર કરીને પંચેન્દ્રિય અને તેમાં પણ સંજ્ઞી મનુષ્ય બન્યો છે. દ્રવ્યવિકાસની બાબતમાં તો માનવીની તુલનામાં દેવતાઓ બાજી જીતી જાય. કારણકે

ભૌતિક વૈભવ અને સુખ-સાધન મનુષ્ય કરતાં એમની પાસે અનેક ગણાં વધારે છે. દેવોનો આટલો બધો દ્રવ્ય-વિકાસ થયો હોવા છતાં ભાવ-વિકાસની બાબતમાં મનુષ્ય કરતાં ઘણા પાછળ છે. મનુષ્ય-મનુષ્યત્વ, સમ્યક્-દર્શન, વ્રત-ગ્રહણ, મહાવ્રત-ગ્રહણ, કષાય-વિજય, ઇન્દ્રિય-વિજય ઇત્યાદિ સોપાનોને ક્રમશઃ સર કરીને સંપૂર્ણ કર્મક્ષયની ઉચ્ચ ભૂમિકા સુધી પહોંચી શકે છે. એનામાં જેટલો સ્વાર્થ, લોભ, દ્વેષ, મોહ, દ્રોહ અને અલંકારનો બોજ ઓછો થશે એટલી જ ઝડપથી એ ઉત્તરોત્તર ભાવવિકાસ સાધી શકશે.

સામાન્ય કેવલી અને તીર્થંકરમાં જ્ઞાન અને દર્શનની સમાનતા હોવા છતાં બીજાને માટે પ્રાણત્યાગ કરનારા અને પ્રાણીમાત્રની સેવાનો વિરાટ સંકલ્પ ધરાવનારા તીર્થંકર અત્યધિક લોકપ્રિય બને છે, પ્રજા એમને વિશેષ ઓળખે છે અને એમનાં જન્મ, દીક્ષા, નિર્વાણ આદિ કલ્યાણકોના સમયે ખુદ દેવ અને દેવેન્દ્ર પણ આદરપૂર્વક નમે છે. સાચું પૂછો તો પ્રાણીમાત્રની સેવા જ એમને તીર્થંકર જેવા ઉચ્ચ પદ પર પહોંચાડે છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર' આની સાક્ષી આપે છે. એમાં સ્પષ્ટ કહ્યું છે—

प्र०—"वैयावच्चेणं भंते जीवे किं जणयइ?"
उ०—"वैयावच्चेणं तित्थयरनामगोत्तं कम्मं निबंधइ।"

મહામુનિ ગૌતમ ગણધરે ભગવાન મહાવીરને પૂછ્યું, "હે ભગવાન! વૈયાવૃત્યથી આત્મા શો લાભ પ્રાપ્ત કરે છે?" ત્યારે ઉત્તરમાં ભગવાન મહાવીરે કહ્યું, "વૈયાવૃત્યથી આત્મા તીર્થંકર-પદને પ્રાપ્ત કરે છે."

સાચે જ નિઃસ્પૃહતા અને નિષ્કામ ભાવનાથી કરાયેલા વૈયાવૃત્યથી તથા માનવચિત્તમાં આનંદ, ઉલ્લાસ અને શાંતિ વધારનારી પવિત્ર પ્રવૃત્તિ કરવાથી તીર્થંકરપદ પ્રાપ્ત થાય જ ને! પ્રાણીમાત્રની સેવાનો પવિત્ર સંકલ્પ પૂર્ણ થતાં જ તીર્થંકરપદ પ્રાપ્ત કરનાર મહાપુરુષ સ્વકલ્યાણની સાથોસાથ અનંત પ્રાણીઓને દુઃખ અને અશાંતિના

અંધકારમાંથી બહાર નીકળવાનો રસ્તો બતાવીને તેમજ સંસાર–સાગરને પાર કરવા માટે એમને સંઘરૂપી નૌકામાં બેસાડીને પરકલ્યાણ પણ સિદ્ધ કરે છે. આથી જ સામાન્ય–કેવલીની અપેક્ષાએ તીર્થંકર–કેવલી અધિક વંદનીય અને આદરણીય ગણાય છે.

## પુણ્યકાર્ય અને ધર્મકાર્ય

સ્વાભાવિક રીતે જ પ્રશ્ન જાગે કે આવી રીતે ઉચ્ચ પદ પર પહોંચાડનાર અને અનેક ગુણરત્નોના ભંડાર સમું વૈયાવૃત્ય શું છે? સંસ્કૃત ભાષા પ્રમાણે આનો શબ્દશઃ અર્થ કરીએ તો 'व्यावृत्तेर्भावः कर्म वा वैयावृत्त्यम्।' એટલે કે તપમાં વ્યાવૃત્તિથી–પોતાની ઇચ્છાઓ, કષાયો, કામનાઓ, સ્વાર્થો, ઇન્દ્રિયવિષયના ઉપભોગો અને દુર્વૃત્તિથી વિશેષ રૂપે પાછા ફરવાની કે દૂર જવાની ભાવના કે ક્રિયા તે વૈયાવૃત્ય છે.

વર્તમાનયુગની ભાષામાં એ 'સેવા'ના નામથી વધુ પ્રચલિત છે. સેવા વૈયાવૃત્યની વિધેયાત્મક પ્રવૃત્તિ છે. વૈયાવૃત્ય નિષેધાત્મક પ્રવૃત્તિ છે. કારણ કે વાસ્તવિક રીતે સેવા ત્યારે જ થઈ શકે જ્યારે કરનાર વ્યક્તિ પોતાની વિશિષ્ટ ઇચ્છાઓ, કામનાઓ, સ્વાર્થો, દુર્વૃત્તિઓ, કષાયો અને ઇન્દ્રિયવિષયના ઉપભોગોની ઉપલબ્ધિઓને છોડીને અથવા તો એનાથી ઉન્મુખ બનીને ઓછામાં ઓછી આવશ્યકતાઓ અને ઉપલબ્ધિઓથી પોતાનું કામ કરે. આ બાબતોમાંથી વિરક્ત થવાનો પ્રયત્ન કર્યા વિના અથવા તો જીવનને તપાવ્યા વિના સેવા થઈ શકતી નથી. સુખસુવિધાઓમાં ડૂબેલા રહીને અને અતૃપ્ત ઇચ્છાઓના વમળમાં ફસાયેલા રહીને સેવા કરવાનું સ્વપ્ન જોવું તે એવું છે કે આગમાં કૂદીને કે ઝેર પીધા પછી જીવતા રહેવું. આને કારણે જ કોઈ વિરલ વ્યક્તિ નિઃસ્વાર્થ સેવાની અનુગામી બને છે.

ઘણી વ્યક્તિઓ ધર્માર્થે દવાખાનું ખોલે છે; અનાથ અને અપંગને માટે અનાથાલય જેવી સંસ્થાઓ ચલાવે છે; ગરીબો અને ભૂખ્યા–તરસ્યા માટે આહાર–પાણીનો પ્રબંધ કરે છે; ઠંડીથી ધ્રૂજતા લોકોને કામળા વગેરે વહેંચે છે અથવા તો આવાં કાર્યોમાં ઉદારતાથી

તન, મન અને ધનનો સહયોગ આપે છે. વળી આવાં કાર્યોમાં જ્ઞાતિ, જાતિ, ધર્મ-સંપ્રદાય, પ્રાંત વગેરેની સાંકડી દીવાલો ઊભી કરતી નથી. તેઓની આ સેવા એ સાર્વજનિક સેવા જરૂર બને છે પરંતુ એનો સમાવેશ વૈયાવૃત્યની કોટિમાં થઈ શકે નહીં કારણ કે આની પાછળ કોઈ પણ પ્રકારનું તપ હોતું નથી; પોતાની ઇચ્છાઓ, વાસનાઓ, કામનાઓ, સ્વાર્થો, દુર્વૃત્તિઓ, કષાયો અને વિષયોપભોગોની ઉપલબ્ધિઓનો સર્વથા ત્યાગ કરવામાં આવતો નથી. જ્યાં પોતાની નામના કે કામનાની વિશિષ્ટ ઇચ્છાઓ એમ ને એમ જ હોય, કષાયો અને વિષયોપભોગોની આસક્તિ છોડવાનો કોઈ પ્રયાસ હોય નહિ અને જ્યાં પોતાના ક્ષુદ્ર સ્વાર્થોની આહુતિ આપવામાં આવી ન હોય ત્યાં એ તપ કેમ કહેવાય? જ્યાં તપ નથી ત્યાં એ પ્રવૃત્તિ કર્મક્ષય કે નિર્જરાનું કારણ બનતી નહિ હોવાથી એ શુદ્ધ ધર્મ કેમ બને? આથી અગાઉ કહેલાં કાર્યોનો સમાવેશ સેવામાં થતો હોવા છતાં એ સેવા તપસ્યા વધારનારી નથી તેમજ ધર્મકોટિની પણ નથી, માત્ર પુણ્યની કોટિની છે. એને શુદ્ધ ધર્મકાર્ય નહિ બલ્કે પુણ્યકાર્ય કહી શકાય. શુદ્ધ ધર્મની પ્રવૃત્તિમાં તો તપ હંમેશાં પહેલું હોય છે. એમાં પોતાનાં આત્મા, મન, ઇન્દ્રિય અને શરીરને તપાવવાનાં હોય છે, તેમજ એનો વિરોધ કે નિગ્રહ કરવાનો હોય છે. આજની ભાષામાં કહું તો જીવનમાં ક્રાંતિ કરવી પડે છે. ક્રાંતિ ત્યાગ માગે છે, રાહત નહીં.

### પરમ ગહન તપ

આથી જ હું તમને કહેતો હતો કે નિઃસ્વાર્થ અને નિષ્કામ સેવા વૈયાવૃત્યની સમકક્ષ ત્યારે જ આવી શકે જ્યારે એની પાછળ અગાઉ જણાવ્યા પ્રમાણેનું તપ હોય. આથી જ કહેવાયું છે કે,

"सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ।"

'સેવાધર્મ (વૈયાવૃત્ય તપ) અત્યંત ગહન છે, યોગીઓને માટે પણ અગમ્ય છે અર્થાત્ પ્રાપ્ત કરવો કઠિન હોય છે.'

નિષ્કામ સેવામાં વ્યક્તિએ પોતાનાં મન, ઇન્દ્રિયો અને ચિત્તની મહત્ત્વાકાંક્ષાઓનું દમન કરવું પડે છે અને એથી જ એ અઘરી લાગે

છે. નિષ્કામ સેવાભાવીએ ઘણીવાર ખોટા આક્ષેપ, જૂઠી નિંદા, ટીકાઓ અને ધમકીઓ સહન કરવી પડે છે. ક્યારેક સેવક પર એવો આરોપ મુકાય છે કે એ સંસ્થાના રૂપિયા હડપ કરી ગયો છે. ક્યારેક તેજોદ્વેષી અને ઈર્ષાળુ લોકો એને પોતાની ગાળો અને ચાડીચુગલીનો શિકાર બનાવે છે. ક્યારેક એના પર સભ્ય કહેનારા લોકો બદનામી કરી ધૂળ અને કીચડ પણ ઉછાળે છે.

ઘણી વાર સેવાભાવીને કપરી કસોટીનો સામનો કરવો પડે છે. કારણ કે સેવાભાવી વ્યક્તિ સમાજની હિતચિંતક હોવાથી સાચેસાચી વાત કહેશે અને આવી સાચી વાત સમાજની સ્વાર્થી, પરંતુ પ્રતિષ્ઠા-પ્રાપ્ત વ્યક્તિઓને પસંદ પડતી નથી. પરિણામે આવા માણસોને સેવાભાવીઓ આંખના કણાની પેઠે ખૂંચે છે અને તેને સંસ્થામાંથી હાંકી કાઢવાનો પ્રયત્ન કરે છે. આ કારણે જ વૈયાવૃત્યની કોટિમાં આવનારી સેવા તપશ્ચર્યા છે. અગ્નિપરીક્ષામાંથી પાર ઊતર્યા પછી જ સાચી સેવા સિદ્ધ થાય છે.

આવે સમયે સેવક મૌન રહે છે અને જો એ એને વિશે ગમે તેવા આક્ષેપો કરનારને કશો ઉત્તર આપે નહિ તો લોકો કહે છે કે આ તો મૂર્ખ છે. જો એ સમાજની સમક્ષ પોતાની વાત યોગ્ય રીતે વિસ્તારથી રજૂ કરે તો કહે કે આ વાતોડિયો, પ્રવચનખોર કે બડબડાટ કરનાર છે. જો સમાજની ટીકાઓને ચૂપચાપ સહન કરી લે તો એને ડરપોક માનવામાં આવે છે. જો ખોટી વાતોને સહન કરવાને બદલે એની સામે અહિંસક રીતે પ્રતિકાર કરે તો એને એમ કહીને ઉતારી પાડવામાં આવે કે એ ખાનદાન નથી. જો સમાજ–સેવક સેવ્ય વ્યક્તિઓની આસપાસ જ રાતદિવસ ફરતો રહે તો એમ કહેવાય કે આ તો ધીઠ છે. જો સેવાપાત્રોથી સેવક દૂર રહે તો એમ કહેવાય કે સેવક બેદરકાર છે. આથી જ નિષ્કામ અને નિઃસ્વાર્થ સેવા ઘણી દુષ્કર છે.

વળી, જેની સેવા કરવા ઇચ્છે છે તેને અનુરૂપ કે અનુકૂળ પણ થવું પડે છે. ધનવાનનો ચમકદાર પોશાક પહેરીને અને કેટલાંય

ઘરેણાં પહેરીને ગરીબોની સેવા કરવા જનાર એમનામાં ઓતપ્રોત થઈ શકતો નથી. ગરીબોની સેવા કરવા ઇચ્છનારે સ્વેચ્છાએ ગરીબી ધારણ કરવી પડે છે.

મહાત્મા ગાંધીજી રેલવેમાં ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા હતા. શું એમની પાસે પ્રથમ વર્ગની ટિકિટના પૈસા નહોતા ? એક વાર કોઈએ એમને પૂછ્યું,

'બાપુ, તમે ત્રીજા વર્ગમાં શા માટે મુસાફરી કરો છો ? ભારતના રાષ્ટ્રપિતા ત્રીજા વર્ગમાં મુસાફરી કરે તે સહેજે શોભારૂપ ગણાય નહીં.'

મહાત્મા ગાંધીજીએ નમ્રતાથી ઉત્તર આપ્યો,

'હું ત્રીજા વર્ગમાં મુસાફરી એ માટે કરું છું કે મારે જેમની સેવા કરવી છે તેઓ ત્રીજા વર્ગમાં બેસીને મુસાફરી કરે છે. હું ભારતના અગણિત દીન અને હીન લોકોનો સેવક છું. જેની સેવા કરવી હોય તેની માફક જ સેવકે રહેવું જોઈએ. જો રેલવેમાં ચોથો વર્ગ હોત તો હું એમાં મુસાફરી કરતો હોત.'

## સેવા સોદો નથી

આમ સેવા કરનારે ઘણી મોટી તપશ્ચર્યા કરવી પડે છે. રસ્તે ચાલતા કોઈ ગરીબ કે દુઃખીને જોઈને પૈસા ફેંકીને ચાલ્યા જઈએ અથવા તો કોઈ સંસ્થાને થોડી આર્થિક સહાય આપીએ તો એટલી સેવાથી તપ થાય નહીં અને તે વૈયાવૃત્યની કોટિમાં આવે નહિ. ગરીબ તરફ પૈસો ફેંકવા માટે કોઈ તપશ્ચર્યા કરવી પડતી નથી. વૈયાવૃત્યની કોટિની સેવામાં તો તન અને મન ઘસવાં પડે છે. સાધનની વાત તો એ પછી આવે છે.

એક વાર જેઠ મહિનાના ધગધગતા તાપમાં બપોરના સમયે એક શેઠ અને પંડિત ઊંટ પર બેસીને રણમાંથી પસાર થતા હતા. રસ્તો ઘણો લાંબો હતો. એક ગામની નજીક આવ્યા ત્યારે એમણે જોયું કે એક બીમાર માણસ જમીન પર પડ્યો પડ્યો ચીસો પાડે છે. એ ઊભો થઈ શકતો નહોતો. એની સ્થિતિ ઘણી દયાજનક હતી. કોઈ

એને સહાનુભૂતિના બે શબ્દો પણ કહેતું નહોતું. જ્યારે શેઠ અને પંડિત એ બીમારની પાસે પહોંચ્યા ત્યારે એમણે એમનું ઊંટ અટકાવી દીધું. સૌપ્રથમ પંડિતજીએ પોતાની વાગ્ધારા વહેવડાવતાં કહ્યું,

"અરે ભાઈ, આમ ચીસો પાડવાથી કે રડવાથી શું વળશે? તેં જેવાં કર્મ કર્યાં છે તેવું ફળ તને મળી રહ્યું છે. તેં ખરાબ કર્મ કર્યા પછી હવે આમ રડવાથી શો ફાયદો? સંસારનો તો નિયમ છે કે આ હાથે આપો અને પેલા હાથે લો."

'આ વિષયમાં પંડિતજી શાસ્ત્રમાંથી એક પછી એક પ્રમાણ ટાંકીને બોલવા લાગ્યા. પેલા બીમારને બિચારાને ઉપદેશની જરૂર નહોતી. શેઠે પંડિતને કહ્યું,

"અરે, આપનો પંડિતાઈથી ભરેલો આ ઉપદેશ શા કામનો?"

પંડિતજીએ કહ્યું, "અમારાથી જે કામ થઈ શકે એમ હતું તે અમે કર્યું."

શેઠે ખિસ્સામાં હાથ નાખ્યો અને જે કંઈ પૈસા હતા તે બધા ઊંટ પરથી નીચે ફેંકતાં કહ્યું, "ભાઈ! આનાથી તારો ઉપચાર કરાવી લેજે. બીજું તો અમે શું કરી શકીએ?"

વેદનાથી વ્યાકુળ બીમારે સિક્કાને જોયા, પણ એનામાં તો ઊભા થઈને લેવાની શક્તિ પણ નહોતી. આ પરિસ્થિતિમાં ઊંટવાળાએ કહ્યું, "અરે પંડિતજી! તમારું જ્ઞાન આને શું કામનું? અને શેઠજી તમારા સિક્કા પણ એને શું મદદરૂપ થવાના? તમે આગળ ચાલો. હું આવી રહ્યો છું. મારી પાસે બીજું કશું નથી, પરંતુ શરીર અને મનની સાચી ભાવના છે તેનો હું ઉપયોગ કરીશ."

શેઠ અને પંડિત બંને આગળ ચાલ્યા. ઊંટવાળાએ બીમારને પોતાના ખભા પર ઉપાડી લીધો, શેઠે નાખેલા જે કાંઈ પૈસા હતા તે બીમારના કપડાને છેડે બાંધી આપ્યા, અહીંથી થોડે દૂર આવેલા ગામના દવાખાને પહોંચાડ્યો. દવાખાનામાં દાખલ કરાવ્યો અને પેલા

પૈસાથી એના રહેવાની અને ભોજનની વ્યવસ્થા કરીને બાકીના પૈસા આપતાં કહ્યું,

"ભાઈ! હવે હું તારી વિદાય લઉં છું. મારાથી જે થઈ શકે તે મેં કર્યું. આનાથી વધુ કરી શકવાનું મારું ગજું નથી."

બીમાર માનવીએ માથું નમાવીને એને અંતરના આશીર્વાદ આપતાં કહ્યું,

"ભાઈ! તેં મારે માટે ઘણું કર્યું. ભગવાન તને દીર્ઘાયુ બનાવે."

આ ત્રણ વ્યક્તિમાંથી કોની ક્રિયાને તમે તપ કહેશો? એ હકીકત છે કે ઊંટવાળાની ક્રિયાની પાછળ તપ રહેલું છે તેથી એની સેવા જ વૈયાવૃત્યની કોટિમાં આવે. ઊંટવાળાએ કરેલી સેવાની પાછળ તન અને મન બંનેનો ઉત્સર્ગ હતો. પંડિત અને શેઠે જે કંઈ કર્યું તેને પુણ્યકાર્ય કે રાહતકાર્ય ત્યારે જ કહેવાય કે જ્યારે એની પાછળ એના પ્રત્યે સહૃદયતાની ભાવના હોય, આપવામાં આવેલા પૈસા નીતિ-ન્યાયથી મેળવેલા હોય અને શુદ્ધ નિઃસ્વાર્થ ભાવથી આપવામાં આવ્યા હોય તો એ સેવા પુણ્યોપાર્જન કરનારી ગણાય. ક્યારેક તો કોઈ સંસ્થામાં થોડી રકમ આપીને પ્રશંસા, પ્રતિષ્ઠા કે નામના કમાવાની ભાવના રખાય છે. અહીં આ સેવા નથી, પણ સોદાબાજી છે. ક્યારેક સેવાની ઠેકેદાર બનીને વ્યક્તિ પોતાના જીવનને શુદ્ધ ધર્માચરણયુક્ત બનાવતી નથી કે ન તો યોગ્ય રીતે સમાજની સેવા કરે છે, બલ્કે ઘણીવાર સમાજસેવાને નામે મળેલી રકમ પણ હડપ કરી જાય છે. આ સેવા નથી, પણ વ્યાપાર છે. આવી સોદાબાજી કે વેપારીવૃત્તિ છોડીને અથવા તો પદ, પ્રશંસા કે પ્રતિષ્ઠાના પ્રલોભનને તિલાંજલિ આપી કશાય બદલાની આશા રાખ્યા વગર જે મદદ કરવામાં આવે અને પોતાની ભૂમિકાને અનુરૂપ વ્રતનું આચરણ કરવામાં આવે એ જ સેવા વૈયાવૃત્ય તપ ગણાય.

## સેવાનો વ્યાપ

સેવા કે વૈયાવૃત્યની કોઈ સીમા આંકી શકાય નહીં. પોતાની શક્તિ દબાવવા કે છુપાવવાને બદલે જેટલી વધુ સેવા થઈ શકે

તેટલી જરૂર કરવી જોઈએ. પરંતુ સેવાનો વ્યાપ વધવાની સાથોસાથ મનની ક્ષિતિજનો પણ વ્યાપ વધવો જોઈએ. આમ બનશે નહીં તો સેવા પણ માત્ર જુદા જુદા લેબલ પર જ ચોંટેલી રહેશે.

સેવાની અમૃતધારામાં મનની સંકીર્ણતા વિષરૂપ ગણાય. તમે એમ વિચારતા હશો કે હું તમને શું કહી રહ્યો છું. શું અમે અમારી જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય કે દેશની સેવા ન કરીએ? જેટલી અમારી હેસિયત છે એટલી તો સેવા કરવી જોઈએ ને? હું તમને તમારી જ્ઞાતિસેવાનો ઇન્કાર કરતો નથી, પરંતુ એની સાથોસાથ બે બાબત જરૂર સમજાવીશ. એક તો એ કે પોતાના વર્તુળની સેવા કરતી વખતે જ્યારે પણ વિશાળ વર્ગની સેવા કરવાનો પ્રસંગ આવે ત્યારે કોઈ બહાનું બતાવવું નહીં કે તક ચૂકવી નહીં. તમારી શક્તિ માત્ર પરિવારની સેવા સુધી જ સીમિત હોય, પરંતુ માની લો કે સમાજ કે રાષ્ટ્ર પર કોઈ સંકટ આવે ત્યારે તમારી તન, મન અને ધનથી સહેજે પાછી પાની કર્યા વિના સેવા કરવી જોઈએ. આવે વખતે મનને સંકુચિત બનાવશો નહિ. બીજી વાત એ પણ છે કે તમારા વર્તુળમાં પણ તમે વૈયાવૃત્ય કોટિની સેવા કરજો. જો તપશ્ચર્યા વિનાની પરંતુ શુભ ભાવનાથી નિષ્કામપણે અને નામના-કામના વિના કરવામાં આવેલી સેવા હોય તો જરૂર પુણ્યદાયી બનશે. આ સમયે એની તપ કરવામાં આવે તો સોનામાં સુગંધની માફક એ વૈયાવૃત્ય કોટિની સેવા બનશે. એમાં તપને યોજવા માટે તમારા જીવનને પણ શુદ્ધ ધર્માચરણની પ્રવૃત્તિયુક્ત અને એમાં કાયકલેશ તપ (શરીર-શ્રમ આપીને સેવા કરવી) વધારવાં પડશે. વળી પોતાના વર્ગની સેવા પણ ત્યારે જ થશે કે જ્યારે તમે એ વ્યક્તિને સુસંસ્કારી બનાવી ધર્મમાર્ગ પર લાવવાનો યત્ન કરશો. જેમ કે તમારે પરિવારની સેવા કરવી હોય તો તે સેવા પરિવારના ભોજન, કપડાં અને શિક્ષણની વ્યવસ્થા સુધી જ સીમિત સમજશો નહીં, કારણ કે આટલી સેવા તો તમારા કર્તવ્ય રૂપે આવે છે. એ પુણ્યફળદાયી જરૂર બની શકે, પરંતુ તમે પરિવારની સેવા કરતી વખતે એવો પણ વિચાર કરજો કે પરિવારનો

કોઈ સભ્ય બિનજરૂરી ચીજવસ્તુઓ તો નથી માગતો ને? અથવા તો કોઈ અનુચિત માગની પૂર્તિ તો કરતો નથી ને? વળી એ પણ વિચારવું જોઈએ કે એ ખોટી કમાણી તો કરતો નથી ને? અથવા તો નકામી બાબતોમાં તો ખર્ચ કરતો નથી ને? કોઈ ખરાબ કે વ્યસનની પ્રવૃત્તિમાં તો પડયો નથી ને?

પરિવારની અનુચિત માગણી, જરૂરિયાત કે ખર્ચને પૂરા પાડવા માટે તમે સંમત થાઓ તો એનો અર્થ એ થયો કે તમે પરિવારની સેવાને બદલે કુસેવા વધુ કરી રહ્યા છો. આવે વખતે દૃઢતાપૂર્વક પગલાં ભરવાં જોઈએ. કે જેથી યોગ્ય માગણી કે જરૂરિયાતની પૂર્તિ માટે શુદ્ધ ધર્મની દૃષ્ટિ પરિવારમાં કેળવાય અને સુસંસ્કારી બને તો તે આપની સેવા ભલે કોઈ નાનકડા ક્ષેત્રમાં સીમિત હશે તોપણ વૈયાવૃત્ય તપની કોટિમાં આવશે.

### મહાત્મા ગાંધીનું સેવાવ્રત

વાસ્તવમાં તો વૈયાવૃત્ય ત્યારે જ તપ બને છે જ્યારે એમાં શરીર પાસેથી પણ ધર્મપાલનનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય. ધર્મ-માર્ગમાં પ્રવૃત્ત કરવા, ધર્મથી વિચલિત થતા લોકોને સ્થિર કરવા અને એમને સ્વાવલંબી બનાવીને ધર્મસંસ્કાર વગેરે આપવા જેવાં કાર્યોને વૈયાવૃત્ય તપ કહેવાય છે.

બિકાનેરના શ્રાવક સુમેરમલજી સુરાણાએ પોતાના પિતાની વૃદ્ધાવસ્થામાં અંતિમ સમયે જે સેવા કરી તે સહુ કોઈ જાણે છે, પરંતુ એથીયે વધુ પ્રશંસનીય બાબત એ છે કે પોતાની પત્નીનો સ્વર્ગવાસ થતાંની સાથે જ ૩૬ વર્ષની ઉંમરે પૂર્ણ બ્રહ્મચર્ય પાલનનું વ્રત લીધું. પરિવારને માટે આ બાબત પ્રેરણાદાયક બની રહી. આમ ભલે તમારી સેવાની સૌરભ માત્ર પરિવાર સુધી જ વિસ્તરેલી હોય, પરંતુ એની સાથો સાથ આ બે બાબતો વિશે ખાસ ધ્યાન રાખવું. આ પ્રકારના પરિવારથી આગળ વધીને જ્યારે તમે જ્ઞાતિ, સંપ્રદાય, સમાજ, ધર્મ, રાજ્ય અને રાષ્ટ્ર સુધી સેવાનું ફલક વિસ્તારો ત્યારે પણ આ બે બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

મહાત્મા ગાંધીજીએ દેશસેવાનું વ્રત લીધું ત્યારે એમણે પણ આ બે બાબતો વિશે વિશેષ ધ્યાન આપ્યું હતું. એમણે રાષ્ટ્રસેવાનું વ્રત લીધું, પરંતુ જરૂર પડી ત્યારે બીજાં રાષ્ટ્રોને પણ મદદ કરી. બીજી બાજુ ગાંધીજીએ રાષ્ટ્રવાસીઓની અનુચિત માગણીઓનું ક્યારેય સમર્થન કર્યું નહીં. પોતાનું રાષ્ટ્ર, જ્ઞાતિ, સંપ્રદાય, રાજ્ય કે પરિવાર આદિની સેવા માટે બીજાં રાષ્ટ્રો, જ્ઞાતિઓ, સંપ્રદાયો, રાજ્યો કે પરિવારો પ્રત્યે દ્વેષ રાખવો, એમનું ખંડન કરવું, એમને નીચાં દેખાડવાં, લોકદૃષ્ટિએ હલકાં પાડવાં અથવા તો એમને હાનિ પહોંચાડવી સહેજે ઉચિત ગણાય નહીં. રાષ્ટ્રસેવાનો ભેખ લેતી વખતે મહાત્મા ગાંધીજીએ એક બીજી પણ વાત કરી અને તે એ કે એમણે બ્રહ્મચર્યપાલનની પ્રતિજ્ઞાની સાથોસાથ સ્વજીવનને વ્રતબદ્ધ અને ધર્મમય બનાવ્યું હતું. આથી જ એમની રાષ્ટ્રસેવાને આપણે વૈયાવૃત્યની કોટિમાં મૂકી શકીએ. એટલું જ નહીં પણ ગાંધીજીએ રાષ્ટ્રસેવા માટે ઉત્સુક બધા જ રચનાત્મક કાર્યકરોને પણ વ્રતબદ્ધ કર્યા હતા.

સાધર્મીની સેવાને શાસ્ત્રોમાં એ માટે સ્થાન આપવામાં આવ્યું છે કે સાધર્મી-સેવા કરનારો પોતાના જીવનને (ગૃહસ્થ હોય તો ગૃહસ્થના અને સાધુ હોય તો સાધુના) વ્રતથી સંપન્ન કરે છે અને તેની સાથોસાથ જ સાધર્મીના જીવનને ધર્મમાર્ગ પર વાળે છે કે ધર્મભાવ પર સ્થિર કરે છે. વળી જો એ સાધર્મીનું જીવન પહેલેથી ધર્મમાર્ગમાં પ્રવૃત્ત હોય તો તેની સેવા કરીને ધર્મભાવને પ્રોત્સાહન આપે છે.

શ્રીકૃષ્ણવાસુદેવે જ્યારે અરિષ્ટનેમિ પ્રભુ પાસેથી પોતાના જીવનનું મંગલ ભવિષ્ય સાંભળ્યું અને તેની સાથોસાથ દ્વારકાનગરીના વિનાશની દુઃખદ વાત પણ સાંભળી એ સમયથી જ એમણે મનમાં સંઘનું વૈયાવૃત્ય (સેવા) કરવાનું નક્કી કર્યું. એમણે તત્કાળ ઘોષણા કરાવી કે દ્વારકાનગરીના જે જે નાગરિક ભગવાન અરિષ્ટનેમિની પાસે સાધુ કે સાધ્વી બનવા માગતા હોય તેઓ આનંદથી સાધુતા ગ્રહણ કરે. એમના કુટુંબના ભરણપોષણની જવાબદારી મારે શિરે લઉં છું.

આથી જેમને ધર્મમાર્ગે પ્રયાણ કરવું હોય તેઓ ઉલ્લાસભેર ધર્મ-માર્ગમાં ગતિ કરે.

બસ, આવી ઘોષણા સાંભળીને હજારો ભાઈબહેન સાધુધર્મમાં દીક્ષિત થયાં અને શ્રીકૃષ્ણે એમના પરિવારના ભરણપોષણની સઘળી જવાબદારી નિભાવી. આવા સાધર્મી (સંઘ) વૈયાવૃત્ય અને ધર્મમાર્ગમાં સહાયક થવાને કારણે શ્રીકૃષ્ણવાસુદેવ ભાવિ તીર્થંકર બન્યા.

આ બધાની અપેક્ષાએ સૌથી વિશાળ ક્ષેત્ર તો વિશ્વના પ્રાણી-માત્રની સેવા–વૈયાવૃત્યનું છે. પંચમહાવ્રતધારી, વિશ્વકુટુંબી, સાધુ-સાધ્વી આનો સ્વીકાર કરે છે. વિશ્વવૈયાવૃત્યનું વ્રત લઈને તેઓ પોતાના જીવનને તો મહાવ્રતબદ્ધ અને સાધનામય બનાવે છે, પરંતુ એની સાથોસાથ જગતનાં મનુષ્યોને પણ ધર્મના સંસ્કાર આપીને વ્રતબદ્ધ બનવાનો પ્રેરણા આપે છે અને તેવા બનાવે પણ છે; ધર્મથી વિચ-લિત થનારાઓને તેઓ ધર્મમાં સ્થિર કરે છે અને ધર્મરુચિ ધરાવનારાઓને ધર્મમાં પ્રોત્સાહિત કરે છે. પરિણામે એમના દ્વારા કરવામાં આવતી વૈયાવૃત્ય નિઃશંકપણે તપની કોટિમાં સમાવેશ પામે છે.

## વ્રતબદ્ધ જનસેવા

રાજગૃહી નગરીમાં એક બાજુ મગધસમ્રાટ શ્રેણિક હતા તો બીજી બાજુ એ મગધની ભૂમિમાં આધ્યાત્મિક જગતના સૂર્ય સમાન પ્રભુ મહાવીર પણ આવ્યા હતા. આજે અઢી હજારથી પણ વધુ વર્ષો વીતી ગયાં હોવા છતાં લોકો ભગવાન મહાવીરનું નામસ્મરણ કરે છે, પ્રતિવર્ષ લાખો માનવીઓ એમની જયંતી ઊજવે છે તેમ જ મંદિરમાં એમની પ્રતિમા રાખીને પૂજા કરે છે. બીજી બાજુ સમ્રાટ શ્રેણિકનું ભાગ્યે જ આજે કોઈ નામ લે છે, ત્યાં વળી એમની જયંતીની ઉજવણી કે મંદિરમાં એમની મૂર્તિની પૂજાની તો વાત જ ક્યાં રહી ?

તમે ક્યારેય આના રહસ્યની શોધ કરી છે ખરી ? દુનિયા શા માટે ચક્રવર્તી કે સમ્રાટને ભૂલી જાય છે અને એક નિષ્પરિગ્રહી સંતનું સ્મરણ કરીને એના પ્રત્યે શ્રદ્ધાની પુષ્પાંજલિ ચડાવે છે? માત્ર લંગોટીધારી મહાત્મા ગાંધીને ભારત જ નહિ પણ વિશ્વની

પ્રજા કેટલી શ્રદ્ધા અને ભક્તિથી જુએ છે! એમના નામનું સતત રટણ કરે છે. કેટલાંય વિદ્યામંદિર અને સંસ્થાઓ એમનું નામ ધરાવે છે. આનું કારણ શું? આનું રહસ્ય એ છે કે એમણે પોતાનું સમગ્ર જીવન લોકસેવામાં સમર્પિત કરીને કોટિ કોટિ માનવીઓના હૃદયમાં શુદ્ધ ધર્મની જ્યોત જગાવી કલ્યાણનો પંથ દર્શાવ્યો હતો. વળી આ સેવા જાતે મહાવ્રતબદ્ધ જીવન વિતાવીને, અનેક કષ્ટો સહન કરીને અને પોતાની જાતને તપ અને સંયમની કસોટીમાંથી પસાર કરીને કરી હતી. આવી વૈયાવૃત્યની વિરાટ સૌરભને કારણે જ કરોડો માનવીઓ એમના પ્રત્યે આકર્ષાયા હતા.

## શાશ્વત ફલપ્રાપ્તિ

તપસ્યાઓનું ફળ ક્વચિત્ મોડું મળે, પરંતુ વૈયાવૃત્ય તપનું ફળ તો તત્કાળ સાંપડે છે, કારણ કે આવું તપ કરનારના અભિમાન આદિ અવગુણો આપોઆપ નષ્ટ થઈ જાય છે અથવા તો નષ્ટ કરવા પડે છે. નિરભિમાની થયા પછી કરાતા વૈયાવૃત્યથી વ્યક્તિને પોતાને શાંતિ સાંપડે છે અને બીજાના અંતઃકરણના આશીર્વાદ મળે છે, એની પ્રશંસા અને યશકીર્તિ પણ વધતી રહે છે. આ બધા ઉપરાંત પણ વૈયાવૃત્ય કરનારના કષાયાદિ ઉપશાંત થવાને કારણે એના કર્મની નિર્જરા શીઘ્ર થઈ જાય છે. બીજાને માટે પોતાની જાત ઘસી નાખતી વખતે સ્વયંને પણ હૃદયમાં શાંતિ સાંપડે છે. આથી જ કહેવાયું છે–

"वेयावच्चं नियमं करेह, उत्तमगुणे धरंताणं ।
सव्वं किर पडिवाई, वैयावच्चं अपडिवाई ॥१॥
पडिभग्गस्स मयस्स व, नासइ चरणं सुअं अगुणणाए ।
न हु वेयावच्चं चिअ, असुहोदयं नासए कम्मं ॥"

"ઉત્તમ ગુણવાનની નિયમિત સેવા (વૈયાવૃત્ય) કરવી જોઈએ. બીજા ગુણ કદાચ નષ્ટ પણ થઈ જાય, પરંતુ વૈયાવૃત્યનો ગુણ અપ્રતિપાતી હોવાથી ક્યારેય નષ્ટ થતો નથી. આ ગુણને કારણે પ્રાણીનું ક્યારેય પતન થતું નથી. અભિમાનને કારણે ભ્રષ્ટ થયેલી વ્યક્તિનું ચારિત્ર્ય નષ્ટ થાય છે અને પુનરાવૃત્તિ કર્યા વગર શ્રુતજ્ઞાન નષ્ટ થાય

છે, પરંતુ વૈયાવૃત્ય ગુણ કદાપિ નષ્ટ થતો નથી બલ્કે એ અશુભ રૂપમાં ઉદય પામેલાં કર્મોનો નાશ પણ કરે છે."

પ્રભુ મહાવીરને ગૌતમ ગણધરે પૂછ્યું, "પ્રભુ! વૈયાવૃત્ય કરવાથી જીવને શો લાભ થાય છે?"

ભગવાન મહાવીરે કહ્યું, "હે ગૌતમ! વૈયાવૃત્ય કરનાર જીવ નીચ ગોત્ર-કર્મથી બંધાતો નથી."

આ પાઠ આ રીતે છે–

"वेयावच्चेणं भंते जीवे किं जणयइ ?
गोयमा ! निच्चगोयं कम्मं न बंधइ ।"

આ રીતે વૈયાવૃત્ય તપનું સ્વરૂપ સમજીને તમે પણ તમારા જીવનમાં વૈયાવૃત્યની સૌરભ ફેલાવશો તો પ્રજા આપોઆપ તમારી પાસે ખેંચાઈને આવશે; તમે જંગલમાં જશો તો પ્રજા જંગલમાં આવશે; માત્ર શરત એટલી કે એ વૈયાવૃત્ય-તપની નિષ્કામ સાધના હોવી જોઈએ.

સ્થાન : જૈનભવન, બીકાનેર
૮ ઑગસ્ટ, ૧૯૪૮.

□

સાત

# ઉત્તમ પાત્રની વૈયાવૃત્ય

કોઈ પણ ભૂમિ પર ખેતી કરતાં અગાઉ ખેડૂત એ જુએ છે કે આ ધરતી ઊષર તો નથી ને? બી નાખતાં અગાઉ પહેલો વિચાર કરે છે કે આ પથ્થરિયા ભૂમિ તો નથી ને? જો એ ફળદ્રુપ ભૂમિમાં બી વાવે છે તો એ બી ઊગી નીકળે છે અને એક દિવસ ધાન્યના રૂપમાં એનું સુંદર ફળ મેળવે છે, પરંતુ ઉજ્જડ કે પથરીલી ભૂમિમાં બી વાવે તો એ બી નકામું જાય છે જ; વળી એનો શ્રમ નિરર્થક થાય છે અને એ કશુંય ફળ મેળવતો નથી.

વૈયાવૃત્યની બાબતમાં આવું જ કહી શકાય. જે વ્યક્તિ વૈયાવૃત્ય-તપમાં પોતાનાં શરીર અને મનની એકાગ્રતા સાધીને પ્રયત્ન કરે છે તેને ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. વૈયાવૃત્યનું બીજ ઉત્તમ પાત્રો કે મધ્યમ પાત્રોમાં નાખવાને બદલે જો

અપાત્ર કે કુપાત્રમાં નાખવામાં આવે તો એને યથેચ્છ ફળ મળતું નથી; એનો શ્રમ અને એનું બી પણ મોટેભાગે વ્યર્થ જાય છે.

ઉત્તમ પાત્રની વૈયાવૃત્ય કરવાથી સૌથી મોટો લાભ એને એ થાય છે કે એને વિશ્વની વૈયાવૃત્ય કરવામાં સુગમતા રહે છે. આવાં ઉત્તમ પાત્ર જગતના જીવોને ધર્મના શુદ્ધ માર્ગ અને કલ્યાણમાર્ગ પર લાવે છે તેથી એમની વૈયાવૃત્ય કરવાથી પરોક્ષ રૂપે સમગ્ર જગતની વૈયાવૃત્યનાં સમર્થન અને સહયોગનો લાભ મળે છે. આવાં ઉત્તમ પાત્રો પોતે શુદ્ધ ધર્મનું ઉત્કૃષ્ટ રૂપે પાલન કરે છે તેથી પણ વૈયાવૃત્ય કરનારને લાભ થાય છે. આ દૃષ્ટિએ વિચારીએ તો ઉત્તમ પાત્રોની વૈયાવૃત્ય કરનાર માત્ર ઉત્તમ પાત્રોની જ વૈયાવૃત્ય કરતા નથી, પરંતુ વ્યાપક પણે ધર્મની વૈયાવૃત્ય કરે છે.

## ઉત્તમ પાત્રને સહયોગ

ઉત્તમ પાત્રો પ્રત્યે હૃદયમાં વિનય, ભક્તિ અને સરળતા ધરાવનાર જ એમની યોગ્ય રીતે વૈયાવૃત્ય કરી શકે છે. ઉત્તમ પાત્રો એટલે કે સાધુસાધ્વીઓની વૈયાવૃત્ય. એમને માટે કલ્પનીય, એમની પ્રકૃતિને અનુકૂળ તેમ જ એમની સાધુમર્યાદાને યોગ્ય વસ્તુ કે સહયોગ આપીને જ થઈ શકે છે. સાધુ–સાધ્વીને એમના આહારમાં સચિત્ત-વસ્તુ કલ્પનીય હોતી નથી. એમને આહારમાં કે ઔષધમાં આવી સચિત્ત-વસ્તુ આપીએ તો એમની યોગ્ય વૈયાવૃત્ય નહીં થાય. બીજા મંદિરોમાં દેવોને ઘી ચડાવવામાં આવે છે, પરંતુ ભૈરવજીના મંદિરમાં તો તેલથી જ પૂજા કરવી ઉચિત મનાય છે. આ રીતે બીજા સંન્યાસી કે યોગીઓ એમના આહારમાં સચિત્ત-વસ્તુ લેતા હોય, પણ જૈન સાધુ–સાધ્વી લેશે નહિ. આથી એમની ભક્તિ, આહારાદિમાં અચિત્ત-વસ્તુ આપવાથી જ થઈ શકશે.

વૈયાવૃત્ય કરનારે સૌપ્રથમ એ વિવેક દાખવવો જોઈએ કે તે જે વૈયાવૃત્ય-પાત્રની વૈયાવૃત્ય કરવા માગે છે, એમને માટે કઈ વસ્તુ ગ્રાહ્ય છે, કલ્પનીય છે, તેમને કયા પ્રકારની ચીજ ખપે છે.

ઉત્તમ પાત્રોને ગ્રાહ્ય એવી વસ્તુઓની સૂચિ આ પ્રમાણે છે :

૧. ઉપધિ (સાધુ-સાધ્વીના રોજના ઉપયોગમાં આવતી વસ્તુ) ૨. પીઠ (પાછળ રાખવાનો પટ્ટો) ૩. ફલક (નાની પાટી) ૪. શય્યા (સૂવા માટે મોટી પાટ) ૫. સંથારા (સંસ્તારક–લગભગ અઢી હાથનું બિછાવવાનું કપડું) ૬. વસ્ત્ર (પહેરવાનું કપડું) ૭. પાત્ર (લાકડાનું, તુંબડીનું અથવા માટીનું પાત્ર) ૮. કમ્બલ (ઊનનો કામળો) ૯. દંડક (દંડો) ૧૦. રજોહરણ (ઊનનો ગુચ્છાદાર ઓઘો) ૧૧. નિષદ્યા (બેસવાનું આસન) ૧૨. ચોલપટ્ટ (કમરથી પગ સુધી પહેરવાનું અધોવસ્ત્ર) ૧૩. મુખવસ્ત્રિકા અને ૧૪. પાદપ્રોંછન (પગને લૂછવાનું વસ્ત્ર).

આ ધર્મોપકરણ લગભગ ૧૫૦૦–૧૬૦૦ વર્ષ પહેલાં લખાયેલાં શાસ્ત્રોમાં સાધુ-સાધ્વીઓને માટે સંયમપાલનમાં સહાયક બતાવવામાં આવ્યાં છે. આજના યુગ અનુસાર આમાં કેટલીક વસ્તુઓનું સંશોધન થયું છે. નવા યુગ મુજબ સાધુ-સાધ્વીઓ માટે કેટલીક વધુ ગ્રાહ્ય વસ્તુઓનો સમાવેશ થયો છે. જેમ કે શાસ્ત્ર, પુસ્તક, કાગળ, પેન્સિલ, લેખનનાં સાધનો, ચશ્માં, સમય જોવા માટે ઘડિયાળ વગેરે.

આ ઉપરાંત સાધુ-સાધ્વીઓને યોગ્ય અને કલ્પનીય એવા અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એમ ચાર પ્રકારના આહાર તથા પાણી છે. તેમ જ ઔષધ, ભૈષજ, દવા આદિ છે.

આ બધી તો શારીરિક આવશ્યકતાની વાત થઈ. બીજી કેટલીક બૌદ્ધિક આવશ્યકતાઓ પણ છે. સાધુ-સાધ્વીઓના પઠન-પાઠન માટે યોગ્ય વ્યવસ્થા કરવી અથવા તો ઉત્તમ ગ્રંથ કે પુસ્તકના લેખનમાં સહયોગ આપવાની બાબતનો પણ સમાવેશ થાય છે. આવી જ રીતે સાધુ-સાધ્વીઓને અપાયેલો સાંઘિક (સામાજિક) સહયોગ પણ એમની મહત્ત્વપૂર્ણ વૈયાવૃત્ય ગણાય. એમના દ્વારા થતા ધર્મપ્રચારમાં સહયોગ આપવો; તેઓ જે ધર્મયુક્ત વિચારધારા અને આચારધારાનું પ્રતિપાદન કરતાં હોય તેને શકય હોય તો જાતે સમજવા પ્રયાસ કરવો અને બીજાને સમજાવવા પ્રયત્ન કરવો. આમ ન થાય તો પણ એમાં અવરોધરૂપ તો બનવું જ નહીં. ધર્મજિજ્ઞાસુ વ્યક્તિઓ સાથે સાધુ-

સાધ્વીઓનો સંપર્ક કરાવવો કે જેથી સાધુ-સાધ્વીઓ તેમને ધર્મબોધ આપી શકે; તેમ જ તેઓના ~~લોકસંપર્ક~~ માટે ~~પણ~~ સહયોગ આપવો જોઈએ. આવાં અને આ જ પ્રકારનાં બીજાં સાર્વજનિક કાર્યોમાં સહયોગ આપવાની વાત એમની વૈયાવૃત્યની કોટિમાં જ આવે છે. આ બધી વસ્તુઓ આપવી અથવા આ પ્રકારનો સહયોગ આપવાની પાછળ વૈયાવૃત્ય કરનારની ઉત્તમ પાત્ર પ્રત્યે પ્રીતિ અને ભક્તિ હોય તો જ એ વૈયાવૃત્ય સાર્થક થાય છે. જો શરમાશરમી, દેખાદેખી, સાંસારિક સ્વાર્થથી અથવા તો કોઈ ભય કે પ્રતિષ્ઠાની લાલસાથી આપવામાં આવે તો આવી વૈયાવૃત્ય સાર્થક નહીં થાય. ગૃહસ્થો આવી રીતે ઉત્તમ પાત્રોની વૈયાવૃત્ય તો કરે છે, પરંતુ ખુદ સાધુ-સાધ્વીઓ પણ પરસ્પરને માટે આહારાદિ લાવીને, શારીરિક સુશ્રૂષા કરીને તેમજ પૂર્વોક્ત સહયોગ આપીને વૈયાવૃત્ય કરી શકે છે.

## દસ ઉત્તમ પાત્ર

હવે આપણે એ જોઈએ કે ક્યાં ક્યાં ઉત્તમ પાત્રોની વૈયાવૃત્ય કરવાનું શાસ્ત્રમાં વિધાન છે. 'સ્થાનાંગસૂત્ર'માં વૈયાવૃત્યને* યોગ્ય મુખ્ય દસ પાત્ર બતાવવામાં આવ્યાં છે. તેનો પાઠ નીચે મુજબ છે:

"दसविहे वेयावच्चे प० त०—आयरियवेयावच्चे, उवज्झायवेयावच्चे, थेरवेयावच्चे, तवस्सिवेयावच्चे, गिलाण वेयावच्चे, सेहवेयावच्चे, कुलवेयावच्चे, गणवेयावच्चे, संघवेयावच्चे, साहम्मिय—वेयावच्चे।"

"આચાર્ય–વૈયાવૃત્ય, ઉપાધ્યાય–વૈયાવૃત્ય, સ્થવિર–વૈયાવૃત્ય, તપસ્વી-વૈયાવૃત્ય, ગ્લાન–વૈયાવૃત્ય, શૈક્ષ્ય–વૈયાવૃત્ય, કુલ–વૈયાવૃત્ય, ગણ–વૈયાવૃત્ય, સંઘ–વૈયાવૃત્ય અને સાધર્મી–વૈયાવૃત્ય."

### આચાર્ય-ઉપાધ્યાય-વૈયાવૃત્ય :

રાષ્ટ્ર કે રાજ્યની વ્યવસ્થા માટે જેમ શાસક કે મંત્રી આદિની

* ઉવવાઈસૂત્ર'માં આ જ રીતે દસ પ્રકારની વૈયાવૃત્ય દર્શાવવામાં આવી છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં પણ વૈયાવૃત્યનાં દસ ઉત્તમ પાત્ર દર્શાવ્યાં છે. તે અંગે આ સૂત્ર જુઓ—"आचार्योपाध्याय–तपस्विशैक्षकग्लानगणकुलसंघ–साधुम्मनोज्ञानाम्।"

નિયુક્તિ કરવામાં આવે છે એવી જ રીતે ધર્મસંઘ(વીતરાગ શાસન)ની વ્યવસ્થા માટે કેટલાક પદાધિકારી સાધુઓની નિયુક્તિ કરવામાં આવે છે. આમાં મુખ્ય પદાધિકારી સાધુ બે પ્રકારના હોય છે–આચાર્ય અને ઉપાધ્યાય.

આચાર્યની જવાબદારી શી ? સંઘનું નેતૃત્વ કરવું, સંઘમાં પ્રવેશી ગયેલી વિકૃતિઓ દૂર કરવી, સંઘમાં ધર્મનો પ્રચાર–પ્રસાર કરવો, જાતે ધર્માચરણ કરવું, અન્ય સાધુ-સાધ્વીઓને ધર્માચરણ કરાવવું તથા શ્રાવક–શ્રાવિકાઓને ધર્મપાલનની પ્રેરણા આપવી. આમ, ચતુર્વિધ સંઘની સુંદર રીતે વ્યવસ્થા કરવી તે આચાર્યનું કામ છે. આ ઉપરાંત આચાર્ય સાધુ-સાધ્વીઓને શાસ્ત્રપાઠોની રહસ્યાર્થ કે ભાવાર્થ સહિત વાચના પણ આપે છે.

ઉપાધ્યાયની જવાબદારી એ છે કે સંઘમાં જ્ઞાનનો પ્રચાર–પ્રસાર કરવો, સાધુ–સાધ્વીઓને શાસ્ત્રોનું અધ્યયન કરાવવું, અર્થનું વિસ્તૃત વિવેચન કરીને પઠન–પાઠન કરાવવું, સિદ્ધાંતોનાં રહસ્યોને પ્રગટ કરી આપવાં; નય, પ્રમાણ, અનેકાન્તવાદ, સમતા, અહિંસા, સત્ય આદિ ધર્મ તથા નવ તત્ત્વ આદિનું વિશ્લેષણ સમજાવવું. આચાર્ય દ્વારા થતા સંઘ સંચાલન અને સંઘરક્ષાના કાર્યમાં ઉપાધ્યાય મંત્રીની જેમ સહાયક બને છે.

આચાર્યની આજ્ઞામાં રહીને કેટલાક વિશિષ્ટ યોગ્યતાવાળા સાધુ કામ કરે છે. આચાર્ય સંઘનાં વિશાળ કાર્યોમાંથી જુદાં જુદાં કાર્યોની જવાબદારી ગણી, ગણાવચ્છેદક, પ્રવર્તક, પંન્યાસ અને વૃષભને સોંપે છે. વિશાળ સંઘની અંદર જુદા જુદા ગણ હોય છે અને તેનાં સંચાલન તથા વ્યવસ્થાનો ભાર જેમને સોંપવામાં આવે છે તેમને 'ગણી' કહેવામાં આવે છે. ગણમાં અથવા તો ગણોમાં પરસ્પર વિચ્છેદ કે ફૂટ કોઈ પણ હાલતમાં ન થાય તેની જવાબદારી જેના પર હોય તેને ગણાવચ્છેદક કહે છે. પ્રવર્તક, સાધુ–સાધ્વીઓના 'પ્રવર્તક'નું કામ કરે છે. એમની એ જવાબદારી હોય છે કે સાધુ–સાધ્વીઓને યોગ્ય

કાર્યમાં પ્રવૃત્ત કરવાં, એમને યોગ્ય કાર્ય સોંપવું, વળી જેનામાં એ કાર્ય કરવાની ક્ષમતા ન હોય તેને એ કાર્ય કરતાં અટકાવવો, કોઈ સાધુને કોઈ વસ્તુની જરૂર હોય તો તે યોગ્ય સાધુ કે સાધ્વીને આજ્ઞા આપીને મંગાવવી. પ્રવર્તકની આજ્ઞાની અવગણના કરવાનો અધિકાર કોઈ પણ સાધુ-સાધ્વીને નથી. આચાર્ય આદિની ગેરહાજરીમાં અથવા તો તેઓ દૂર હોય ત્યારે પ્રવતર્કની આજ્ઞાથી સાધુ-સાધ્વી ચાતુર્માસ આદિ પ્રવૃત્તિ કરી શકે છે. જો પ્રવર્તકને જરૂર લાગે તો તેઓ આચાર્ય-ઉપાધ્યાયની સેવામાં ઉપરની બાબત વિશે નિવેદન કરી શકે છે.

## સંઘની વૈયાવૃત્ય

તપોવિધિસહિત શાસ્ત્રીય જ્ઞાનમાં પારંગતતા અને જૈનદર્શનમાં પાંડિત્ય પ્રાપ્ત કર્યા પછી પાંડિત્યનો ન્યાસ કે સ્થાપના જેમનામાં કરવામાં આવે તેમને 'પંન્યાસ' કહેવામાં આવે છે. સંઘરૂપી રથને મજબૂત બળદની માફક જે વેગપૂર્વક આગળ લઈ જવામાં મુખ્ય સહાયક અને તેને વૃષભ (સાધુ) કહેવામાં આવે છે.

પંન્યાસનું કાર્ય છે તપસ્યા કરાવવી, ઉપધાન કરાવવાં કે અન્ય ધર્મોત્સવ કરાવવા. પંન્યાસ દ્વારા તપસ્યા, ઉપધાન આદિ કાર્ય થતાં હોવાથી તેને અંતે માત્ર વાસક્ષેપ નાખવાનું કામ આચાર્યનું હોય છે. બીજું બધું કામ આચાર્યની નિશ્રામાં પંન્યાસ કરે છે.

આવી જ રીતે વૃષભ(સાધુ)નું કાર્ય એ છે કે ગચ્છમાં જે સમયે જે વસ્તુની આવશ્યકતા હોય તેને ગમે ત્યાંથી શોધીને પણ લઈ આવવી. જો કોઈ સાધુ-સાધ્વીને સંઘ પાસેથી કોઈ વસ્તુ પ્રાપ્ત ન થાય અથવા તો તેઓ કોઈ વસ્તુનો પ્રબંધ કરી શકે નહિ તે સમયે 'વૃષભ' જ્યાંથી મળે ત્યાંથી લાવીને તેની વ્યવસ્થા કરે છે.

આચાર્ય-ઉપાધ્યાય તો સ્વયં પોતાની જવાબદારીઓનું પાલન કરવાની સાથે સંઘની વૈયાવૃત્ય (સેવા) કરે છે, પરંતુ એમને આધીન રહીને ગણી, ગણાવચ્છેદક, પ્રવર્તક, પંન્યાસ અને વૃષભ પણ પોતાની

જવાબદારી નિભાવવાની સાથોસાથ સંઘની વૈયાવૃત્ય કરે છે. આથી સંઘ(સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ)નું એ પણ કર્તવ્ય છે કે આચાર્ય-ઉપાધ્યાયની અનિવાર્ય રૂપે વૈયાવૃત્ય કરે અને સાથોસાથ તેઓના સહાયક ગણી આદિની પણ વૈયાવૃત્ય કરે. એમનાં શરીર, મન, બુદ્ધિ આદિ સ્વસ્થ હશે તો તેઓ ધર્મશાસનને વ્યવસ્થિત રીતે ચલાવી શકશે, એની સંભાળ લઈ શકશે તેમજ ધર્મપ્રભાવનાનાં કાર્ય નિર્વિઘ્ને પાર પાડી શકશે.

**સ્થવિર વૈયાવૃત્ય:**

વયમાં સાઠ વર્ષના અને દીક્ષા-પર્યાયમાં વીસ વર્ષની વયના સાધુને સ્થવિર માનવામાં આવે છે. કોઈ સાધુ-સાધ્વી પોતાનાં સંયમ, ચારિત્ર્ય, આચાર-વિચારની બાબતમાં શિથિલ થઈ ગયાં હોય અથવા તો પતન પામતાં હોય ત્યારે એમને સ્થિર કરવાનું કામ સ્થવિર કરે છે. એવી જ રીતે કોઈ પોતાના કર્તવ્ય કે ચારિત્ર્યના લક્ષ્યથી દૂર ફંટાઈ ગયાં હોય તેમને યોગ્ય રસ્તે લાવવાનું તથા સન્માર્ગમાં દૃઢ કરવાનું કામ સ્થવિર કરે છે. આચાર્ય અથવા તો પ્રવર્તકની આજ્ઞાનો અનાદર કરનાર સાધુ-સાધ્વીઓને યોગ્ય માર્ગે લાવવાનું કામ સ્થવિરનું હોય છે. આવા સ્થવિરોની વૈયાવૃત્યથી આખાય સંઘને એમના વિશાળ અનુભવનો લાભ મળે છે. એથી સ્થવિર પણ વૈયાવૃત્યના ઉત્તમ પાત્ર છે. કેટલાક આચાર્ય તો સ્થવિરનો અર્થ વયોવૃદ્ધ સાધુ-સાધ્વીઓ એવો પણ કરે છે. આમ સ્થવિર-વૈયાવૃત્યમાં વયોવૃદ્ધ સાધુ-સાધ્વીની વૈયાવૃત્યનો પણ સમાવેશ થાય છે.

ઘડપણ માનવીનાં બધાં જ અંગોને શિથિલ બનાવે છે, શરીર પર કરચલીઓ પડવા લાગે છે, કોઈ કામમાં ઉત્સાહ રહેતો નથી. જો આ સમયે વૃદ્ધ સાધુ કે સાધ્વીની સેવા કરવામાં આવે નહીં તો એમના મનમાં કદાચ અશાંતિ, હતોત્સાહ અને સંઘ પ્રત્યેનો અનાદર પેદા થવાની સંભાવના છે. આવી અશાંતિના ફળ સ્વરૂપે જ એમની પ્રકૃતિ પણ ગુસ્સાવાળી થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં આર્તધ્યાન-રૌદ્રધ્યાન થવાની સંભાવના રહે છે. આ આર્ત-રૌદ્ર ધ્યાનનું પરિણામ

તો તમે જાણો છો કે કેટલું ભયંકર આવે છે! વળી વૃદ્ધ સાધુ-સાધ્વીઓની વૈયાવૃત્ય તરફની ઉપેક્ષાને લીધે સંઘ તેમજ આચાર્યની પણ લોકોમાં બદનામી થાય છે. ગૃહસ્થજીવનમાં પણ વૃદ્ધોની ઘણી ખરાબ હાલત થાય છે. ઘરડો માણસ ક્યારેક ઘરના લોકોને આંખના કણાની જેમ ખૂંચતો હોય છે.

ચાલીસ વર્ષ સુધી તો શરીરમાં શક્તિ હોવાને લીધે પ્રત્યેક કાર્ય ખૂબ સરળતાથી અને સ્ફૂર્તિપૂર્વક થઈ શકે છે. ઘરમાં રહે-નારાંઓને પણ આ પસંદ પડે છે, પરંતુ પચાસ વર્ષની ઉંમર સુધી પહોંચતાં પહોંચતાં તો ઇન્દ્રિયો શિથિલ થઈ જાય છે, સ્ફૂર્તિ અને ઉત્સાહ ઓછાં થવા લાગે છે અને તેથી ઘરનાં લોકોને ક્યારેક એ વ્યક્તિ અપ્રિય લાગવા માંડે છે. એમાંય સાઠ વર્ષે પહોંચે પછી તો કહેવું જ શું? એ પોતે જ ખુદ સાવ થાકી જાય છે, મોટેભાગે ક્રોધનું પૂતળું બની જાય છે અને ઘરનાં લોકો પણ સ્મૃતિલોપને કારણે એ વૃદ્ધજન કંઈક ભૂલી જાય તો તરત બોલી ઊઠે છે, 'સાઠે બુદ્ધિ નાઠી.'

સિત્તેર વર્ષની ઉંમર થતાં થતાં તો શરીરમાં ઘણા રોગ ઘર કરી બેસે છે, ચામડી લબડી પડે છે, મોટેભાગે ખાટલામાં રહેવું પડે છે, દૃષ્ટિ નબળી પડે છે અને કાને ઓછું સંભળાય છે. ઘરનાં લોકો પણ એમની સેવા કરતાં જો કોઈ ભૂલ કરી બેસે તો એમનો મિજાજ ગરમ થઈ જાય છે. આવો વૃદ્ધ એંશી વર્ષ પાર કરે છે ત્યારે તો પરિવારનાં બધાં જ લોકો કહેવા લાગે છે:

"આ બુઢ્ઢો રાત-દિવસ ખોં ખોં કરે છે; એ સૂતો નથી અને અમને સૂવા દેતો નથી. અમારા કામમાં પણ દખલ કરે છે. અમે તે અમારાં બાળબચ્ચાંને ઉછેરીએ કે આ બુઢ્ઢાની ચાકરી કરીએ."

આમાં અત્યંત રુગ્ણ અવસ્થા આવે ત્યારે તો ઘરનાં બધાં લોકો ચોખ્ખું સંભળાવી દે છે, "આ બુઢ્ઢો મરતો નથી અને ખાટલો છોડતોય નથી."

આમાંય નેવું વર્ષ જીવે તો તો ઘરની સ્ત્રીઓ પણ મજાક કરતાં

કહે છે કે, "આ બુઢ્ઢો મરી જાય તો મારા જીવતાં એમનું કારજ તો કરી લઉં; મ્હોં તો મીઠું થશે."

આ રીતે સંસારમાં વૃદ્ધોની ઘણી દુર્દશા થતી હોય છે. તેઓ બિચારા મહેણાં-ટોણાં સાંભળવા છતાં મન વાળીને બેસી રહે છે. જેમની પાસે થોડી-ઘણી પૂંજી હોય તેમની તો સેવા થાય છે, પરંતુ, નિર્ધન વૃદ્ધ કે વૃદ્ધાની સેવા થવી મુશ્કેલ હોય છે.

આમ છતાં એટલું જરૂર યાદ રાખો કે એક દિવસ આ ઘડપણ સહુને આવવાનું છે. જે વ્યક્તિ પોતાના ઘરનાં વૃદ્ધજનોની સેવા કરવાથી દૂર ભાગે છે તેની પોતાની વૃદ્ધાવસ્થામાં લગભગ એવી જ દશા થાય છે. કયારેક તો ભયંકર કર્મબંધનને કારણે ઘડપણમાં ઘણી આપત્તિ વેઠવી પડે છે. જો બુઢાપામાં એ કર્મ ભોગવ્યાં નહિ તો પછીના જન્મમાં એ બુરાં કાર્યોનાં ફળની પાઈએ પાઈ ચૂકવવી પડે છે. આથી વૃદ્ધ સાધુ હોય કે વૃદ્ધ સાધ્વી હોય અથવા તો વૃદ્ધ ગૃહસ્થ હોય, પણ તેમની જરૂર સેવા કરો. યથાશક્તિ સેવા કરીને એમના આશીર્વાદ અને અનુભવ પ્રાપ્ત કરો.

**તપસ્વી વૈયાવૃત્ય :**

મહાન અને ઉગ્ર તપ કરનાર તપસ્વી કહેવાય છે. કેટલાક આચાર્ય તપસ્વીના બે ભેદ દર્શાવે છે : તપસ્વી અને ક્ષપક. એમના મત પ્રમાણે નાની નાની તપસ્યા કરનાર એટલે કે એક ઉપવાસથી સોળ ઉપવાસ સુધીની તપસ્યા કરનાર તપસ્વી કહેવાય છે; જ્યારે લાંબી તપશ્ચર્યા કરનાર એટલે કે એક પખવાડિયું, એક મહિનો, બે મહિના અને છ મહિના સુધી(વધુમાં વધુ)ના ઉપવાસ કરનારને ક્ષપક કહેવામાં આવે છે.

આ બંને તપસ્વી શબ્દમાં સમાવેશ પામે છે. આવી તપશ્ચર્યા દ્વારા તેઓ પોતાનાં કર્મોનો ક્ષય કરે છે, વ્યક્તિગત શુદ્ધિ કરે છે. કયારેક એમની તપશ્ચર્યા સમાજની શુદ્ધિ માટે એટલે કે સમાજમાં પ્રચલિત અનિષ્ટના નિવારણ કે અનિષ્ટકર્તાની શુદ્ધિ માટે પણ હોય છે. સંઘને પણ એમની દીર્ઘ તપશ્ચર્યાથી તપની સુંદર પ્રેરણા મળે

છે. આવી રીતે તપસ્વી સાધુ-સાધ્વીઓ(ઉપલક્ષણથી શ્રાવક-શ્રાવિકાના વર્ગના તપસ્વીઓ)ની વૈયાવૃત્ય કરવી તે પરમ નિર્જરાનું કારણ છે.

**ગ્લાન વૈયાવૃત્ય :**

ગ્લાન એટલે કે રોગગ્રસ્ત અથવા તો રોગ આદિથી પીડિતની વૈયાવૃત્ય કરવી તે પણ સાધુ-સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓનું પરમ કર્તવ્ય છે. સંઘનો કોઈ સાધુ કે સાધ્વી બીમાર હોય અને કોઈ એમની વૈયાવૃત્ય કરે નહિ તો જરૂર એમને દુઃખ થાય. તેઓ મનોમન વિચારે કે, "હું આટલો બધો બીમાર છું છતાં કોઈ મારી ખબર પણ લેતું નથી. સાધુ તો દયાળુ કહેવાય, પરંતુ મારી તો કોઈ દયા કરતા નથી." આવી રીતે અશુભ પરિણામને કારણે તે આર્તધ્યાન-રૌદ્રધ્યાનને વશ થઈને દુર્ગતિ પામે છે અથવા તો સાધુધર્મથી ચલિત પણ થઈ જાય. આથી બીમાર સાધુ-સાધ્વીની અવશ્ય સેવા કરવી જોઈએ. વળી, જરૂર હોય તો આચાર્ય, ઉપાધ્યાય આદિ પદવીધારીઓએ પણ બીમારની સેવામાં જોડાઈ જવું જોઈએ. ગ્લાનની સાથોસાથ અહીં અશક્ત, દુર્બળ કે અપંગ સાધુ-સાધ્વીની વૈયાવૃત્ય પણ સમાવેશ પામે છે. વૈયાવૃત્યકર્તાઓમાં નંદીષેણ અત્યંત પ્રસિદ્ધ છે. એકવાર એણે પ્રતિજ્ઞા કરી હતી કે ક્યાંય પણ કોઈ બીમાર સાધુ મળી જાય અથવા તો કોઈ સાધુ બીમાર હોવાની ખબર પડે તો એમની સેવા કર્યા વિના આહાર-પાણી નહિ લઉં. આ અત્યંત કઠોર પ્રતિજ્ઞા હતી, પરંતુ દૃઢ મનવાળા કઠોર પ્રતિજ્ઞાને પણ સરળ બનાવી દે છે.

જે પ્રતિજ્ઞા લે છે એની કસોટી પણ થાય છે. એકવાર દેવલોકમાં શક્રેન્દ્રે પોતાની દેવસભામાં નંદીષેણ મુનિની ખૂબ પ્રશંસા કરી. એ સાંભળીને આખીયે દેવસભા પ્રસન્ન થઈ, પરંતુ એક દેવતાએ કહ્યું,

"મહારાજ, તમે એ સાધુની વૈયાવૃત્યની પ્રશંસા કરો છો, પરંતુ હું એને એની પ્રતિજ્ઞામાંથી ચલિત કરી શકું તેમ છું."

ઇન્દ્રે કહ્યું, "ભલે, એક વાર કસોટી કરી જુઓ."

દેવતાઓ બે હેતુથી ઉપસર્ગ આપતા હોય છે. એક તો ધર્મ પરની દૃઢતાની પરીક્ષા માટે, તેમજ બીજું દ્વેષબુદ્ધિથી કષ્ટ આપવા માટે. પેલો દેવ પરીક્ષા કરવા માટે પૃથ્વીલોક પર આવ્યો હતો, પરંતુ એનો ખોટો ઇરાદો નહોતો. પરીક્ષાર્થીની કસોટી કરવા માટે પરીક્ષક અઘરામાં અઘરો પ્રશ્ન પૂછે છે અને અટપટી સમસ્યા ઊભી કરે છે. આ દેવે બે સાધુઓનાં રૂપ બનાવ્યાં. એક બીમાર સાધુ અને બીજો સ્વસ્થ સાધુ.

સ્વસ્થ સાધુ નંદીષેણ મુનિની પાસે પહોંચ્યો. આ સમયે મુનિરાજ બહારથી આહાર લઈને આવ્યા હતા અને ભોજન કરવા બેઠા હતા; ત્યાં જ એમણે કહ્યું,

"અરે ! આમ તો તું વૈયાવૃત્ય કરવાની પ્રતિજ્ઞા લઈને બેઠો છે અને બીમાર સાધુની કશી ખબર પણ લેતો નથી ?"

નંદીષેણ મુનિએ કહ્યું, "ભાઈ, મને માફ કરજો. મને ખબર નહોતી. ક્યાં છે એ બીમાર સાધુ ?"

આગંતુક સાધુ બોલ્યો, "ચાલ તને બતાવું. એ તો જંગલમાં પડયા છે."

આગંતુક સાધુની સાથે નંદીષેણ મુનિ ચાલ્યા અને પેલા બનાવટી બીમાર સાધુ હતા ત્યાં પહોંચ્યા. એ બનાવટી બીમાર સાધુએ પોતાની બીમારીની વાત કરી, ત્યારે વૈયાવૃત્ય કરતાં નંદીષેણ મુનિએ વિનયપૂર્વક કહ્યું, "મુનિવર, અહીં આપનો કોઈ ઇલાજ થઈ શકે તેમ નથી, તમારી સારસંભાળ અહીં બરાબર લેવાય તેમ નથી તેથી આપ મારી સાથે નગરમાં ચાલો."

બનાવટી સાધુએ વેદનાભર્યા અવાજે કહ્યું, "અરે ભાઈ ! જો હું ચાલી શકતો હોત તો શા માટે આમ અહીં પડયો હોત ?"

નંદીષેણ મુનિએ કહ્યું, "આપ ચાલી શકતા ન હો તેનો કંઈ વાંધો નથી. આપને હું ખભા પર ઉઠાવીને લઈ જઈશ."

કેટલા મધુર હતા નંદીષેણ મુનિના આ શબ્દો ! વાણીમાં જાણે અમૃત ઝરતું ન હોય! એમણે આનંદભેર એ બીમાર સાધુને ખભા પર ઉપાડી લીધા અને ચાલવા લાગ્યા. નંદીષેણ મુનિના પગ ખાડાટેકરાવાળી જમીન પર પડતા ત્યારે થોડો ધક્કો લાગતો. તરત જ બનાવટી સાધુ કોપાયમાન થઈને એમને કડવાં વચનો કહેતો. એ સાધુ કહેતો, "અરે દુષ્ટ, મને શા માટે દુઃખ આપે છે ? હું તો શાંતિથી જંગલમાં બેઠો હતો. તું મને ઉપાડીને લાવ્યો અને હવે વારંવાર ધક્કા લગાવે છે. બસ, હવે રહેવા દે; જોઈ લીધી તારી સેવા.'' આમ વારંવાર કહીને એ નંદીષેણ મુનિ પર અપશબ્દો વરસાવતો હતો, તેમ છતાં નંદીષેણ મુનિ નમ્ર અને શાંત ભાવથી માત્ર 'ક્ષમા કરો, મુનિવર' એમ કહીને આગળ ચાલતા હતા.

થોડે દૂર ગયા પછી પેલો બનાવટી સાધુ ઘડપણ અને બીમારીનું બહાનું બતાવીને નંદીષેણની પીઠ પર જ કુદરતી હાજત કરવા લાગ્યો. આમ છતાં નંદીષેણ મુનિના ચહેરા પર સહેજે ક્રોધ કે ઘૃણાનો ભાવ આવ્યો નહીં. આને બદલે તેઓ મનોમન કરુણાથી આર્દ્ર થઈને માત્ર એટલી જ ભાવના સેવતા હતા, "બિચારા આ સાધુને કેટલું બધું કષ્ટ થતું હશે! એમની પીડા અને રોગ શીઘ્ર શાંત થઈ જાય તો ઘણું સારું."

આવી રીતે વૈયાવૃત્ય-પરાયણ મુનિનું એક રૂંવાડું પણ એમની વૈયાવૃત્યની પ્રતિજ્ઞાથી વિચલિત થયું નહિ. આ જોઈને બનાવટી સાધુએ વિચાર્યું,

"ઓહ ! આ મુનિ પોતાની પ્રતિજ્ઞા પર કેટલા બધા દૃઢ છે ! એમને ચલિત કરવા સંભવ નથી."

બનાવટી સાધુએ દેવના મૂળ સ્વરૂપમાં પ્રગટ થઈને નંદીષેણ મુનિ પાસે ક્ષમા માગી. એણે વિનમ્રતાથી કહ્યું, "ધન્ય છે આપને અને આપની વૈયાવૃત્ય તત્પરતાને ! ઇન્દ્રે જેવી આપની પ્રશંસા કરી હતી ખરેખર તેવા જ આપ છો. ધન્ય છે આપનાં માતાપિતાને અને આપના દીક્ષાદાતા ગુરુને !'

આ છે વૈયાવૃત્યનું આદર્શ દૃષ્ટાંત. નંદીષેણ મુનિએ કોઈ પદ, પ્રતિષ્ઠા, સન્માન કે યશ-કીર્તિ પામવા માટે કંઈ વૈયાવૃત્યની પ્રતિજ્ઞા લીધી નહોતી. આવી રીતે અમ્લાન ભાવથી ચહેરા પર સહેજે અણગમો લાવ્યા વિના વૈયાવૃત્ય કરવામાં આવે તો જ તે સાચું તપ ગણાય.

આવા વૈયાવૃત્ય તપની સાથે અહંકાર સહેજે જાગવો જોઈએ નહીં. જો અહંકાર થયો તો પછી એ વૈયાવૃત્ય કર્મનિર્જરાનું કારણ બનશે નહીં. આવી જ રીતે અવિવેકપૂર્વક પ્રતિજ્ઞા કરવી તે પણ વૈયાવૃત્ય તપની સાથે અધર્મના ભાવને નિમંત્રણ આપવા બરાબર છે.

## અનુચિત અશુભ ભાવના

આ અંગેનું એક દૃષ્ટાંત જોઈએ. કોઈ સાધુ-સમુદાયના એક સાધુએ એવી પ્રતિજ્ઞા કરી કે, "કોઈ પણ સાધુ બીમાર પડશે તો હું જ એમની સેવાસુશ્રૂષા(વૈયાવૃત્ય) કરીશ. બીજા કોઈ સાધુએ વૈયાવૃત્ય કરવાની નથી. બીમારની સેવાની સઘળી જવાબદારી મારા પર."

આવી રીતે એણે વૈયાવૃત્ય કરવાનો ઇજારો લઈ લીધો અને તેથી બાકીના બધા સાધુઓ એ બાબતમાં નિશ્ચિંત બની ગયા.

મોટો સાધુ સમુદાય હોય ત્યારે કોઈને કોઈ સાધુ બીમાર પડે, પરંતુ નસીબજોગે એક ચાતુર્માસમાં કોઈ પણ સાધુ બીમાર પડચા નહીં. ચાતુર્માસ પૂરો થયો. પેલા સાધુ પોતાના ગુરુ પાસે જઈને બોલ્યા,

"હે ગુરુદેવ! હું કેટલો બધો ભાગ્યહીન કે આ ચાતુર્માસમાં કોઈ પણ સાધુ બીમાર પડચા નહીં. મારી તો એવી પ્રતિજ્ઞા હતી કે કોઈ પણ સાધુ બીમાર પડશે તો હું જ એમની સેવા-સુશ્રૂષા કરીશ."

ગુરુદેવે કહ્યું, "હે શિષ્ય! આ તારાં શુભ કર્મોનો ઉદય સમજ કે જેથી કોઈ બીમાર પડચા નહીં. પરંતુ તારા મનમાં કોઈ સાધુ બીમાર પડચા નહીં તેનું જે દુઃખ છે તે બરાબર નથી. તારે આવી દુર્ભાવના સેવવી જોઈએ નહીં. ડૉક્ટર કે વૈદ્ય પણ આવી અશુભ ભાવના કરે તે અનુચિત છે આમ છતાં વૈદ્ય-ડૉક્ટરોની આજીવિકા આ

વ્યવસાય પર ચાલતી હોવાથી કવચિત્ તેઓ આવી ભાવના કરે તેમ બને. દયાળુ વૈદ્યડૉકટર તો આવો ક્યારેય વિચાર કરતા નથી.''

ગુરુનાં વચનો સાંભળીને પેલા સરળ આત્મા સાધુએ 'મિચ્છા મિ દુક્કડમ્' કહ્યું અને ભવિષ્યમાં આવી દુર્ભાવના નહિ સેવવાની પ્રતિજ્ઞા કરી.

રોગી અને ગ્લાન સાધુઓને જોઈને ગૃહસ્થ પણ ભક્તિભાવથી એમની વૈયાવૃત્ય કરે તો તેમને મહાન સુફળ પ્રાપ્ત થાય છે. ભગવાન ઋષભદેવના પૂર્વભવની એક કથા જોઈએ.

સમ્યક્ત્વ-પ્રાપ્તિ પછી અગિયારમા ભવમાં ભગવાન ઋષભદેવ વજ્રનાભ ચક્રવર્તીના રૂપે જન્મ્યા. એમના પિતા રાજા વજ્રસેન રાજ-પાટ છોડીને મુનિ બન્યા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને તીર્થંકર થયા હતા. આ વજ્રસેન રાજાને બાહુ, સુબાહુ, પીઠ, મહાપીઠ અને વજ્રનાભ એમ પાંચ પુત્રો હતા. એમના સારથિનું નામ સુયશા હતું. આ છયે જણા ગાઢ મિત્રો હતા. તેરમા ભવમાં વજ્રનાભનો જીવ વૈદ્ય બન્યો અને બાકીના ચાર એમના મિત્ર બન્યા.

એક દિવસ આ ચારેય મિત્રો ક્યાંક જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં એક સાધુને ગોચરી લેવા જતા જોયા. સાધુના શરીરમાં કોઈ પ્રબળ રોગ હતો. રોગને કારણે તેઓ લથડિયાં ખાતા ચાલતા હતા. ચારેય મિત્રોએ આ રોગગ્રસ્ત સાધુની ચિકિત્સા કરાવવાનો નિશ્ચય કર્યો અને તેઓ વૈદ્યની પાસે ગયા.

એમણે વૈદ્યને કહ્યું, ''હમણાં જ અહીંથી એક સાધુ પસાર થયા. તેઓ કેટલા બધા બીમાર છે અને છતાં તમે એનો કશો ઇલાજ કર્યો નહિ ?'

વૈદ્યે કહ્યું, ''એ સાધુને જોતાં જ એમના રોગનું નિદાન તો મેં કરી લીધું હતું, પરંતુ એ રોગના ઉપચાર માટેના ઔષધ રત્ન-કંબલ અને બાવનાચંદન મારી પાસે નથી. આ બે વિના એમનો ઉપચાર શક્ય પણ નથી જો તમે લોકો તે લાવી આપો તો હું એ સાધુપુરુષનો ઇલાજ કરીને જરૂર તદ્દન સ્વસ્થ કરી દઈશ.''

આ નગરીના એક ગાંધીને ત્યાં આ બંને વસ્તુઓ મળતી હતી. આથી ચારે મિત્રો એ ગાંધી પાસે ગયા અને કહ્યું, "આપની પાસે રત્નકંબલ (અત્યંત મૂલ્યવાન કંબલ) અને બાવનાચંદન એ બંને હોય તો અમને આપો. એની જે કાંઈ કિંમત હોય તે અમે આપવા તૈયાર છીએ."

ગાંધીને મનમાં એવો શક ગયો કે શા માટે આ યુવકો આટલી બધી કીમતી ચીજો માંગતા હશે? આથી એણે પૂછ્યું, "અરે ભાઈ, આ બંનેની તમારે શી જરૂર છે?"

ચારેય મિત્ર બોલ્યા, "એક મુનિરાજના શરીરમાં થયેલા રોગના ઉપચાર માટે આની જરૂર છે. તેમના શરીરમાં કીડા પડ્યા છે અને તેથી તેઓ તીવ્ર વેદના ભોગવે છે."

ગાંધીએ મનોમન વિચાર્યું, "અરે! હું આટલો બધો ધનાઢ્ય છું, મારો વેપાર પણ સારી રીતે ચાલે છે. એક મુનિરાજના રોગોપચાર માટે પૈસા લઈને આ ચીજવસ્તુઓ આપું તે મારા જેવી સુખી વ્યક્તિને માટે શોભારૂપ નથી. આ ચાર છોકરાંઓ આટલી નાની ઉંમરમાં મુનિરાજની સેવા કરવાની આવી ભાવના રાખે છે અને મારી પાસેથી આવી કીમતી વસ્તુઓ ખરીદવા માગે છે તો પછી હું જ શા માટે આ મુનિરાજની સેવાનો લાભ ન લઉં?"

ગાંધીએ પોતાના હૃદયની ભાવના પ્રગટ કરતાં કહ્યું, "ભાઈઓ! મારી તમને એક નમ્ર વિનંતી છે."

યુવકોએ કહ્યું, "જરૂર કહો."

ગાંધીએ નમ્રતાથી કહ્યું, "તમે લોકો મને આ સેવાનો અવસર નહીં આપો? મને ભાવના થઈ છે કે આ સેવાનો લાભ હું લઉં."

યુવકોએ પૂછ્યું, "એ વળી કઈ રીતે બની શકે?"

ગાંધીએ સ્પષ્ટતા કરતાં કહ્યું, "મારી ઇચ્છા છે કે આ રત્નકંબલ અને બાવનાચંદનનો આપ મારા તરફથી સ્વીકાર કરો."

યુવકોએ વિનયપૂર્વક કહ્યું, "કિંમત આપ્યા વિના કોઈ વસ્તુ

લેવાની અમને ઇચ્છા થતી નથી. આમ છતાં તમારી પવિત્ર ભાવના અવગણીને તમને આવા ઉત્તમ કાર્યના લાભથી વંચિત રાખવા તે પણ અમારો ધર્મ નથી. આથી અમે આપને આવો લાભ લેવાની સહર્ષ અનુમતિ આપીએ છીએ.”

ગાંધીએ રત્નકંબલ અને બાવનાચંદન પોતાની દુકાનમાંથી લીધાં અને પેલા ચારેય મિત્રની સાથે વૈદ્યની પાસે પહોંચ્યો. વૈદ્યે પોતાના ઔષધાલયમાંથી લક્ષપાક તેલ લીધું અને આ રીતે છયે જણા બીમાર મુનિ પાસે પહોંચ્યા.

વૈદ્યે મુનિના શરીર પર લક્ષપાક તેલ લગાડ્યું અને પછી રત્નકંબલ ઓઢાડી દીધું. તેલની ગરમીને કારણે થોડી જ વારમાં કીડાઓ બહાર નીકળવા લાગ્યા અને રત્નકંબલ(જે ઠંડી હતી)માં ભેગા થવા લાગ્યા. આવી રીતે ત્રણવાર તેલ લગાવ્યું અને રત્નકંબલ ઓઢાડ્યું, પરિણામે બધા જ કીડા એ કંબલમાં એકઠા થઈ ગયા. ત્યારબાદ બાવના-ચંદન ઘસીને એનો લેપ મુનિના શરીર પર લગાડવામાં આવ્યો. પરિણામે મુનિનું શરીર પૂર્ણપણે સ્વસ્થ થઈ ગયું અને એમને પૂરેપૂરી શાતા થઈ. મુનિના શરીરમાંથી નીકળેલા કીડાઓને એમણે નજીકમાં પડેલી મૃત ગાયના કલેવરમાં નાખી દીધા. અંતે છયે જણાએ મુનિવરની ક્ષમાયાચના કરતાં કહ્યું, “હે મુનિવર! આપના જ્ઞાનધ્યાનમાં અમે વિઘ્ન કર્યું તે માટે ક્ષમા ઇચ્છીએ છીએ.” સમય જતાં આ છયે એકબીજાના મિત્ર બની ગયા. તેઓ એમનું આયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામ્યા બાદ દેવલોકમાં ઉત્પન્ન થયા.

મુનિરાજની સેવાના ફળસ્વરૂપે વૈદ્યનો જીવ વજ્રનાભ ચક્રવર્તી બન્યો અને પેલા ચાર મિત્રો વજ્રનાભના ચાર ભાઈ બન્યા. વેપારી શેઠનો જીવ વજ્રનાભનો સારથિ સુયશા બન્યો અને છયે આનંદથી સમય વ્યતીત કરવા લાગ્યા.

એક વખત વજ્રસેન તીર્થંકર પુણ્ડરીકિણી નગરીમાં પધાર્યા હતા. ત્યારે છયે વ્યક્તિઓએ એમનો ઉપદેશ સાંભળ્યો અને વિરક્ત

બનીને મુનિદીક્ષા લઈ લીધી. વજ્રનાભે વીસ સ્થાનકની સમ્યક્‌પણે આરાધના કરતાં તીર્થંકર-ગોત્રનું ઉપાર્જન કર્યું. બાહુમુનિએ પાંચસો સાધુને રોજ આહાર-પાણી લાવી આપવાની પ્રતિજ્ઞા કરી. સુબાહુ મુનિએ પાંચસો સાધુઓની પગચંપી કરીને વૈયાવૃત્ય કરવા લાગ્યા. આ વૈયાવૃત્યના ફળસ્વરૂપે બંને તીર્થંકર ઋષભદેવના પુત્ર ભરત અને બાહુબલિ બન્યા.

પીઠ અને મહાપીઠ મુનિની વાત પણ સાંભળીએ. આ બંને જ્ઞાન, ધ્યાન અને તપશ્ચર્યામાં લીન રહેવા લાગ્યા. બાહુ-સુબાહુ મુનિ સાધુની વૈયાવૃત્ય કરતા હતા, પરંતુ ગુરુ પ્રાયઃ એમની પ્રશંસા કરે તો પીઠ અને મહાપીઠ મુનિ ઈર્ષાથી સળગી જતા હતા. કર્મોની કેવી વિચિત્રતા! આવી ઈર્ષાને કારણે જ કોઈ પણ સાધુ બીમાર પડે તો તેઓ એમની સહેજ પણ સેવા કરતા નહિ. પરિણામે ઈર્ષાના ફળસ્વરૂપ આ બંનેએ સ્ત્રીવેધનો બંધ કર્યો અને તીર્થંકર ઋષભદેવની પુત્રીના રૂપમાં બ્રાહ્મી અને સુંદરી બન્યા. પછીની કથા તો તમે જાણો જ છો. મિત્રો! સાધુના અને તેમાંય બીમાર સાધુની વૈયાવૃત્યથી પુણ્યનું ઉપાર્જન તો થાય છે, પરંતુ કર્મોની નિર્જરા પણ થાય છે.

**શૈક્ષ્ય-વૈયાવૃત્ય :**

નવદીક્ષિત સાધુ અથવા તો નવદીક્ષિત થઈને શિક્ષણ પ્રાપ્ત કરવાને યોગ્ય સાધુને શૈક્ષ્ય કહેવામાં આવે છે. પોતાનું કુટુંબ અને પરિવાર છોડીને જ્યારે કોઈ સાધુ કે સાધ્વી શ્રમણ-શ્રમણી મંડળમાં આવે છે ત્યારે તત્કાળ એમનું મન ખૂંપે નહીં તે સ્વાભાવિક છે. કોઈ ગૃહસ્થના ઘરમાં પણ નવી વહુ આવે તો તેને આવતાંની સાથે જ રસોઈનું બધું કામ સોંપવામાં આવતું નથી અથવા તો એને ઘરનાં મુશ્કેલ કામોમાં જોડવામાં આવતી નથી. એને બદલે એને લાડ અને પ્રેમથી રાખવામાં આવે છે, એની સરભરા કરવામાં આવે છે તેમજ એના મનને ખુશ રાખવામાં આવે છે. આનું કારણ એટલું જ કે એ પોતાના પિયરને છોડીને આવી છે અને અહીં એને સ્નેહ

મળે નહીં તો પિયરના સ્નેહને યાદ કરીને ઝૂરવા લાગશે. આથી સસરા પક્ષવાળા નવવધૂને ખૂબ સ્નેહ, સત્કાર અને આદર આપે છે જેથી પિયરના સ્નેહને ભૂલી જઈને નવા પરિવાર સાથે સ્નેહ કરવા લાગે અને એમાં ઓતપ્રોત બની જાય.

સાધુ-સાધ્વી મંડળમાં પણ નવા સાધુ કે સાધ્વીને પણ આવો અનુભવ થાય. આ એક મનોવૈજ્ઞાનિક તથ્ય એ છે કે નવદીક્ષિત સાધુ કે સાધ્વીની સાથે જો રૂક્ષ વ્યવહાર થાય, એને આહાર-પાણી લાવવાનું અને પાત્ર સાફ કરવાનું જ સોંપવામાં આવે તો સાધુજીવન કદાચ એને નિરસ લાગે અને ક્યાંક જો ઉપેક્ષાભાવ જાગે તો એનું મન સાધુતામાંથી ડગી જાય.

મેઘકુમાર મુનિની દીક્ષાની પહેલી રાત્રે આવી જ દશા થઈ હતી. જો ભગવાન મહાવીરે વાત્સલ્યભાવથી એમને સમજાવીને સુસ્થિર કર્યા ન હોત તો તેઓ સાધુદીક્ષા છોડીને ચાલ્યા જવાના હતા. આથી નવદીક્ષિત સાધુ કે સાધ્વીને બધાં જ સાધુ-સાધ્વીઓનું વાત્સલ્ય મળવું જોઈએ. એમને પ્રેમથી સંયમની વાત શિખવાડવી જોઈએ અને સાધુના આવશ્યક કાર્યોમાં સહયોગ આપવો જોઈએ. આ જ શૈક્ષ્ય-વૈયાવૃત્યનું રૂપ છે. શૈક્ષ્ય શબ્દમાં બાલ સાધુ કે સાધ્વીનો પણ સમાવેશ થાય છે.

આઠ વર્ષની વયથી યુવાનીમાં પ્રવેશે ત્યાં સુધીનાં સાધુ કે સાધ્વી બાલ સાધુ-સાધ્વી કહેવાય. એમને ક્ષુલ્લક સાધુ કે ક્ષુલ્લક સાધ્વી પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે જેને દાઢી-મૂછના વાળ ઊગ્યા નથી તેને બાળસાધુ કહેવામાં આવે છે. આવા સાધુની ઉંમર પરિપકવ નહિ હોવાને કારણે એમની બુદ્ધિ પણ પરિપકવ હોતી નથી. આથી બાળસુલભ ચંચળતાને કારણે ક્યારેક સંયમ-મર્યાદાનો તો ક્યારેક સાધુ-જીવનની મૌલિક મર્યાદાનો ભંગ કરી બેસે નહિ તેની પૂરતી તકેદારી રાખવી જોઈએ. એમાં પણ વિશેષે કરીને આવાં બાલ સાધુ-સાધ્વીને પોતાનાથી મોટી ઉંમરનાં, વૃદ્ધ કે સ્થવિર

સાધુ-સાધ્વીઓ તેમજ શ્રાવક-શ્રાવિકાઓ પાસેથી વાત્સલ્ય મળવું જોઈએ, જેનાથી તેઓ સંયમપાલનમાં પ્રોત્સાહન પામે અને પોતાનાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યનો વિકાસ કરી શકે. આવાં બાલ સાધુ-સાધ્વીઓની સંયમવૃદ્ધિને યોગ્ય આહાર-પાણી તથા અન્ય આવશ્યક વસ્તુઓ લાવીને આપવી તે શૈક્ષ્યના રૂપમાં બાલવૈયાવૃત્ય કહેવાય છે.

**કુલ-વૈયાવૃત્ય અને ગણ-વૈયાવૃત્ય :**

એક જ દીક્ષાચાર્યનો શિષ્ય-પરિવાર કુળ કહેવાય છે. જુદા જુદા આચાર્યોના શિષ્યો જો પરસ્પર સહાધ્યાયી હોય અને સમાન વાચના લેતા હોય તો તેમનો સમુદાય ગણ કહેવાય છે અથવા તો કુળનો સમૂહ પણ ગણ અથવા ગચ્છ કહેવાય છે. વિશાળ સંઘમાં અનુશાસન, વ્યવસ્થા અને ધર્માચરણની દૃઢતા જાળવી રાખવાની દૃષ્ટિએ ગણો અને કુળોના રૂપમાં એમને વહેંચવામાં આવ્યાં હતાં, પરંતુ સમય જતાં આ જ કુળ અને ગણ પરસ્પર દ્વેષ, કલેશ, સંઘર્ષ અને ઘૃણા ફેલાવનારાં બની ગયાં. હકીકતમાં તો મનુષ્યનો અહમ્ જ્યાં પોતાની છાપ ન હોય અને બીજાની છાપ લાગી હોય તે વસ્તુને પરાઈ ગણીને એને ઘૃણા, સ્વાર્થ, દ્વેષબુદ્ધિ કે દોષદૃષ્ટિથી જોવા લાગે છે. આને પરિણામે જ આજે વિશાળ જૈન સંઘના શ્વેતાંબર, દિગમ્બર, મૂર્તિ-પૂજક, સ્થાનકવાસી, તેરાપંથી જેવા કેટલાય ટુકડા થઈ ગયા છે. એમનામાં પરસ્પર દ્વેષ, વેર અને વિરોધ જોવા મળે છે. આવી પરિસ્થિતિ વૈયાવૃત્યને બદલે મોહવૃદ્ધિનું કારણ બની જાય છે.

મૂળ વાત કરીએ તો કુળો અને ગુણોનું વૈયાવૃત્ય એ કુળ-વૈયાવૃત્ય અને ગણ-વૈયાવૃત્ય છે. અમારો ગણ મૂળમાં 'કૌટિક' કહેવાતો હતો, પરંતુ એ પછી એની અનેક શાખાઓ થઈ. એમાંથી એક ગચ્છ આજે તપાગચ્છના નામથી પ્રચલિત છે.

આ ગણનું નામ કૌટિકગણ કેમ પડ્યું એની પાછળ એક ઇતિહાસ છે. એમ કહેવાય છે કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી એમના નવમા પટ્ટધર શ્રી સુસ્થિતસૂરિ તથા શ્રી સુપ્રતિબંધસૂરિએ કાકંદીનગરીમાં સૂરિમંત્રોનો એક કરોડ જપ કર્યો હતો. આને પરિણામે

એ નિર્ગ્રંથ ગચ્છનું નામ 'કોટિકગણ' પડ્યું. એમાંથી એક વજ્ર-શાખા નીકળી જે વજ્રસ્વામી(દસ પૂર્વધર)ના નામથી પ્રચલિત થઈ. એમનો પણ એક રસપ્રદ પ્રસંગ તમને કહું :

વજ્રસ્વામીએ જ્યારે અનશન (સંથારો) કર્યું ત્યારે કહ્યું હતું કે બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડશે. જે દિવસ કોઈ ગૃહસ્થને ત્યાં એક લાખ મુદ્રાના અન્નની એક હાંડીને ચૂલા પર ચડાવવામાં આવે ત્યારે સમજી લેવું કે એના બીજા દિવસથી જ સુકાળ થઈ જશે.

ભયંકર દુષ્કાળ પડયો. મનુષ્ય અને પશુની ભારે દુર્દશા થઈ હતી, અનાજ અત્યંત મોંઘું થઈ ગયું હતું. વળી વાહનવ્યવહારના સાધનોને અભાવે કયાંય બહારથી તરત અન્ન આવી શકે તેમ નહોતું. સોપારક ગામ(અમદાવાદથી મુંબઈ જતાં રસ્તામાં આવતું સોપાલા ગામ હોય)માં એક શ્રાવક પરિવાર અનાજના અભાવે ભારે દુ:ખી થઈ ગયો હતો. ઘણી મુશ્કેલીથી એક લાખ મુદ્રા આપ્યા પછી એક હાંડીમાં પકાવી શકાય તેટલું અનાજ મળ્યું.

પરિવારના બધા લોકોએ વિચાર્યું કે રોજ રોજ એક લાખ મુદ્રા લાવીશું કયાંથી ? તેમાંય વળી એક લાખ મુદ્રા દેતાં આજે માંડ માંડ અન્ન મળે છે. એના બદલે શા માટે આજે આ અનાજની હાંડીમાં વિષ નાખીને ભોજન કરીને સદાને માટે સૂઈ ન જવું ?

આવું વિચારીને એક લાખ મુદ્રાની કિંમતના અનાજની હાંડી ચૂલા પર ચડાવવામાં આવી. હાંડીમાં અન્ન રંધાતું હતું અને હાંડીને ચૂલા પરથી ઉતારી લેવામાં આવી. વજ્રસ્વામીના શિષ્ય એ વખતે સોપારક ગામમાં આવ્યા હતા અને એ જ સમયે ગોચરીને માટે આ શ્રાવકને ત્યાં પહોંચ્યા.

સાધુપુરુષને જોતાં જ બધાંએ કહ્યું, "ઓહ, કેટલાં બધાં બડભાગી છીએ અમે ? આપ યોગ્ય સમયે પધાર્યા છો."

સાધુને શંકા થઈ કે કદાચ અમારા આવવાથી આ બધાંને કોઈ બાબતની ખલેલ તો પડી નથી ને ? સાધુએ વિશેષ પૂછતાછ કરતાં

શ્રાવક પરિવારે એમની શંકાનું નિવારણ કર્યું અને સાચી આપવીતી કહી. આની સાથોસાથ એમ પણ કહ્યું કે,

"ગુરુદેવ ! આપ આ આહારને ગ્રહણ કરો. હજી અમે આ એક લાખ મુદ્રાથી મેળવેલા અન્નમાં વિષ ભેળવ્યું નથી."

આ સાંભળતાં જ સાધુઓને વજ્રસ્વામીએ કહેલી વાત યાદ આવી ગઈ. એમણે શ્રાવક પરિવારને કહ્યું,

"હવે તમે લોકો ઝેર લેશો નહીં. વજ્રસ્વામીની ભવિષ્યવાણી અનુસાર અમે તમને પૂરો વિશ્વાસ આપીએ છીએ કે આવતીકાલથી જરૂર સુકાળ થઈ જશે."

સાધુજનોને ભિક્ષા આપીને બધાંએ સર્વાનુમતે નિર્ણય કર્યો, "આટલા દિવસ અન્ન વિના કાઢ્યા છે તો ભલે એક દિવસ વધુ કાઢવો પડે."

બીજે દિવસે સવારે જ દૂર-દેશાવરથી અનાજથી ભરેલાં વહાણ આવી પહોંચ્યાં, દુષ્કાળ સુકાળ બની ગયો, સહુને સરળતાથી અનાજ મળવા લાગ્યું.

આ ઘટના પછી આખાય શ્રાવક પરિવારે ગુરુવર પાસેથી નિર્ગ્રંથ દીક્ષા લીધી. પિતા અને ચાર પુત્ર સાધુ બની ગયા. માતા અને બહેનો સાધ્વી બની ગઈ. એમણે વિચાર્યું કે અમે તો ઝેર ઘોળીને મરવા ચાહતાં હતાં, પરંતુ આ સાધુઓની કૃપાથી અમને જીવતદાન મળ્યું. હવે અમે એમના ચરણોમાં બાકીનું શેષજીવન સ્વ-પરકલ્યાણ સાધીને વ્યતીત કરવા માગીએ છીએ. એમ કહેવાય છે કે જે ચાર પુત્રો સાધુ બન્યા તેમના નામથી ચાર કુળ પ્રસિદ્ધ થયાં અને તે છે ચાન્દ્રકુળ, નગેન્દ્રકુળ, વિદ્યાધરકુળ અને નિવૃત્તકુળ. આજે પણ ચાન્દ્ર-કુળ વિદ્યમાન છે. કૌટિકગચ્છ, વજ્રશાખા અને ચાન્દ્રકુળનાં જ વર્તમાન સાધુ-સાધ્વી છે.

**સંઘ-વૈયાવૃત્ય :**

ગણોના સમૂહને સંઘ કહેવામાં આવે છે અને આવાં સાધુ-સાધ્વીઓના સંઘની વૈયાવૃત્ય કરવી તે સંઘ-વૈયાવૃત્ય કહેવાય. સંઘનો

અર્થ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘ પણ કરી શકાય. આ અર્થ વ્યાપક અને ઉચિત છે. સાધુ-સાધ્વી દ્વારા પોતાની સાધુમર્યાદામાં રહીને અને શ્રાવક-શ્રાવિકા દ્વારા પોતાની શ્રાવકમર્યાદામાં રહીને સંઘની ઉન્નતિનું કાર્ય કરવું. સંઘમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય અને પરસ્પર વાત્સલ્યભાવની વૃદ્ધિ તથા શુદ્ધ ધર્મનો પ્રસાર કરવો તેમ જ આવાં કાર્યોમાં પરસ્પર સહયોગ આપવો એ સંઘ-વૈયાવૃત્ય છે. બીજી રીતે વિચારીએ તો સાધુ-સાધ્વીની વૈયાવૃત્ય શ્રાવક-શ્રાવિકાઓ તેમને ગોચરી, વસ્ત્ર, પાત્ર, ઔષધ આદિ આપીને કરે અને સાધુ-સાધ્વી શુદ્ધ ધર્મપ્રેરણા, કર્તવ્યપ્રેરણા તથા વ્રત-નિયમ આદિની પ્રેરણા આપીને શ્રાવક-શ્રાવિકા વર્ગની વૈયાવૃત્ય કરે.

**સાધર્મી-વૈયાવૃત્ય:**

એક સમાન ધર્મ પાળનારાંઓ સાધર્મી કહેવાય. સાધુધર્મનું પાલન કરનારા બધા જ સંપ્રદાયનાં સાધુ-સાધ્વીઓ એકબીજાનાં સાધર્મી છે. એવી જ રીતે શ્રાવકધર્મનું પાલન કરનારાં બધાં જ શ્રાવક-શ્રાવિકા એકબીજાનાં સાધર્મી ગણાય. વળી, એક જ ધર્મ એટલે કે જૈન ધર્મની દૃષ્ટિએ વિચારીએ તો માત્ર સાધુ-સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા જ નહિ પરંતુ માર્ગાનુસારી ધર્મનું પાલન કરનારાં તમામ ભાઈ-બહેનો પણ એકબીજાનાં સાધર્મી કહેવાય. આને કારણે સાધર્મીના બે પ્રકાર દર્શાવવામાં આવ્યા છે—

૧. જેમનો સમાન વેશ હોય તેમને લિંગથી સાધર્મી કહીએ છીએ.

૨. જેમનું સમાન પ્રવચન (શાસન) હોય એમને પ્રવચનથી સાધર્મી કહેવામાં આવે છે.

• આમ તો 'ભગવતીસૂત્ર'માં ભગવાનની વાણીનું શ્રવણ કરતા હોવાને લીધે સાધુઓને 'શ્રાવક' કહ્યા છે અને એમને માટે 'वेसालिए सावए' એવું ઉદ્બોધન વપરાયું છે. આનો અર્થ છે વિશાલાના પુત્ર વૈશાલિક (મહાવીર)નો શ્રાવક. આ દૃષ્ટિએ જોઈએ તો તમે અને અમે બધાં જ સાધર્મી છીએ.

અહીં સાધર્મીથી લિંગ અને પ્રવચન બંને રૂપે સાધુ-સાધ્વી જ વિવક્ષિત છે. આથી આવા સાધર્મીને ધર્મસંકટ જાગતાં મદદ કરવી, તેઓ ધર્મમાં ડગતાં હોય તો તેઓને સ્થિર કરવાં, ધર્મ-પાલનમાં સહાયતા કરવી, એમનાં દૈહિક કાર્યોમાં જ્યાં એમને જરૂર હોય ત્યાં સહયોગ આપવો, એમના સામાજિક ધર્મપ્રચારનાં કાર્યોમાં પણ સહાયરૂપ થવું તે જ એમની વૈયાવૃત્ય ગણાય.

'તત્ત્વાર્થસૂત્ર'માં સાધર્મી શબ્દને બદલે 'સમનોજ્ઞ' શબ્દ મળે છે. એનો અર્થ છે કે જ્ઞાનાદિ ગુણોમાં સમાન હોય એટલે કે સમાન-શીલ હોય. આ શબ્દનો ભાવાર્થ સાધર્મી શબ્દથી ભિન્ન નથી. હકીકતમાં તો સાધર્મીવાત્સલ્ય જ્યારે સાચા દિલથી કરવામાં આવે ત્યારે એ એની વૈયાવૃત્ય સિદ્ધ કરે છે. આમ, વૈયાવૃત્ય સેવારૂપે હોવાને કારણે દસ પ્રકારની સેવ્ય વૈયાવૃત્યને માટે યોગ્ય ઉત્તમ પાત્રો હોવાને લીધે વૈયાવૃત્યના દસ ભેદ દર્શાવવામાં આવ્યા છે. વાસ્તવમાં તો વૈયાવૃત્ય-તપ એક જ પ્રકારનું છે, જેનું વ્યાપક અને સાચું સ્વરૂપ આપણે અગાઉ જોઈ ગયા છીએ.

આ દસ ઉત્તમ પાત્રોની વૈયાવૃત્ય મહા નિર્જરાનું કારણ બને છે, પરંતુ એનો અર્થ એ નથી કે મધ્યમ અને સામાન્ય પાત્રોની વૈયાવૃત્ય કરવામાં આવે નહીં. વૈયાવૃત્યમાં ભેદની આવી દીવાલ ઊભી કરી શકાય નહીં. એ સાચું કે વૈયાવૃત્ય કરતી વખતે પાત્રને જોઈને એમાં થોડો ભેદ થઈ શકે છે. આમ, ઉત્તમ પાત્રોની વૈયાવૃત્ય કર્મક્ષયનો હેતુ છે. સંપૂર્ણ કર્મક્ષય થતાં મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. આ દૃષ્ટિએ ઉત્તમ પાત્રોની વૈયાવૃત્ય મોક્ષ સુધી પહોંચાડનારી છે જે પ્રત્યેક સાધકનું અંતિમ ધ્યેય હોય છે.

સ્થળ : જૈનભવન, બીકાનેર
૯ ઑગસ્ટ, ૧૯૪૮

□

આઠ

# સાધનાનું નંદનવન: સ્વાધ્યાય

કોઈ વિશાળ ભવનમાં પ્રવેશવું હોય તો તમે ક્યાંથી પ્રવેશશો? જો એની દીવાલ પરથી ચડીને અંદર જવા પ્રયાસ કરશો તો કાં જમીન પર પછડાશો કાં ઈજા પામશો. એવું પણ બને કે મકાનમાલિક તમને ગેરકાયદે પ્રવેશ કરવા માટે પોલીસના હવાલે કરી દે. કોઈ પણ ભવનમાં પ્રવેશવા માટે એના મુખ્ય દરવાજેથી પ્રવેશવું જોઈએ. જો તમારે જ્ઞાનમંદિરમાં પ્રવેશ કરવો હોય તો એનું મુખ્ય દ્વાર શોધો. એનું મુખ્ય દ્વાર છે સ્વાધ્યાય. આભ્યંતર તપનો ચોથો પ્રકાર છે સ્વાધ્યાય.

જ્ઞાનભવનમાં પ્રવેશ કરવા માટે સ્વાધ્યાય સિવાય બીજો કોઈ માર્ગ નથી. બીજો કોઈ માર્ગ અપનાવશો તો કદીયે સફળતા નહીં મળે. સ્વાધ્યાય-વિના એટલે કે વ્યવસ્થિત અધ્યયન વગર કોઈ

સહાધ્યાયીની ઉત્તરવહીમાંથી જોઈને એની નકલ કરવા પ્રયાસ કરશે. અથવા તો અધ્યાપકને લાંચરૂશ્વત આપીને જ્ઞાનભવનમાં પ્રવેશ કરવા ઇચ્છશે તો તેનો એ સાચો પ્રવેશ ગણાશે નહીં. આમ કરવા જતાં ચોરી કરનાર પકડાઈ જાય અથવા તો ખૂબ પૈસા ખર્ચવા છતાં યોગ્યતા પ્રાપ્ત ન થાય. વાતનો સાર એટલો છે કે સ્વાધ્યાયતપ એ જ્ઞાનના ભવનમાં પ્રવેશ કરવાનું મુખ્ય દ્વાર છે.

આજની આપણી કેળવણીમાં પણ ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ગંભીર અધ્યયનની જરૂર છે. માત્ર ઉપરછલ્લું જ્ઞાન કે પલ્લવગ્રાહી પાંડિત્ય ચાલે નહીં. અંગ્રેજીમાં અભ્યાસને માટે બે શબ્દ મળે છે. એક લર્નિંગ (Learning) અને બીજો સ્ટડી (Study). સામાન્ય કક્ષાના અભ્યાસને 'લર્નિંગ' કહેવામાં આવે છે. જ્યારે ગંભીરતા સાથે ગહન અને વિશ્લેષણભર્યા અભ્યાસને 'સ્ટડી' કહેવામાં આવે છે. કોઈ પણ વિદ્યાશાખાનું ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે એનો વિશ્લેષણ-પૂર્વકનો આભ્યાસ કરવો પડે છે. આ વાત થઈ વ્યવહારિક કેળવણીની. આવી જ રીતે આધ્યાત્મિક જ્ઞાન માટે પણ ગંભીરતા અને વિશ્લેષણ માટે એ વિષયનું ગહન અધ્યયન આવશ્યક છે.

## સ્વાધ્યાયના ત્રણ લાભ

ગંભીરતા અને વિશ્લેષણની સાથે સમ્યક્‌-રૂપે અધ્યયન કરવું તેનું નામ છે સ્વાધ્યાય. 'સ્વાધ્યાય' શબ્દ મુખ્યત્વે ત્રણ અક્ષરનો બન્યો છે: સુ + અધિ + અય. આમ વ્યાકરણની દૃષ્ટિએ એનો અર્થ થશે સમ્યક્ રીતે અર્થાત્ સુષ્ઠુ રીતે, ચારે બાજુનું (બધી બાબતનો વિશ્લેષણ-દૃષ્ટિએ વિચાર કરીને) જે અધ્યયન કે પઠન થાય તે સ્વાધ્યાય છે.

આ સ્વાધ્યાય એટલે શું ? મોટાં મોટાં શાસ્ત્રો વાંચી લેવાં કે જોશભર્યાં લાંબાં વ્યાખ્યાનો આપવાં કે સાંભળવાં એ સ્વાધ્યાય નથી. જ્ઞાનના સાગરમાં ડૂબકી લગાવવી એને પણ સ્વાધ્યાય ન કહી શકાય. જ્યાં સુધી વ્યક્તિ આત્મપ્રદેશમાં રમણ કરતી નથી ત્યાં સુધી શાસ્ત્રાભ્યાસ, વ્યાખ્યાનશ્રવણ કે જ્ઞાનની જિજ્ઞાસાથી કશો લાભ થશે નહીં.

તેલના કુંડમાં ડૂબકી લગાવીએ તેથી કંઈ શરીર સૌષ્ઠવયુક્ત બની જાય નહીં. તેલ શરીર પર બરાબર ઘસીને ચોપડવામાં આવે અને તે શરીરમાં ઊતરે ત્યારે જ એનાથી સૌષ્ઠવ સાંપડે.

પોતાની આસપાસ માત્ર શાસ્ત્રો કે પુસ્તકોની ભીડ ઊભી કરવાથી કશું નહીં થાય. અનેક ગ્રંથો કે કેટલાંય શાસ્ત્રો વાંચી નાખવાં એનો અર્થ સ્વાધ્યાય નથી. પુષ્કળ વાંચન એ અધ્યયનના ઊંડાણને બદલે ઉપરછલ્લા જ્ઞાનનો સંકેત કરે છે. ચિંતનમનનપૂર્વક અથવા તો વિશ્લેષણ-દૃષ્ટિથી થયેલો થોડો અભ્યાસ પણ અધ્યયનનું ઊંડાણ સૂચવે છે. વધું પડતું વાંચન પણ કયારેક અતિ ભોજન કરનારની જેમ અજીર્ણ રોગને નિમંત્રણ આપે છે. અતિ ભોજન કરનાર ખોરાકને બરાબર ચાવતો નથી. જેથી એના પૌષ્ટિક રસો એને મળતા નથી, પાચનક્રિયા બરાબર થતી નથી. આવી જ રીતે અતિ વાંચન કરવાથી ચિંતન, મનન કે એના પર ગહન વિચાર થતો નથી, આવું જ્ઞાન પચતું નથી. ઊંડાણપૂર્વક કરેલું અધ્યયન એ અધ્યયન કરનારનું પોતાનું બની જાય છે. એમાંથી મળેલા વિચારો, ભાવનાઓ અને વિભાવનાઓ એ આત્મસાત્ કરી શકે છે.

સ્વાધ્યાયનો ઉદ્દેશ વાણીની ગાડી પૂરપાટ દોડાવવાનો નથી, બલ્કે ચિંતન કરતાં કરતાં અને જીવનમાં એ ચિંતન ઉતારતાં ઉતારતાં આગળ વધવાનો છે. પ્રતિષ્ઠા મેળવવા અથવા તો નિર્જરા કે પુણ્યની પ્રાપ્તિ માટે કોઈ ઝડપથી શાસ્ત્ર કે ધર્મગ્રંથ વાંચી લે એવો સ્વાધ્યાયનો ઉદ્દેશ નથી. સ્વાધ્યાય-તપ એ અહંકારપોષક નથી. અહંકારના પોષણથી સ્વાધ્યાય-તપ થતું નથી. સ્વાધ્યાયનું સમર્થ સમર્થન કરનારા ભગવાન મહાવીર સ્વામી 'સ્થાનાંગસૂત્ર'માં કહે છે–

"जया सुअहिज्झियं भवइ, तया सुज्झाइयं भवइ, जया सुज्झाइयं भवइ तया सुतवस्सियं भवइ। से सुअहिज्झिए, सुज्झाइए, सुतवस्सिए सुयक्खाएणं भगवया धम्मे पण्णत्ते।"

"સમ્યક્ પ્રકારે અધ્યયન કરવામાં આવે ત્યારે જ સમ્યક્ અધીતનું સમ્યક્ પ્રકારથી ધ્યાન (ચિંતન) થઈ શકે છે અને સમ્યક્

રીતે ધ્યાન (ચિંતન-મનન) કરવામાં આવે તો જ સમ્યક્ તપ થાય છે. શાસ્ત્રના પ્રતિપાદક ભગવાન મહાવીરે આવી રીતે સમ્યક્ પ્રકારે અધ્યયન કરવામાં આવેલા, સમ્યક્ પ્રકારે ધ્યાન (ચિંતન-મનન) કરવામાં આવેલા અને સમ્યક્ પ્રકારે તપમાં પરિણત થયેલા પદાર્થને ધર્મ કહ્યો છે."

સાચે જ સમ્યક્ પ્રકારે ઊંડાણથી કરેલું અધ્યયન જ તપ બને છે. એ જ કર્મોની નિર્જરાનું કારણ બને છે અને અંતમાં મોક્ષ-પ્રાપ્તિ કરાવે છે.

સ્વાધ્યાય માત્ર જ્ઞાનમંદિરમાં પ્રવેશ અપાવી થોભી જતો નથી. એના દ્વારા તો પ્રાપ્ત જ્ઞાનની સુરક્ષા થાય છે; એટલું જ નહીં પણ એણે મેળવેલા જ્ઞાનમાં વૃદ્ધિ પણ કરે છે. આ રીતે સ્વાધ્યાયના ત્રણ લાભ છે. એક છે જ્ઞાનપ્રાપ્તિ, બીજો છે પ્રાપ્ત જ્ઞાનની સુરક્ષા અને ત્રીજો લાભ છે પ્રાપ્ત-જ્ઞાનમાં વૃદ્ધિ.

## દિવસનો અર્ધો સમય સ્વાધ્યાય

સ્વાધ્યાયથી આ ત્રણ બાબતો ત્યારે જ ઉપલબ્ધ થઈ શકે કે જ્યારે સતત અને નિયમિત સ્વાધ્યાય કરવામાં આવતો હોય. કોઈ એક દિવસ સ્વાધ્યાય કરે પછી દસ દિવસ સુધી એ શાસ્ત્ર કે ગ્રંથનું એક પાનું પણ ન વાંચે તો બનશે એવું કે એણે જે કાંઈ જ્ઞાન મેળવ્યું હશે તે વિસ્મૃત થઈ જશે. સતત અને નિયમિત સ્વાધ્યાયનું અધ્યાત્મ યોગી ભગવાન મહાવીરે ખૂબ મહત્ત્વ દર્શાવ્યું છે. એમણે કહ્યું છે કે ઉચ્ચ સાધકે પોતાની દિનચર્યાનો અડધો ભાગ સ્વાધ્યાયમાં વિતાવવો જોઈએ.

"पढम–पोरिसीए सज्झायं बीयं झाणं झियायइ ।
तइयाए भिक्खयरियं पुणो चउत्थी वि सज्झायं ।"

"ઉચ્ચ સાધક પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરશે, બીજા પ્રહરમાં ધ્યાન કરશે, ત્રીજા પ્રહરમાં ભિક્ષાચરી કરશે અને વળી ચોથા પ્રહરમાં સ્વાધ્યાય કરશે."

સાધકની દિનચર્યાનું આ વિધાન કાળના પ્રભાવને કારણે એના મૂળ રૂપમાં સાધકોમાં પ્રચલિત નથી. આમ છતાં સ્વાધ્યાયનું સાતત્ય અને નિયમિતતા જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનસુરક્ષા માટે અત્યંત જરૂરી મનાય છે. શાસ્ત્રો અને ધર્મગ્રંથોનું જ્ઞાન વિશાળ અને અપરિમેય હોય છે. આ માટે સ્વાધ્યાય કરવામાં આવે નહીં તો એ જ્ઞાન શાસ્ત્રો કે ગ્રંથોમાં જ કેદ થઈને રહે છે. એનો અભ્યાસ કરનારના હૃદયમાં એનો પ્રવેશ થતો નથી. આથી બૃહદ્ ભાષ્યકાર કહે છે—

"निउणो खलु सुत्तत्थो, ण हु सक्को अपडिबोधितो णाउं ॥'

"सत्स्वपि फलेषु यद्वन्न ददाति फलान्यकम्पितो वृक्षः ।
तद्वत् सूत्रमपि बुधैरकम्पितं नार्थवद् भवति ॥"

"સૂત્ર અને એમાંથી પ્રગટ થતો અર્થ ગમે તેટલો ગહન હોય, પરંતુ જ્યાં સુધી એના (સ્વાધ્યાય) દ્વારા એને જાગૃત કરવામાં આવશે નહીં ત્યાં સુધી એમાં પ્રતિપાદિત વિષયનું જ્ઞાન નહીં કરાવી શકે. કોઈ વૃક્ષ પર અગણિત ફળ હોય, પરંતુ એને થોડું હચમચાવીએ તો જ એ ફળ આપે છે. એવી જ રીતે શાસ્ત્રો પણ સતત સ્વાધ્યાય દ્વારા હલાવવા-ચલાવવાથી જ જ્ઞાન ફળદાયક બને છે."

પાનદાનીમાં રાખેલાં પાનને ફેરવવામાં ન આવે તો એની કઈ સ્થિતિ થાય? એ સડી જાય અને ફેંકી દેવાં પડે. ઘોડાને તબેલામાં એક જ જગાએ બાંધીને રાખવામાં આવે તો શું થાય? ઘોડાની ચપળતા અને ઝડપ નાશ પામે. વિદ્યા અને જ્ઞાનની આવી જ દશા આજે છે. આથી જ સ્વાધ્યાય દ્વારા જો ગ્રંથોનું સતત અનુશીલન કરવામાં આવે નહીં તો પ્રાપ્ત જ્ઞાન પણ વિસ્મૃત થઈ જશે. એની વિશેષ વૃદ્ધિ થવાની તો વાત જ ક્યાં? આમ સ્વાધ્યાયથી જ્ઞાનપ્રાપ્તિ થાય છે અને વારંવાર નિયમિત સ્વાધ્યાય કરવાથી જ્ઞાનવૃદ્ધિ થાય છે અને પ્રાપ્ત જ્ઞાનની વિસ્મૃતિ થતી નથી. આથી તો ઉપનિષદના ઋષિઓ ગુરુકુળમાં અભ્યાસ કરીને વિદાય લેતા સ્નાતકોને કહેતા હતા— "स्वाध्यायान्मा प्रमदः" (હે વિદ્યાર્થી! તું સ્વાધ્યાયમાં ક્યારેય પ્રમાદ કરીશ નહીં)

નિયમિતપણે પ્રતિદિન સ્વાધ્યાય કરવાથી શાસ્ત્ર કે ગ્રંથનું રહસ્ય પામી શકાય છે; એની ગહન વાણીનો મર્મ સમજી શકાય છે; એમાં રજૂ થયેલા વિચારોની ગરિમા સમજી શકાય છે અને આત્મસાત્ કરી શકાય છે. નિયમિત સ્વાધ્યાય થાય તો જ અધ્યયનનો અર્ક અંતરમાં સ્થાપિત થાય છે.

દૈનિક સ્વાધ્યાયના કેટલાક વિશિષ્ટ લાભની વાત જ અનેરી છે. શાસ્ત્ર કે ગ્રંથમાં ઉલ્લેખિત વિષયમાં નવા નવા અર્થની સ્ફુરણા દૈનિક સ્વાધ્યાય કરવાથી જાગે છે. નવો અર્થ નવો અનુભવ આપે. આ રીતે દૈનિક સ્વાધ્યાયથી નવીન વિચારસૃષ્ટિનો ઉઘાડ થાય છે. વળી દૈનિક સ્વાધ્યાયકર્તા શાસ્ત્રમાં પ્રતિપાદિત મહાપુરુષોના અનુભવની સાથે સ્વજીવનના અનુભવનો તાલ મેળવવા કે તાળો મેળવવા પ્રયાસ કરે છે. આવી ગહન મથામણ અને પ્રછન્નપણે ચાલતી આંતર-પ્રક્રિયાથી અપૂર્વ આનંદનો અવસર જાગે છે; અંગત સ્વાનુભવ પર જ્ઞાની પુરુષોના પ્રત્યક્ષ અનુભવની મુદ્રા અંકિત થતાં એના જીવનની દિશા સ્પષ્ટ થાય છે; એનાં અંતરદ્વાર ખૂલી જાય છે; એનું આંતર-વ્યક્તિત્વ આધ્યાત્મિક અનુભવના આનંદથી ખીલી ઊઠે છે. આ સ્થિતિના આનંદને બૃહદ્ ભાષ્યકારની વાણીએ કેવી પ્રસન્નતાથી વર્ણવ્યો છે–

"जह जह सुयमोगाहइ अइसयरसपसरसंजुयमपुव्वं ।
तह तह पल्हायइ मुणी नव-नव-संवेग-सध्धाओ ॥"

"સ્વાધ્યાયકર્તા સાધક જેમ જેમ શાસ્ત્રોનું અવગાહન કરે છે અને એનું વધુ ને વધુ ઊંડું આચમન કરે છે તેમ તેમ એને અતિશય રસથી યુક્ત એવું અપૂર્વ અર્થ–જ્ઞાન પ્રાપ્ત થાય છે. વળી નવા–નવા સંવેગ(શુદ્ધ ભાવોનો પ્રવાહ)થી એ શ્રદ્ધાશીલ મુનિનો આત્મા પ્રસન્ન થાય છે."

આ વિષયમાં બૌદ્ધ સાહિત્યમાંથી મળતું એક કથાનક અત્યંત પ્રેરક છે.

કમ્બોજ સમ્રાટ તિહ્‌મિહ્‌ની ભવ્ય રાજસભામાં એક દિવસ એક બૌદ્ધ ભિક્ષુ આવ્યો અને એણે કહ્યું, "મહારાજ, હું ત્રિપિટકાચાર્ય છું.

પંદર વર્ષ સુધી સમગ્ર બૌદ્ધ જગતમાં તીર્થાટન કરીને સદ્ધર્મનાં ગૂઢ તત્ત્વોનું મેં રહસ્યોદ્‌ઘાટન કર્યું છે. હવે મારી ઇચ્છા આપના રાજ્યના મુખ્ય ધર્માચાર્ય બનવાની છે અને તેથી જ અહીં આવ્યો છું. મારી એવી ઇચ્છા છે કે કમ્બોજનું શાસન ભગવાન બુદ્ધના આદેશ અનુસાર ચાલે.''

સમ્રાટ તિર્‌મિર્ ભિક્ષુની ઇચ્છા સાંભળીને સહેજ હસ્યા અને બોલ્યા, "આપની ભાવના ઉત્તમ છે અને મંગલકારી છે, પરંતુ આપને મારી એટલી વિનંતી છે કે આપ ધર્મગ્રંથોનો ફરી એકવાર સ્વાધ્યાય કરો."

આ સાંભળી બૌદ્ધ ભિક્ષુને મનોમન ખૂબ ગુસ્સે થયો, પરંતુ સમ્રાટની વિનંતીનો વિરોધ કરી શક્યો નહીં. વળી મનમાં એમ પણ વિચાર્યું કે ભલે ફરીવાર બધા ધર્મગ્રંથો વાંચી જાઉં. આટલી નાનકડી વાતથી સમ્રાટ સંતુષ્ટ થતા હોય અને ધર્માચાર્ય જેવું પ્રતિષ્ઠિત પદ આપતા હોય તો શા માટે આવો સુંદર મોકો હાથથી જવા દેવો ?

બૌદ્ધ ભિક્ષુ ધર્મગ્રંથોના સ્વાધ્યાયમાં લીન બની ગયો. સર્વ ગ્રંથોનો અભ્યાસ કરીને એ બીજા વર્ષે સમ્રાટની સામે ફરી ઉપસ્થિત થયો ત્યારે સમ્રાટે ફરી કહ્યું, "આપ ફરી એકવાર એકાંતમાં ધર્મ-ગ્રંથોનો સ્વાધ્યાય કરો તો તે શ્રેયસ્કર બનશે."

ભિક્ષુનું મન ક્રોધથી ખળભળી ઊઠ્યું. સમ્રાટે કરેલું અપમાન એ સહન કરી શક્યો નહીં. આખો દિવસ આમ તેમ ભટકીને સાંજે નિર્જન એવા નદીકિનારે પહોંચ્યો. ભિક્ષુએ સાંધ્યપ્રાર્થના કરી. પ્રાર્થના પૂરી થતાં નિશ્ચય કર્યો કે હવે તો એ ખૂબ તન્મયતાથી સ્વાધ્યાય કરશે. બીજા દિવસથી જ એ સ્વાધ્યાયમાં ડૂબી ગયો. આ વખતે સ્વાધ્યાય કરતાં તેને અપૂર્વ આનંદ થયો. શબ્દો એના એ જ હતા, પણ નવા નવા અર્થ એની ચેતનામાં ચમકવા લાગ્યા. સ્વાધ્યાય એનો નિત્યક્રમ બની ગયો. આનંદ એની નિત્ય અનુભૂતિ થઈ ગઈ. ક્યારેક

તો એ સ્વાધ્યાયમાં એટલો બધો ડૂબી જતો કે ભોજન કરવાનું પણ ભૂલી જતો.

એક વર્ષ પૂરું થયું. ભિક્ષુ રાજસભામાં આવ્યા નહીં. સમ્રાટ ખુદ એની શોધમાં નીકળ્યા. નદીકિનારે ભિક્ષુ મળ્યા. સમ્રાટ તિઙ્-મિઙે પ્રણામ કર્યા, પણ બૌદ્ધ ભિક્ષુ તો તનમનનું ભાન ગુમાવીને આનંદાતિરેકમાં ડૂબેલા હતા. ધર્માચાર્ય થવાની તેમની મહત્ત્વકાંક્ષા ભસ્મસાત્ થઈ ચૂકી હતી. પાંડિત્યના અહંકારને સ્થાને અંતરમાં આત્મજ્ઞાનનો આનંદ લહેરાઈ રહ્યો હતો. સમ્રાટ તિઙ્મિઙે એમને બે હાથ જોડીને વિનંતી કરી, "આપ પધારો અને ધર્માચાર્યનું આસન સુશોભિત કરો."

બૌદ્ધ ભિક્ષુએ હળવા હાસ્ય સાથે કહ્યું, "ભગવાનનો આદેશ અત્યંત સ્પષ્ટ છે. જ્ઞાન આચરણની વસ્તુ છે કેવળ ઉપદેશની નહીં. હવે કોઈ પદ કે પ્રતિષ્ઠાની મારે જરૂર નથી. જે પદની કામનાથી તમારી પાસે આવ્યો હતો તે ધર્માચાર્યપદની પણ જરૂર નથી. મને સ્વાધ્યાયથી અદ્ભુત સૂત્ર મળી ગયું છે. સૂત્ર છે "अप्पदीपोभव" (આત્માનો દીપક બન) બસ, આ સૂત્ર મળી ગયું અને મને નવી દિશા જડી ગઈ."

આ બૌદ્ધકથાનો નિષ્કર્ષ શું ? બૌદ્ધભિક્ષુએ વારંવાર સ્વાધ્યાય કર્યો. એને નવા નવા અર્થ સૂઝયા; નવી દૃષ્ટિ અને નવું ચિંતન સાંપડયું; એવું દર્શન મળ્યું કે જેનાથી એનાં અંતરદ્વાર ખૂલી ગયાં. સતત સ્વાધ્યાય એને માટે આત્મદીપક સમાન બન્યો, જેના પ્રકાશથી એણે પોતાના અંતરનું નિરીક્ષણ–પરિક્ષણ કર્યું.

### જાતને જાણો

સ્વાધ્યાયનો અર્થ માત્ર પુસ્તક, ગ્રંથ કે શાસ્ત્ર વાંચવા કે સાંભળવા પૂરતો સીમિત નથી. સ્વાધ્યાયનો અર્થ છે કે પોતાના જીવનના ગ્રંથ, પુસ્તક કે શાસ્ત્રને વાંચવું. 'स्वस्य स्वस्मिन् अध्ययनं स्वाध्यायः' અર્થાત્ પોતાના જીવનશાસ્ત્રનું પોતાની અંદર અધ્યયન કરવું એનું નામ સ્વાધ્યાય છે. આ ગ્રંથો કે શાસ્ત્રોમાં વ્યક્તિના

પોતાના અંતઃકરણના શાસ્ત્રનું જ પ્રતિબિંબ હોય છે. ગ્રંથો કે શાસ્ત્રોના અધ્યયનને લોકભાષામાં સ્વાધ્યાય કહેવામાં આવે છે, પરંતુ આ તો એનો ગૌણ અર્થ છે.

સ્વાધ્યાયનો મુખ્ય અર્થ તો વ્યક્તિ આત્મ-અધ્યયન કરે તેમ છે. સાધકનું પ્રથમ કર્તવ્ય એ છે કે પોતાની જાતને જાણવી, સમજવી અને વાંચવી. હું કોણ છું? મારું મૂળ સ્વરૂપ શું છે? હું ક્યાંથી આવ્યો છું? મારે ક્યાં જવું છે અને અહીં શું કરવાનું છે? હું શું કરી રહ્યો છું? મારામાં કષાયાદિ વૃત્તિઓ વધી રહી છે કે ક્ષીણ થઈ રહી છે? રાગદ્વેષની વૃદ્ધિ થાય છે કે હ્રાસ? શું આ બધા મારા આત્માના ગુણ છે કે માત્ર શરીર સાથે જોડાયેલા દુર્ગુણ છે? આ પ્રશ્નોના ઉત્તર સાધક પોતાના અંતરના ઊંડાણમાં પ્રવેશીને મેળવવા પ્રયાસ કરે એ જ વાસ્તવમાં સ્વાધ્યાય છે. આથી જ તત્ત્વવેત્તાઓ કહે છે 'Know Thyself' એટલે કે પોતાની જાતને જાણો.

'સ્વ'ના અધ્યયન માટે શાસ્ત્ર કે ગ્રંથોનો અથવા તો પૃચ્છા, શ્રવણ અને પઠનનો આધાર લઈ શકાય. પરિણામે શ્રેષ્ઠ ગ્રંથો અને શાસ્ત્રોના અધ્યયનની સાથોસાથ સાધક આત્મ–અધ્યયન કરે એ જ સ્વાધ્યાય છે. શ્રેષ્ઠ ગ્રંથ કે શાસ્ત્રને વાંચતાં સાધક એના જ્ઞાનના પ્રકાશમાં વિચારશે કે આમાં જેને સારી અને નરસી બાબતો કહેવામાં આવી છે તે મારા જીવનમાં ક્યાં ક્યાં છે? મારું આચરણ પશુસમાન છે કે સત્પુરુષને છાજે તેવું છે. આ રીતે કરવામાં આવેલો સ્વાધ્યાય આત્માને પ્રકાશિત કરનારો દીપક છે. આ સંદર્ભમાં આત્મા પોતાનો વિચાર કરે નહીં અથવા તો પોતાની સારી કે નરસી બાબતો પર લક્ષ આપે નહીં તો એનો સ્વાધ્યાય અધૂરો છે.

આ પ્રકારના ગ્રંથ કે શાસ્ત્રના સ્વાધ્યાયથી તમારા માનસપટ પર રામ અને રાવણ, યુધિષ્ઠિર અને દુર્યોધન, કૃષ્ણ અને કંસ–એ બધાંનું જીવન અંકિત થશે. એ પછી સાધકે પોતે જ પોતાના ભીતરમાં ડૂબકી લગાવીને એ જોવાનું છે કે મારામાં રામનો અંશ કેટલો

છે અને રાવણનો અંશ કેટલો છે? આમાંથી હિતકર હશે તેને અપનાવશે અને અહિતકર હશે એનો ત્યાગ કરશે.

### ચક્રવર્તીને બદલે તપસ્વી

સ્વાધ્યાય કરતાં કરતાં 'જીવન ક્ષણભંગુર છે' અને 'અમે અજર-અમર છીએ' એમ બંને પ્રકારના પ્રસંગો તમને મળશે. આનાથી ગભરાવાની જરૂર નથી અથવા તો કોઈ એકને સ્વીકારીને આંધળીદોટ લગાવવાની જરૂર નથી. હકીકતમાં બંને વચ્ચે સેતુ સધાવો જોઈએ, એનો સમન્વય સાધવો જોઈએ. વીજળીના બે તાર મળે તો જ પ્રકાશ આપે છે એ જ રીતે જીવનની ભંગુરતા અને નિત્યતા બંનેનો સમન્વય આપણા જીવનમાં પ્રકાશ અને ગતિનું પ્રદાન કરે છે.

સ્વાધ્યાયને લીધે જીવનની અપરંપાર ઘટનાઓ જાણવા અને સમજવા મળશે. વિશ્વનાં ઘટના-ચક્રોનો સ્વાધ્યાય પણ અનેક અનુભવ આપશે. આ બધા અનુભવોનો મેળાપ સાધો. મહાપુરુષોના જીવનના જે અનુભવો સામાન્ય કે સપાટી પરના લાગે તેને છોડી દો, અને વિશિષ્ટ પુરુષોના અનુભવોને જ ઉદાહરણીય માનીને ચાલવું જોઈએ. આ જ જીવનના સ્વાધ્યાયનો લાભ છે.

મર્યાદાપુરુષોત્તમ શ્રીરામ અયોધ્યા છોડીને વનની વાટે સંચરતા હતા ત્યારે અયોધ્યાવાસીઓ તેમની પાછળ પાછળ આવતા હતા. રામે એમને આયોધ્યા પાછા ફરવા જણાવ્યું, પરંતુ અયોધ્યાવાસીઓ તો રામની સાથે જ જવા આતુર હતા. રામે વારંવાર એમને અયોધ્યા પાછા જવા કહ્યું ત્યારે અયોધ્યાવાસીઓએ શ્રીરામને વિનંતી કરી :

"આપ તો અયોધ્યા ત્યજીને વનવાસ જઈ રહ્યા છો. અમને કોઈ એવો સંદેશો આપો કે જે અમારા જીવનમાં લાભદાયી બને."

રામે કહ્યું, "આ હમણાં જ તમારી સામે જે ઘટના બની છે તેનાથી વિશેષ બીજો કયો સંદેશો હોઈ શકે? જે સુવર્ણસિંહાસન માટે આટલી બધી તૈયારીઓ કરવામાં આવી હતી, અયોધ્યાનગરીને સ્વર્ગની નગરી જેવી બનાવવામાં આવી હતી એ બધી જ વાતો

જાણે હવામાં ઓગળી ગઈ. એ બધાની કોઈને કશી જાણ પણ નથી. આજે સોનાનું સિંહાસન છે ખરું, અયોધ્યા પણ એની એ જ છે, પણ બધું જ સૂમસામ છે. જે વિચાર્યું હતું તે બધું જ સ્વપ્નવત્ બની ગયું. જેની સ્વપ્નમાં પણ કલ્પના કરી નહોતી એ કઠોર વાસ્તવિકતા બનીને સામે ઊભી છે. સવારે જે અયોધ્યાના રાજસિંહાસન પર બિરાજમાન થઈને ચક્રવર્તી થવાનો હતો તે આજે વનવાસી તપસ્વી બનીને જઈ રહ્યો છે. શું આ ઘટનાથી તમારા જીવનને અપૂર્વ સંદેશ સાંપડતો નથી ?"

શ્રીરામનો આ સંદેશ લઈને પ્રજાજનોએ વસમી વિદાય લીધી. જો આપણે આપણા અંતરનો સ્વાધ્યાય કરવા માગતા હોઈએ તો શાસ્ત્રોનાં પૃષ્ઠો પર શબ્દબદ્ધ થયેલી ઘટનાઓ અને જગતના ઘટનાક્રમને આપણા માનસમાં પ્રતિબિંબિત કરવો જોઈએ. એ દ્વારા સ્વજીવનનું અધ્યયન કરવું જોઈએ. આને જ શાસ્ત્રોમાં અનુપ્રેક્ષા સ્વાધ્યાય કહેવામાં આવે છે.

### મનોહર નંદનવન

એક દૃષ્ટિએ વિચારીએ તો સ્વાધ્યાય એ જીવનનું નંદનવન છે. સ્વાધ્યાયરૂપી નંદનવનમાં પ્રવેશ કરીએ ત્યારે એમાં ગ્રંથ કે શાસ્ત્રરૂપી વૃક્ષોની શીતળ છાયા મળશે, આ શાસ્ત્ર-વૃક્ષ પાસેથી અમૃત સમું મીઠું આચારફળ મળશે, તેમ જ એક એકથી ચડિયાતા વિચારોનાં પુષ્પો મળશે. ક્યાંક કાંટા હશે તો ક્યાંક આત્માને શુદ્ધ અને પવિત્ર કરનાર સુંદર સરોવર પણ હશે. દુષ્કર્મ ફલરૂપી કંટકોથી આપણે બચવું પડશે અને તપરૂપી સુંદર સરોવરમાં પસ્તાવાના વિપુલ જલથી સ્નાન કરીને આત્માને શુદ્ધ અને પવિત્ર બનાવવો પડશે. નંદનવનમાં ચોતરફ મનોહર દૃશ્યો દેખાય એ જ રીતે સ્વાધ્યાયરૂપી નંદનવનમાં પણ મહાપુરુષોનાં જીવનનાં મનોહર દૃશ્યો નજરે પડશે. એમના ચિંતનની સુવાસ મઘમઘતી હશે. આમ સ્વાધ્યાયરૂપી નંદનવનમાં પ્રવેશ કરીને આપણે આપણાં આત્મા, મન, બુદ્ધિ અને હૃદયને તાજગી

અર્પીએ છીએ. આપણા જીવનમાં એ સુવિચારો, શુદ્ધ આચારો, તપ આદિને અપનાવી શકીએ છીએ.

આટલી વિવેચના પછી સ્વાધ્યાયના મહત્ત્વનો તમને ખ્યાલ આવી ગયો હશે. સ્વાધ્યાયનું આનાથી વિશેષ મહાત્મ્ય પણ છે. કોઈ લોખંડની ચીજનો તમે ઉપયોગ કરો નહિ, તો તેના પર કાટ લાગે છે અને થોડા જ સમયમાં સડીને ખતમ થઈ જશે. એનો કશો ઉપયોગ નહિ કરી શકો. આવી જ રીતે આત્મા કે જીવનનું પણ જો આપણે વારંવાર જાગૃતિપૂર્વક સંમાર્જન ન કરીએ અને એના તરફ ઉપેક્ષા દાખવીએ તો તેના પર પણ કષાયાદિનો કાટ લાગશે અને પરિણામે આત્માને વિનાશ તરફ લઈ જશે. આવો આત્મા સત્ત્વહીન અને બળહીન થતાં કોઈ મહાન ધર્મકાર્ય કરી શકશે નહિ.

સ્વાધ્યાય દ્વારા જ આત્માને વારંવાર જાગૃત રાખી શકાય છે, જેથી એના પર કષાયાદિનો કાટ લાગે નહિ. વારંવાર સ્વાધ્યાય કરવાથી આત્મા પોતાનો મૂળ સ્વભાવ, પોતાના અસલ ગુણો અને પોતાની શક્તિઓને જાણી શકે છે, જેથી ક્રોધ જેવા કષાય સામે સતત સાવધાન રહે છે. સ્વાધ્યાયથી આત્મા બળવાન બને છે અને તે દ્વારા વ્યક્તિ મહાન ભગીરથ ધર્મકાર્ય કરી શકે છે. આથી સ્વાધ્યાય આત્માને શુદ્ધ અને બળવાન બનાવીને એને મહાત્મા બનાવે છે. આવા મહાત્માને પરમાત્મા સાથે જોડનારી કડી એટલે સ્વાધ્યાય.

## ચિર-સ્વાધ્યાયનું ફળ

શાસ્ત્રોમાં અનેક સ્થળોએ સ્વાધ્યાયના મહાત્મ્યનું વર્ણન મળે છે.

"बारसविहंमि तवे अब्भिंतर-बाहिरे कुसलदिट्ठे ।
न वि अत्थि न वि अ होहि सज्झायसमं तवोकम्मं ॥"

"સર્વજ્ઞ પ્રભુના નિપુણ અનુભવોની આંખોથી જોવામાં આવેલાં બાર પ્રકારનાં તપમાં સ્વાધ્યાય જેવું તપકર્મ બીજું કોઈ નથી અને બીજું કોઈ થશે પણ નહીં.

"इग-दुति-मासक्खवणं संवच्छरमवि अणसिओ हुज्जा ।
सज्झायझाणरहिओ एगोवासफलं पि न लभिज्जा ॥"

"કોઈ સાધક સતત એક, બે કે ત્રણ મહિના સુધી ઉપવાસ કરે અથવા તો એક વર્ષ સુધી અનશન (ઉપવાસ) કરે, પરંતુ જો એ દિવસોમાં એ સ્વાધ્યાય અને ધ્યાનથી રહિત રહેશે તો એને એક ઉપવાસનું ફળ પણ પ્રાપ્ત નહિ થાય."

આથી જ 'દશવૈકાલિક સૂત્ર'માં પ્રત્યેક સાધકને માટે કહ્યું છે:

"सज्झाय-सुज्झाणरयस्स ताइणो ।
अप्पाणभावस्स तवे रयस्स ॥"

"પ્રાણી માત્રના રક્ષક વિશ્વવત્સલ સાધુ, સ્વાધ્યાય અને સુધ્યાનમાં રત રહે. આત્માના ભાવો અને તપમાં લીન રહે."

ભગવાન મહાવીર સ્વાધ્યાયના પ્રબળ સમર્થક હતા. તેઓ ભોજનનો ત્યાગ કરતા હતા, પરંતુ સ્વાધ્યાયનો નહિ. એમણે એક-બે દિવસ નહિ, પણ છ-છ મહિના સુધી ભોજનનો ત્યાગ કર્યો હતો, પણ એક દિવસ પણ સ્વાધ્યાય છોડયો નહોતો. આથી જ ભારતીય સંસ્કૃતિમાં સ્વાધ્યાયને મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. ભારત પાસે જે જ્ઞાનનો ભંડાર છે, આધ્યાત્મિક ચિંતન અને મનનમાંથી સાપડેલું નવનીત છે, અને જેને માટે આપણે ગૌરવનો અનુભવ કરીએ છીએ તેમજ ભારત વિશ્વને સંદેશ આપવાની ક્ષમતા રાખે છે તે મૂળ તો મહાપુરુષોએ કરેલા ચિર-સ્વાધ્યાયનું જ ફળ છે. જ્ઞાનના દીપકને સતત પ્રજ્જ્વલિત રાખવા માટે સ્વાધ્યાયનું તેલ જ ઉપયોગમાં આવશે તો જ ચિરસંચિત જ્ઞાનજ્યોતિ સ્થિર રહી શકશે.

## જ્ઞાનવરણીય કર્મનો ક્ષય

આમ તો સ્વાધ્યાયના લાભ સર્વવિદિત છે. સ્વાધ્યાયનો સૌથી મોટો લાભ છે જ્ઞાનપ્રાપ્તિ. સ્વાધ્યાય કરતી વખતે હજારો વર્ષ પૂર્વે મહાપુરુષોએ કરેલા ચિંતન અને મનનના વિશ્વમાં આપણું ચિત્ત રમમાણ બની જાય છે. એ મહાપુરુષોને આપણે પ્રત્યક્ષ મળ્યા નથી, પરંતુ

જીવન અને જગતના ગહન અનુભવોમાંથી તારવેલા એમના વિચારોનો આપણે સાક્ષાત્કાર કરી શકીએ છીએ. એમના ચિંતન-મનનનો અભ્યાસ કરતાં આપણે એમ અનુભવીએ છીએ કે જાણે એ મહાપુરુષો સાથે વાત ન કરતા હોઈએ! અને તેઓ આપણા જીવનના ગૂંચવાયેલા કોયડાને ઉકેલી રહ્યા ન હોય!

સ્વાધ્યાય હજારો વર્ષના જીવનમંથનમાંથી નીકળેલું નવનીત આપે છે. સાથોસાથ આપણા જીવનપટ પર છવાયેલા અજ્ઞાનના ગાઢ અંધકારને અળગો કરીને જ્ઞાનનો પ્રકાશ આપે છે. ભગવાન મહાવીરને એમના શિષ્ય ગૌતમ સ્વામીએ આ જ પૂછયું હતું-

"सज्झाएणं भंते जीवे किं जणयइ ?
सज्झाएणं नाणावरणिज्जं कम्मं खवइ।"

"ભન્તે! સ્વાધ્યાય કરવાથી જીવને શો લાભ થાય છે?"

ગૌતમ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીરે કહ્યું, "સ્વાધ્યાય દ્વારા આત્મા પોતાના જ્ઞાન પરનાં આવરણો દૂર કરે છે, જ્ઞાનવરણીય કર્મનો ક્ષય કરે છે."

આનો અર્થ જ એ કે સ્વાધ્યાય જ્ઞાનમાં અવરોધક કારણોને દૂર કરે છે. આ આવરણ દૂર થતાં જ પ્રાપ્ત જ્ઞાન આપણા જીવનને નવો રાહ આપવામાં સક્ષમ હોય છે.

મારે તમને પૂછવું છે કે તમે આજે અને અત્યારે રોટલી ખાશો તો તમારી ભૂખ કલાક કે મહિના બાદ છિપાશે? રોટલી ખાતાં જ ભૂખ સમાપ્ત થઈ જાય છે. આવી જ રીતે સ્વાધ્યાયનું ફળ પણ તરત મળતું હોય છે. સ્વાધ્યાય કરો અને તત્કાળ જ્ઞાનની પ્રાપ્તિ થશે. આથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે:

'मण-वयण-काय-गुत्तो नाणावरणं च खवइ अणुसमयं ।
सज्झाये वट्टंतो खणे-खणे जाइ वेरग्गं ॥"

"સ્વાધ્યાયમાં પ્રવૃત્ત વ્યક્તિ મન, વચન અને કાયાના વ્યાપારને એકાગ્ર (અન્ય વિષયોમાંથી નિવૃત્ત) રાખે તો એ સતત જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે અને ક્ષણ ક્ષણમાં વૈરાગ્ય પ્રાપ્ત કરે છે."

## એકાગ્રતાની આધારશિલા

મહત્ત્વની વાત એ છે કે સ્વાધ્યાયના સમયે મન, વચન અને કાયા ત્રણેય એમાં કેન્દ્રિત હોવાં જોઈએ. મન કોઈ બીજી જગ્યાએ ઘૂમતું હોય, વાણીથી માત્ર પાઠનું ઉચ્ચારણ જ થતું હોય અને શરીર અન્ય કોઈ કાર્યમાં પ્રવૃત્ત હોય; આંખો કોઈ દૃશ્ય જોતી હોય, કાન કોઈ સંગીતના સૂર સાંભળતા હોય, હાથ કોઈ જુદી જ ચેષ્ટા કરતા હોય તો આ રીતે કરવામાં આવેલો સ્વાધ્યાય કેવળ વાણીવિલાસ બનશે. માત્ર મુખપાઠ કરવાથી સ્વાધ્યાયનો હેતુ સિદ્ધ થતો નથી. ઉચ્ચારણની સાથોસાથ મનને એના અર્થમાં પરોવી દેવું જોઈએ, શરીરને એકાગ્ર કરવું જોઈએ તો જ સ્વાધ્યાયનો યોગ્ય લાભ મળે.

આજકાલ ઘણા માણસો મનની એકાગ્રતા કઈ રીતે સાધવી તેનો ઉપાય પૂછે છે. મારી દૃષ્ટિએ તો મનની એકાગ્રતા માટે કોઈ સર્વશ્રેષ્ઠ ઉપાય હોય તો તે શ્રેષ્ઠ ગ્રંથ, ઉત્તમ સાહિત્ય કે પવિત્ર શાસ્ત્રનો સ્વાધ્યાય છે જે મનની બહુર્મુખી વૃત્તિને અંતર્મુખ બનાવે છે. સ્વાધ્યાય મનને આત્મા સાથે સાંધી આપે છે. કેટલાક લોકો મનની એકાગ્રતા માટે માળા અથવા આનુપૂર્વીનો આશરો લે છે. અલ્પશિક્ષિત, વિકલાંગ, અંધ કે અશક્ત વ્યક્તિઓ માટે આ સાધનોનો ઉપયોગ ખોટો નથી, પરંતુ જેટલી તન્મયતા અને રસિકતા સ્વાધ્યાયથી સાંપડશે તેટલી માળા કે આનુપૂર્વીથી સાંપડશે નહિ. આથી જેઓ ભણેલા છે તેમને માટે તો સ્વાધ્યાય એ જ ઉત્તમ સાધન છે.

માત્ર જૈન શાસ્ત્રો જ નહીં, બલ્કે વેદો, ઉપનિષદો, યોગદર્શન વગેરેમાં પણ સ્વાધ્યાયનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. 'યોગદર્શન'માં સ્વાધ્યાયને એક નિયમરૂપે આલેખવામાં આવ્યો છે. એમાં સ્વાધ્યાયનું ફળ દર્શાવતાં કહ્યું છે,

"स्वाध्यायादीष्टदेवतासम्प्रयोगः"

"સ્વાધ્યાયથી ઇષ્ટ દેવતાનો સંયોગ થાય છે."

સ્વાધ્યાયના સુફળને પૂર્ણરૂપે પ્રાપ્ત કરવા માટે ત્રણ બાબતો મહત્ત્વની છે: (૧) સ્વાધ્યાય કરતી વખતે આપણું ધ્યાન શાસ્ત્રના શબ્દો અને તેના અર્થો પર કેન્દ્રિત હોવું જોઈએ. (૨) સ્વાધ્યાય પ્રતિદિન નિયમિત થવો જોઈએ. (૩) બ્રહ્મચર્યદૃઢતા (ગૃહસ્થને માટે શીલપાલનમાં દૃઢતા) હોવી જોઈએ.

આ ત્રણેય બાબતો લક્ષમાં રાખીને સ્વાધ્યાય કરવામાં આવે તો કેવું સુફળ સાંપડે તેનો ખ્યાલ મહારાજા કુમારપાળના જીવનમાંથી મળી રહે છે.

## સ્વાધ્યાયનું સુફળ

આચાર્ય હેમચંદ્રની પ્રેરણાથી મહારાજા કુમારપાળ શૈવધર્મી હોવા છતાં જૈનધર્મનાં વ્રતોનું પાલન કરતા હતા. એમણે નિયમ કર્યો હતો કે, "હું રોજ 'યોગશાસ્ત્ર' અને 'વીતરાગ સ્તોત્ર'નો સ્વાધ્યાય કર્યા પછી જ અન્ન-જળ લઈશ."

રોજ 'યોગશાસ્ત્ર'ના સ્વાધ્યાયને કારણે મહારાજા કુમારપાળ સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓના ધર્મો તથા આચારના જાણકાર બની ગયા. 'વીતરાગ સ્તોત્ર'ના રોજના સ્વાધ્યાયને કારણે એમને વીતરાગ દેવના સાચા સ્વરૂપનું જ્ઞાન થયું. આ રીતે સ્વાધ્યાયને કારણે મહારાજા કુમારપાળની શ્રાવકધર્મ પર દૃઢ નિષ્ઠા થઈ. એ પછી એમણે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં.

રોજ સ્વાધ્યાય કરવાનું પરિણામ એ આવ્યું કે મહારાજા કુમારપાળે શ્રાવકના ચોથા વ્રત બ્રહ્મચર્યઅણુવ્રત વિશે એવી પ્રતિજ્ઞા કરી કે, "આજે મારી જે પત્ની છે તે સિવાયની બીજી બધી સ્ત્રીઓ સાથે મૈથુનસેવનનો ત્યાગ કરું છું." આની સાથોસાથ એવી પ્રતિજ્ઞા કરી કે, "રોજ પત્ની સહિત મંદિરમાં જઈને અમે બંને જિનેશ્વર પ્રભુની આરતી કરીશ."

નસીબયોગે મહારાજા કુમારપાળની પત્નીનો દેહાંત થયો. આ જગતમાં જે જન્મે છે એને એક દિવસ તો જવું જ પડે છે. મંત્રી-

મંડળે મહારાજા કુમારપાળને બીજીવાર લગ્ન કરવા માટે આગ્રહ કર્યો. કુમારપાળે કહ્યું, "હું તો અન્ય સ્ત્રીઓનો ત્યાગ કરી ચૂક્યો છું. આથી બીજીવાર લગ્ન કરવાનો વિચાર કરવો એ પણ અપરાધરૂપ છે, કારણ કે એનાથી મારી પ્રતિજ્ઞા(વ્રત)નો ભંગ થાય છે."

કુશળ મંત્રીએ ફરી સવિનય અનુરોધ કરતાં કહ્યું, "મહારાજ! રાજરાણી વિના રાજમહેલ અને રાજ્ય બંને સાવ સૂનાં સૂનાં લાગે છે. વળી આપને કોઈ સંતાન પણ નથી એટલે બીજું લગ્ન કરવું આવશ્યક છે."

મહારાજા કુમારપાળે દૃઢ અવાજે કહ્યું, "જો હું આવું કરું તો પહેલો અપરાધ એ થશે કે મેં દેવ, ગુરુ અને ધર્મની સાક્ષીએ જે પ્રતિજ્ઞા લીધી છે તેનો ભંગ થશે. બીજી વાત એ કે વિવાહ કરીશ એટલે સંતાન થશે જ એવો અટલ નિયમ છે ખરો? જો પહેલી પત્નીથી સંતાનપ્રાપ્તિ ન થઈ તો બીજી પત્નીથી સંતાનપ્રાપ્તિ થશે એમ કઈ રીતે કહી શકાય? વળી સંતાન હોવા છતાં કોણ સુખી છે? આથી હું ક્યારેય પ્રતિજ્ઞાભંગ કરીશ નહિ, મારો અટલ નિર્ધાર છે."

મંત્રીગણ નિરુત્તર બની ગયો. તેઓ કોઈ યુક્તિ વિચારવા લાગ્યા કે જેથી રાજાને લગ્ન માટે તૈયાર કરી શકાય. છેવટે એમણે તર્કનું એક આખરી તીર છોડ્યું અને કહ્યું, "મહારાજ! આપે તો દેવાલયમાં જઈને જિનદેવ સમક્ષ પત્ની સાથે આરતી ઉતારવાની પ્રતિજ્ઞા કરી હતી ને!"

"હા, પ્રતિજ્ઞા તો કરી હતી પણ તેથી શું?" રાજાએ કહ્યું.

મંત્રીગણે યુક્તિપૂર્વક કહ્યું, "પત્નીના અભાવમાં હવે આપની આ પ્રતિજ્ઞાનો ભંગ થશે તેથી પ્રતિજ્ઞાપાલન માટે પણ આપે લગ્ન કરવું જરૂરી છે."

મહારાજા કુમારપાળ એમ કંઈ પાછા પડે તેવા નહોતા. એમણે સ્પષ્ટ ઉત્તર વાળ્યો, "આને માટે લગ્ન કરવાની કોઈ જરૂર નથી. આપણે તો સ્થાપના-નિક્ષેપમાં માનીએ છીએ આથી સ્વર્ગીય રાણીની

હૂબહૂ મૂર્તિ બનાવીને એને સ્થાપિત કરી દેજો, જેથી હું એની પાસે ઊભો રહીને પ્રભુની આરતી ઉતારીશ. આમ કરવાથી મારી પ્રતિજ્ઞા પણ અખંડ રહેશે અને ચોથા વ્રતનો ભંગ નહિ થાય, બલ્કે એનું દૃઢપણે પાલન થશે.”

મહારાજા કુમારપાળની દલીલ આગળ મંત્રીમંડળ નિરુત્તર બની ગયું.

સ્વાધ્યાયના પ્રત્યક્ષ પરિણામ રૂપે કુમારપાળ મહારાજાને સાચા જ્ઞાનની પ્રાપ્તિ અને બ્રહ્મચર્ય તથા અન્ય વ્રતોના પાલનમાં દૃઢતા સાંપડી હતી, પરંતુ એનું પરોક્ષ પરિણામ પણ એટલું સુંદર આવ્યું અને તે એ કે તેમની ત્રીજા ભવમાં મુક્તિ નિશ્ચિત બની. શ્રી સીમંધર-સ્વામીએ ત્રીજા ભવમાં કુમારપાળ મહારાજાની મુક્તિ થવાનો ફેંસલો આપ્યો. આમ સ્વાધ્યાયનું પ્રત્યક્ષ ફળ તો તત્ક્ષણ મળે છે, પરોક્ષ ફળ પણ મળ્યા વિના રહેતું નથી. જ્ઞાનનાં સઘળાં સાધનો સુલભ હોવા છતાં જે સાધુ–સાધ્વી સ્વાધ્યાય કરતાં નથી તેમને પછીના જન્મમાં પસ્તાવાનો વારો આવે છે કારણે કે જ્ઞાન તો પરભવમાં પણ સાથે જ જાય છે.

‘ભગવતી સૂત્ર’માં ભગવાન મહાવીરને ગણધર ગૌતમે પૂછ્યું,

“इहभविए नाणे परभविए वि ?” “गोयमा ! इहभविए नाणे, परभविए वि, तदुभयभविए वि।”

“ભગવાન ! જ્ઞાન આ ભવ સુધી જ સીમિત રહે છે કે પરભવ સુધી જાય છે?”

ભગવાન મહાવીરે કહ્યું, “ગૌતમ ! જ્ઞાન આ ભવમાં પણ રહે છે, પરભવમાં પણ જાય છે. આમ બંને ભવમાં સાથે રહે છે.”

પ્રત્યેક સાધુ-સાધ્વી માટે સ્વાધ્યાય કરવો પરમ આવશ્યક છે અને ગૃહસ્થને માટે પણ તે જરૂરી છે. જે વ્યક્તિ સ્વાધ્યાય કરતી નથી એને જ્ઞાનની અપ્રાપ્તિ સ્વરૂપે એનું ફળ મળે છે. આથી મુક્ત મનથી સ્વાધ્યાય કરવો જોઈએ.

સ્થાન : જૈનભવન, બીકાનેર
૧૧ ઑગસ્ટ ૧૯૪૮.

□

નવ

# સ્વાધ્યાયનું પ્રથમ સોપાન

(૧)

તપરૂપી ભવનનો સૌથી ઊંચો મજલો તે સ્વાધ્યાય-તપ. તપ ઓછુંવત્તું થયું હોય તો ચાલે, પરંતુ સ્વાધ્યાય-તપ તો રોજેરોજ થવું જ જોઈએ. સ્વાધ્યાય-તપના પાંચ પ્રકારનો વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે જીવનની પ્રત્યેક ક્ષણે સ્વાધ્યાય જરૂરી છે. સ્વાધ્યાય-તપના ઊંચા મજલા પર પહોંચવા માટે જ્ઞાની પુરુષોએ પાંચ સોપાન બતાવ્યાં છે. આ પાંચ સોપાનોમાંથી કોઈપણ સોપાન દ્વારા તપ-ભવનના ઊંચા મજલે પહોંચી શકીએ. આ પાંચ સોપાન છે: (૧) વાચના (૨) પૃચ્છના (૩) પર્યટના અથવા પરાવર્તના (૪) અનુપ્રેક્ષા અને (૫) ધર્મકથા.

વિશાળ ભવનમાં ઠેરઠેર નિસરણીઓ હોય છે, તો વળી કોઈ જગ્યાએ લિફ્ટ પણ હોય છે.

આ જુદી જુદી નિસરણીઓમાંથી જેને જે દાદરા પર ચડીને ભવનમાં જ્યાં પહોંચવાની ઇચ્છા હોય ત્યાં તે પહોંચી શકે છે. સ્વાધ્યાય-ભવનમાં પહોંચવાની આવી પાંચ નિસરણી છે, જેનો ક્રમશઃ વિચાર કરીએ.

**૧. વાચના :**

વાચનાનો અર્થ છે સૂત્ર અને અર્થનો અભ્યાસ કરવો અને કરાવવો અથવા તો ગુરુ કે અન્ય યોગ્ય સાધુ પાસે વિધિપૂર્વક ભણવું અને શાસ્ત્રનું અધ્યયન કરવું. વર્તમાન સમયના સંદર્ભમાં કહીએ તો શાસ્ત્રો, ગ્રંથો કે પછી આધ્યાત્મિક અને ધાર્મિક ભાવોની અભિવૃદ્ધિ કરનારા સાહિત્યનું પઠન-પાઠન કરવું.

શાસ્ત્રો અને ગહન ધર્મગ્રંથોનું અધ્યયન ગુરુ અથવા તજ્જ્ઞ પાસે કરવું જોઈએ. આમ ન થાય તો શાસ્ત્ર કે ગહન ગ્રંથોની પૂર્વાપર વિરોધી જણાતી બાબતો વાંચવાથી ચિત્તમાં શંકા-કુશંકા જાગશે. આ સમયે શંકાનું યોગ્ય સમાધાન નહીં મળે તો વ્યક્તિ ત્યાં જ અટકી જશે અથવા તો એ કોઈ વિપરીત માર્ગે જીવન વ્યતીત કરશે. આ કારણે જ જાતે વાચન કરવાને બદલે શાસ્ત્રો, ગૂઢ ધર્મગ્રંથો કે ગહન તત્ત્વગ્રંથોનું વાચન ગુરુ અથવા યોગ્ય સાધુ પાસે કરવું એવું શાસ્ત્રોમાં વિધાન છે.

આની પાછળ બે–ત્રણ રહસ્ય છુપાયેલાં છે. પહેલી વાત તો એ કે ગુરુ પાસેથી વાચના લેતી વખતે જ્યાં ક્યાંય પૂર્વાપર વિરોધવાળી અથવા તો અટપટી વાતો આવે તો તરત જ સમાધાન મળી જશે. પરિણામે બુદ્ધિ શંકાનાં વાદળોથી ઘેરાશે નહિ અથવા તો વિપરીત માર્ગમાં ભટકશે નહીં. બીજું રહસ્ય એ છે કે ગુરુ કે વડીલજનો પાસેથી વાચના લેવાને કારણે એમના પ્રત્યે વિનય, સન્માન, આદર અને શ્રદ્ધાની ભાવના જાગશે. આનાથી વ્યક્તિને લાભ થશે. પણ પ્રત્યેક સંસ્થાને માટે પણ વિનય, અનુશાસન, પરસ્પર પ્રત્યે આદરભાવ, સ્નેહ જેવાં તત્ત્વો અનિવાર્ય છે. એમાં પણ સાધુસંસ્થા કે ધર્મસંસ્થા માટે એ વિશેષ જરૂરી છે. જો કોઈ વ્યક્તિ સાધુ-સાધ્વી

કે ગુરુ પાસેથી વાચના લેવાને બદલે જાતે જ શાસ્ત્રાભ્યાસ કરશે તો એને ગુરુ અથવા સાધુ પ્રત્યે વિનય–આદર દાખવવાની ઓછી તક મળશે. શાસ્ત્રોમાં અમુક બાબત પરંપરાથી ચાલતી આવતી હોય છે, વળી અમુક સંપ્રદાયની અમુક ધારણા હોય છે. આ બધાની જાણ સ્વયં શાસ્ત્રાભ્યાસ કરનારને કઈ રીતે થશે ? ગુરુ, સાધુ વગેરે તો શાસ્ત્ર કે ગ્રંથાદિની વાચના આપતી વખતે જ એનાં ગૂઢ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરનારી કૂંચી આપી દે છે.

## જ્ઞાનને વંદન

હાથીદાંત જ્યાં સુધી ગંડસ્થળમાં હોય છે ત્યાં સુધી ઘણા મજબૂત અને શક્તિશાળી હોય છે. હાથીના ગંડસ્થળમાંથી બહાર કાઢ્યા બાદ એ દાંતમાં એટલી શક્તિ કે એટલી મજબૂતાઈ હોતી નથી. આવી જ રીતે શાસ્ત્ર, ધર્મગ્રંથ આદિ ગુરુમુખમાં હોય અને ગુરુ પાસેથી સાંભળવામાં આવે ત્યારે તેની પાછળ જીવંત ભાવના, તેજસ્વી ચારિત્ર્યબળ અને પ્રત્યક્ષ જ્ઞાનાચારની શક્તિ હોય છે. આ શાસ્ત્ર ગુરુવાણીથી અલગ થઈને જ્યારે લિપિબદ્ધ થાય છે ત્યારે એની પાછળ પ્રભાવક ચારિત્ર્યબળ, પ્રત્યક્ષ જ્ઞાનાચાર કે જીવંત ભાવના હોતી નથી. આ બધાં કારણોને લીધે જ ગુરુ પાસેથી શાસ્ત્રાદિની વાચના લેવા પર ભાર મુકાયો છે.

ગુરુ અથવા તદ્વિદ્ સાધુ પાસેથી વાચના લેવા માટે પણ શાસ્ત્રમાં વિધિ બતાવી છે. વાચના લેનાર ગુરુ આદિને માટે આસન બિછાવશે. નિષદ્યા(પથારી) બિછાવીને, બંને હાથ જોડીને સુખાસનથી ગુરુ આદિનાં ચરણોની પાસે બેસીને એકાગ્ર ચિત્તે વાચના સાંભળશે. વિનયપૂર્વક વંદન કર્યા વિના વાચના લેવી તે એક પ્રકારે જ્ઞાનની આશાતના છે.

સવાલ એ ઊભો થશે કે વાચના આપનાર સાધુનો દીક્ષાપર્યાય ઓછા વર્ષનો હોય અને વાચના લેનાર સાધુનું દીક્ષાજીવન તેનાથી દીર્ઘ હોય તો શું ? મોટા સાધુ નાના સાધુને વંદન કરશે ખરા ? જૈનશાસનની આજ વિશેષતા છે. આમ તો મોટા સાધુને નાના સાધુ

વંદન કરશે, પરંતુ જ્ઞાનપ્રાપ્તિનો અવસર હોય અથવા તો નાના સાધુ પાસેથી શાસ્ત્રાદિની વાચના લેવાનો પ્રસંગ હોય તો મોટા સાધુનું કર્તવ્ય એ છે કે પોતાનાથી અધિક વિદ્વાન અને જ્ઞાની એવા નાના સાધુની વંદના કરવી. આ સન્માન કે વિનય વાચનાદાતા નાના સાધુને નહીં, પરંતુ એનામાં રહેલા જ્ઞાન અને અભ્યાસને દાખવવામાં આવે છે.

બધાની હાજરીમાં જો મોટા સાધુને નાના સાધુની વંદના કરવામાં સંકોચ થતો હોય તો તે એકાંતમાં વંદના કરીને વાચના લઈ શકે છે. એમાં કોઈ મુશ્કેલી નથી, પરંતુ મોટા સાધુના હૃદયમાં એ નાના જ્ઞાની સાધુ પ્રત્યે નમ્રતા તો હોવી જ જોઈએ.

આચાર્ય સંઘનો નાયક હોય છે અને બધા જ સાધુઓ તેને વંદન કરતા હોય છે. આવા મોટા સાધુ પણ વાચના લેતી વખતે વાચના આપનાર નાના સાધુને વંદના કરીને જ્ઞાનની આરાધના કરે છે. આવી આરાધનાથી જ વાચના ફળીભૂત થાય છે; નહિ તો એ વાચના સાર્થક કે તેજસ્વી બનતી નથી.

## વિદ્યા શોભે વિનયથી

આ અંગે જૈન ઇતિહાસમાં એક જ્વલંત દૃષ્ટાંત મળે છે. રાજગૃહી નગરીમાં મગધસમ્રાટ શ્રેણિક રાજાની મનોરમ વાટિકા હતી. એમાં બધી ઋતુઓનાં ફળ આવતાં હતાં. આ નગરીમાં રહેતી એક ચાંડાલ સ્ત્રીને કેરી ખાવાનો દોહદ થયો. એ ઋતુમાં ક્યાંય કેરી નહોતી તો લાવવી કઈ રીતે? ચાંડાલ વિચારમાં પડ્યો. છેવટે એણે એક યુક્તિ વિચારી કે સમ્રાટ શ્રેણિકની વાટિકામાં તો આ સમયે પણ વૃક્ષ પર કેરીઓ ઝૂલતી હશે. ત્યાંથી કેરી તોડીને લઈ આવું તેવો વિચાર કર્યો.

ચાંડાલની પત્ની રોજ વધુ ને વધુ દૂબળી થતી જતી હતી. ચાંડાલે એની પત્નીને આશ્વાસન આપ્યું અને એ મગધસમ્રાટ શ્રેણિક રાજાની વાટિકા પાસે ગયો. એણે જોયું તો વાટિકાની ચારે બાજુ ઊંચી દીવાલ હતી અને ચાંપતો ચોકી પહેરો હતો. ચાંડાલને

થયું કે કેરી લેવા માટે એણે એની વિદ્યા અજમાવવી જ પડશે, નહિ તો કેરી મળશે નહીં.

ચાંડાલની પાસે અવસ્વાપિની અને અવનામિની નામની બે વિદ્યાઓ હતી. પોતાની એક વિદ્યા અજમાવીને ચાંડાલે બધા જ પહેરેગીરોને નિદ્રાધીન કરી દીધા. ચાંડાલ બગીચામાં પ્રવેશ્યો. બીજી વિદ્યા અજમાવીને એણે આંબાના ઝાડને નીચે ઝુકાવી દીધું અને કેરી તોડી લીધી. ચાંડાલ પોતાના ઘેર પાછો આવ્યો અને પત્નીને કેરી ખવડાવીને એનો દોહદ પૂરો કર્યો.

બીજી બાજુ સવારે વાટિકાના માળીએ જોયું તો આંબાના વૃક્ષ પરથી કોઈ કેરી ચોરી ગયું હતું. એણે રાજાને જાણ કરી. રાજાના આશ્ચર્યનો પાર ન રહ્યો કે આટલો કડક ચોકીપહેરો હોવા છતાં કોણ કેરી ચોરી ગયું હશે ? શ્રેણિક રાજાએ પોતાના ચતુર મંત્રી અભયકુમારને કેરીની ચોરી કરનારને પકડી લાવવા કહ્યું.

ચતુર અને બુદ્ધિશાળી મંત્રી અભયકુમાર એક ચમત્કારિક મનાતી દેવીના સ્થાને ભરાતા મેળામાં ગયા. દેવીના મંદિરમાં જઈને અભયકુમાર બહાર આવ્યા અને એમણે ઘોષણા કરી,

"નાગરિકો ! સાંભળો ! દેવી કહે છે કે કેરીનો ચોર આ મેળામાં જ છે. મેળામાં આવેલા લોકોમાં જ એ ચોર મોજૂદ છે."

આ સાંભળીને લોકો સ્તબ્ધ બની ગયા. આ સમયે ચાંડાલના મનમાં થયું કે ખરેખર આ ચમત્કારિક દેવીએ મારું નામ પણ કહ્યું હશે. હવે આવી બન્યું.

ફરી બીજી વખત અભયકુમાર દેવીના મંદિરમાં ગયા અને થોડી વારે બહાર આવીને બોલ્યા,

"ભાઈઓ ! કેરીનો ચોર અહીં જ છે. દેવીને મેં એનું નામ પૂછ્યું તો દેવી કહે તારે નામથી શું કામ છે ? તને એ ઓળખાય એવું નિશાન આપું છું. જેની દાઢીમાં ઘાસનું તણખલું હોય એ જ ચોર છે."

ચાંડાલ ઝડપથી પોતાની દાઢી ફંફોળવા લાગ્યો, તપાસ કરવા લાગ્યો કે દાઢીમાં ક્યાંય તણખલું તો ભરાયું નથી ને? ચાંડાલ દાઢીમાં હાથ ફેરવતો હતો કે તરત જ અભયકુમારે એને પકડી લીધો અને પૂછ્યું,

"શું રાજવાટિકામાંથી તેં કેરીની ચોરી કરી હતી?"

ચાંડાલ બોલ્યો, "જ્યારે ખુદ દેવી કહેતી હોય ત્યારે એ સાચું જ હોય ને?"

અભયકુમારે પૂછ્યું, "કેરીની ચોરી તેં શા માટે કરી?"

ચાંડાલ બોલ્યો, "મારી પત્નીને કેરી ખાવાનો દોહદ થયો હતો. જો હું એનો દોહદ પૂરો ન કરું તો એ રોજ વધુ ને વધુ દુર્બળ થઈને મૃત્યુ પામે તેમ હતી. મારો આખો સંસાર અસાર બની જાય, વંશવેલો ય નાબૂદ થઈ જાય."

અભયકુમારે પૂછ્યું, "તારી એ વાત તો સમજાઈ કે પત્નીનું દોહદ પૂરું કરવા માટે તેં કેરીની ચોરી કરી, પણ એ સમજાતું નથી કે આટલા બધા ચોકીદારો હોવા છતાં તું બગીચામાંથી કઈ રીતે ફળ ચોરી લાવ્યો?"

ચાંડાલે કહ્યું, "મંત્રીશ્વર મને અવસ્વાપિની અને અવનામિની નામની બે વિદ્યા આવડે છે. પહેલી વિદ્યાથી ચોકીદારોને બેહોશ કરી દીધા અને બીજી વિદ્યાથી આંબાની ડાળને નીચે નમાવી દીધી."

મહામંત્રીએ ચાંડાલને રાજાની સમક્ષ હાજર કર્યો. રાજાએ એના ગુના અંગે પૂછપરછ કરીને મૃત્યુદંડ જાહેર કર્યો.

મંત્રી અભયકુમારે વિચાર્યું કે આ બિચારો ચાંડાલ નકામો માર્યો જશે. એને બચાવવાનો કોઈ ઉપાય કરવો જોઈએ. આથી અભયકુમારે મહારાજ શ્રેણિકને કહ્યું, "મહારાજ! આ ચાંડાલને મૃત્યુદંડ તો આપવો જ છે, પરંતુ એની પાસે જે બે વિદ્યાઓ છે તે આપે શીખી લેવી જોઈએ. આમ નહીં થાય તો એની સાથે આ બે વિદ્યાઓ પણ નષ્ટ થઈ જશે."

મગધસમ્રાટ શ્રેણિકને અભયકુમારની વાતમાં તથ્ય જણાયું. બીજી બાજુ અભયકુમારે ચાંડાલને કહ્યું, "જો તારે બચવું હોય તો રાજાને બંને વિદ્યા શીખવી દે. હું તારા પ્રાણ બચાવવા માટે પ્રયત્ન કરીશ."

ચાંડાલે કહ્યું, "જરૂર શીખવીશ. જો મારા પ્રાણ બચતા હોય તો વિદ્યા શીખવવામાં મને કોઈ મુશ્કેલી નથી."

સિંહાસન પર બિરાજેલા મહારાજા શ્રેણિકને ચાંડાલ નીચે ઊભો રહીને વિદ્યા શીખવવા લાગ્યો. ચાંડાલે વિદ્યા શીખવવાનો પુષ્કળ પ્રયત્ન કર્યો, પરંતુ રાજાને એનો એક અક્ષર પણ સમજાતો નહોતો. ભણનાર અને ભણાવનાર બંને હેરાન-પરેશાન થઈ ગયા. ઘણો વિચાર કર્યો પણ સમજાતું નહોતું કે આમ થાય છે કેમ ?

એક દિવસ રાજાએ ચાંડાલને કહ્યું, "અરે, તું મારી સાથે કપટ રમી રહ્યો છે ? આટલા બધા દિવસથી વિદ્યા શિખવાડે છે, છતાં મને કેમ કશું આવડતું નથી ?"

ચાંડાલે કહ્યું, "મહારાજ, સાવ સાચું કહું છું કે હું મારી વિદ્યાનો એક અક્ષર પણ આપનાથી છુપાવતો નથી અને આ વિદ્યા શીખવવાનો મેં પૂરો પ્રયાસ કર્યો છે. કોઈ કસર રાખી નથી."

મંત્રી અભયકુમાર આ સંવાદ સાંભળતો હતો. એણે રાજાને નિવેદન કર્યું, "મહારાજ, વિદ્યાર્થી ઊંચે આસને બેસે અને શીખવનાર નીચે આસને બેસે તો વિદ્યા આવે ક્યાંથી ? ડોલને કૂવામાંથી પાણી લેવું હોય તો નીચે ઝૂકવું પડે. કૂવો પાણી આપવા માટે ઉપર ન આવે. એ જ રીતે વિદ્યા નમ્ર (વિનયી) થયા વિના પ્રાપ્ત ન થાય. આપ આ ચાંડાલને સિંહાસન પર બેસાડો અને તમે નીચે બેસો તો જ વિદ્યા પ્રાપ્ત થાય."

"સાચી વાત છે તમારી અભયકુમાર. અમે ભૂલ કરતા હતા." રાજાએ સરળતાથી કહ્યું.

રાજા તરત જ સિંહાસન પરથી નીચે ઊતર્યો. ચાંડાલને સિંહાસન

પર બેસાડયો. પછી ચાંડાલે બંને વિદ્યા શીખવવી શરૂ કરી અને રાજાએ આસાનીથી શીખી લીધી.

રાજા શ્રેણિકે વિદ્યા શીખી લીધી. પછી અભયકુમારે એક વખત કહ્યું, "મહારાજ, પેલા ચાંડાલ માટે આપનો શો હુકમ છે?"

રાજાએ કહ્યું, "હુકમ કંઈ વારંવાર થાય ખરા? રાજઆજ્ઞા તો એક જ વાર આપવામાં આવે."

અભયકુમારે કહ્યું, "મહારાજ, હું તો આપને એ માટે કહું છું કે કોઈ નિર્દોષ વ્યક્તિ દંડપાત્ર બની જાય નહીં. ચાંડાલે આપને વિદ્યા શીખવી એટલે તેઓ હવે આપના વિદ્યાગુરુ બની ગયા છે. તેથી હવે આજ્ઞા આપો કે વિદ્યાગુરુ સાથે શું કરવું?"

રાજાને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. પોતાના વિદ્યાગુરુનું અપમાન કરવાની હિંમત ક્યાંથી હોય? મહારાજ શ્રેણિકે કહ્યું,

"અભયકુમાર, તમે મને ગંભીર અપરાધમાંથી ઉગારી લીધો છે. હવે અમારા ગુરુજીને ભેટ આપીને સન્માનપૂર્વક વિદાય કરો. હવે એમને પણ અપરાધમુક્ત કરો."

આ કથાનો મર્મ એ છે કે વાચના કે વિદ્યા લેનાર વ્યક્તિ ગમે તેવું ઊંચું પદ કે વધુ વય ધરાવતો હોય તોપણ જો એ વાચના-દાતાનો વિનય કરતો નથી તો એને વાચના ફળીભૂત થતી નથી. વિનીત હોય તેની વિદ્યા વધે. અવિનયી કે અવિનીત હોય તેની વિદ્યા કે વાચનામાં કોઈ વૃદ્ધિ થતી નથી.

## વિદ્યા ઘટે ગર્વથી

આ સંદર્ભમાં એક વ્યાવહારિક ઉદાહરણ જોઈએ. એક પંડિત પાસે બે વિદ્યાર્થીઓ ભણતા હતા. પંડિતજી બંનેને કશાય પક્ષપાત વિના અભ્યાસ કરાવે, બંનેને સરખું શીખવે. આ બે વિદ્યાર્થીમાં એક વિદ્યાર્થી વિનયી અને સરળહૃદયી હતો; ગુરુ પ્રત્યે પ્રેમ અને

વિનય દાખવતો હતો તેમજ તેમની આજ્ઞાનું યોગ્ય રીતે પાલન કરતો હતો, કશીયે શંકા જાગે તો જિજ્ઞાસાપૂર્વક પૂછતો હતો. આમ દરેક પ્રકારે તે ગુરુસેવા અને ગુરુઆદર કરતો હતો.

બીજો વિદ્યાર્થી ઉદ્દંડ, અવિનયી અને ઘમંડી હતો; સેવાની વાત તો બાજુએ રહી, પણ ક્યારેક ગુરુનું અપમાન પણ કરી બેસતો હતો.

એક દિવસ પંડિતજીએ આ બંને વિદ્યાર્થીઓને કોઈ કામસર પરગામ મોકલ્યા. વિનીત શિષ્ય તો તરત તૈયાર થઈ ગયો, પરંતુ ઘમંડી શિષ્યને જવાનું પસંદ નહોતું. એ મોં ચડાવતો–ચડાવતો મન વિના વિનીત શિષ્યની સાથે ગયો.

બંને વિદ્યાર્થીઓ એકસાથે જઈ રહ્યા હતા. એવામાં ચાલતાં ચાલતાં એમણે જમીન પર મોટાં પગલાં જોયાં. આ જોઈને ઘમંડી વિદ્યાર્થી બોલ્યો, "અરે જો, અહીંથી હાથી પસાર થયો લાગે છે."

વિનીત વિદ્યાર્થીએ કહ્યું, "ના. અહીંથી તો હાથણી ગઈ છે અને તે પણ એક આંખે કાણી. વળી એની પીઠ પર અંબાડી હતી. એમાં રાણી બેઠી હતી. રાણીએ લાલ વસ્ત્રો પહેર્યાં હતાં. એ રાણી ગર્ભવતી હતી અને થોડા જ સમયમાં એને પ્રસૂતિ આવવાની હતી."

અભિમાની વિદ્યાર્થી આ વાત સાંભળીને અકળાઈ ઊઠ્યો. એણે એનું ખંડન કરતાં કહ્યું, "અરે ! તું તો સર્વજ્ઞ જેવી વાત કરે છે. તારી બધી વાત પોકળ બકવાસ જેવી છે."

વિનીત શિષ્ય બોલ્યો, "મિત્ર, ગુરુકૃપાનો આ પ્રતાપ છે. મારી વાત સાચી ન લાગે તો જોઈ લે. હાથમાં પહેરેલા કંગનને જોવા માટે દર્પણની જરૂર હોતી નથી."

અભિમાની વિદ્યાર્થી તો આ બધું સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. થોડે દૂર ગયો ત્યાં લોકો પાસેથી એને સાંભળવા મળ્યું કે રાણીને બાળક થવાનું છે. એ હાથણી પર બેસીને પિયર જઈ રહી હતી, પરંતુ પ્રસવકાળ નજીક આવતાં અડધે રસ્તે જ અટકી જવું પડ્યું. અહીં એને પુત્ર જન્મ્યો.

વિનીતની બીજી બધી વાતો પણ સાચી નીકળી. અભિમાની વિદ્યાર્થીનું હૃદય ક્ષોભથી ખળખળી ઊઠ્યું. એને પાકી શંકા થઈ કે ગુરુ પક્ષપાતી છે. તેઓ આને વિદ્યા દે છે અને મને આપતા નથી.

ચાલતા ચાલતા બંને શિષ્યો એક નગરમાં પહોંચ્યા. નગરની બહાર બંનેએ સ્નાન અને પૂજાપાઠ કરવાનું નક્કી કર્યું. સ્નાન કરીને બંને સંધ્યા કરવા લાગ્યા. અભિમાનીએ ઝટપટ સંધ્યા કરી લીધી, જ્યારે વિનયી વિદ્યાર્થી શ્રદ્ધાપૂર્ણ હૃદયે ઈશ્વર-સ્તુતિ કરતો હતો.

એવામાં એક ઘરડી સ્ત્રી એ જ તળાવમાં સ્નાન કરીને પાણીનો ઘડો ભરી ઘર તરફ પાછી ફરતી હતી કે એકાએક એનો ઘડો ફૂટી ગયો. વૃદ્ધ સ્ત્રી અભિમાની વિદ્યાર્થી પાસે આવી અને બોલી,

"અરે મહારાજ! મારો એક પ્રશ્ન છે. મારો પુત્ર વિદેશ ગયો છે તે ક્યારે આવશે?"

ઉદ્ધત વિદ્યાર્થી બોલ્યો, "અરે માતાજી, એ તો ક્યારનોય મૃત્યુ પામ્યો છે."

આ સાંભળીને તો વૃદ્ધા જોર જોરથી રડવા લાગી. નજીક બેઠેલા વિનયી શિષ્યે પોતાની સંધ્યા પૂર્ણ થતાં વૃદ્ધ સ્ત્રીને કહ્યું,

"અરે માતાજી, રડો છો શા માટે? આપ ઘેર જાઓ. તમારો દીકરો રાજીખુશીથી ઘેર પહોંચી ગયો છે. અરે, તમારી રાહ જુએ છે."

આ શબ્દો સાંભળતાં જ વૃદ્ધ સ્ત્રીના જીવમાં જીવ આવ્યો. એ તરત ઘર તરફ ચાલવા લાગી. ઘેર પહોંચતા જ એણે જોયું તો એનો દીકરો રાહ જોતો હતો. જનની અને જાયો બંને પ્રેમથી એકબીજાને વળગી પડ્યાં.

વૃદ્ધ સ્ત્રીના આનંદનો પાર નહોતો. એણે વિનયી વિદ્યાર્થીનું ખૂબ સન્માન કર્યું અને કહ્યું, "સાચે જ આપે કહેલું સોએ સો ટકા સાચું પડ્યું. મારો દીકરો મને ક્ષેમકુશળ ઘેર મળી ગયો. આપનું જ્ઞાન પ્રંશસનીય છે." આટલું બોલીને વૃદ્ધાએ અભિમાની વિદ્યાર્થી

સામે જોયું અને બોલી, "આ સત્યનાશીએ તો મારા પુત્રને મારી જ નાખ્યો હતો."

બંને વિદ્યાર્થીઓ પોતાનું કાર્ય પૂર્ણ કરીને ગુરુની પાસે પહોંચ્યા. અભિમાની વિદ્યાર્થીએ ગુરુને કહ્યું,

"મહારાજ, તમે તો અત્યંત પક્ષપાતી અને કપટી છો. આને સારું અને ઉચ્ચ જ્ઞાન આપો છો અને મને સાવ ઊંધું જ ભણાવો છો."

ગુરુએ કહ્યું, "હું તો કશાય ભેદભાવ વિના બંનેને સરખું શીખવું છું. મારા માટે તમે બંને સમાન છો. મારા મનમાં પણ તમારા બેમાંથી કોઈનાય પ્રત્યે પક્ષપાત નથી."

ઘમંડી શિષ્યે કહ્યું, "તો પછી મારી બધી વાત ખોટી કેમ પડી અને આની બધી વાત સાચી કેમ નીકળી?"

આમ કહીને અભિમાન શિષ્યે રાજાની રાણી અને ડોશીના દીકરાની ઘટના કહી ત્યારે ગુરુએ વિનયી શિષ્યને કહ્યું, "હે શિષ્ય! તું જ કહે. આ બધું તેં જાણ્યું કઈ રીતે?"

વિનયી શિષ્યે કહ્યું, "ગુરુદેવ, મેં ચારેય પગની પાછળ લઘુશંકા થયેલી જોઈને અનુમાન કર્યું કે અહીંથી હાથી નહિ, પણ હાથણી પસાર થઈ હશે. હાથી હોય તો ચાર પગની વચમાં લઘુશંકા થયેલી હોત. રસ્તામાં એક બાજુની વેલો કોઈ ખાઈ ગયું હતું અને બીજી બાજુની વેલો એમની એમ જ હતી તેથી અનુમાન કર્યું કે હાથણી કાણી હોવી જોઈએ. હાથીની સૂંઢ પણ પહોંચે નહિ ત્યાં સુધીની ઊંચી ડાળીઓ તૂટેલી જોઈને માન્યું કે એની પીઠ પર અંબાડી હશે. આગળ જતાં મેં રસ્તામાં ક્યાંક ક્યાંક લાલ વસ્ત્રના દોરા વૃક્ષની ડાળીમાં ભરાયેલા જોયા એટલે જાણ્યું કે અંબાડીમાં કોઈ સ્ત્રી બેઠી હશે. હાથીની અંબાડી પર કોઈ સામાન્ય સ્ત્રી તો ક્યાંથી બેસી શકે? આથી મેં અનુમાન કર્યું કે રાજાની રાણી જ આના પર બેઠી હશે. એક સ્થળે હાથણીને બેસાડવામાં આવી હતી અને બાજુમાં બેઠેલી એ સ્ત્રીને ઊઠતાં જમીનનો ટેકો લેવો પડ્યો હોય તેમ દેખાતું હતું. આ પરથી જાણ્યું કે એ

ગર્ભવતી છે અને એને થોડા જ સમયમાં પ્રસવ થવાનો છે. વળી એનો જમણો પગ ધૂળમાં વધુ ઊંડે ખૂંપેલો હોવાથી એની જમણી કૂખ ભારે હશે એમ વિચારીને કહ્યું કે એને પુત્રજન્મ થશે."

ગુરુએ ઘમંડી શિષ્ય તરફ જોઈને કહ્યું, "શું આ બધું મેં શીખવ્યું છે? પણ વિનીત શિષ્ય એ પણ કહે કે વૃદ્ધાનો પુત્ર દેશાવરથી ઘેર પાછો ફર્યો છે એમ તેં શા પરથી કહ્યું?"

વિનીત શિષ્યે કહ્યું, "ગુરુદેવ, મેં જોયું કે આ વૃદ્ધાનો ઘડો એકાએક ફૂટી ગયો. ઘડાનું પાણી તળાવના પાણી સાથે મળી ગયું અર્થાત્ એ પાણીનો તળાવના પાણીથી થનારો વિયોગ દૂર થઈ ગયો. આ શુકન પરથી જાણ્યું કે આ વૃદ્ધાને એના પુત્રનો વિયોગ જરૂર દૂર થશે. આમ સમજીને જ કહ્યું હતું કે તમારો પુત્ર ઘેર આવી ગયો છે."

ગુરુજીએ અવિનયી શિષ્યને કહ્યું, "જો આ કશુંય મેં શીખવ્યું નહોતું."

અવિનયી નિરુત્તર બની ગયો.

આ દૃષ્ટાંત દર્શાવે છે કે જે અવિનયી છે એની વાચના કે વિદ્યા કદી સફળ થતી નથી. વિનીત જ વિદ્યાને સફળ બનાવે છે. એટલું જ નહીં પણ એને વધુ વિકસિત કરી શકે છે. આજ-કાલ સાધુ-જનોની પ્રવૃત્તિ જોતાં ભારે દુઃખ સાથે કહેવું જોઈએ કે વિદ્યાના આદરને અભાવે પોતાનાથી અધિક વિદ્વાન હોય તો પણ મોટા સાધુ નાના સાધુને આદર આપતા નથી. બધા અહમિન્દ્ર બની ગયા છે. પોતાને નાના માનવામાં એમને સંકોચ થાય છે. આને પરિણામે સાધુ-સાધ્વીમાં પરસ્પર ઈર્ષા અને દ્વેષ વધી રહ્યાં છે. સાધુ–સાધુ વચ્ચે અને સાધ્વી–સાધ્વી વચ્ચે પણ પરસ્પર મેળ નથી. આના છાંટા સંઘ પર ઊડે છે અને તેથી સંઘમાં વિઘટન પેદા થાય છે. પણ યાદ રાખવું જોઈએ કે લઘુતા અપનાવ્યા વિના ક્યારેય પ્રભુતા મળશે નહીં. એક સાધકે પોતાની ગુરુસેવામાંથી જે મેળવ્યું તેનું વર્ણન કરતાં કહ્યું છે:

"लघुता मेरे मन माई, लही गुरुज्ञान–निशानी ।"

તમને ખ્યાલ હશે કે પાક્ષિક, ચાતુર્માસિક કે સાંવત્સરિક પ્રતિક્રમણમાં સમુચ્ચયમાં ક્ષમાપનાનો સમય આવે છે ત્યારે નાના મોટાની ક્ષમા માગે છે અને જ્યાં પ્રત્યેક ક્ષમાપના(ખામણાં) આવે છે ત્યાં એવો ક્રમ છે કે પહેલા આચાર્ય બધા નાના સાધુઓની ક્ષમાયાચના કરે અને એ પછી એમનાથી નાના અને ત્યાર બાદ એમનાથી પણ નાના હોય તે ક્ષમાપના કરે. આનો અર્થ એ થયો કે જે સૌથી નાના છે તે સૌથી છેલ્લે ખમાવશે અને જે સૌથી મોટા છે તે સૌથી પહેલા ખમાવશે.

આવું શા માટે? આનો ઉદ્દેશ એ છે કે મોટા સાધુમાં અભિમાન જાગે નહીં. આચાર્યના મનમાં એવો ભાવ હોવો જોઈએ કે "તું ઉત્કૃષ્ટ પુણ્યબળને કારણે આચાર્ય બન્યો છે અને ઉત્કૃષ્ટ પુણ્ય તો વિનયના પ્રશસ્ત ભાવથી જ પ્રાપ્ત થાય છે. અભિમાનીમાં ક્યારેય પ્રશસ્તભાવ આવશે નહીં. આથી હવે વિનય–ગુણને કેમ છોડી શકાય? તને આચાર્ય બનાવનાર જ સાધુઓ છે." આચાર્ય જ્યારે પોતાનાથી નાના હોય તેની ક્ષમાયાચના કરતા હોય ત્યારે નાના સાધુના મનમાં પણ કોઈ તુચ્છ ભાવના રહેતી નથી. એ પણ પોતાના પૂજ્યો તરફ પૂર્ણ વિનય દાખવે છે.

હવે વાચનાના વિષયમાં એક સવાલ એ ઊભો થાય છે કે જો કોઈ ગચ્છ કે સંપ્રદાયના સાધુ-સાધ્વી ભણેલાં ન હોય તો શું કરવું? અથવા તો કોઈ સાધુ-સાધ્વી ભણેલાં હોય, પરંતુ વ્યર્થ બાબતોમાં સમય ગાળતાં હોય તો કોઈ ગૃહસ્થ પંડિતે એમને ભણાવવાં જોઈએ કે નહિ? જો કોઈ ગૃહસ્થ પંડિત એમને ભણાવવા જાય તો એ ગૃહસ્થને વંદન કે વિનય કરવા સાધુ–મર્યાદાથી પ્રતિકૂળ બનશે. આવી સ્થિતિમાં કયો એવો મધ્યમ માર્ગ નીકળી શકે કે જેથી જ્ઞાન તરફ અવિનય થાય નહીં અને સાધુઓની મર્યાદા જળવાય?

જૈન સમાજનું એ દુર્ભાગ્ય છે કે એમાં બહુ ઓછા ભણેલા-ગણેલા વિદ્વાન મળે છે. વળી કોઈ ગૃહસ્થ પંડિત કે વિદ્વાન હોય તો

સમાજમાં એમની કદર થતી નથી. માત્ર લક્ષ્મીપુત્રોને સન્માન અપાય છે. સરસ્વતી–પુત્રોની કદર કરનારા તો વિરલા જ હોય છે. આવી પરિસ્થિતિ હોય ત્યાં સંસ્કૃત–પ્રાકૃતના વિદ્વાન મળે ક્યાંથી ? આને પરિણામે જ મોટા ભાગે જૈનોના બધા ફિરકાઓમાં બ્રાહ્મણ–પંડિતોથી અભ્યાસ કરવાની પરિપાટી અપનાવવામાં આવી છે. બ્રાહ્મણ વિદ્વાનો તરફ સહેજે નફરત નથી, કારણ કે આપણા ગણધર બ્રાહ્મણ હતા અને બીજા કેટલાય બ્રાહ્મણ આચાર્ય બનેલા છે.

### વિદ્યાદાતાનું સન્માન

ગૃહસ્થ પંડિત રાખીને અભ્યાસ કરવો તે ઉત્સર્ગ–માર્ગ નથી, પણ અપવાદ–માર્ગ છે. સાધુઓ અપઠિત રહે અથવા તો યુગાનુરૂપ અધ્યયન કરે નહીં તો એનું પરિણામ ઘણું ભયંકર આવે. આધુનિક યુગમાં સાધુ જો અભ્યાસ નહીં કરે તો એ ધર્મની વ્યાખ્યા યુગને અનુરૂપ રીતે સમજી કે કરી શકશે નહીં, તેમજ યુગાનુરૂપ ધર્મને નવી દિશા આપી શકશે નહીં. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિવેક પણ ગંભીર અધ્યયનથી જ આવે છે.

આગમ ગ્રંથો પ્રાકૃત ભાષામાં છે અને એના પરથી પ્રાચીન ટીકાઓ સંસ્કૃત ભાષામાં છે. આજે દેશમાં હિન્દી ભાષા વધુ પ્રચલિત છે. આથી સંસ્કૃત–પ્રાકૃતમાં લખાયેલા ન્યાય અને દર્શનશાસ્ત્રના ગ્રંથોનું અધ્યયન અત્યંત જરૂરી છે. આ વિષયોના અભ્યાસી વિદ્વાન સાધુ–સાધ્વી હોય તો પહેલાં એમની પાસે અભ્યાસ કરવો જોઈએ.

તમને ખબર હશે કે આચાર્ય હીરવિજયસૂરિની નિશ્રામાં પાંચસો સાધુ હતા. એમાં કોઈ સાહિત્યના પંડિત હતો તો કોઈ ન્યાયના, કોઈ વ્યાકરણના તો કોઈ જૈનશાસ્ત્રોના જ્ઞાતા હતા. એમણે સાધુઓના પરસ્પર પઠન–પાઠનની વ્યવસ્થા પણ એવી કરી હતી કે વ્યાકરણ ભણનાર વૈયાકરણ વિદ્વાન સાધુ પાસેથી, ન્યાયવાળા નૈયાયિક પાસેથી અને દર્શનશાસ્ત્રવાળા દાર્શનિક પાસેથી ભણી લેતા હતા. આ પ્રકારે વિદ્વાન સાધુઓની વ્યવસ્થા હોવાથી એમને અધ્યયન માટે બ્રાહ્મણ પંડિતોની જરૂર પડી નહીં. —

જે જમાનામાં હીરવિજયસૂરિજી અભ્યાસ કરતા હતા તે સમયે કોઈ વિદ્વાન નૈયાયિક સાધુ મળતો નહોતો. આથી ન્યાયશાસ્ત્રના અભ્યાસ માટે એમને દોલતાબાદ (આજનું ઔરંગાબાદ) જવું પડ્યું, જ્યાં ન્યાયશાસ્ત્રના જાણીતા પંડિતો હતા. આજ-કાલ તો ન્યાય ભણાવવાની ગાદી કાશીમાં છે અને કાશી જ બધી વિદ્યાઓ અને વિદ્વાનોનું ધામ માનવામાં આવે છે.

ઉપાધ્યાય યશોવિજયજી અને વિનયવિજયજીને ગહન અધ્યયન કરાવવા માટે એમના ગુરુ એમને લઈને કાશી ગયા. કાશીમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. વળી શ્રમણ-બ્રાહ્મણ વચ્ચે લાંબા સમયથી વિરોધ ચાલતો હતો. બંને વચ્ચે દ્વેષ અને ઘૃણા પ્રવર્તતાં હતાં ત્યાં કોણ આ જૈન સાધુઓને સાધુવેશમાં ભણાવે ? ઘણી કપરી સમસ્યા ઊભી થઈ. સાધુઓને બ્રાહ્મણ પંડિતો પાસે ભણવું પણ હતું અને પોતાની સાધુતા સુરક્ષિત રાખવી હતી. આથી ગુરુઆજ્ઞાથી એમણે મધ્યમમાર્ગ સ્વીકાર્યો, જેથી બ્રાહ્મણ પંડિતોને દ્વેષ ન થાય અને તેઓ ભારે હોંશથી ભણાવે. એમની પાસે બટુક (બ્રહ્મચારી બ્રાહ્મણ)ના વેશમાં સાધુઓ જવા લાગ્યા અને અભ્યાસ કરી લીધા પછી ધર્મસ્થાનમાં આવીને સાધુવેશ પહેરી લેવા લાગ્યા. યશોવિજયજી અને વિનયવિજયજીના ગુરુદેવ એટલા બધા દયાળુ અને પરમ ઉપકારી હતા કે જ્યારે આ બંને પંડિતજી પાસે ભણવા જતા ત્યારે પાછળથી તેઓ એમને માટે ભોજન ઇત્યાદિની વ્યવસ્થા કરતા હતા. સાથોસાથ અધ્યયનને માટે બધી જ વ્યવસ્થા કરતા હતા.

પંડિતજી પાસે યશોવિજયજીએ ન્યાય અને વિનયવિજયજીએ વ્યાકરણ ભણવાનું શરૂ કર્યું. બંને પોતાના વિષયમાં પારંગત બન્યા. એમને વિદ્યાદાન આપનારા પંડિતજીએ નવ્યન્યાયનો એક ઉત્તમ ગ્રંથ ભણાવ્યો. ગ્રંથનું નામ રાખ્યું 'ખંડખાદ્ય'. આ શીર્ષકનો અર્થ છે ખાંડનું ભોજન. વિદ્યાદાતા પંડિતજીએ આ ગ્રંથ પોતાના બધા વિદ્યાર્થીઓને સંભળાવ્યો. આ સાંભળીને બે વિદ્યાર્થી 'જસલા' અને 'વિનયા'ને દુઃખ થયું. બાકીના બધા વિદ્યાર્થીઓ અતિ પ્રસન્ન થયા.

આ બંનેને એટલા માટે અધિક પ્રસન્નતા ન થઈ કે એ ગ્રંથમાં અનેકાન્તવાદને બદલે એકાંતવાદના સિદ્ધાંતનું જ વધુ મંડન કરવામાં આવ્યું હતું.

યશોવિજયજીથી રહેવાયું નહીં. વિદ્યાદાતા પંડિત પાસેથી એ ગ્રંથ માંગ્યો. એમની ઇચ્છા પોતાના નિવાસસ્થાને જઈને ભણવાની હતી. પંડિતજીએ ગ્રંથ આપવાનો ઇન્કાર કરતાં કહ્યું, "આ ગ્રંથની એક જ પ્રત છે માટે જોવી હોય તો અહીં બેસીને જોઈ લો, લઈ જવાશે નહીં."

યશોવિજયજી અને વિનયવિજયજીએ એક યુક્તિ કરી. ત્યાં ને ત્યાં બેસીને બંનેએ અડધો-અડધો ગ્રંથ કંઠસ્થ કરી લીધો. બંનેમાં તીવ્ર બુદ્ધિ હતી. ઘેર જઈને બંનેએ કંઠસ્થ કરેલો ગ્રંથ પૂરેપૂરો લખી નાખ્યો. એ પછી ઉપાધ્યાય યશોવિજયજીએ 'ખંડખાદ્ય' ગ્રંથનું કુશળતાથી અને સબળ તર્ક સાથે ખંડન કરતું એક પુસ્તક લખ્યું. વિદ્યાદાતા પંડિતજી આ પુસ્તકને વાંચીને આશ્ચર્યચકિત થઈ ગયા. એમણે કરેલા ખંડનનું ખંડન કરે તેવી કોઈ યુક્તિ ન હતી. મનોમન પ્રસન્ન થઈને પંડિતજીએ વિચાર્યું,

"હવે આ બંને પૂરેપૂરા વિચક્ષણ અને બુદ્ધિમાન થઈ ગયા છે. એમને અભ્યાસ કરાવવાની કોઈ જરૂર રહી નથી અને એ પણ જાણી લીધું કે તેઓ જૈન છે."

વિદ્યાદાતા પંડિતજીએ બંનેને સદ્ભાવના સાથે કહ્યું, "હવે તમારે કાશીમાં રહેવું જોઈએ નહીં. તમારો જાન જોખમમાં છે. કોણ શું કરી બેસશે એની કોને ખબર છે? તમે મારા વિદ્યાર્થી છો. મેં તમને અધ્યયન કરાવ્યું છે. કાશીથી વિદાય લેતાં પૂર્વે અહીં આવેલી પંડિતોની ચોર્યાશી ગાદીઓને તમારે તમારા જ્ઞાનનો ચમત્કાર બતાવવો પડશે જેથી એમને ખ્યાલ આવે કે મારા શિષ્યો કેટલા તેજસ્વી હોય છે!"

ઉપાધ્યાય યશોવિજયજીએ ચોર્યાશી ગાદીઓના વિદ્વાનોને

શાસ્ત્રાર્થમાં પરાજિત કર્યા. આ ચોર્યાશી વાદીઓ પાસેથી એમને વિજયપતાકા મળી. અંતે પોતાના દીક્ષાદાતા ગુરુ સાથે કાશીથી વિહાર કરીને ગુજરાતમાં આવ્યા.

બીજી બાજુ કેટલાંક વર્ષો પછી વિદ્યાદાતા પંડિતની આર્થિક સ્થિતિ અત્યંત નબળી થઈ ગઈ. એમની પાસે કોઈ ભણનાર વિદ્યાર્થી પણ નહોતો. આથી પંડિતજી પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થી 'જસલા'ની ખોજમાં કાશી ગયા. એમને ક્યાંય 'જૈન જસલા'નો પત્તો લાગ્યો નહીં, કારણ કે 'જસલા' નામનો કોઈ જૈન સાધુ હતો નહીં. એમણે તો યશોવિજયજી નામ ધારણ કર્યું હતું.

કોઈએ કહ્યું કે ખંભાતમાં યશોવિજયજી નામના પ્રચંડ વિદ્વાન જૈન સાધુ છે. પંડિતજીએ વિચાર્યું કે કદાચ એ જ 'જસલો' હશે ! આથી તેઓ ખંભાત ગયા. ખંભાતના જૈન ઉપાશ્રયમાં વિશાળ શ્રોતા-સમૂહ સમક્ષ ઉપાધ્યાય યશોવિજયજી વ્યાખ્યાન આપતા હતા, શ્રોતાઓ મંત્રમુગ્ધ બનીને અમૃતવાણીનું પાન કરતા હતા. એવામાં વ્યાખ્યાન-મંડપમાં પોતાના વિદ્યાદાતા પંડિતજીને આવેલા જોઈને એકાએક વાણી થંભી ગઈ અને ઉપાધ્યાય યશોવિજયજી વ્યાખ્યાનની પાટ પરથી નીચે ઊતરી ગયા. સભામાં સન્નાટો છવાઈ ગયો. શ્રોતાજનો વિચારવા લાગ્યા, એકાએક ગુરુદેવ વ્યાખ્યાન અધૂરું મૂકીને કેમ ઊભા થઈ ગયા ?

પોતાના વિદ્યાદાતા પંડિતજી સમક્ષ યશોવિજયજી વિનયપૂર્વક હાથ જોડીને ઊભા રહ્યા. પંડિતજીએ એમને શ્રદ્ધાપૂર્વક આશીર્વાદ આપ્યા. યશોવિજયજીએ શ્રાવકોને કહીને પંડિતજી માટે યોગ્ય આસ-નની વ્યવસ્થા કરાવી. એ પછી શ્રોતાઓને સંબોધતાં એમણે કહ્યું,

"આ મારા વિદ્યાદાતા ગુરુ છે. તમે મારી પાસેથી જે કાંઈ સાંભળી રહ્યા છો એની પાછળ એમની છાયા છે. જો એમણે મને યોગ્યતા આપી ન હોત તો આજે તમારી સમક્ષ હું જે કાંઈ બોલી રહ્યો છું તેને યોગ્ય પણ ન હોત. આથી તમે એમની જે કાંઈ સેવા કરશો તે મારી જ સેવા બનશે."

પછી શું કહેવું પડે? શ્રાવક-શ્રાવિકાઓએ પંડિતજીની સેવા કરવામાં કશી ઊણપ ન રાખી. પંડિતજીની નિર્ધનતા દૂર થઈ અને પ્રસન્નતાથી તેઓ કાશી પાછા ફર્યા.

ધર્મની બાબતમાં જ નહીં, પરંતુ વ્યાવહારિક અને સાંસારિક વિદ્યા પણ વિનય વિના આવતી નથી. વળી, વ્યવસ્થિત અધ્યયન કરવા માટે અધ્યાપક તરફ સન્માન દાખવવું જોઈએ. આથી સાધુ-સાધ્વીઓએ ગૃહસ્થ પંડિતો પાસેથી અધ્યયન કરતી વખતે એમનો આદર કરવો જોઈએ. સાધુ મર્યાદાને કારણે એમની સાથે વંદન-વ્યવહાર ભલે ન કરે, પંરતુ ઊંચા આસને અથવા તો અવિનયભરી રીતે બેસીને અધ્યયન કરવું જોઈએ નહીં

નમ્રતા હૃદયની ચીજ છે. એ શબ્દોમાં પ્રગટ ન થાય તો પણ હૃદયમાં તો હોવી જ જોઈએ. નમ્રતા હોય તો જ વાચના કે વિદ્યાની પ્રાપ્તિ સાર્થક થાય છે અને અધ્યયન તેજસ્વી બને છે.

શાસ્ત્રીય વાચના લેતી વખતે વિનયની સાથે તપનો સંયોગ થવો જોઈએ. શાસ્ત્રજ્ઞાન માટે કરાતા તપને સાધુઓ માટે તપ અને ગૃહસ્થો માટે 'ઉપધાન' કહેવાય છે. આમ તો પ્રત્યેક વિદ્યાર્થીને અધ્યયન કરતી વખતે ઘણી તપસ્યા કરવી પડે છે, કારણ કે 'सुखार्थिनः कुतो विद्या, विद्यार्थिनः कुतः सुखम्' એટલે કે સુખાર્થીને વિદ્યા કઈ રીતે પ્રાપ્ત થાય? અને વિદ્યાભિલાષીને સુખ ક્યાંથી પ્રાપ્ત થાય ? આથી શાસ્ત્રીય અધ્યયન-ની સાથોસાથ તપસ્યાની આવશ્યકતા દર્શાવવામાં આવે એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. તપશ્ચર્યાપૂર્વક શાસ્ત્રનું અધ્યયન કરવાથી શાસ્ત્રીય જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા, એનો સંચય અને એની વૃદ્ધિ કરવાની સતત ઉત્કંઠા રહે છે. સખત પરિશ્રમથી મેળવેલી વસ્તુને પ્રત્યેક વ્યક્તિ સાવધાનીપૂર્વક જાળવી રાખે છે.

## આઠ આચાર

શાસ્ત્રીય જ્ઞાનના અધ્યયનને માટે જ્ઞાનના આઠ આચાર દર્શાવવામાં આવ્યા છે. એને અનુકૂળ આચરણ હોવું જોઈએ. એનાથી વિપરીત

આચરણ હોય તો એ જ્ઞાનનો અતિચાર થઈ જશે. એક ગાથામાં આ આઠ આચારોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

"काले विणए बहुमाणे उवहाणे तह अनिण्हवणे ।
वंजण–अत्थ–तदुभए अट्ठविहो नाण–आयारो ॥"

"કાલાચાર, વિનયાચાર, બહુમાનાચાર, ઉપધાનાચાર, અનિહ્નવ, વ્યંજનચાર, અર્થાચાર, તદુભયાચાર—એ આઠ જ્ઞાનપ્રાપ્તિના આચાર છે.

જ્ઞાનપ્રાપ્તિ અથવા તો સંપ્રાપ્તિ જ્ઞાનની સુરક્ષા માટે દર્શાવવામાં આવેલા આઠ આચારોનું ક્રમશઃ વિવેચન કરીએ.

**૧. કાલ–આચાર**

પ્રત્યેક કાર્ય એના સમયે જ યોગ્ય લાગે છે. કવેળાએ ખાવું કે અયોગ્ય જગ્યાએ ગાવું જેમ યોગ્ય નથી તે જ રીતે અયોગ્ય સમયે શાસ્ત્રીય અધ્યયન કે શાસ્ત્રાર્થ તે કરવો યોગ્ય નથી. શાસ્ત્રમાં કાલિક અને વૈકાલિક આદિ ભેદથી કયું શાસ્ત્ર કયા સમયે વાંચવું જોઈએ એનો કાળ નક્કી કરવામાં આવ્યો છે. કેટલાંક શાસ્ત્ર એવાં છે કે જેને પ્રાતઃ કાળે સૂર્યોદયથી બે ઘડી સુધી, બપોરની બે ઘડી સુધી તથા સંધ્યાકાળની બે ઘડી સુધી ભણવામાં આવતાં નથી. એ શાસ્ત્રોના અભ્યાસને માટે આ સમય તે અકાળ છે. 'દશવૈકાલિક' જેવાં કેટલાંય આગમ એવાં છે કે જેમના અધ્યયન માટે કોઈ નિશ્ચિત કાળની આવશ્યકના હોતી નથી. એનો વિકાળમાં પણ અભ્યાસ થઈ શકે. આથી જે શાસ્ત્રના સ્વાધ્યાય માટે જે કાળ દર્શાવવામાં આવ્યો હોય તે કાળે તેનો અભ્યાસ કરવો તે કાલાચાર કહેવાય છે.

આ ઉપરાંત વ્યવહારસૂત્રમાં કેટલા વર્ષના દીક્ષિત સાધુ કયા શાસ્ત્રને ભણવાના અધિકારી છે એમ પણ સામાન્ય રીતે દર્શાવવામાં આવે છે. "બે વર્ષનો દીક્ષાપર્યાય ધરાવનાર સાધુ 'આચારાંગ સૂત્ર'ના અધ્યયનનો અધિકારી છે. નવદીક્ષિત સાધુ 'દશવૈકાલિક' અને 'ઉત્તરાધ્યયન સૂત્ર'નો અધિકારી છે. આઠ વર્ષનો દીક્ષાપર્યાય ધરાવનાર ચાર છેદ સૂત્રોનો, દશ વર્ષનો દીક્ષાપર્યાય ધરાવનાર 'ભગવતી સૂત્ર'નો તેમજ વીસ વર્ષનો દીક્ષાપર્યાય ધરાવનારા સાધુ સર્વ શાસ્ત્રના અધ્યયનનો

અધિકારી છે.” આથી શાસ્ત્રના અધ્યયનના અધિકારમાં કાળના કાલાચારને ધ્યાનમાં રાખવો જરૂરી છે.

૨. વિનય-આચાર

શાસ્ત્રો પ્રત્યે અત્યંત શ્રદ્ધા રાખવી તેમજ વિનય સાથે એનો અભ્યાસ કરવો. વળી, શાસ્ત્રનું અધ્યયન કરનાર પ્રત્યે પણ પૂર્ણ વિનય દાખવીને ભણવું તે વિનયાચાર છે.

૩. બહુમાન-આચાર

શાસ્ત્રોનો બહુમાન અને આદરભાવ સાથે અભ્યાસ કરવો તથા શાસ્ત્રજ્ઞ પ્રત્યે પણ બહુમાન રાખીને અધ્યયન કરવું એ બહુમાન-આચાર છે.

૪. ઉપધાન-આચાર

શાસ્ત્રના અભ્યાસ માટે જરૂરી એવું તપ કરવું અને એ તપની સાથે શાસ્ત્ર અધ્યયન કરવું તે ઉપધાન-આચાર છે. આનો અર્થ જ એ કે શાસ્ત્રના અભ્યાસના આરંભથી અંત સુધી (નિયત) તપ કરતાં રહેવું જોઈએ.

એક સાધુએ ‘ઉત્તરાધ્યયન સૂત્ર’ના ચતુર્થ અધ્યયનની વાચના શરૂ કરી. સાથોસાથ એ શાસ્ત્રને માટે નિશ્ચિત એવું આયંબિલ તપ પણ કરવા લાગ્યો. દુર્ભાગ્યે એના જ્ઞાનવરણીય કર્મનો ઉદય થતાં એને પાઠ યાદ રહેતો નહોતો. સાધુ શ્રદ્ધાપૂર્વક આયંબિલ તપ કરતો રહ્યો. ઘણા દિવસો વીતી ગયા પછી એક દિવસ એના ગુરુએ કહ્યું,

“આ શાસ્ત્રના અધ્યયન માટે નિયત તપ તો તેં પૂર્ણ કર્યું, પણ હજી તને એનું જ્ઞાન લાધ્યું નથી. આનો અર્થ એ કે તારા જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થવાને લીધે મહેનત કરવા છતાં પણ તને શાસ્ત્રજ્ઞાન સાંપડતું નથી. આથી તું બીજા કોઈ ગ્રંથનું અધ્યયન શરૂ કર.”

શિષ્યે વિનમ્રતાથી પૂછ્યું, “ગુરુદેવ, જો હું આનું અધ્યયન કરવા ઇચ્છું તો મારે ક્યાં સુધી તપ કરવું પડે ?”

ગુરુએ કહ્યું, 'જ્યાં સુધી આનું જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી.'

શિષ્ય ધૈર્યપૂર્વક આયંબિલ તપ કરવા લાગ્યો અને એ જ શાસ્ત્રનું અધ્યયન કરતો રહ્યો. સમય જતાં એક દિવસ એના જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ પૂરી થઈ ગઈ. એ સાધુને એક જ દિવસમાં બાર વર્ષ સુધી અધ્યયન કરવાના ફળસ્વરૂપ જેટલું જ્ઞાન સાંપડે એટલું જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. આ છે ઉપધાન-આચારનું જ્વલંત દૃષ્ટાંત.

### ૫. અનિહ્નવ-આચાર

કોઈ શાસ્ત્રમાંથી જ્ઞાન સાંપડ્યું હોય, કોઈ વાચનાદાતાએ આપ્યું હોય અથવા તો કોઈ ગ્રંથ યા ગ્રંથકર્તા પાસેથી જ્ઞાન સાંપડ્યું હોય તો તે શાસ્ત્ર, વાચનાદાતા, ગ્રંથ કે ગ્રંથકર્તાનું નામ છુપાવવું નહિ. "આ મેં ક્યાંય વાંચ્યું નથી. કોઈ ગ્રંથ કે શાસ્ત્ર પાસેથી જાણ્યું નથી. આ તો મારું મૌલિક ચિંતન છે." આમ ખોટું બોલીને દંભ કરવો અથવા તો અન્ય ગ્રંથકર્તાનું સર્જન પોતાને નામે ચડાવી દેવું તે નિહ્નવતા છે. આ અનિહ્નવ-આચારનો અતિચાર છે. કેટલાક લોકો કોઈ યોગ્ય વિદ્વાન ગુરુ પાસે અભ્યાસ કરે છે. એ પછી વિશેષ અભ્યાસ કરીને વિકાસ સાધ્યા બાદ કોઈ એમને એમના ગુરુનું નામ પૂછે તો વાસ્તવિક ગુરુના નામને બદલે કોઈ પ્રસિદ્ધ વિદ્વાનનું નામ આપે છે. આ પણ એક પ્રકારની કુટિલતા છે. આ અનિહ્નવ-આચારનો અપરાધ છે.

એક વાળંદે કોઈ ગુરુની સેવા કરીને એવી વિદ્યા હાંસલ કરી કે જેથી વાળ કાપવાના ઓજારની પેટી કશાય આધાર વગર આકાશમાં ઊંચે રાખી શકતો હતો. આકાશી પેટી જોઈને સામાન્ય માનવીઓ પર વાળંદના ચમત્કારનો ઘણો પ્રભાવ પડતો હતો. આ ગામમાં વૈરાગી સાધુઓની જમાત આવી. આકાશી પેટી જોઈને એક સાધુનું મન લલચાયું. એણે વાળંદને વિદ્યા શીખવવા વિનંતી કરી. વાળંદે વૈરાગી સાધુને આ વિદ્યા શીખવી. પછી તો આ વૈરાગી સાધુ પોતાનો ત્રિદંડ આકાશમાં કશાય આધાર વગર ઊભો રાખવા લાગ્યો.

લોકોમાં વૈરાગી સાધુની ઘણી પ્રતિષ્ઠા થઈ. વૈરાગી સાધુ પોતાની નામના ફેલાવવા માટે દેશ-પરદેશ ઘૂમવા લાગ્યો. એક દિવસ કોઈ

મહાત્માએ આ વૈરાગી સાધુને પૂછ્યું, "અરે ભાઈ, તમે આ વિદ્યા કોની પાસેથી મેળવી ?"

વૈરાગી સાધુને વાળંદને પોતાના ગુરુ તરીકે બતાવતાં શરમ આવી. આથી એણે કહ્યું,

"મહારાજ ! આપના જેવા કોઈ મહાત્મા જ હતા."

પોતાના વિદ્યાદાતા ગુરુનું નામ છુપાવવા માટે એ વિદ્યાના અધિષ્ઠાતા દેવ ગુસ્સે થયા. એણે વૈરાગી સાધુના અદ્ધર લટકતા ત્રિદંડને એકદમ નીચે પાડ્યો. દંડ વૈરાગી સાધુના માથે અથડાઈને નીચે પડ્યો. પરિણામે વૈરાગી સાધુ પેલી વિદ્યાને ભૂલી ગયા. આમ વિદ્યાભ્યાસ કે શાસ્ત્રાભ્યાસ કરાવનારા ગુરુનું નામ છુપાવવું એ વિપરીત પરિણામ લાવે છે.

### ૬. વ્યંજન-આચાર

સૂત્રનાં પદો(અક્ષરો)નું ઉચ્ચારણ યથાર્થ રીતે કરવું તેનું નામ વ્યંજનાચાર છે. કોઈ પદ આગળ કે પાછળ બોલી જવું, ન્યૂન કે અધિક બોલવું, અસ્પષ્ટ કે અશુદ્ધ બોલવું તે વ્યંજન-આચારનો અતિચાર છે.

### ૭. અર્થ-આચાર

સૂત્રનો જે અર્થ હોય એ જ અર્થ પ્રસંગ પ્રમાણે કરવો તે અર્થ-આચાર છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જોઈને પ્રસંગ અનુસાર જે યથાર્થ અને લોકહિતકર અર્થ થાય તે જ કરવો જોઈએ. કોઈ વાત ન સમજાય તો સમજાય તેટલાનો જ અર્થ કરીને અંતે 'तत्त्वं केवलीगम्यं' કહેવું જોઈએ. આ જ એ સૂત્ર પ્રત્યે ન્યાય અને વફાદારી ગણાય. ઐતિહાસિક તથ્યથી વિપરીત મનમાન્યો ઉટપટાંગ અર્થ કરવો તે ન્યાયસંગત નથી.

### ૮. તદુભય-આચાર

વ્યંજન પણ શુદ્ધ અને ક્રમબદ્ધ વાંચવા જોઈએ. અર્થ પણ યથાર્થ કરવો જોઈએ. આને તદુભય-આચાર કહેવામાં આવે છે.

સૂત્ર અથવા અર્થ છુપાવવો, બંનેને અશુદ્ધ કરવા, ઊલટપાલટ કરવા અથવા તો જનહિત વિરુદ્ધ કરવા તે અતિચાર છે. 'સ્થાનાંગ સૂત્ર'માં સૂત્ર, અર્થ અને તદુભય-એ ત્રણને અશુદ્ધ કરનાર, અયોગ્ય રીતે વ્યક્ત કરનાર કે છુપાવનારને ક્રમશઃ સૂત્રચોર, અર્થચોર અને તદુભય-ચોર કહ્યો છે.

આ આઠ આચારનું યથાર્થ રૂપે પાલન કરવું તે શાસ્ત્રીય જ્ઞાનનો આચાર છે, અન્યથા અતિચાર છે. આ અતિચાર પણ ત્યાં સુધી છે કે જ્યાં સુધી ભૂલથી અજાણતાં કે મતિ ભ્રમથી એ થાય છે. જાણીબૂઝીને અતિચાર કરવામાં આવે તો તે અનાચાર છે.

બંધુઓ, વાચનાના વિષયમાં મેં અત્યંત વિસ્તારથી વાત કરી. સમાજમાં અધ્યયનની બાબતમાં જે અંધાધૂંધી ફેલાઈ છે તેને દૂર કરવા માટે આટલું કહેવું જરૂરી પણ હતું. વાચના સ્વાધ્યાયનું પ્રથમ સોપાન છે. જો આ સોપાન પર દૃઢ રીતે પગ મૂકવામાં આવે તો પછી લપસવાનો કોઈ ડર નથી.

સ્થળ : જૈનભવન, બીકાનેર
૧૨ ઑગસ્ટ, ૧૯૪૮

□

દસ

# સ્વપર કલ્યાણનું સાધન : સ્વાધ્યાય

સ્વાધ્યાયના પ્રત્યેક સોપાન પર એક પછી એક ચડવા માટે સાધકે જાગૃતિ, વિવેક, તપ અને વિનય રાખવાં જોઈએ. આનો અભાવ હોય તો સાધનામાં પીછેહઠ કે પતન થતાં વાર લાગતી નથી. આને પરિણામે જ શાસ્ત્રકારોએ વાચના, પૃચ્છના આદિ પ્રત્યેક સોપાનની સાથે આચરવાની વિધિ બતાવી છે.

**પૃચ્છના :**

વાચના પછી સ્વાધ્યાયનું બીજું સોપાન છે પૃચ્છના. ગુરુ આદિ પાસેથી શાસ્ત્રીય વાચના લીધા બાદ એનું ચિંતન-મનન કરતી વેળાએ શંકા-કુશંકા જાગે તો ગુરુની પાસે જઈને વિનયપૂર્વક પૂછવું તે પૃચ્છના કહેવાય.

આનો બીજો એક અર્થ પણ થાય છે. તમે કોઈ ગ્રંથ કે પુસ્તકનું અધ્યયન કર્યું. એમાંનું

કોઈ વિધાન, પંક્તિ કે રહસ્ય સમજાય નહિ તો વિશેષજ્ઞને વિવેકપૂર્વક પૂછવું. પૃચ્છનાનો એક ત્રીજો પણ અર્થ છે. ગૃહસ્થ ગૃહસ્થધર્મ બજાવતાં કે સાધુ સાધુધર્મ પાળતાં પોતાની રીતે જીવનસાધના કરતા હોય છે. આવી સાધના કરતી વખતે એકાએક કોઈ ગૂંચ આવે, કોઈ વિઘ્ન જાગે કે કોઈ અટપટી સમસ્યા કે ગૂંચવણભર્યો સવાલ ઊભો થઈ જાય ને એનો ઉકેલ મળે નહિ ત્યારે વ્યક્તિ કર્તવ્યમૂઢ થઈ જાય છે. આવે સમયે જીવનસાધનાના એ પ્રશ્નો, સમસ્યાઓ, ગૂંચવણો અને કોયડાઓને પોતાના શ્રદ્ધેય ગુરુજનો સમક્ષ સવિનય રજૂ કરવા એનું નામ પણ પૃચ્છના છે.

## પ્રશ્નનું સમાધાન

ભગવાન મહાવીરને જિજ્ઞાસા ભાવથી ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમે જીવનના અનેક અટપટા સવાલો પૂછ્યા હતા અને ભગવાન મહાવીર પાસેથી સમાધાન મેળવ્યું હતું. 'ભગવતી સૂત્ર'માં ગૌતમ સ્વામી દ્વારા પુછાયેલા હજારો પ્રશ્નો અને એનું સમાધાન મળે છે. અન્ય સાધકોના પ્રશ્નો પણ એમાં મળે છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં કેશી શ્રમણ અને ગૌતમ સ્વામીની પરસ્પર પ્રશ્નોત્તરી પણ આ પૃચ્છનાનું જ સ્વરૂપ છે.

તમે શાસ્ત્રીય અધ્યયન કરતા હો અથવા તો સ્વયં સ્વાધ્યાય કરતા હો ત્યારે પ્રત્યેક પંક્તિ અને વિષયનો હેતુપૂર્વક અને ચિંતન-પૂર્વક અભ્યાસ કરવો જોઈએ. આમાં જે વિષય સમજાય નહીં તેના પ્રશ્નોને જુદી નોટમાં નોંધી લેવા જોઈએ અને પછી અનુભવી અને ઉચ્ચ ભૂમિકા ધરાવતા સાધકની પાસેથી એનું સમાધાન મેળવવું જોઈએ.

તમારો પ્રશ્ન તમારા ચિંતનનું સ્તર દર્શાવશે. જો તમારું ચિંતન છીછરું હશે તો પ્રશ્નો પણ એવા જ હશે. આમ છતાં જે કોઈ પ્રશ્ન ઊઠે કે શંકા જાગે, તો તેનું સમાધાન અવશ્ય મેળવવું. સમાધાન મેળવશો નહિ તો વણઊકલેલા પ્રશ્નો તમારા વિચારજગતમાં અવ્યવસ્થા અને ગૂંચવાડો સર્જશે. આથી જે કોઈ પ્રશ્ન ઊભો થાય

તેને જિજ્ઞાસાબુદ્ધિથી શ્રદ્ધા અને વિવેકપૂર્વક પોતાના શ્રદ્ધેયની સમક્ષ રજૂ કરીને સમાધાન મેળવવું.

## જિજ્ઞાસા અને વિનય

કેટલીક વ્યક્તિઓ પોતાનું પાંડિત્ય દર્શાવવા અથવા તો પોતાના પુસ્તકિયા જ્ઞાનનું પ્રદર્શન કરવા અથવા તો કોઈ સાધકને નિરુત્તર કરવા કે પરાજિત કરવાના ઉદ્દેશથી પ્રશ્ન પૂછે છે. જીતવાની આવી વૃત્તિ ધરાવનાર અહંકારી વ્યક્તિ ઘણીવાર ખુદ અનિર્ણયાત્મક સ્થિતિમાં હોય છે. આવી રાજસી બુદ્ધિ ધરાવનાર સમાધાન મેળવી શકતા નથી. કેટલાક લોકો પોતાને પહેલેથી જ જ્ઞાની માનતા હોય છે. આવી વ્યક્તિ કોઈ શંકા જાગે તો પણ અનુભવી કે એના વિશેષજ્ઞ પાસે જવામાં નીચાજોણું માને છે. પરિણામે તેઓ હમેશાં શંકાવ્યાકુળ જ રહે છે.

કેટલાક સાધકોની એવી આદત હોય છે કે વાંચેલા વિષય પર પુનઃ ચિંતન કરતા નથી. શાસ્ત્ર કે ગ્રંથનું વાચન સાધુ કે ગુરુ પાસે કરી લીધું અને પછી બધું જ ત્યાં મૂકીને જાય છે. બીજે દિવસે જ્યારે શાસ્ત્રાદિ વાચનનો સમય થાય ત્યારે જ એને સંભારે છે. ચિંતન-મનનના અભાવે આવા સાધકને પ્રશ્નો જ ઊઠતા નથી અને તેને પરિણામે જ્ઞાનમાં પ્ર-ગતિ થતી નથી. આવી જ રીતે પોતાની જગ્યાએ બેસીને અવિવેકભરી રીતે ગુરુ આદિને પ્રશ્ન કરનાર જ્ઞાન-પ્રાપ્તિ કરી શકતો નથી. કેટલાક લોકો એવું પણ વિચારે છે કે આપણે પ્રશ્ન પૂછીશું તો શાસ્ત્રો વિશેનું પોતાનું અજ્ઞાન ઉઘાડું પડી જશે. પોતે મનમાં ને મનમાં શંકાને દબાવી રાખે છે. કેટલીક વ્યક્તિને પ્રશ્ન જાગે છે, પણ વડીલને આવું પૂછવું તે અવિવેક ગણાય તેમ માનીને પ્રશ્નો પૂછવાનું ટાળે છે. આમ પૃચ્છનાનો અભાવ હોય અથવા તો અનૌચિત્યથી પૃચ્છના થતી હોય ત્યારે ઘણીવાર મનુષ્ય સત્યથી વંચિત રહી જાય છે.

એક વાત નિશ્ચિત છે કે જિજ્ઞાસા કે પૃચ્છા એ જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનવૃદ્ધિનું માધ્યમ છે. અક્ષરજ્ઞાનથી સાવ વંચિત વ્યક્તિ પણ

પૂછી-પૂછીને વિશાળ અનુભવ પ્રાપ્ત કરે છે અને ભણેલાને પણ પાછા પાડી દે છે. આથી એક અંગ્રેજ લેખકે તો એટલે સુધી કહ્યું છે :

"I had six honest serving men; they taught me all I know Their Names–When, What, Where, Why, How and Who."

"આનો અર્થ એ કે જે કંઈ જ્ઞાન મેં સંચિત કર્યું છે તે મારા આ છ પ્રમાણિક સહાયકો(પ્રશ્નો) દ્વારા મળેલું છે. એમનાં નામ છે ક્યારે, શું, ક્યાં, કેમ, કેવી રીતે અને કોણ."

સાચે જ પ્રશ્ન કે પૃચ્છાના જો જિજ્ઞાસા અને વિનયથી કરવામાં આવે તો જ્ઞાનની પર્યાપ્ત વૃદ્ધિ થાય છે. આ વિષયમાં મને મહારાજા કુમારપાળના જીવનની એક ઘટના યાદ આવે છે.

એક પલાશ વૃક્ષની નીચે બેસીને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને મહારાજા કુમારપાળ જ્ઞાનચર્ચા કરતા હતા. મહારાજા કુમારપાળે પૂછ્યું, "ગુરુદેવ ! કૃપા કરીને મને એ કહો કે મારા હજી કેટલા ભવ(જન્મ) બાકી છે ?"

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે કહ્યું, "કુમારપાળ, હું સર્વજ્ઞ નથી. મારું જ્ઞાન એટલું બધું નથી કે હું તને તારી મુક્તિનો સમય બતાવી શકું. પણ એટલું હું ચોક્કસ જાણું છું કે તારી મુક્તિ જરૂર થશે."

"ગુરુદેવ, શું કોઈ એવો ઉપાય છે કે જેનાથી મને મારી મુક્તિનો ખ્યાલ આવે ?"

કલિકાલસર્વજ્ઞે કહ્યું, "હા. દેવીની આરાધના કરવાથી આ સંભવ થાય. એ દેવી મહાવિદેહ ક્ષેત્રમાં જઈને ત્યાં બિરાજમાન સીમંધરસ્વામી(વર્તમાન તીર્થંકર)ને પૂછીને, એમનો ઉત્તર આપણને અહીં આવી સંભળાવી શકે."

રાજા કુમારપાળે કહ્યું, "તો ગુરુદેવ, મારા પર આટલી કૃપા કરો. મને મારી મુક્તિ અંગે જાણવાની ભારે જિજ્ઞાસા છે."

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે શાસનદેવીની આરાધના કરી. શાસનદેવી પ્રગટ થયાં અને એમણે પૂછ્યું, "શી આજ્ઞા છે?"

શ્રી હેમચંદ્રાચાર્યે કહ્યું, "દેવી! સીમંધરસ્વામી પાસેથી પૂછી આવો કે કુમારપાળની મુક્તિ કેટલા ભવ બાદ થશે?"

દેવી જતી હતી ત્યાં કુમારપાળે કહ્યું, "ગુરુદેવની મુક્તિ વિશે પૂછવાનું પણ ભૂલશો નહિ."

શાસનદેવીએ વિદાય લેતાં કહ્યું, "તમે ધ્યાન લગાવીને બેસો, જેથી કોઈ દેવતા મારા ગમનમાં વિઘ્ન નાખી શકે નહીં."

દેવીને મહાવિદેહ ક્ષેત્રમાં જઈને પાછા આવવામાં શી વાર લાગે? વળી કેવલીને શંકાનું સમાધાન કરતાં કોઈ વિલંબ થાય ખરો?

શાસનદેવી પ્રશ્નનો ઉત્તર લઈને તરત જ પાછાં ફર્યાં, પણ આચાર્યને જોતાં ઉદાસ થઈ ગયાં. દેવી બોલ્યાં, "હે મહાન આચાર્ય! તમે ઘણી મોટી ભૂલ કરી."

આચાર્યે પૂછ્યું, "મેં વળી શી ભૂલ કરી છે?"

શાસનદેવીએ કહ્યું, "પહેલાં આપ પલાશ વૃક્ષ નીચે બેઠા હતા, ત્યાંથી ઊઠીને આ આંબલીના ઝાડ નીચે ક્યાંથી આવી ગયા?"

આચાર્યે કહ્યું, "ત્યાં ગરમી ઘણી વધી ગઈ હતી."

શાસનદેવી બોલ્યાં, "આ જ તો દુઃખની વાત છે ને?"

હેમચંદ્રાચાર્યે કહ્યું, "દેવી! એમાં દુઃખની શી વાત? તમારી વાત હું સમજી શકતો નથી, પણ પહેલાં એ કહો કે તમારું મુખ કેમ નિરાશાથી ઘેરાયેલું છે?"

શાસનદેવીએ રહસ્ય પ્રગટ કરતાં કહ્યું, "કુમારપાળને માટે તો સીમંધરસ્વામીએ ફરમાવ્યું છે કે એ ત્રીજા જન્મમાં મુક્તિ પ્રાપ્ત કરશે. આનો અર્થ એ કે અહીં મૃત્યુ પામીને દેવ બનશે અને દેવગતિથી ચ્યવન કરી આગામી ચોવીસીમાં પદ્મનાભ તીર્થંકર(શ્રેણિક મહારાજનો જીવ)ના પ્રથમ ગણધરના રૂપમાં જન્મ લેશે. જ્યારે આપને માટે એમ કહ્યું હતું કે હું પાછી ફરું અને આપ જે વૃક્ષ નીચે

બેઠા હશો. એ વૃક્ષનાં જેટલાં પાંદડાં હશે એટલા ભવ બાદ મુક્ત થશો. પલાશ વૃક્ષનાં પાંદડાં તો ગણી શકાય તેમ હતાં, જ્યારે આંબલીનાં પાંદડાં તો અગણિત છે. જો પલાશ વૃક્ષ નીચે બેસી રહ્યા હોત તો તમારો વહેલો છુટકારો (મોક્ષ) થાત. હવે તમારે અગણિત ભવોમાં ભ્રમણ કરવું પડશે."

આ સાંભળીને હેમચંદ્રાચાર્ય ખૂબ પ્રસન્ન થયા. એમણે કહ્યું, "આમાં ચિંતા કરવાની કઈ વાત છે? હવે મને એટલી તો નિશ્ચિત ખાતરી થઈ ગઈ કે મારા ભવ-ભ્રમણનો અંત તો અવશ્ય આવશે જ. આ તો મારું ધન્ય-ભાગ્ય કહેવાય. હવે ભલે લાખો-કરોડો ભવ લેવા પડે, પણ અંતમાં એની સમાપ્તિ તો છે જ. મને તમારી વાત જાણીને ખૂબ પ્રસન્નતા થઈ."

આ છે પૃચ્છનાનું પ્રત્યક્ષ લાભદાયી પરિણામ.

## મહત્ત્વનું પાસું

પૃચ્છનાનું એક મહત્ત્વનું પાસું એ છે કે પ્રશ્નકર્તા જિજ્ઞાસાથી એકનો એક પ્રશ્ન વારંવાર કરે અથવા તો અનેક પ્રશ્નો વારંવાર જિજ્ઞાસુ બનીને પૂછે તો પણ ઉત્તરદાતાએ એનાથી ગભરાવવાનું નથી. ઉડાઉ જવાબ આપીને જિજ્ઞાસુ પ્રશ્નકર્તાને નિરુત્સાહ કરવો જોઈએ નહિ. એના પ્રશ્નનો ઉત્તર ધૈર્યપૂર્વક ત્યાં સુધી સમજાવવો જોઈએ જ્યાં સુધી એના મનનું સમાધાન થાય નહીં.

જગદ્‌ગુરુ આદ્ય શંકરાચાર્યને પૂછવામાં આવ્યું, "આપ આપની વાત કોઈને એક વાર સમજાવો તોપણ તે ન સમજે તો શું કરશો?"

આદ્ય શંકરાચાર્યે કહ્યું, "હું એને બીજી વાર સમજાવીશ. એ બીજી વાર સમજે નહિ તો ત્રીજી વાર સમજાવીશ. જ્યાં સુધી સમજશે નહિ ત્યાં સુધી સમજાવતો જ રહીશ. જિજ્ઞાસુને અંતિમ ક્ષણ સુધી સમજાવવું તે મારું કામ છે."

જ્ઞાનશક્તિ પર આટલો દૃઢ વિશ્વાસ જ જ્ઞાનીઓને માટે મુક્તિ પ્રાપ્ત કરવાનું કારણ બને છે. જ્યાં આવું હોતું નથી ત્યાં મોહવશ બનીને સંચિત જ્ઞાન જ કર્મબંધનનું કારણ બને છે.

એક વિદ્વાન આચાર્ય પાસે પાંચસો શિષ્ય હતા. આચાર્યને પોતાની વિદ્વત્તા પર પૂર્ણ વિશ્વાસ હતો. એમના શિષ્યો પણ જિજ્ઞાસા સાથે એક પછી એક આવતા અને જાગેલી શંકાનું સમાધાન મેળવીને પાછા જતા. એક વખત રાતના સમયે આચાર્યની પાસે જિજ્ઞાસા-ભાવથી પ્રશ્ન કરવા માટે આવેલા શિષ્યોની લાંબી હાર થઈ ગઈ. એક શિષ્ય આવ્યો. શંકાનું સમાધાન મેળવીને હજી પાછો ફરે ત્યાં તો બીજો શિષ્ય આવી ગયો. આચાર્ય એક પછી એક આવતા શિષ્યની શંકાઓનું ક્રમશઃ સમાધાન કરતા રહ્યા. પરિણામે આચાર્યને આખી રાત જાગવું પડ્યું. ગુરુના સ્વાસ્થ્યની સંભાળ લેવી એ શિષ્યોનું કર્તવ્ય હતું, પરંતુ ઉત્સાહ, ઉમંગ અને જિજ્ઞાસાથી ગુરુને પ્રશ્નો કરતાં શિષ્યોને આનો ખ્યાલ ન રહ્યો.

વિદ્વાન આચાર્યને પોતાના જ જ્ઞાન પરત્વે દ્વેષબુદ્ધિ જાગી. તેઓ વિચારવા લાગ્યા, "ઓહ! આવા જ્ઞાનથી તો હેરાનપરેશાન થઈ ગયો. જિજ્ઞાસુઓ પૂરો શ્વાસ પણ લેવા દેતા નથી. આના કરતાં તો અજ્ઞાની રહેવું સારું. મારા ભાઈને જ જુઓને? એ કશું જાણતો નથી અને લોકો એને કશું પૂછીને સતાવતા નથી. મસ્તીથી ઊંઘે છે અને આનંદથી જીવન પસાર કરે છે."

પોતાના જ્ઞાન પર જ રોષ અને દ્વેષ થતાં આચાર્યે નિર્ણય કર્યો, "હવે હું કોઈને ભણાવીશ નહિ અને કોઈના પ્રશ્નનો ઉત્તર આપીશ નહિ."

શંકા-કુશંકાઓના સમાધાનમાંથી છુટકારો મેળવવા માટે વિદ્વાન આચાર્યે મૌન ધારણ કરી લીધું. મૌનની આગવી મહત્તા છે, પરંતુ સ્વાર્થબુદ્ધિથી કે દ્વેષવશ મૌન રહેવું તે ખોટું કહેવાય. જ્ઞાન તરફના રોષને કારણે મૌન રહેલા આચાર્યનું જ્ઞાન પાપકર્મ-બંધનું કારણ બન્યું.

બાર દિવસ સુધી આચાર્યે કોઈ શિષ્યને પાઠ આપ્યો નહીં. પરિણામે એમને જ્ઞાનાવરણીય કર્મ-બંધ થયો. આના કારણે પછીના

જન્મમાં જ્ઞાનની પ્રાપ્તિ થઈ નહીં. આમ, જ્ઞાની પાસે કોઈ જિજ્ઞાસા-બુદ્ધિથી પૂછવા આવે તો ગભરાઈને ઇન્કાર કરવો જોઈએ નહિ અથવા તો પક્ષપાત કે મોહવશ બનીને જ્ઞાનને છુપાવવું જોઈએ નહીં.

**પરાવર્તના :**

સ્વાધ્યાયનું ત્રીજું સોપાન પરાવર્તના કે પર્યટના છે. આને પ્રતિપૃચ્છના પણ કહેવામાં આવે છે. શાસ્ત્ર કે ગ્રંથનું અધ્યયન કર્યા બાદ એ વિસ્મૃત થઈ જાય નહીં તે માટે તેનો વારંવાર પાઠ કરવો તે પરાવર્તના છે. પ્રશ્ન અને પ્રતિ–પ્રશ્ન દ્વારા સાંપડેલા જ્ઞાનને સુરક્ષિત અને સ્થિર રાખવા માટે એનું વારંવાર પુનરાવર્તન કરવું તે પર્યટના કહેવાય છે. સંચિત કરેલા જ્ઞાનને સ્થિર અને હૃદયંગમ કરવા માટે વિશેષ સ્પષ્ટતા કે વિસ્તૃતતાથી પૂછવું તે પ્રતિપૃચ્છના કહેવાય છે.

હકીકતમાં કોઈ પણ શાસ્ત્ર કે ગ્રંથના જ્ઞાનને ચિત્તમાં સંચિત કરવા માટે એવો નિયમ છે કે એનું વારંવાર પુનરાવર્તન કરવું. વળી, વારંવાર જ્ઞાનને સ્થિર કરવાના પ્રયત્નમાં નવા નવા અર્થોની સ્ફુરણા થશે અને એમાં નવા નવા સુવિચારોના અંકુર ફૂટશે. જો જ્ઞાનની ચર્વણા કરવામાં આવે નહીં તો તે જ્ઞાન વ્યર્થ બની રહે છે. કયારેક તો કોઈ ખાડામાં લાંબા સમયથી રહેલા પાણીની માફક જ્ઞાન સડી જાય છે. કવચિત્ એવું પણ બને છે કે એ જ્ઞાનરાશિનું એ વ્યક્તિમાં જ પૂર્ણવિરામ આવે છે. સમાજને એનો કશો લાભ સાંપડતો નથી. કયારેક જ્ઞાનધન સ્મૃતિમાંથી લુપ્ત થઈ જાય છે. હજારો રૂપિયા ખોવાઈ જતાં મનુષ્ય દુઃખી થાય છે તેના કરતાં પણ વધુ દુઃખી જ્ઞાનધન લુપ્ત થતાં સાધક થાય છે. આથી પઠિત જ્ઞાનનું વારંવાર પુનરાવર્તન કરવું એ સ્વાધ્યાયનું ત્રીજું અંગ છે.

વિદ્યા પણ વારંવાર અભ્યાસ કરવાથી ટકે છે. ભૌતિક વિદ્યા હોય કે આધ્યાત્મિક વિદ્યા હોય પણ એ વારંવાર અભ્યાસ કે ચિંતન-મનન નહીં કરનાર આળસુ કે પ્રમાદી પાસે રહેતી નથી. આવા વિદ્યાવિહીન વાતાવરણમાં રહેનાર મનુષ્યની રહીસહી બુદ્ધિ કે વિદ્યા પણ કુંઠિત થઈ જાય છે. નીતિકાર તો કહે છે :

"यदि वाञ्छसि मूर्खत्वं ग्रामे वस दिनत्रयम् ॥"

"જો મૂર્ખતા ઇચ્છતા હો તો ત્રણ દિવસ ગામમાં રહી આવો." જે ગામમાં વિદ્વાનોનો સમાગમ ન હોય, મૌલિક વિચારોનું વાતાવરણ ન હોય અને નવીન વિચારો ઝીલનારા ન હોય, કોઈ શાસ્ત્રીય જ્ઞાનનો શ્રોતા પણ જડતો ન હોય, આવા મૂર્ખાના ગામમાં રહેવાથી નવું શીખવાનું તો દૂર રહ્યું, પણ પુરાણું પણ ભુલાઈ જાય છે.

**અનુપ્રેક્ષા :**

સ્વાધ્યાયનું ચોથું સોપાન અનુપ્રેક્ષા એ તો સ્વાધ્યાયનો પ્રાણ છે. શાસ્ત્ર કે ગ્રંથોનું અધ્યયન કર્યું. એમાંથી જાગતી શંકાઓનું ગુરુજનોને વિનયપૂર્વક પ્રશ્ન પૂછીને સમાધાન મેળવ્યું. એનું વારંવાર દોહન કરીને એ જ્ઞાનને ચિત્તમાં સ્થિર કર્યું. આવા જ્ઞાનની મૂડી વધારવા માટે એના પર ઊંડાણથી ધ્યેયને અનુકૂળ એવું ચિંતન-મનન કરવું તેનું નામ છે અનુપ્રેક્ષા. પર્યટનામાં અર્જિત જ્ઞાનનું વાણી દ્વારા પુનરાવર્તન કરવામાં આવે છે, જ્યારે અનુપ્રેક્ષામાં મન દ્વારા ચિંતન-મનન કરીને જ્ઞાનનું દોહન કરવામાં આવે છે.

કાયોત્સર્ગ આદિ અવસરોએ અથવા તો અસ્વાધ્યાય(અનધ્યાય)ના દિવસોએ મૂળ સૂત્રની વાણીનું પુનરાવર્તન થતું ન હોય ત્યારે અનુપ્રેક્ષા દ્વારા જ્ઞાનનું સ્મરણ કે મનન-ચિંતન ચાલવું જોઈએ. આ દૃષ્ટિએ પર્યટના કે પરાવર્તના કરતાં અનુપ્રેક્ષાનું વિશેષ મહત્ત્વ છે. પરાવર્તનામાં સ્વાધ્યાય કરવામાં આવતા સૂત્રનો પાઠ કંઠસ્થ બનવાથી અથવા તો પુસ્તકમાંથી વાંચીને બોલતા રહેવાને કારણે ક્વચિત્ મન સ્વાધ્યાયમાં કેન્દ્રિત થવાને બદલે અન્યત્ર પણ ઘૂમતું હોય, પરંતુ અનુપ્રેક્ષા તો મનની જાગૃતિની સાથે મનને લક્ષમાં રાખીને જ કેન્દ્રિત થતી હોવાથી મન અન્યત્ર ઘૂમતું નથી.

વળી સંલેખના-સંથારો, અનશન, રુગ્ણતા કે શરીરમાં ક્ષીણતા થતાં પરાવર્તના આદિની શક્તિ રહેતી નથી ત્યારે આ અનુપ્રેક્ષા દ્વારા જ ચિંતન-મનનથી સ્વાધ્યાય થઈ શકે છે. વાસ્તવમાં અનુપ્રેક્ષામાં એટલી પ્રબળ શક્તિ છે કે એને આધારે મનુષ્ય પોતાનાં ઘાતી

કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન અને અંતમાં મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

દાહજ્વરથી પીડિત નમિ રાજર્ષિના કર્મનો ક્ષય કરીને અનુપ્રેક્ષા રૂપ સ્વાધ્યાય જ એમને પૂર્ણ સંયમની આરાધનાના પથ પર લાવે છે. અર્જુનમાળીએ ભગવાન મહાવીરનું પ્રવચન સાંભળ્યું. એ પ્રવચન પર અનુપ્રેક્ષા કરવાને પરિણામે એ હત્યારાને મહાવ્રતી મુનિ બનવાની ભાવના જાગી. પોતાના જીવનનું સાંગોપાંગ અધ્યયન કરવા માટે અનુપ્રેક્ષા–સ્વાધ્યાય ઉત્તમ સાધના છે. મારા જીવનમાં સારી બાબતો કઈ અને નરસી બાબતો કઈ? મારું જીવન આજે કેવું વ્યતીત થયું? મારા જીવનમાંથી કામક્રોધાદિની માત્રામાં કેટલો ઘટાડો થયો? આ રીતે જીવનના જમા–ઉધારનો ખ્યાલ અનુપ્રેક્ષા–સ્વાધ્યાયથી હૂબહૂ મળી રહે છે.

અનુપ્રેક્ષા એક રીતે તો જીવનનો રિસર્ચ છે–શોધ છે. જેમ કોઈ સંશોધક અનુપ્રેક્ષા દ્વારા ગંભીર અને તુલનાત્મક અધ્યયન કરીને કોઈ વિષય પર થીસિસ(મહાનિબંધ) લખે છે અને એને પીએચ. ડી. કે ડિ.લિટ.ની પદવી પ્રાપ્ત થાય છે, એ જ રીતે જીવનનો મહાન શોધક અનુપ્રેક્ષા દ્વારા પોતે વાંચેલાં શાસ્ત્રો અને આગમોના ઉપદેશની સાથે સ્વ-જીવનની તુલના કરે છે અને પોતાના જીવનનું વિશ્લેષણાત્મક તલસ્પર્શી અધ્યયન કરે છે. આ ગંભીર અધ્યયનને પરિણામે એ ઘાતી કર્મોનાં આવરણને ભેદીને કેવળજ્ઞાનીની 'ડિગ્રી' પ્રાપ્ત કરે છે. આથી અનુપ્રેક્ષા સ્વાધ્યાયનું સૌથી મહત્ત્વપૂર્ણ અંગ છે.

**ધર્મકથા :**

સ્વાધ્યાયનું પાંચમું સોપાન છે ધર્મકથા. ધર્મ(શુદ્ધ સત્ય-અહિંસા ન્યાયાદિયુક્ત ધર્મ)નું સ્વરૂપ, ધર્મપ્રાપ્તિ ઉપાય, અધર્મ તરફની ગતિ અટકાવીને ધર્મમાં સ્થિર કરવાની વાત વગેરે જે કથામાં હોય તે કથા ધર્મકથા કહેવાય. અહીં કથાના બે અર્થ છે: કથા એટલે વાર્તા અને કથા એટલે કથન. વાર્તાના અર્થમાં કથા શબ્દને લઈએ તો એવી કથા કે જે માનવીને ધર્મ તરફ પ્રેરિત કરે તે ધર્મકથા કહેવાય. પરંતુ ધર્મકથા શબ્દનો અર્થ ધર્મનું કથન કરવો એ વધુ યોગ્ય

અને વ્યાપક લાગે છે, કારણ કે ઘણા પ્રાંતોમાં ધર્મોપદેશકને 'કથાકાર' જ કહેવામાં આવે છે. આમ ધર્મકથા શબ્દને ધર્મના કથનના અર્થમાં વિચારીએ તો વ્યાખ્યાન, ધર્મોપદેશ, પ્રવચન, ભાષણ વગેરે બધાં જ એ અર્થનાં દ્યોતક બનશે. આ પ્રકારના ધર્મકથનમાં સામાન્ય રીતે વિષયને રસપ્રદ બનાવવા કે સુગમ બનાવવા માટે જુદી જુદી ધર્મ-પ્રેરક કથાઓ, દૃષ્ટાંતો, રૂપકો અને ઉદાહરણોનો સહારો લેવામાં આવે છે. પરિણામે આ વ્યાપક અર્થમાં વાર્તાનો અર્થ ધરાવતો શબ્દ પણ સમાવેશ પામે છે.

સ્વાધ્યાયનાં ચાર અંગો દ્વારા અભ્યાસપૂર્ણ, પરિપકવ અને હૃદયંગમ જ્ઞાનને ધર્મકથા દ્વારા પુષ્ટ કરવું જોઈએ અને સ્વજીવનની સાથોસાથ અન્ય જીવનને પણ ધર્મ પ્રતિ પ્રેરિત કરવું તે સ્વાધ્યાયના આ પાંચમા સોપાનનો ઉદ્દેશ છે.

ભગવાન મહાવીર તીર્થંકર હોવાની સાથે પૂરેપૂરા લોકસંગ્રાહક પણ હતા. એમણે પોતાના ધર્મને ઝૂંપડીથી માંડીને મહેલ સુધી પહોંચાડ્યો. કોઈ સામાન્ય, નિરક્ષર માનવી પણ સમજી શકે અને પ્રખરમાં પ્રખર વિદ્વાન પણ જાણી શકે એવી સરળ, રોચક ભાષા તેમજ શૈલીમાં એમને ધર્મની વાત કહેવી હતી. આ કારણે એ સમયે માત્ર પંડિતોમાં જ પ્રચલિત એવી સંસ્કૃત ભાષાને છોડીને આમ-જનતાની પ્રાકૃત ભાષામાં ઉપદેશ આપ્યો. પોતાનાં પ્રવચનોમાં પણ વિષયને સરળતાથી સમજાવવા માટે કથા, રૂપક, આખ્યાન, કથાનક, વાર્તા અને દૃષ્ટાંતોના માધ્યમથી રસપ્રદ શૈલી અપનાવી.

## ધર્મકથાનુયોગ

જૈનાગમમાં ઘણો મોટો ભાગ ધર્મકથાનુયોગનો છે. પહેલાં ચારે અનુયોગ સંમિલિત હતા, પરંતુ એ પછી આચાર્ય આર્યરક્ષિત-સૂરિએ ચાર ભાગમાં અનુયોગ વહેંચી દીધા : (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) ધર્મકથાનુયોગ. પહેલા અનુયોગમાં જીવાદિ છ દ્રવ્યોની વાત છે. બીજામાં ચારિત્ર્યધર્મના ધર્મના મૂલ–ગુણ–ઉત્તરગુણની વાત છે. ત્રીજા અનુયોગમાં ગણિતાદિની

અને ચોથા અનુયોગમાં ધર્મકથાઓનું વર્ણન છે. આમાં ધર્મકથાઓ દ્વારા વિષયને સરળતાથી સમજાવવામાં આવ્યો છે.

પહેલા અનુયોગમાં 'જીવાભિગમસૂત્ર', 'સ્થાનાંગ, 'સમવાયાંગ' આદિ આગમ આવે છે. બીજામાં 'આચારાંગ', 'દશવૈકાલિક' વગેરેનો સમાવેશ થાય છે. ત્રીજા અનુયોગમાં 'ચંદ્રપ્રજ્ઞપ્તિ', 'સૂર્યપ્રજ્ઞપ્તિ' આદિ આગમ આવે છે; જ્યારે ચોથા અનુયોગમાં 'જ્ઞાતાધર્મકથા', 'ઉપાસકદશાંગ', અન્તકૃદ્દશાંગ', 'રાજપ્રશ્નીય', 'ઉત્તરાધ્યયન' આદિ આગમોનો સમાવેશ થાય છે.

આ દૃષ્ટિએ જોઈએ તો મહાપુરુષો અને સાધકોના જીવનની ઉમદા કથાવાર્તાથી આગમો સમૃદ્ધ છે. ધર્મકથાનુયોગ જીવનને નવીન પ્રેરણા આપે છે. મહાપુરુષોની જીવનગાથા સાંભળીને જિજ્ઞાસુ વ્યક્તિના હૃદયમાં આધ્યાત્મિક લક્ષ તરફ દૃઢતાથી ડગ ભરવાની પ્રેરણા જાગે છે. આપણા ઘણા નવી રોશનીવાળા યુવકો ક્યારેક એમ કહી બેસે છે, "આ વાર્તાઓમાં છે શું ? એને તો અમે પુસ્તકોમાં વાંચી લેત."

આ યુવકો એ ભૂલી જાય છે કે પુસ્તકોમાં મળતી વાર્તા અને આ વાર્તાઓમાં આકાશ-પાતાળનું અંતર છે. મહાપુરુષો અને લક્ષ્યસિદ્ધિ કરનારા સાધકોની કથાઓમાં જીવનનું અમૂલ્ય તત્ત્વ નિહિત છે. આ વાર્તાઓ તો જીવનનું નવનીત છે અને તેમાં પણ જૈનકથાઓની સૌથી મોટી વિશેષતા એ છે કે એ મોટે ભાગે ધર્મ અને મોક્ષ માટે પુરુષાર્થ ભણી પ્રેરિત કરનારી છે. આ કથાઓનો અંત વૈરાગ્ય અને સાધનાની સિદ્ધિમાં આવે છે.

## આત્માના કલ્યાણનું લક્ષ્ય

આગમ સાહિત્યમાંથી જો કથાભાગ દૂર કરવામાં આવે તો આપણો ઇતિહાસ દફનાઈ જશે. આપણે કોની પાસેથી પ્રેરણા લઈશું ? એ તો એક મનોવૈજ્ઞાનિક તથ્ય છે કે સર્વસાધારણ પ્રજા વાર્તાની કોમળ મધુર પદાવલિને કારણે જેટલી ત્વરાથી પોતાના કર્તવ્યનો નિર્ણય કરી શકે છે તેટલી ઝડપથી ક્લિષ્ટ કે રૂક્ષ તત્ત્વજ્ઞાનની ભાષાથી થતો નથી.

રામ અને રાવણ, કૃષ્ણ અને કંસ, ક્રૂર પરદેશી રાજા અને શાંત ધર્મપ્રિય પરદેશી રાજા જેવી પરસ્પર વિરોધી વ્યક્તિઓની કથા સાંભળીને સામાન્ય માનવી તરત જ એ નિર્ણય કરી શકે છે કે મારે રામ બનવું છે કે રાવણ? કૃષ્ણ બનવું છે કે કંસ? ગજસુકુમાર મુનિ બનવું છે કે સોમિલ બ્રાહ્મણ? ક્રૂર પરદેશી રાજા જેવું જીવન જીવવું છે કે શાંત ધર્માત્મા પરદેશી રાજા જેવું? આ જ ધર્મકથા-સ્વાધ્યાયનો ઉદ્દેશ અને રહસ્ય છે.

ભગવાન ઋષભદેવ અને ભગવાન મહાવીરનું જીવન પણ એક કથા જ છે. એમની જીવનકથામાંથી આપણને ક્રૂરમાં ક્રૂર જંગલી વ્યક્તિ કે પ્રાણીનો પ્રેમપૂર્વક સામનો કરવાની દૃઢતા મળે છે. તપસ્યા દ્વારા ઘોરમાં ઘોર ઘાતી કર્મોને નષ્ટ કરવાની ભાવના જાગે છે. સર્વજનહિતાય આપત્તિ સહેવાની હિંમત સાંપડે છે. આ કારણે તો તીર્થંકરદેવ ધર્મકથાના માધ્યમથી શ્રોતાઓને જીવનસત્ય સમજાવતા હતા. અહીં એક વાત સમજવી જરૂરી છે. ધર્મકથા રૂપે કહેવાતી વાર્તા કેવળ મનોરંજન બનવી જોઈએ નહીં, માત્ર હાસ્યરસને પોષક થવી જોઈએ નહીં. એ તો શ્રોતાઓને કર્તવ્યમાં પ્રેરિત કરનારી અને એમને સાચું લક્ષ દર્શાવનારી હોવી જોઈએ. આત્માનું કલ્યાણ અને ઉત્થાન થાય, ચારિત્ર્યમાં દૃઢતા આવે, ધર્મમાં રુચિ જાગે, એવી કથા જ વાસ્તવમાં ધર્મકથા છે, એવી કથા જ સ્વાધ્યાય-તપ છે.

માનવજીવનને માટે અને વિશેષે કરીને સાધકજીવનને માટે સ્વાધ્યાયનાં આ પાંચ સોપાન પાર કરીને જ્ઞાનના દિવ્ય મંદિરમાં પ્રવેશ કરવો જરૂરી છે. પ્રત્યેક વ્યક્તિ આ પાંચ સોપાનો પર ધ્યાન આપે અને રોજેરોજ સમય કાઢીને એને પોતાના જીવનમાં સાકાર કરે તો એ જરૂર સ્વ-પરકલ્યાણ કરી શકે છે.

સ્થાન : જૈનભવન, બીકાનેર
૧૩ ઑગસ્ટ, ૧૯૪૮.

□

અગિયાર

## ધર્મકથાનો પ્રભાવ

ધર્મકથા એ આત્માને માટે સુપથ્ય સ્વાદિષ્ટ ભોજન છે. આત્માને રોજ ધર્મકથાનો ખોરાક મળે તો તે જ્ઞાનબળથી યુક્ત થઈને મોટામાં મોટા દુર્ગુણોરૂપી જંતુઓ સાથે લડી શકે છે. શરીર અતિ દુર્બળ કે રોગિષ્ટ હોય ત્યારે કીટાણુ તેના પર આક્રમણ કરી શકે છે. આત્માને પણ આ જ વાત લાગુ પડે છે. આત્માએ જો ધર્મકથારૂપી સ્વાદિષ્ટ ભોજન કર્યું ન હોય અથવા તો એ અશ્રદ્ધાની બીમારીથી પીડાતો હોય તો તેના પર કામ, ક્રોધ, લોભ, મોહ, અજ્ઞાન ઇત્યાદિ દુર્ગુણો કબજો જમાવી લે છે.

ધર્મકથા આત્માને જ્ઞાનબળયુક્ત બનાવે છે, પરંતુ ધર્મકથાનો અર્થ દૃષ્ટાંત કે કથા આદિ કરવાને બદલે એનો વ્યાપક અર્થ ગ્રહણ કરવો જોઈએ. આજે ધર્મકથાના ભેદ અને વિકથાઓનું

સ્વરૂપ બતાવીશું તે પણ આ વ્યાપક સંદર્ભમાં જોવાં જોઈએ. આમેય ધાર્મિક વાર્તા, દૃષ્ટાંત, રૂપક વગેરેનો આ વ્યાપક અર્થમાં સમાવેશ થઈ જાય છે. આથી ધર્મોપદેશ, ધર્મપ્રેરણા, ધર્મસંદેશ, ધર્મદૃષ્ટિએ કોઈ બાબતની ચર્ચા, વ્યાખ્યાન, પ્રવચન અથવા તો ભાષણ વગેરે આમાં સમાવેશ પામે છે. ધર્મની દૃષ્ટિએ જે કથન છે તે બધી જ ધર્મકથા કહેવાય. આને તીર્થંકર ભગવાને સ્વાધ્યાયતપ કહ્યું છે.

## ધર્મકથાના ચાર પ્રકાર

આત્માને શુદ્ધ ધર્મની જેમાં પ્રાપ્તિ થાય, એ સઘળી ધર્મકથા કહેવાય. આ દૃષ્ટિએ ધર્મકથાના ચાર પ્રકાર જોવા મળે છે: (૧) આક્ષેપણી (૨) વિક્ષેપણી (૩) સંવેગની અને (૪) નિર્વેદની. આ કથાપ્રકારનાં લક્ષણ અને પેટાભેદનો વિચાર કરીએ.

### ૧. આક્ષેપણીકથા:

જે કથાથી વીતરાગદેવ દ્વારા પ્રતિપાદિત શુદ્ધ ધર્મ (અહિંસા, સત્યાદિ) પ્રત્યે શ્રોતા આકર્ષિત થાય અને એનું એ તરફનું વલણ વધે તેને આક્ષેપણીકથા કહે છે. આવી કથાને પરિણામે શ્રોતા મોહથી મુક્ત થઈને વસ્તુતત્ત્વ તરફ આકર્ષિત થાય છે.

શ્રોતાની રુચિ, પાત્રતા અને ક્ષમતાને યોગ્ય ધર્મકથા એને વીતરાગ તીર્થંકરના ધર્મ તરફ આકર્ષિત કરે છે. આમાં જો ધર્મકથાકાર અણઆવડતને કારણે દ્રવ્યક્ષેત્રાદિનો વિવેક ચૂકી જાય તો પાસા ઊલટા પડે છે. એક રોચક દૃષ્ટાંતથી આનો વિચાર કરીએ.

એક શેઠ હતા. એમનો પુત્ર અત્યંત ચતુર, દેખાવડો અને વ્યવહારકુશળ હતો, પરંતુ ધર્મમાં એનું ચિત્ત ચોંટ્યું ન હતું. ધર્મ તરફ એ ઉપેક્ષા સેવતો હતો.

ધર્મપરાયણ શેઠને યુવાન પુત્રની ધર્મવિમુખતા માટે ખૂબ દુઃખ હતું. તેઓ વિચાર કરતા કે આ મારો પુત્ર છે છતાં આવો ધર્મવિમુખ કેમ ?

એકવાર નગરમાં મુનિરાજ પોતાના શિષ્યો સહિત પધાર્યા. શેઠે પુત્રને કહ્યું, "દીકરા! નગરમાં ગુરુમહારાજ પધાર્યા છે. જરા દર્શન તો કરી આવ."

શેઠનો પુત્ર વિનયી અને આજ્ઞાંકિત હતો. જેનામાં વિનય હોય છે તે ક્યારેક તો ધર્મ પ્રાપ્ત કરી શકે છે.

પોતાની અનિચ્છા હોવા છતાં પિતાની આજ્ઞા શિરોધાર્ય કરીને દીકરો ગુરુમહારાજ પાસે ગયો. એ સમયે મુનિરાજ વ્યાખ્યાન આપતા હતા. યુવાન શાંતિથી ત્યાં જઈને બેઠો, પણ ધર્મકથા સાંભળવામાં એનું ચિત્ત લાગતું નહોતું. એ તો દરમાંથી બહાર આવતા અને અંદર જતા એક મંકોડાને જોતો હતો અને તે કેટલી વાર અંદર જાય છે અને બહાર આવે છે તે ગણતો હતો. કથા–સમાપ્તિ બાદ મુનિએ યુવાનને પૂછ્યું, "અહીં આવીને તેં શું સાંભળ્યું ?"

યુવાને કહ્યું, "મહારાજ ! મેં તો એ જોયું કે એક મંકોડો એકસોને એક વાર પોતાના દરમાં અંદર ગયો અને બહાર આવ્યો."

આમ ધર્મગુરુ પાસે જવા છતાં એ સમય બરબાદ કરીને પાછો આવ્યો.

થોડા સમય બાદ નગરમાં ફરી એક બીજા સાધુ આવ્યા. શેઠે એમને વિનંતી કરી, "ગુરુદેવ ! મારો પુત્ર ધર્મવિમુખ છે તો એને ધર્મના માર્ગ પર લાવવાની આપ કૃપા કરો. અગાઉ એક મુનિરાજ આવ્યા હતા, પણ એમની પાસે જઈને તો એણે માત્ર મંકોડા જ ગણ્યા હતા. એ ભણેલોગણેલો છે, પણ ધર્મ તરફ એને ઘૃણા છે."

મુનિરાજે કહ્યું, "ભલે, એને મારી પાસે મોકલજો. ધર્મમાર્ગ પર લાવવાનો પ્રયાસ કરીશ. એને એટલું કહેજો કે આડુંઅવળું જોવાને બદલે મારી બાજુ જુએ."

શેઠે ઘેર આવીને પુત્રને કહ્યું, "બેટા, ગુરુમહારાજ આવ્યા છે. એમનાં દર્શન કરી આવ."

"અરે પિતાજી, દર્શન શું કરું ? ત્યાં તો મારો સમય બરબાદ થાય છે."

"એવું નહિ થાય બેટા, તું ત્યાં જજે. એટલો ખ્યાલ રાખજે કે આજુબાજુ જોવાને બદલે એમની સામે જ જોજે."

પુત્રે કહ્યું, "ભલે, પિતાજી."

યુવાન જ્યારે મુનિરાજ પાસે ગયો ત્યારે મુનિએ પૂછ્યું, "વત્સ! તારું નામ શું છે?"

"ગુરુદેવ, મારું નામ કમલ છે."

ગુરુદેવે કહ્યું, "જો કમલ, તું મારી સામે નજર રાખજે. બીજે ક્યાંય નહિ."

ગુરુમહારાજે ધર્મકથા શરૂ કરી અને પૂરી થતાં જ કમલને પૂછ્યું, "કમલ, તેં શું સાંભળ્યું? અમને જ જોતો હતો ને?"

"હા, મહારાજ. હું બરાબર તમને જ જોઈ રહ્યો હતો. સહેજે આડુંઅવળું જોયું નથી. મેં જોયું કે વ્યાખ્યાન શરૂ થયું ત્યારથી સમાપ્તિ સુધી તમે ૧૦૮ વખત ડોક ઊંચીનીચી કરી."

ગુરુ ચૂપ થઈ ગયા. એમને ગર્વ હતો કે એમની ધર્મકથામાં આવનાર જરૂર આકર્ષિત થાય જ. પરંતુ વાત સાવ વિપરીત જોવા મળી. એમના અભિમાનના ચૂરેચૂરા થઈ ગયા.

કમલ ઘેર આવ્યો અને પોતાના કામમાં લાગી ગયો. થોડા દિવસ બાદ નગરમાં ત્રીજા મુનિ આવ્યા. શેઠે એમને પણ એ જ વિનંતી કરતાં કહ્યું,

"ગુરુવર, મારો એકનો એક પુત્ર ધર્મથી વિમુખ છે. ધર્મરહિત ઘર સ્મશાન સમાન છે. આપ કોઈ એવો ઉપાય કરો કે જેથી એ ધર્માભિમુખ થાય."

ગુરુએ કહ્યું, "અમે જરૂર પ્રયત્ન કરીશું. ધર્મની સમજણ કેળવવી કે ન કેળવવી એ તો એની ઇચ્છા પર નિર્ભર છે. તમે એને મારી પાસે મોકલજો."

શેઠ ઘેર આવ્યા અને કમલને કહ્યું, "બેટા! આ વખતે નવા ગુરુમહારાજ આવ્યા છે. તું એમનાં દર્શન કરવા જજે."

"પિતાજી, આ અગાઉ ગુરુમહારાજ આવ્યા હતા ત્યારે આપના કહેવાથી હું ગયો હતો, પરંતુ ત્યાં મારો તો સમય જ બરબાદ થાય છે."

"જો, બધા એકસમાન હોતા નથી. આ ગુરુમહારાજ ઘણા જ્ઞાની પણ છે."

"ખેર, આપ કહો છો તો જરૂર જઈ આવીશ."

કમલ ગુરુમહારાજ પાસે ગયો. વ્યાખ્યાન હજી શરૂ થયું નહોતું. એણે વિચાર્યું કે વ્યાખ્યાન પહેલાં જ એમનાં દર્શન કરી લઉં તો સમયની બરબાદી ઓછી થશે. આમ વિચારી કમલ મુનિરાજ પાસે પહોંચ્યો. એને જોતાં જ મુનિરાજે વિચાર્યું, "આ સાવ નવું જ પંખી આવ્યું લાગે છે."

ગુરુએ એને પૂછ્યું, "ભાઈ, તારું નામ કમલ છે ને ?"

યુવાને કહ્યું, "હા, મહારાજ. મારું નામ કમલ છે."

ગુરુ વિચક્ષણ અને સમયપારખુ હતા. મનુષ્યને પારખવામાં ઘણા કુશળ હતા, તેથી એમણે વિચાર્યું કે આ વિમુખને થોડો સન્મુખ લાવવો પડશે.

મુનિવરે એના શરીરના એક નિશાનને જોઈને કહ્યું, "કમલ, તારો જન્મ શુક્લપક્ષમાં છે ને ?"

કમલે જિજ્ઞાસાથી કહ્યું, "હા, મહારાજ. આપ મારો હાથ જોઈ આપોને ?"

ગુરુએ કહ્યું, "અત્યારે તો વ્યાખ્યાનનો સમય છે. વ્યાખ્યાન પછી આવજે અને જન્મપત્રિકા સાથે લેતો આવજે."

કમલને ગુરુમહારાજની વાતમાં ઘણો રસ પડ્યો. એ પ્રસન્નતાભેર ઘેર આવ્યો. એને ખુશ જોઈને શેઠને પણ લાગ્યું કે આજે પોતાના પુત્રમાં થોડી રુચિ જાગી છે ખરી.

ઘરમાં પ્રવેશતાંની સાથે જ કમલે શેઠને કહ્યું, "પિતાજી, ગુરુ-મહારાજ તો બહુ સારા છે. હું ભોજન કરીને એમની પાસે જવાનો

છું. મારી જન્મપત્રિકા કાઢી આપજો, કારણ કે મારે સાથે લઈ જવાની છે.”

ભોજન કરીને કમલ મુનિરાજ પાસે પહોંચી ગયો. ગુરુમહારાજે એક-બે વાત જન્મપત્રિકા પરથી અને એક-બે વાત હસ્તરેખા જોઈને કહી આપી. પછી કહ્યું,

“અત્યારે તો અમારે જ્ઞાન-ધ્યાન કરવાનું છે. બાકીનું પછી ક્યારેક પૂછજે. પણ જો કમલ! એક વાતનું ધ્યાન રાખજે. સવારે અહીં ધર્મકથા થાય છે તે જરૂર સાંભળજે.”

“જરૂર સાંભળીશ, ગુરુદેવ!” કમલે કહ્યું.

હવે કમલ રોજ ધ્યાનથી વ્યાખ્યાન સાંભળવા લાગ્યો. ધર્મગુરુ પ્રત્યે અનુરાગ જાગવાને લીધે એમની ધર્મકથા મીઠી લાગવા માંડી. એક દિવસ ગુરુએ કમલને પૂછ્યું, “કમલ! તારા હાથમાં આવી સરસ ધનરેખા આવી ક્યાંથી?”

કમલે કહ્યું, “ભાગ્યને કારણે.”

ગુરુદેવે ફરી પૂછ્યું, “આ ભાગ્ય વળી ક્યાંથી આવ્યું?”

કમલે કહ્યું, “ગત જન્મનાં શુભ કર્મના ફળથી.”

ગુરુ બોલ્યા, “જો કમલ, ગત જન્મની કમાણી તું આ જન્મમાં વાપરી રહ્યો છે. પણ આ જન્મમાં જો તું કમાણી નહિ કરે તો પછીના જન્મમાં તને શું મળશે?”

કમલના હૃદયમાં ગુરુદેવની વાત વસી ગઈ. હવે એ ધર્મમાં રુચિ રાખવા માંડ્યો. ધીરે ધીરે ધર્મ પ્રત્યે જાગરૂક રહેવા લાગ્યો અને ધર્મધ્યાનમાં જ અધિક સમય લીન રહેવા માંડ્યો, ધર્મધ્યાનમાં એના પિતાથી પણ આગળ વધ્યો. પરિણામે પિતાના આનંદની સીમા ન રહી.

આમ ધર્મકથા કરનાર મુનિરાજ નિપુણ અને સમયજ્ઞ હોય તો તેઓ આક્ષેપણી ધર્મકથા દ્વારા અશ્રદ્ધાળુને શ્રદ્ધાળુ તેમજ અધાર્મિકને ધાર્મિક કરી શકે છે.

કથા કરનારમાં જરૂરી યોગ્યતા હોય તો જ આવી ધર્મકથા થઈ શકે. એની વાણી ગંભીર અને મધુર હોવી જોઈએ. કટુ વાણીથી તો દ્વેષ અને નફરત જ જાગશે. ધર્મકથાકારે કુશળ યુક્તિઓ દ્વારા શ્રોતાઓને પોતાની વાત પ્રત્યે આકર્ષવા જોઈએ. એમના મનમાં પોતાની વાત બરાબર ઠસાવી દેવી જોઈએ, અને તો જ સાંભળનારના હૃદયમાં ઉલ્લાસ પેદા કરી શકશે. સામાન્ય વ્યક્તિને પ્રારંભમાં ધર્મ પ્રત્યે આકર્ષવા માટે કથા ઉપકારક છે. કથા એને રસપ્રદ, રોચક અને ઉલ્લાસદાયક લાગે એ પછી સમય જતાં એને ધર્મનો ગાઢ રંગ લાગે છે.

## સમ્યક્ત્વનો લાભ

આક્ષેપણી ધર્મકથાના પણ ચાર પ્રકાર છે : (૧) આચાર–આક્ષેપણી (૨) વ્યવહાર–આક્ષેપણી (૩) પ્રજ્ઞપ્તિ–આક્ષેપણી અને (૪) દૃષ્ટિવાદ–આક્ષેપણી.

**૧. આચાર આક્ષેપણી :**

શુદ્ધ ધર્માચરણના વ્યાખ્યાન દ્વારા શ્રોતાને ધર્માચરણ તરફ આકર્ષવામાં આવે તેવી આચાર–આક્ષેપણી કથા હોય છે.

કોઈ સાધકથી કોઈ દોષ કે અપરાધ થઈ ગયો હોય, એને માટે પ્રાયશ્ચિત્ત અથવા તો 'નિશીથ' કે વ્યવહારસૂત્રના વ્યાખ્યાન દ્વારા દોષશુદ્ધિના વ્યવહાર તરફ એને આકર્ષિત કરવામાં આવે એ વ્યવહાર–આક્ષેપણી કથા છે.

સંશયયુક્ત શ્રોતાને મધુર વચનો કે યુક્તિઓથી સમજાવીને અથવા તો પ્રજ્ઞપ્તિ (પન્નવણા અથવા જંબૂદ્વીપ–પ્રજ્ઞપ્તિ) સૂત્રના વ્યાખ્યાન દ્વારા તત્ત્વ તરફ ગતિ કરાવનારી કથા કરવી તે પ્રજ્ઞપ્તિ–આક્ષેપણી ધર્મકથા કહેવાય છે.

શ્રોતાની રુચિ, યોગ્યતા અને ક્ષમતાને નજરમાં રાખીને સાત નયો પ્રમાણે જીવાદિ તત્ત્વોના વિશ્લેષણપૂર્વક કથન દ્વારા અથવા દૃષ્ટિવાદના વ્યાખ્યાન દ્વારા તત્ત્વ પ્રત્યે આકર્ષનારી ધર્મકથા દૃષ્ટિવાદ–આક્ષેપણી કહેવાય છે.

આ કથાનો ઉદ્દેશ અજ્ઞાનના અંધકારનો નાશ કરે તેવું જ્ઞાન મેળવવું, સર્વવિરતિ અથવા દેશવિરતિરૂપ ચારિત્ર્ય, સમ્યક્ દર્શન, તપ અને સમિતિ-ગુપ્તિ તરફ શ્રોતાઓને આકર્ષિત કરવાનો છે. શિષ્યને સર્વપ્રથમ આક્ષેપણી ધર્મકથા કહેવી જોઈએ. આનાથી જીવ સમ્યક્ત્વ લાભ પામે છે.

૨. વિક્ષેપણી-ધર્મકથા :

શ્રોતાને કુમાર્ગના દોષ બતાવીને અને સન્માર્ગના ગુણ કહીને એને ખોટે માર્ગેથી સન્માર્ગે લાવનારી કથા કહેવી તે વિક્ષેપણી ધર્મ-કથા કહેવાય છે. આનો ઉદ્દેશ છે સન્માર્ગની સ્થાપના કરવી અથવા તો કોઈ બીજી વસ્તુનો આશરો લઈને (અન્યોક્તિ દ્વારા) એવું વર્ણન કરવું કે જેથી એ સાંભળીને શ્રોતાની રુચિ અધર્મથી અળગી થાય અને ધર્મશ્રવણ તરફ વધતી જાય. આને પણ વિક્ષેપણી ધર્મકથા કહેવામાં આવે છે. આના ચાર ભેદ છે :

(૧) પોતાના સિદ્ધાંતોના ગુણો પ્રગટ કરીને પર-સિદ્ધાંતોનો દોષ બતાવવો તે પ્રથમ વિક્ષેપણી ધર્મકથા છે.

(૨) પર-સિદ્ધાંતનું કથન કરતાં સ્વ-સિદ્ધાંતની સ્થાપના કરવી તે દ્વિતીય વિક્ષેપણી ધર્મકથા છે.

(૩) પર-સિદ્ધાંતમાં ઘુણાક્ષરન્યાયથી જેટલી વાતો સ્વસિદ્ધાંત સદૃશ હોય તેટલી કહેવી. સ્વ-સિદ્ધાંતથી વિપરીત જે વાદ હોય તેના દોષ બતાવવા અથવા તો આસ્તિકવાદી અભિપ્રાય બતાવીને નાસ્તિકવાદી અભિપ્રાય બતાવવો તે તૃતીય વિક્ષેપણી ધર્મકથા છે.

(૪) પર-સિદ્ધાંતમાં કથિત સ્વ-સિદ્ધાંત-વિપરીત મિથ્યાવાદનું પ્રતિપાદન કરી સ્વસિદ્ધાંત-સદૃશ વાતોનું વર્ણન કરવું અથવા નાસ્તિક-વાદી દૃષ્ટિનું વર્ણન કરી આસ્તિકવાદી દૃષ્ટિનું કથન કરવું તે ચોથી વિક્ષેપણી ધર્મકથા છે.

પ્રથમ વિક્ષેપણીકથાથી સદ્ધર્મ પ્રત્યે આકર્ષણ અને સમ્યક્ત્વ-લાભ થયા પછી જ શિષ્યને બીજી વિક્ષેપણી કથા કહેવી જોઈએ.

આ કથામાં એને પર-સિદ્ધાંતની ક્ષતિ બતાવવામાં આવે છે, પરંતુ જો શ્રોતા મિથ્યા-આગ્રહી હોય તો એ પર-સિદ્ધાંતના દોષોને સમજવાને બદલે ધર્મકથાકારને પર-સિદ્ધાંતનો નિંદક માની બેસે છે. આથી આ કથાથી વિપરીત અસર થવાની સંભાવના છે. એને અનુકૂળ રૂપમાં શ્રોતા ગ્રહણ કરે તો જ એનું સમ્યક્ત્વ દૃઢ થઈ શકે છે. આથી આ કથા બીજી વાતના બહાને એવી નિપુણતાથી રજૂ કરવી જોઈએ કે જેથી શ્રોતા પર એવી છાપ ન પડે કે આ બધું નિંદાદૃષ્ટિથી કહેવાય છે.

સમ્યક્ત્વ–સપ્તતિ નામક ગ્રંથમાં 'ધૂર્તાખ્યાન' નામનું એક પ્રકરણ છે. આમાં ત્રણ પુરુષ અને એક સ્ત્રી પોતાની આપવીતી કહે છે. આમાં એમણે શરત એવી રાખી છે કે આ આપવીતીને શાસ્ત્રસિદ્ધ કરી બતાવવી જોઈએ. શાસ્ત્રસિદ્ધ કરી શકે નહીં તેને પાંચસો ધૂર્તોને ભોજન કરાવ્યાનો દંડ કરવામાં આવશે.

આ રીતે બીજાની ભ્રાંત માન્યતાને દૂર કરવા માટે (અન્યોક્તિ રૂપે) બીજાના બહાને એવી રીતનું ઉદાહરણ આપવું જોઈએ કે જેથી શ્રોતાને ખ્યાલ આવે કે એની પર-સિદ્ધાંત તરફની શ્રદ્ધા ખોટી હતી.

### ૩. સંવેગની ધર્મકથા

જે કથા દ્વારા વિપાક(કર્મફળ)ની નિરસતા બતાવીને શ્રોતામાં વૈરાગ્ય જાગૃત કરી શકાય તેને સંવેગની કથા કહેવામાં આવે છે. આ કથાનો ઉદ્દેશ શ્રોતાઓમાં એવી ઇચ્છા જાગૃત કરવાનો છે કે અમુક મહાપુરુષે દૃઢતાપૂર્વક એવું ધર્માચરણ કર્યું કે જેથી એમને મુક્તિ મળી, એ જ રીતે હું પણ એવા પ્રકારનું આચરણ કરીને મુક્તિ પ્રાપ્ત કરીશ. શ્રોતાઓમાં એવું સંવેદન જાગે છે કે "એમણે આવું આચરણ કરીને અવ્યાબાધ, અચલ, અક્ષય, નિરુપદ્રવ, મોક્ષસુખ પ્રાપ્ત કર્યું છે તો એમના જેવું જ અમે આચરણ કરીશું તો અમે પણ મોક્ષસુખ પ્રાપ્ત કરી શકીશું." સાધકના ચિત્તમાં આવું સંવેદન જગાડે તેને સંવેગની કથા કહેવામાં આવે છે.

સંવેગની કથાના ચાર ભેદ છે–ઇહલોક-સંવેગની, પરલોક-સંવેગની સ્વ-શરીર–સંવેગની અને પર-શરીર–સંવેગની.

ઇહલોક–સંવેગની એને કહેવામાં આવે છે કે જેમાં આ લોકની વસ્તુઓની અસારતા દર્શાવવામાં આવે છે અને મનુષ્યજન્મનું સ્વરૂપ બતાવીને વૈરાગ્ય જગાડવામાં આવે છે.

પરલોક–સંવેગની કથા એ છે કે જેમાં દેવતાઓની પરસ્પર ઈર્ષા, વિષાદ, ભય, વિયોગ જેવી જુદાં જુદાં દુઃખોથી દુઃખી અવસ્થા બતાવીને પરલોકનું ઘૃણાજનક સ્વરૂપ દર્શાવવામાં આવે છે અને એ દ્વારા વૈરાગ્ય પેદા કરવામાં આવે છે.

સ્વ-શરીર–સંવેગની કથામાં શરીર સ્વયં અશુચિરૂપ છે, અશુચિમાં-થી પેદા થયું છે, અશુચિકારક વિષયો (પરાર્થો)થી પાલનપોષણ પામ્યું છે, અશુચિથી ભરેલું છે અને અશુચિ-પરંપરાનું કારણ છે. આવી રીતે માનવશરીરનું ચિત્રણ કરીને વૈરાગ્ય જાગૃત કરી શકાય.

પર-શરીર–સંવેગની કથામાં મૃતશરીરના સ્વરૂપનું વર્ણન કરીને વૈરાગ્ય જગાડી શકાય.

### ૪. નિર્વેદની ધર્મકથા

સંવેગની કથાથી જાગૃત કરેલ મુક્તિની અભિલાષા કેવી રીતે પૂર્ણ થાય તે દર્શાવનારી કથા નિર્વેદની ધર્મકથા છે અથવા તો ઇહલોક અને પરલોકમાં પુણ્ય–પાપનાં શુભાશુભ પરિણામ બતાવીને સંસાર પ્રત્યે ઉદાસીનતા જન્માવનારી કથા નિર્વેદની ધર્મકથા છે. જે કથામાં એવું વર્ણન હોય કે સંસાર અસાર છે અને એનો ત્યાગ કરવાથી જ કલ્યાણ થાય છે તેને પણ નિર્વેદની કથા કહે છે.

નિર્વેદની ધર્મકથાના ચાર ભેદ છે. ઇહલોક–નિર્વેદની, પરલોક-નિર્વેદની, ત્રીજી નિર્વેદની અને ચોથી નિર્વેદની.

ચોરી, પરસ્ત્રીગમન જેવાં આ લોકમાં કરવામાં આવેલાં દુષ્કર્મો આ જ ભવમાં દુઃખદાયી ફળ આપનારાં છે. આવી જ રીતે આ લોકમાં કરવામાં આવેલાં સુકૃત આ ભવમાં જ સુખદાયી ફળ આપનારાં છે; જેમ કે, તીર્થંકરને આહાર આદિ દાન આપનારને ઘરમાં સુવર્ણવૃષ્ટિ જેવાં સુખો સાંપડે છે. આ પ્રકારનું વર્ણન જે કથામાં હોય તે પહેલી નિર્વેદની કથા છે.

બીજા પ્રકારની કથામાં આ લોકમાં કરવામાં આવેલાં દુષ્ટકર્મો પરલોકમાં દુઃખરૂપ ફળ આપનારાં બને છે તેમ દર્શાવવામાં આવે છે; જેમ કે, મહાપરિગ્રહ, મહારમ્ભ, પંચેન્દ્રિયવધ જેવાં નરકયોગ્ય અશુભ કર્મ કરનારા જીવને પરલોક(નરક વગેરે)માં પોતાનાં દુષ્કર્મોનું ફળ ભોગવવું પડે છે. તે જ રીતે આ ભવમાં કરવામાં આવેલાં શુભ કર્મોનું પરલોકમાં સુખદાયી ફળ મળે છે; જેમ કે, સુસાધુ આ લોકમાં પાળેલા નિરતિચાર ચારિત્ર્યનું પરલોકમાં સુફળ પામે છે. આ પ્રકારનું જે કથાઓમાં વર્ણન હોય એ બીજી નિર્વેદની કથા છે.

ગતજન્મોમાં કરવામાં આવેલાં અશુભ કર્મ આ લોકમાં દુઃખદાયી બને છે. ગતજન્મમાં કરેલાં અશુભ કર્મોને પરિણામે જીવ આ લોકમાં અધમ કુળમાં જન્મીને બાળપણમાં જ કોઢ વગેરે રોગોથી પીડાતો અને ગરીબાઈથી ઘેરાયેલો જોઈ શકાય છે. આવી રીતે પૂર્વજન્મમાં કરવામાં આવેલાં શુભ કર્મ આ ભવમાં સુફળ આપે છે. પૂર્વભવમાં શુભ કર્મ કરનારો જીવ આ જન્મમાં તીર્થંકર રૂપ ધારણ કરીને સુખરૂપ ફળ પામે છે. આ પ્રકારનું વર્ણન જે કથાઓમાં હોય તે ત્રીજી નિર્વેદની કથા કહેવાય છે.

પૂર્વભવમાં કરવામાં આવેલાં અશુભ કર્મ પરભવ(આગામી જન્મ)માં દુઃખરૂપ ફળ આપે છે. પૂર્વભવનાં અશુભ કર્મોને કારણે જીવ ગીધ, કાગડો આદિ અશુભ યોનિમાં જન્મ લે છે. એમનાં નરકયોગ્ય કેટલાંક અશુભ કર્મ બંધાયેલાં હોય છે અને અશુભ કર્મોનો પુંજ એકઠો કરીને તેઓ નરકાદિનાં અધૂરાં બાંધેલાં કર્મોને પૂરેપૂરાં બાંધી દે છે. આને કારણે નરકમાં જઈને દુઃસ્સહ વેદના અને કષ્ટ ભોગવે છે. આવી રીતે પૂર્વભવમાં કરવામાં આવેલાં શુભ કર્મ આગામી ભવમાં સુફળ આપે છે. જેવી રીતે દેવભવમાં રહેલો તીર્થંકરનો જીવ પૂર્વભવમાં તીર્થંકર–નામકર્મ–પ્રકૃતિરૂપ શુભ કર્મોનાં ફળ દેવભવ પછી તીર્થંકર જન્મમાં ભોગવે છે. આ પ્રકારનું વર્ણન જે કથામાં હોય તેને ચોથી નિર્વેદની કથા કહે છે.

આક્ષેપણી કથા સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવે છે. વિક્ષેપણી ધર્મકથા સમ્યક્ત્વની પુષ્ટિ કરાવે છે. સંવેગની ધર્મકથા મુક્તિની ઇચ્છા પેદા કરે છે અને નિર્વેદની ધર્મકથા સંસાર પ્રત્યે વૈરાગ્ય જગાડીને ત્યાગ-માર્ગનું અનુસંધાન કરી આપે છે.

## ધર્મકથાનો અધિકારી કોણ ?

ધર્મકથા કરનાર માટે કેટલાક ગુણો આવશ્યક છે. ધીરતા, વૈરાગ્ય, સંયમદૃઢતા, વાણીમાધુર્ય, પ્રશાંતતા, સભાદક્ષતા અને સમયજ્ઞતા જરૂરી છે. આનો અભાવ હોય તો ધર્મકથા કરતાં કરતાં વ્યક્તિ અર્થ અને કામની કથામાં ફસાઈ જાય છે. ધર્મકથા કરવાનો અધિકાર કોને પ્રાપ્ત થાય છે તે વિશે જૈન ઇતિહાસમાં એક ઉજ્જવળ દૃષ્ટાંત સાંપડે છે.

સાગરચંદ મુનિ શાસ્ત્રજ્ઞાન અને સ્વ-પર-સિદ્ધાંતમાં પારંગત થઈ ગયા તેથી એમના ગુરુએ એમને યોગ્ય સમજીને ધર્મપ્રભાવના કરવા માટે જુદા વિચરણ કરવાની આજ્ઞા આપી. ગુરુની કૃપાને કારણે તેઓ જ્યાં જતા ત્યાં લોકોને હૃદયસ્પર્શી ધર્મોપદેશ કરતા હતા. એમના અગાધ જ્ઞાનના પ્રભાવને લીધે તેઓ જ્યાં જ્યાં ગયા, ત્યાં આદર-સત્કાર સાંપડતો ગયો. વિહાર કરતા કરતા તેઓ દૂર–સુદૂર આવેલા 'સુવર્ણભૂમિ' નામના દેશમાં પહોંચી ગયા. એ દેશમાં વિચરણ કરીને ધર્મપ્રસાર કરવા લાગ્યા.

બીજી બાજુ સાગરચંદ મુનિના ગુરુ અત્યંત વૃદ્ધ થઈ ગયા હતા. એમની પાસે બીજા શિષ્યો હતા, પણ બધા જ આળસુના સરદાર. વૃદ્ધ ગુરુ આખો દિવસ પોતાના કાર્યમાં મગ્ન રહેતા અને શિષ્યો ખાઈ–પીને લાંબી ઊંઘ ખેંચતા. ક્યારેક ગુરુ સ્વાધ્યાય કરવાનું કહે તો આળસુ શિષ્ય સાંભળ્યું–ન સાંભળ્યું કરી નાખે.

એક દિવસ ગુરુએ વિચાર્યું કે જો આ શિષ્યોને પાઠ ભણાવવામાં નહીં આવે તો તે આળસ નહીં છોડે. વળી, આ શરીરનો પણ શો ભરોસો ? હું તો થોડાં વર્ષોનો મહેમાન છું. ક્યાં સુધી આ બધાને આશરો આપતો રહીશ ? આખરે આ સહુએ જાતે જ પોતાનો નિભાવ કરવાનો છે.

એક દિવસ વૃદ્ધ ગુરુએ શય્યાતર(સાધુઓ જ્યાં ઊતર્યા હતા તે મકાનનો માલિક)ને કહ્યું, "ભાઈ, મારા આ શિષ્યોને સાચી સમજ આપવા માટે હું એમનાથી જુદો પડીને ક્યાંક જવા માગું છું. હું ચાલ્યો જાઉં પછી તારે આ બધાને તારા ઘરમાંથી હાંકી કાઢવા."

શિષ્યો એટલા આળસુ હતા કે રોજ ગુરુ ઉઠાડે ત્યારે ઊઠતા હતા. એક દિવસ વૃદ્ધ ગુરુ વહેલા ઊઠીને નિત્યકર્મ પતાવી અન્યત્ર વિહાર કરી ગયા. શિષ્યો તો ઘસઘસાટ ઊંઘી રહ્યા હતા. દિવસ ચઢી ગયો. શિષ્યો ઊઠ્યા પણ ગુરુ મહારાજ ક્યાંય નજરે ન પડે. શિષ્યોએ વિચાર્યું કે ગુરુ મહારાજ સ્થંડિલ (શૌચાદિ) ગયા હશે. હમણાં આવી જશે.

થોડા સમય બાદ મકાનમાલિક આવ્યો અને પૂછ્યું, "ગુરુજી ક્યાં છે?"

શિષ્યોએ કહ્યું, "અમને તો કશી ખબર નથી."

શય્યાતરે આંખ કાઢતાં કહ્યું, "અરે આળસુઓ, બહાર નીકળો મારા મકાનમાંથી. તમને ખબર નથી કે તમારા ગુરુજી ક્યાં ગયા? રાત-દિવસ એદીની માફક પડ્યા રહેવા સિવાય બીજું તમે કરો છો શું? નથી મેળવતા જ્ઞાન કે નથી કરતા ધ્યાન!"

આ રીતે મકાનમાલિકે ધમકાવીને બધાને બહાર કાઢી મૂક્યા. બધા સાધુઓ ત્યાંથી નીકળી પડ્યા.

બીજી બાજુ વૃદ્ધ ગુરુ પણ સાગરચંદ્ર મુનિને શોધતા શોધતા 'સુવર્ણભૂમિ' પ્રદેશમાં પહોંચ્યા. આ પ્રદેશમાં સાગરચંદ્ર મુનિ વિચરણ કરતા હતા. એક દિવસ શિષ્ય સહિત સાગરચંદ્ર મુનિ જ્યાં બિરાજમાન હતા તે ઉપાશ્રયમાં ગુરુ પહોંચી ગયા. શાસ્ત્રની મર્યાદા અનુસાર સાગરચંદ્ર મુનિના શિષ્યો પાસે ગુરુએ એમના ઉપાશ્રયમાં રહેવાની રજા માગી. 'આ બુઢ્ઢો ખૂણામાં પડ્યો રહેશે' એમ માનીને એમને રહેવાની રજા આપી.

બીજે દિવસે સાગરચંદ્ર મુનિએ વ્યાખ્યાન સમયે વૃદ્ધ મુનિને કહ્યું, "વ્યાખ્યાન સાંભળશો ને ?"

વૃદ્ધ ગુરુએ કહ્યું, "જરૂર. આપનું વ્યાખ્યાન સાભળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું તે મારું અહોભાગ્ય જ છે."

વ્યાખ્યાન પૂર્ણ થયા પછી સાગરચંદ્ર મુનિએ વૃદ્ધ સાધુને પૂછ્યું, "શું આપે વ્યાખ્યાન સાંભળ્યું ?"

"હા ભાઈ, સાંભળ્યું." વૃદ્ધ સાધુએ કહ્યું.

મુનિ સાગરચંદ્રે પૂછ્યું, "કઈ બાબત તમને ગમી ?"

વૃદ્ધ ગુરુએ હળવા હાસ્ય સાથે કહ્યું, "ભગવદ્‌વાણી કોને પસંદ પડે નહિ ?"

મુનિ સાગરચંદ્ર પોતાની પ્રશંસાથી ફુલાઈ ગયા. એમણે ફરી વૃદ્ધ સાધુને કહ્યું, "તમને કોઈ શંકા હોય તો નિઃસંકોચ પૂછો."

"અરે ભાઈ ! હું કાંઈ બહુ ભણેલો-ગણેલો નથી. તમને શું પૂછું ?"

મુનિ સાગરચંદ્રે ગર્વ સાથે કહ્યું, "ના, એમ નહિ. તેમ છતાં કંઈક તો પૂછો."

વૃદ્ધ સાધુએ પૂછ્યું, "ભાઈ, કયારેક મનમાં એવી શંકા થાય છે કે આત્મા છે કે નહિ ?"

મુનિ સાગરચંદ્રે આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે એક પછી એક તર્કનાં તીર છોડયાં, પરંતુ વૃદ્ધ સાધુ યુક્તિપૂર્વક એ બધા તર્કનું ખંડન કરવા લાગ્યા. આખરે બધી દલીલોનું ખંડન થઈ ગયું ત્યારે વૃદ્ધ સાધુએ કહ્યું,

"ભાઈ, ઉદાસ થવાની જરૂર નથી. કેવળજ્ઞાની વિના કોઈ નિર્ણય કરી શકે નહીં."

એવામાં મુનિ સાગરચંદ્રે સાંભળ્યું કે એમનો સાધુઓનો સમુદાય આવી રહ્યો છે. મુનિ પોતાની શિષ્ય મંડળી સહિત એમનું

સ્વાગત કરવા માટે તૈયાર થયા. એમણે વૃદ્ધ મુનિને પૂછ્યું, "અરે બાબા, અમારી સાથે આવશો ? અમારા ગુરુજી આવી રહ્યા છે."

વૃદ્ધ સાધુએ કહ્યું, "અરે ભાઈ, હું ઘરડો માણસ ક્યાં જાઉં ? તમારા ગુરુજી અહીં આવશે ત્યારે દર્શન કરી લઈશ."

મુનિ સાગરચંદ્ર પોતાની શિષ્યમંડળી સહિત ગુરુના સ્વાગત માટે ગયા, પરંતુ જઈને જોયું તો ખ્યાલ આવ્યો કે એમાં ગુરુજી નહોતા. સાગરચંદ્રે બીજા મુનિઓને પૂછ્યું, "અરે, ગુરુજી ક્યાં છે ?"

સાધુઓએ કહ્યું, "અરે, તેઓ તો અમારાથી વહેલા નીકળી ગયા હતા. શું હજી આવ્યા નથી ?"

મુનિ સાગરચંદ્રજીએ મનોમન વિચાર્યું કે કદાચ પેલા વૃદ્ધ સાધુ જ મારા ગુરુજી નહીં હોય. એમને ઓળખવામાં થાપ તો ખાઈ ગયો નથી ને ?

ઉપાશ્રયમાં આવીને મુનિ સાગરચંદ્ર સહિત સહુએ ગુરુજીને વંદના કરી એમની ક્ષમાયાચના કરી.

વૃદ્ધ ગુરુએ કહ્યું, "એમાં તમારી કોઈ ભૂલ નથી. તમે જ્ઞાનના મદમાં મને કઈ રીતે ઓળખી શકો ?" આમ કહીને ગુરુએ એક શિષ્યને કહ્યું, "જરા રેતી લઈ આવ."

"શિષ્ય મુઠ્ઠી ભરીને રેતી લઈ આવ્યો. ગુરુએ એને કહ્યું, "અહીં નાખી દો એને."

શિષ્યે ત્યાં જ નાખી દીધી.

ગુરુ બોલ્યા, "હવે આ તમે નાખેલી રેતી અહીંથી ઉપાડીને ત્યાં નાખો."

ચેલાએ એમ કર્યું. આ રીતે દસ-પંદર જગ્યાએ રેતી નખાવી અને રેતી ઉપાડી લીધી તેથી છેલ્લે એટલી ઓછી રેતી રહી કે જે હાથથી લઈ પણ ન શકાય.

આ સમયે ગુરુએ એમને કહ્યું, "જેમ એક જગ્યાએથી રેતી લઈને બીજી જગ્યાએ નાખીએ અને ત્યાંથી લઈને એ રેતી ત્રીજી

જગ્યાએ નાખીએ. આ રીતે દસ-પંદર વખત રેતી નાખવાનું અને ઉપાડવાનું કામ કરીએ તો છેવટે હાથમાં લઈ શકાય એવી થોડી રેતી પણ રહેતી નથી. એ જ રીતે ભગવાન મહાવીરનું પૂર્ણ જ્ઞાન ગણધરોની પાસે નહોતું. ગણધરોનું જ્ઞાન પૂરેપૂરું આચાર્યોને યાદ રહ્યું નહિ અને આચાર્યોનું જ્ઞાન મને યાદ ન રહ્યું. મારું જ્ઞાન તમે યાદ રાખી શકયા નહિ અને ભવિષ્યમાં તમારું જ્ઞાન કોઈ યાદ રાખશે કે નહિ એ કહેવું મુશ્કેલ છે.''

આ રીતે ધર્મકથાના મર્મજ્ઞ વૃદ્ધ ગુરુએ સરળતાથી પોતાની વાત શિષ્યોને સમજાવી અને એમનામાં વ્યાપેલાં આળસ અને અભિમાનને અળગાં કરીને એમને વિનયધર્મથી પુષ્ટ કર્યા. આવી રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જે જાણે છે તે જ ધર્મકથા કરવાનો અધિકારી છે.

સ્થળ : જૈનભવન, બીકાનેર
૨૩ ઑગસ્ટ, ૧૯૪૮

☐

બાર

# વિકથા અને ધર્મકથા

ધર્મકથા કરનારે વિકથાથી સાવધ રહેવું જોઈએ. જે કથાથી અધર્મની પ્રાપ્તિ થાય તે વિકથા. સંયમમાં બાધક એવી ચારિત્ર્ય વિરુદ્ધ કે ધર્મ વિરુદ્ધ કથાને પણ વિકથા કહેવામાં આવે છે.

વેર-વિરોધ વધે, કલહ જાગે, ચારિત્ર્યમાં શિથિલતા આવે, ઇન્દ્રિયોના વિષયમાં આસક્તિ વધે, સંયમમાં અવરોધરૂપ બને કે પછી દુર્ગતિનું કારણ બને તેવી કથા પણ વિકથા છે.

શાસ્ત્રોમાં પાંચ પ્રમાદની વાત કરવામાં આવી છે. આ પ્રમાદને પરિણામે જીવ આ સંસારમાં પરિભ્રમણ કરતો રહે છે. આ પાંચ પ્રમાદ છે : મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા. અહીં પ્રમાદના પાંચમા ભેદનો વિશેષે વિચાર કરવો છે. પ્રમાદી વ્યક્તિ રાગ અને દ્વેષને અથવા તો રાગ-દ્વેષના બહોળા કુટુંબને વશ બનીને જે વચન કહે તે વિકથા કહેવાય છે.

આ વિકથાના ચાર પ્રકાર દર્શાવ્યા છે : (૧) સ્ત્રી-વિકથા (૨) ભોજન-વિકથા (૩) દેશ-વિકથા અને (૪) રાજ-વિકથા.

૧. સ્ત્રી-વિકથા

દેશ-વિદેશની સ્ત્રીઓના સૌંદર્યનું વિલાસની દૃષ્ટિએ વર્ણન કરવું. એમના કુળનાં ગુણગાન ગાવાં તેમ જ એમનાં હાવભાવ, સૌંદર્ય, અંગોપાંગ, રૂપરંગ અને વેશભૂષાની અતિશયોક્તિપૂર્ણ પ્રશંસા કે નિંદા કરવી તે સ્ત્રી-વિકથા છે.

સ્ત્રીઓની વાતો જ્યારે ઉખેળવામાં આવે છે ત્યારે એનાં મોહક રૂપલાવણ્ય, વેશભૂષા આદિનું વર્ણન કરવાથી મન કુત્સિત અને મલિન થાય છે. માનવી ચારિત્ર્યભ્રષ્ટ થઈને અધઃપતન પામે છે. એમાંય વળી જે સ્ત્રી વિશે ચર્ચા કરી હોય એ જો સાંભળી જાય તો લડવા-ઝઘડવા તૈયાર થઈ જાય અને કદાચ એ વ્યક્તિનું અપમાન પણ કરી બેસે. સ્ત્રીઓની સાથે વિવાદ કે ચર્ચામાં ભલા કોણ જીતી શકે? આથી પોતાનાં સમય, શક્તિ અને બુદ્ધિને આવી વિકથામાં નાહક વેડફી દેવાથી શો ફાયદો ?

સ્ત્રી-વિકથામાં માત્ર સ્ત્રીઓની નિંદા કરવામાં આવી હોય તો એનાથી કર્મબંધ બંધાય છે. નારીજાતિ તરફ અન્યાય થઈ જાય છે. સહુનું પાલનપોષણ કરનારી જન્મદાત્રી માતા પણ સ્ત્રી જ છે ને? કેટલાં બધાં તપ, ત્યાગ, સહિષ્ણુતા અને ધૈર્ય સ્ત્રીજાતિમાં છે!

ભગવાન મહાવીરની માતા ત્રિશલાદેવી સ્ત્રી જ હતી. સીતા, ચંદનબાળા આદિ પણ વિશ્વવંદ્ય સ્ત્રીઓ હતી. આથી સ્ત્રી-નિંદા કરવી તે પણ ઘોર પાપનું કારણ છે.

સ્ત્રીઓ તરફ કામવાસનાની દૃષ્ટિ રાખીને એનાં અંગવિન્યાસ તેમ જ શૃંગાર અને કામોત્તેજક સ્ત્રી-ચેષ્ટાનું વર્ણન કરવું એ મહા પતનનું કારણ બને છે. આવી સ્ત્રી-વિકથાથી વિષયવિકારોની વૃદ્ધિ થાય છે, ચારિત્ર્ય ભ્રષ્ટ થવાની સંભાવના રહે છે અને બ્રહ્મચર્યને દોષ લાગે છે. આવો સાધુ કાં તો કુલિંગી થઈ જાય છે અથવા તો સાધુના

વેશમાં રહીને અનાચારનું સેવન કરે છે. સ્ત્રી-વિકથા કહેનાર અને સાંભળનાર બંનેમાં મોહની ઉત્પત્તિ કરે છે. આનાથી લોકનિંદા થાય છે. સૂત્ર અને અર્થની હાનિ થાય છે.

એવી પણ સ્ત્રીકથા હોય છે કે જેનાથી સંયમમાં દૃઢતા, ચારિત્ર્યની શુદ્ધિ, મોહનો ત્યાગ અને વિષયવિકારોનો નાશ થાય છે. આમાં વ્યક્તિમાં માતૃભાવના પેદા થાય છે, સૂત્ર અને અર્થના જ્ઞાનની વૃદ્ધિ થાય છે, નિર્દોષ બ્રહ્મચર્યપાલનમાં સહાયક થાય છે. જે સ્ત્રીકથાનું પરિણામ ઉત્તમ હોય અને જેનાથી કર્મોની નિર્જરા થાય એવી સ્ત્રીકથા વિકથા નથી.

જગતમાં દરેક વસ્તુનાં બે પાસાં હોય છે. એક અંધકારપૂર્ણ અને બીજું પ્રકાશથી દેદીપ્યમાન. નારીજાતિની બાબતમાં પણ એવું જ છે. નારીની વિકથા જેમ પતનનું કારણ બને છે એ જ રીતે નારીની સુકથા વ્યક્તિના ઉત્થાનનું પણ કારણ બને છે. વળી, જૈનદર્શનમાં તો અનેકાંતવાદની દૃષ્ટિ એવી છે કે જે પ્રત્યેક વસ્તુને અનેક બાજુએથી–અનેક અપેક્ષાએ–જોઈને સત્યનું દર્શન કરવાનું કહે છે.

### દૃષ્ટિ તેવી સૃષ્ટિ

એક સ્થળે એક સુંદર સ્ત્રીનો મૃતદેહ પડ્યો હતો. રસ્તેથી પસાર થતા કામિત પુરુષે તે જોયો અને તેના રૂપ પર આસક્ત થઈને બોલી ઊઠ્યો, “ઓહ! આવી સુંદર સ્ત્રી સાથે સુખભોગ કરવાનું મળ્યું હોત તો કેટલું સારું?”

એવામાં એક શિયાળ આવ્યું. નારીના મૃતદેહને જોઈને એ વિચારવા લાગ્યું, “અહાહા! આજે તો આટલું બધું નારીનું માંસ ખાવા મળશે. મારું અહીં આવવું સાર્થક થઈ ગયું. હવે જલદી લોકો અહીંથી દૂર જાય એટલે મારું કામ શરૂ કરી દઉં.”

થોડા સમય બાદ એક વિરક્ત યોગી પુરુષ અહીંથી પસાર થઈ રહ્યા હતા. એમણે સુંદર સ્ત્રીનો મૃતદેહ જોઈને પોતાના શિષ્યોને કહ્યું, “જુઓ, આ સુંદર શરીરની કેવી દુર્દશા થઈ છે? એક દિવસ

સહુની આવી દશા થતી હોય છે. આ બહેને જે કંઈ ધર્મકરણી કરી હશે તે જ એની સાથે પરભવમાં ગઈ હશે. આથી તમે તમારા શરીરને ઘસી ઘસીને સ્નાન કરાવો, સુંદર બનાવો, અલંકારોથી સજાવો, પણ એ ન ભૂલશો કે એની દશા અંતે તો આવી જ થવાની છે."

મૃતદેહ તો એક જ સ્ત્રીનો હતો, પરંતુ ત્રણેય જોનારાની દૃષ્ટિ ભિન્ન ભિન્ન હોવાથી એમના વિચારને અનુરૂપ ત્રણ પ્રકારે વાણી પ્રગટ થઈ: માનવીની જેવી દૃષ્ટિ હોય છે એવી જ એની સૃષ્ટિ બની જાય છે. એના મનના દર્પણમાં એ જેવો હોય છે એવું જ એ બીજાનું રૂપ જોતો હોય છે.

આમ, સ્ત્રીનું વર્ણન વૈરાગ્ય પેદા કરવાની દૃષ્ટિથી કરવામાં આવે અથવા તો જનસમૂહને ધર્મ તરફ વાળવાની દૃષ્ટિથી કરવામાં આવે તો એ સ્ત્રી-વિકથાને બદલે સ્ત્રી-સુકથા બની રહેશે.

આના દૃષ્ટાંતરૂપે એક ઐતિહાસિક ઉદાહરણ અહીં રજૂ કરું છું. જૈન ઇતિહાસમાં વસ્તુપાળ-તેજપાળના નામ પ્રસિદ્ધ છે. આ બંને જૈન મંત્રીઓના જીવનની ઘટના છે. બંને ભાઈઓ ધર્મપરાયણ હતા અને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે દૃઢ અનુરાગી હતા. એથીયે વિશેષ બંને ભાઈઓની પત્નીઓ પણ અત્યંત ધર્મનિષ્ઠ, શીલવતી, ગુણવતી અને વિદુષી હતી. આબુ-દેલવાડાનાં જૈનમંદિરો એમની અમર કીર્તિગાથાના ગુણગાન કરે છે, પરંતુ આબુ-દેલવાડાનાં મંદિરોના નિર્માણમાં સૌથી અધિક યોગદાન આ બંને ભાઈઓની ધર્માનુરાગી પત્નીઓનું છે.

ગુજરાતના રાજવીના મંત્રી એવા વસ્તુપાળ-તેજપાળ રાજ-કાર્યમાંથી પૂરતો અવકાશ મેળવી શકતા નહોતા અને તેથી મંદિરનું નિર્માણકાર્ય અધવચ્ચે અટકી ગયું હતું. એક દિવસ બંને ભાઈઓને એમની પત્નીઓએ કહ્યું,

"આપે જે જિનમંદિરના નિર્માણનો પ્રારંભ કર્યો છે તેને આગળ વધારવા શું આપ ઇચ્છતા નથી? જો એને પૂર્ણ કરવા ઇચ્છો છો તો તેના પ્રતિ લક્ષ કેમ આપતા નથી? તમારે તો કદાચ અમર રહેવું

હશે, પણ અમે તો અમર નથી. જો તમે ઝડપભેર કાર્ય કરી શકતા ન હો તો અમને સોંપી દો.''

બંને ભાઈઓએ પોતાની સુશીલ પત્નીઓને આ કાર્ય સોંપી દીધું. બસ, પછી જોવાનું શું ? બંનેએ કુશળતાથી મંદિર-નિર્માણનું કાર્ય હાથ ધર્યું. અનેક શિલ્પીઓ પાસે રાત-દિવસ કામ કરાવીને ખૂબ જ ઝડપથી માત્ર દોઢ વર્ષમાં આ કલાપૂર્ણ વિશાળ જૈનમંદિરોના નિર્માણનું કાર્ય પૂરું કર્યું. આ મંદિરની શિલ્પકલા જોઈને આજે પણ લોકો આશ્ચર્યચકિત બની જાય છે.

## શૃંગારને સ્થાને ધર્મરસ

આવું ભગીરથ પુણ્યકાર્ય કરનારી બહેનોની કથા શું સ્ત્રી-વિકથા ગણાય ? ના, કદાપિ નહિ. આ તો સ્ત્રી-સુકથા જ ગણાય કે જેમાંથી અનેક નર-નારીઓને પ્રેરણા સાંપડે છે. આવી ધર્મપરાયણ સ્ત્રીઓના પતિ વસ્તુપાળ અને તેજપાળ એક દિવસ ગુરુ મહારાજનું વ્યાખ્યાન સાંભળવા આવ્યા. એમણે જેવો ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો કે એમના કાનમાં શબ્દો પડ્યા :

"असारे खलु संसारे सारं सारंगलोचना ॥"

"આ અસાર સંસારમાં જો કોઈ સારરૂપ વસ્તુ હોય તો તે મૃગનયની(નારી) છે."

આ શબ્દો સાંભળતાં જ વસ્તુપાળ અને તેજપાળના હૃદયને આંચકો લાગ્યો. એમણે વિચાર્યું કે જે શૃંગારપોષક વચનો સાંભળી રહ્યા છે ! એ શું ધર્મગુરુના મુખમાંથી સર્યાં છે. એમને સાંભળેલી વાત પર વિશ્વાસ બેઠો નહીં.

બંને ભાઈઓ વ્યાખ્યાન-મંડપમાં દાખલ થયા કે ગુરુ મહારાજે એમના ચહેરા પરથી જાણી લીધું કે એમને પેલા કથનથી થોડી અરુચિ જાગી છે. હકીકતમાં ગુરુ મહારાજે આ શૃંગારરસ ભર્યું વાક્ય ધર્મપોષક અર્થને સમજાવવા માટે કહ્યું હતું અને તેઓ શ્રોતાઓની સમક્ષ આની છણાવટ કરવા ઇચ્છતા હતા. એકાએક અધવચ્ચે બંને

ભાઈઓ આવતાં એમને આ વાકયનો અર્થ ધર્મપોષક રીતે પ્રગટ કરવાનો અવસર મળી ગયો. એમણે આ વાકયનું વિવેચન કરતાં કહ્યું :

"ભાઈઓ, લોકો પોતાની વિકૃત બુદ્ધિને કારણે આ સંસારમાં નારીને કામિનીના રૂપમાં જ જુએ છે, પરંતુ હું કહું છું કે એ જગતજનનીના રૂપમાં સંસારની એક મહાન બાબત છે. જગતનું એ રત્ન છે અને પુણ્યની એ રાશિ છે. તીર્થંકર, ચક્રવર્તી, ધર્મધુરંધર આચાર્ય, ધર્મનિષ્ઠ સાધુ-સાધ્વીઓ, ધર્માનુરક્ત શ્રાવક–શ્રાવિકાઓ અને જગતમાં જે કોઈ ધર્મપરાયણ સ્ત્રી-પુરુષો થયાં છે એ બધાં જ રત્નગર્ભા નારીની કૂખમાંથી જન્મ્યાં છે. આવી ધર્મનિષ્ઠ માતાઓ પાસેથી જ ધર્મપરાયણ પુત્ર–પુત્રીઓને ધર્મસંસ્કાર મળ્યા છે. આથી સંસારનો કોઈ સાર હોય તો તે છે આવી પુણ્યમૂર્તિ સ્ત્રીઓ, શીલવતી મહિલાઓ અને સંસ્કારદાયિની નારીઓ, જેમણે વસ્તુપાળ અને તેજપાળ જેવાં નરરત્ન પણ પેદા કર્યાં છે અને એમનામાં પુષ્કળ ધર્મસંસ્કાર સિંચ્યા છે ! "ભક્તામરસ્તોત્ર'માં જૈનાચાર્ય માનતુંગસૂરિએ તીર્થંકર ઋષભદેવની સ્તુતિ કરતાં કેવી સુંદર વાત કરી છે :

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान् ।
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ॥

"આ જગતમાં સેંકડો માતાઓ સેંકડો પુત્રોને જન્મ આપે છે, પરંતુ આપના જેવા પુત્રને જન્મ આપનારી આપની જનની સિવાય બીજું કોઈ નથી."

સાચે જ, આ જગતમાં કોઈ સારભૂત વસ્તુ હોય તો મૃગના જેવી વાત્સલ્યરસથી પરિપૂર્ણ નેત્રવાળી માતા છે."

જુઓ, આખી વાત જ પલટાઈ ગઈ. પેલું શૃંગારરસ પ્રેરતું વાકય કેવું ધર્મપોષક બની ગયું. એમાં શાંત રસ અને વીર રસનો સંયોગ થતાં એ વાકય ઉપાદેય બની ગયું. વસ્તુપાળ અને તેજમાળ સમજી ગયા કે એમના ચહેરા પરના ભાવ જોઈને જ ગુરુદેવે વાકયને જુદો વળાંક આપી દીધો. આને માટે વિચક્ષણતા અને ધર્મકથા-મર્મજ્ઞતા જરૂરી બની રહે.

વસ્તુપાળ–તેજપાળે ગુરુમહારાજને પૂછી નાખ્યું, "ગુરુદેવ! શું આપ રસોનું પણ જ્ઞાન ધરાવો છો? એનું પણ વર્ણન કરો છો?"

"હા, કેમ નહીં? શાસ્ત્રોમાં નવ રસનું વર્ણન આવે છે અને ધર્મકથાકારને તો આ બધા રસનું જ્ઞાન હોવું જ જોઈએ. અન્યથા એ શ્રોતાઓને ધર્મ તરફ આકર્ષિત કરી શકતો નથી."

"તો આજે આપ શૃંગાર રસ પરથી એકાએક શાંત રસ પર આવી ગયા એમ અમને લાગ્યું. તો શું આપ વીર રસ પણ જાણો છો? અમને વીર રસથી પ્રેરિત કરવાની કૃપા કરશો?"

ગુરુ મહારાજે કહ્યું, "ભલે, હું વીર રસગાન કરું છું, પરંતુ પહેલાં તમારાં શસ્ત્રોને બહાર મૂકી આવો, જેથી અહીં બેઠેલા શ્રોતાઓ વીર રસનું વર્ણન સાંભળીને એ શસ્ત્રોથી એકબીજા પર પ્રહાર ન કરે."

વસ્તુપાળ–તેજપાળે આદેશ માથે ચડાવ્યો. મુનિરાજે વીર રસ ભર્યું કાવ્યગાન કર્યું. એ સાંભળતાં જ શ્રોતાઓમાં જુસ્સો જાગવા લાગ્યો. વીરતાથી બાહુ ફરકવા લાગ્યા અને હૃદયમાં અપૂર્વ ઉત્સાહનો સંચાર થઈ ગયો. લડાઈના મેદાનમાં યુદ્ધ કરવા જતી વખતે ચારણ કે ભાટ વીર રસપૂર્ણ શૌર્યગાથા ગાઈને કે ગાયકો મારુ (વાદ્ય) વગાડીને યોદ્ધાઓમાં વીરતા, શૌર્ય અને ઉત્સાહનો સંચાર કરે છે. યોદ્ધો રણમેદાનમાં પોતાનું બલિદાન આપવા માટે થનગની ઊઠે છે એ જ રીતે ગુરુમહારાજના મુખેથી વીર રસ પૂર્ણ વાણી સાંભળીને શ્રોતાઓમાં ધર્મવીરતા, દાનશૂરતા અને શીલપાલનનું શૌર્ય પેદા થયું.

## અર્થઘટન પર આધાર

ધર્મકથાકારની આ જ ખૂબી છે કે એ નારીની વિકથાને પણ સુકથામાં બદલી નાખે છે. આ રીતે જે કથા ડુબાડનારી હતી તે તારનારી પણ બની શકે, અશુદ્ધ ગણાતી સ્ત્રીકથા શુદ્ધ બની જાય છે. શીલવતી, પુણ્યવાન અને ચારિત્ર્યશીલ સ્ત્રીઓના વર્ણનથી તો ચારિત્ર્યમાં દૃઢતા આવે છે અને શીલપાલનની અદ્ભુત પ્રેરણા સાંપડે છે.

સતી સીતાનું ચરિત્ર સાંભળીને કોના હૃદયમાં શીલપાલનની

દૃઢ ભાવના નહીં જાગે ? કોનામાં ધર્મપાલનની વીરતા નહિ ઉત્પન્ન થાય ? અથવા તો કોને બધાં જ સુખ-વૈભવ હોવા છતાં ગૃહત્યાગ અને વનવાસનું કષ્ટ સહન કરવાની પ્રેરણા નહીં મળે ? શું મહાસતી ચંદનબાળાનું વર્ણન સાંભળીને એક તપસ્વી, તેજસ્વી, બ્રહ્મચારિણી નારીનું ચિત્ર માનસપટ પર અંકિત થઈ જતું નથી ? સતી રાજીમતીનું વર્ણન સાંભળીને શ્રોતાનું મન વૈરાગ્યની સરિતામાં વહેવા લાગતું નથી ?

કથા ગમે તેવી હોય, કોઈ પણ હોય, પરંતુ કથાના અર્થઘટન પર એનો આધાર છે કે એ કથા ધર્મ અને વૈરાગ્યરસ તરફ શ્રોતાઓને લઈ જાય છે કે પછી કામરસ ભણી ખેંચી જાય છે ?

આમ તો શાસ્ત્રોમાં પણ સ્ત્રીઓનાં નખશિખ સુધીનાં અંગોપાંગનાં વર્ણનો આવે છે, પરંતુ ત્યાં એ વર્ણનોનો ઉદ્દેશ શૃંગાર રસ જગાડવાનો નથી. આથી આ કથા સ્ત્રી-વિકથા નથી, પરંતુ સ્ત્રી-સુકથા જ છે.

### ૨. ભોજન-વિકથા

આહારની આસક્તિપૂર્ણ ચર્ચા કરવી અથવા તો ભોજનના સ્વાદની વાતો કર્યા કરવી તે ભોજન વિકથા છે. આવી વિકથાથી કરનારમાં અને એ સાંભળનારમાં રસલોલુપતા પેદા થાય છે. સ્વાદ પર વિજય મેળવવા ઇચ્છતો સાધક અથવા તો બીજાઓની સ્વાદેન્દ્રિયની આસક્તિ ઓછી કરવા ઇચ્છતી વ્યક્તિને માટે આવી ભોજન-વિકથા અવરોધરૂપ બને છે. ભોજન વિકથા સાંભળીને ગૃહસ્થ એનો આરંભ-સમારંભ કરશે. પરિણામે છકાય જીવોના વધની અનુમોદના થશે અને ગૃહસ્થની હિંસા (પછી ભલે એ આરંભની હિંસા હોય, તો પણ) વધશે. વળી કદાચ સાધુવર્ગ પણ એ આહારને લે તો એમાં રહેલી એષણા આદિનો વિચાર નહીં કરી શકવાને લીધે એમની ભિક્ષા-ચરીમાં દોષ લાગશે.

### સ્વાદવિજયની મહત્તા

આ પ્રકારના આહારને ઉપાશ્રયમાં લાવીને ભોજન કરતી વખતે પણ ઇંગાલ આદિ દોષ લાગશે. વળી લોકોમાં પણ આવા સાધુ તરફ અશ્રદ્ધા અને અવહેલના જાગશે કે, “આ સાધુ સ્વાદલોલુપ છે. સારું

સારું ખાવા માટે જ એમણે સંયમ લીધો છે. આ તો સ્વાધ્યાય, ધ્યાન આદિ છોડીને હંમેશાં ખાવા-પીવાના વિચારમાં જ ડૂબેલા રહે છે." આવી રીતે ભોજન-વિકથાથી અનેક પ્રકારની હાનિ થાય છે. લાભ માત્ર સ્વાદપોષણ અને કર્મબંધ સિવાય બીજો કશો થતો નથી. કર્મોનો ક્ષય અથવા તો જ્ઞાનાદિની સાધના એનાથી થઈ શકતી નથી.

ગૃહસ્થને માટે પણ આવી ભોજન-વિકથા બાધક છે. એના ગૃહસ્થજીવનની સાધનામાં પણ આ અંતરાયરૂપ છે. ગૃહસ્થને તપ કરવાની જરૂર હોય છે. જો આવી સ્વાદકથામાં જ રચ્યો-પચ્યો રહે તો કઈ રીતે તપ કરશે? કઈ રીતે સ્વાદવિજય-રસપરિત્યાગ ને તપમાં પ્રવૃત્ત થઈ શકશે? ક્યારેક તો ગૃહસ્થ કોઈ જમણવારમાં મીઠાઈ આદિ એક એક ચીજવસ્તુને લઈને ભોજન આપનારની રસોઈની નિંદા કરશે. અમુક જગ્યાએ તો જમણવારમાં આટલી મીઠાઈ અને આટલી વાનગી હતી, અહીં શું ધૂળ છે? કઢીમાં મીઠું નથી કે પૂરી સાવ કાચી છે. એ પ્રકારની નિંદા કરનારાઓ કર્મબંધ તો બાંધે જ છે, પરંતુ પોતાના ખાનદાનમાં કે વર્તુળમાં પરસ્પર વેર-વિરોધ અથવા તો ખેંચતાણ પણ ઊભી કરે છે, એકબીજા સાથે દુશ્મનાવટ પણ થઈ જાય છે. આથી સાધુ હોય કે ગૃહસ્થ હોય, પણ **એણે** ભોજન-વિકથાથી દૂર રહેવું જરૂરી છે.

હા, એ સાચું છે કે કોઈ વસ્તુનો ત્યાગ કરવાની દૃષ્ટિએ શ્રોતાઓ સમક્ષ એ વસ્તુના દોષોનું વર્ણન કરવું તે ભોજન-વિકથા નથી. જો ભોજન-કથા કરવી હોય તો શાલિભદ્ર દ્વારા પૂર્વજન્મમાં માસખમણ (એક મહિનાનું તપ) કરનારા સાધુને ભિક્ષા રૂપે ખીર વહોરાવવાની વાત કરો. ઋષભદેવ ભગવાનના વર્ષીતપના પારણામાં ભિક્ષા રૂપે મળેલા ઇક્ષુરસની વાત કરો. શ્રોતાઓને તપ તરફ વાળવા માટે અથવા તો ખાનપાનની વસ્તુઓમાં મર્યાદા ધરાવતા કરવા માટે વ્રતના રૂપમાં ભોજન-કથા કરો. આ ભોજન-કથા સુકથા બનશે.

સાધુઓ કોઈ રોગમાં પથ્ય-કુપથ્યના રૂપમાં અમુક ખાનપાનની વસ્તુઓની એકબીજા સાથે ચર્ચા કરી શકે છે. સંયમપાલન અથવા તો

બ્રહ્મચર્યપાલનને માટે ખાનપાનના વિવેકના રૂપમાં દૂધ, દહીં, આદિ તથા અન્ય પદાર્થોની ચર્ચા કરી શકાય. માત્ર શરત એટલી છે કે એ ચર્ચા કુપથ્યકારી કે અહિતકર વસ્તુઓને છોડવાની દૃષ્ટિએ કરવામાં આવે.

### ૩. દેશ-વિકથા

પોતાના દેશ પ્રત્યે ઝનૂન અથવા કટ્ટરતા વધારતી અને બીજા દેશો પ્રત્યે દ્વેષ વધારતી, લોકોને ઉશ્કેરતી એવી કથા દેશ-વિકથા કહેવાય છે. આવી દેશ-વિકથાથી યુદ્ધઉત્તેજના અને અશાંતિ ફેલાય છે, એક દેશની બીજા દેશ સાથે શત્રુતા થાય છે, મૈત્રીભંગ થાય છે, અને રાજ્ય લાલસા વકરી ઊઠે છે. જે દેશની ખોટી નિંદા કરવામાં આવે કે એવા સમાચારને વધુ ચગાવવામાં આવે એ દેશ તરફ જનતામાં ઘૃણા અને દ્વેષ ફેલાય છે. વળી આની સાથોસાથ એ દેશના રાજદૂત કે અન્ય અધિકારીઓને પત્તો લાગે તો એનાથી પણ કટુતા જાગવાની સંભાવના રહે છે.

પ્રત્યેક દેશની ભૂગોળ અને ઇતિહાસની જાણકારી રાખવી જોઈએ. એ દેશનું હવામાન, ભાષા, રહેણીકરણી, ખાસિયત, લોકોની પ્રકૃત્તિ, રુચિ, ધર્મપરાયણતા, સરળતા આદિનું જ્ઞાન હોય તે ધર્મકથાકાર માટે નિત્તાંત જરૂરી છે. શ્રોતાઓને ધર્માભિમુખ કરવા માટે તેમ જ સ્વદેશ અને રાષ્ટ્રધર્મ તરફ જાગૃત કરવા માટે થતું વર્ણન એ દેશ-વિકથા નથી, પરંતુ દેશ-સુકથા છે. શાસ્ત્રોમાં ગ્રામધર્મ, નગરધર્મ અને રાષ્ટ્રધર્મના વર્ણન ઉપરાંત ૨પાા આર્યદેશોનું વર્ણન મળે છે. બાકીના ૩૧૯૭૪ાા જેટલા દેશ એ યુગની દૃષ્ટિએ અનાર્ય દેશના રૂપમાં દર્શાવવામાં આવ્યા છે. ધર્મપરાયણ વ્યક્તિના જન્મસ્થાન આદિનું વર્ણન કરતી વખતે દેશની ચર્ચા અનુચિત ગણાય નહીં. અમુક દેશ અથવા તો દેશવાસીઓને ધર્મ તરફ અભિમુખ કરવા માટે અથવા તો કોઈપણ સંકટગ્રસ્ત દેશને મદદરૂપ થવાના હેતુથી થતી દેશકથા વિકથા નથી.

સમગ્ર વિશ્વમાં સુખશાંતિ વધે અને કલ્યાણ સ્થપાય એ જોવાનું ધર્મોપદેશકોનું કર્તવ્ય છે. ક્યાંક અશાંતિ કે યુદ્ધ થાય અથવા તો કોઈ દેશ નિર્દોષ દેશ પર આક્રમણ કરતો હોય એવે સમયે શાંતિની ચાહના અને ન્યાયની દૃષ્ટિએ અન્યાયી દેશને સાવધાન કરવો જરૂરી બને છે. એને પ્રેમથી ધર્મ અને નીતિ તરફ વાળીને વિશ્વની અશાંતિ ઓછી કરવી અને સર્વત્ર સુખશાંતિ ફેલાવવી તે એનું કર્તવ્ય બને છે. આવે સમયે એ દેશની ચર્ચા કરવી પડે છે. અમુક દેશમાં ધર્મનો પ્રચાર કઈ રીતે થાય એનો ઉપાય બતાવતી વખતે પણ એ દેશ વિશેની ચર્ચા-વિચારણા આવશ્યક બને છે. આખીયે વાતનો સારાંશ એ છે કે શુદ્ધ ધર્મની દૃષ્ટિએ કોઈપણ દેશનું વર્ણન કે ચર્ચા કરવી એ વિકથા નથી.

૪. રાજ-વિકથા

કોઈ રાજાનો વૈભવ, વિલાસિતા, ભોગસામગ્રી, ઐશ્વર્ય, ઠાઠ કે ભંડાર વગેરેનું વર્ણન જો શ્રોતાઓમાં આસક્તિ કે લાલસા પેદા કરે એવી રીતે કરવામાં આવે તો તે રાજ-વિકથા છે. કોઈ રાજાને બીજા દેશને જીતવાની, બીજા રાજ્ય પર ચડાઈ કરવાની અથવા તો બીજા રાજા સાથે યુદ્ધ કરવાની વાત કરવી તે પણ રાજ-વિકથા છે. આવી રીતે કોઈ રાજાની બાબતમાં ખોટી અફવાઓ ફેલાવવી, એમની ખોટી નિંદા કરવી કે એમના પર મિથ્યા દોષારોપણ કરવું તે રાજ-વિકથા છે. આવી રાજ-વિકથાથી એક તો શ્રોતાઓના મનમાં ઉત્તેજના જાગે છે અને બીજું રાજસી વૈભવ પામવાની ઘેલછા થાય છે. વળી રાજા પોતાને વિશે ખોટી અફવાઓ સાંભળીને પણ કથાકારનો દ્વેષ અને વિરોધ કરવા લાગશે. કોઈ એમ પણ સમજે કે આ સાધુ કોઈ ગુપ્તચર લાગે છે. રાજા વિશે ખોટી વાતો કરવાથી અસત્યનો દોષ પણ લાગે છે.

કોઈ રાજાના ધર્માચરણનું વર્ણન કરવું, કોઈ રાજાને ધર્માભિમુખ કરવા માટે ભૂતકાળના ધર્માત્મા રાજાઓનું વર્ણન સંભળાવવું

અથવા તો અન્યાય કે અત્યાચાર કરી રહેલા રાજાને ધર્મમાર્ગમાં પ્રેરિત કરવો તે રાજ-વિકથા નથી. જો આવું હોત તો શાસ્ત્રમાં ઠેર ઠેર રાજાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોત. શ્રેણિક જેવા કેટલાય રાજાઓ, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો જેવાઓ ત્રિષષ્ઠિશ્લાઘ્યપુરુષો ગણાય છે. શાસ્ત્રોમાં તેમની પુષ્કળ પ્રશંસા મળે છે, જોકે એ પ્રશંસા એમની ધર્મપરાયણતાની દૃષ્ટિએ કરવામાં આવી છે.

ચારિત્ર્યભ્રષ્ટ, દુષ્ટ, અન્યાયી કે અત્યાચારી રાજાનું વર્ણન એમના દોષોની ટીકાના રૂપમાં અથવા તો દોષોના દુષ્પરિણામ (દુષ્કર્મફળ) દર્શાવવા માટે કરવામાં આવે છે, જેથી શ્રોતા કે વાચક એ વર્ણન સાંભળીને એવા દુષ્કર્મોથી દૂર રહે. રાવણ, મણિરથ, પરદેશી, કોણિક આદિનું વર્ણન એમનાં દુષ્કર્મો અને દુષ્કર્મફળ સાથે દર્શાવીને પ્રજાને એનાથી દૂર કરવાની દૃષ્ટિથી જ કરવામાં આવે છે.

## ધર્મકથાની પ્રેરકતા

આજે ભારતમાં રાજાશાહીને બદલે લોકશાહી રાજપ્રણાલી જોવા મળે છે. રાજાશાહીમાં રાજા કોઈ અયોગ્ય કાર્ય કરે અથવા તો મર્યાદા-વિરુદ્ધ આચરણ કરે તો એને ધર્મોપદેશ અથવા ધર્મપ્રેરણાથી રોકવાનો પ્રયત્ન ધર્મકથાકાર સાધુ કરતા હતા. કેશીશ્રમણ મુનિએ પરદેશી રાજાને ધર્મપ્રેરણા આપીને ધર્માભિમુખ કર્યો હતો. આવી રીતે ભગવાન મહાવીરે પણ કેટલાય રાજાઓને અન્યાયાદિ કરતા રોકચા હતા. શ્રેણિક રાજાને ચેલ્લણા જેવી પતિવ્રતા રાણી પર સંદેહ થયો અને એ આખુંય અંતઃપુર સળગાવી દેવા તૈયાર થયો તો ભગવાન મહાવીરે આવો અનર્થ કરતાં રોકચો હતો. આની પાછળનો હેતુ રાજનીતિમાં પડવાનો નહોતો, પરંતુ રાજનીતિને ધર્મસંમત બનાવવાનો હતો કારણકે જો રાજા ખોટે માર્ગે ચાલે, અન્યાય-અધર્મ આદિનું આચરણ કરે તો સમગ્ર પ્રજા એ જ માર્ગે ચાલવા લાગે તેવો ભય રહેતો હતો. 'જેવો રાજા તેવી પ્રજા'ની કહેવત તે સમયે યથાર્થ હતી, આથી જ રાજા પર પ્રજા સુધરે કે બગડે અથવા તો ધર્માત્મા

કે દુરાત્મા બને તેનો સઘળો આધાર રહેતો હતો. રાજાને ધર્મમાર્ગ પર દૃઢ રાખવાનું ખૂબ જરૂરી માનવામાં આવતું હતું. રાજાને ધર્મ-માર્ગ પર રાખવાનું કામ રાજપુરોહિત કરતો. અને રાજપુરોહિત ચૂકી જાય તો શ્રમણ સાધુ કે સંન્યાસી કરતા હતા.

આજે લોકશાહીને કારણે હવે ધર્મગુરુનું કાર્ય રાજાને બદલે રાજ્યકર્તાઓને યોગ્ય માર્ગે વળવાનું છે, એમને ધર્મ પર દૃઢ રાખ-વાનું છે અને એમની શાસનનીતિ ધર્મમર્યાદાની વિમુખ બને નહિ તેનું ધ્યાન રાખવાનું છે. આનો અર્થ એવો નથી કે તેઓ રાજકારણમાં સક્રિય ભાગ લે છે અથવા તો રાજ–વિકથા કરે છે. આવા ધર્મકથાકાર સાધુનો ઉદ્દેશ તો રાજશાસનને ખોટાં કાર્યોથી અથવા તો ધર્મવિરુદ્ધ થતું અટકાવવાનો છે.

રાજાશાહીના સમયમાં સાધુઓ માત્ર રાજાઓની રાજનીતિને જાણીને એમને ધર્મમાર્ગે દૃઢ રાખતા હતા. આની પાછળ કોઈ પદ, સત્તા કે સ્વાર્થ પ્રાપ્ત કરવાનો કોઈ લેશમાત્ર પણ આશય નહોતો. આવી જ રીતે શાસનકર્તાઓની નીતિના જાણકાર રહીને એમને સુધારવા તથા ધર્મ પ્રત્યે અનુરાગી બનાવવાનું કામ સાધુઓનું છે. એના દ્વારા પદ, પ્રતિષ્ઠા, સત્તા કે સ્વાર્થ હાંસલ કરવાનું નથી. આને રાજ-નીતિમાં ભાગ લેવો કેમ કહી શકાય ? અથવા તો રાજનીતિમાં ધર્મ-પ્રવેશ માટે થતી ચર્ચાને રાજ-વિકથા કેમ કહેવાય ? આનો અર્થ એ છે કે જે કથા કરવાથી પોતાની અને પ્રજાની ભાવના શુદ્ધ બને, જનતાનું અને પોતાનું ચારિત્ર્ય સુરક્ષિત રહે તેમ જ તે વધુ ને વધુ ધર્મ તરફ ઢળે તેવી કથા સુકથા છે. જે કથાનું શ્રવણ કે પ્રવચન અધર્મ તરફ ગતિ કરાવતું હોય તે વિકથા છે.

## દૃષ્ટિ–દૃષ્ટિનો ભેદ

આમ તો કોઈપણ કથામાં સચ્ચાઈ અને બુરાઈ, પ્રકાશ અને અંધકાર એમ બંને પાસાં હોય છે. સમ્યક્ દૃષ્ટિ ધરાવનાર પ્રકાશને એટલે કે સચ્ચાઈને ગ્રહણ કરે છે તો મિથ્યા દૃષ્ટિ રાખનાર સારામાં

સારી વાતમાં બુરાઈ કે અંધકાર શોધી કાઢે છે. આ વાતને સ્પષ્ટ કરતાં નંદીસૂત્રમાં કહ્યું છે :

"एयाइं चेव समदिट्ठिस्स समत्तपरिग्गाहत्तेण सम्मसुयं; मिच्छादिट्ठिस्स मिच्छासुयं।"

"જે શાસ્ત્રોને આપણે મિથ્યાશ્રુત ગણીએ છીએ તે સમ્યક્દૃષ્ટિ ધરાવનારને માટે સમ્યક્શ્રુત (સાચાં શાસ્ત્ર) છે અને એ જ શાસ્ત્ર જેને આપણે સમ્યક્શ્રુત માનીએ છીએ તે મિથ્યાદૃષ્ટિને માટે મિથ્યાશ્રુત (મિથ્યાશાસ્ત્ર) છે કારણ કે બંનેની શાસ્ત્ર ગ્રહણ કરવાની દૃષ્ટિમાં તફાવત છે."

કોઈ ખરાબ વસ્તુના સારા ગુણને ગ્રહણ કરે છે તો બીજો સારી વસ્તુમાંથી પણ ખરાબને ગ્રહણ કરે છે. હસ્તિનાપુરની રાજસભામાં એક વિવાદ જાગ્યો કે જેવી સૃષ્ટિ હોય છે તેવી દૃષ્ટિ થઈ જાય છે. પરંતુ કેટલાક અનુભવીઓએ કહ્યું કે જેવી દૃષ્ટિ હોય છે તેવી જ સૃષ્ટિ હોય છે. બહુમતી દૃષ્ટિ–સૃષ્ટિવાદના સમર્થનમાં હતી. આમ છતાં શ્રીકૃષ્ણએ એને સિદ્ધ કરવા માટે પ્રજાજનોને પ્રત્યક્ષ પ્રમાણ આપવાનું નક્કી કર્યું. એક દિવસ એમણે દુર્યોધન અને યુધિષ્ઠિરને બોલાવ્યા અને બંનેને એક નોંધપોથી આપી. પહેલાં દુર્યોધનને કહ્યું,

"દુર્યોધન, આ નગરમાં જેટલા સજ્જન છે એ બધાનાં નામ નોંધપોથીમાં નોંધી લે."

આમ કહીને પછી યુધિષ્ઠરને કહ્યું, "ધર્મરાજ ! આ નગરમાં જેટલા દુર્જન હોય એમનું નામ આ નોંધપોથીમાં નોંધીને લઈ આવો."

સાંજે બંને આખું નગર ફરી વળીને કોરી નોંધપોથી લઈને પાછા આવ્યા. શ્રીકૃષ્ણે બંનેની નોંધપોથી કોરી જોઈ એટલે પૂછ્યું, "કેમ શું થયું ? તમે તો કોઈનુંય નામ આમાં નોંધ્યું નથી."

દુર્યોધન તરત જ બોલી ઊઠયો, "અરે લખાય કઈ રીતે ? જે કોઈ વ્યક્તિને જુઓ એમનામાં કોઈ ને કોઈ દુર્ગુણ તો હોય જ."

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિર સામે જોયું. યુધિષ્ઠિરે શાંતિથી ઉત્તર આપ્યો, "હું આખા નગરમાં ઘૂમી વળ્યો, પણ મને કોઈ દુર્જન જ

દેખાયો નહિ. જેના તરફ નજર કરું એનામાં મને કોઈ ને કોઈ ગુણ તો જોવા મળતો જ."

શ્રીકૃષ્ણે રાજસભા સમક્ષ આ વાત રજૂ કરી અને ઘટનાનું બયાન કરીને કહ્યું,

"જુઓ ! સંસારમાં સર્વત્ર દૃષ્ટિસૃષ્ટિવાદ જ ચાલે છે. એનો પ્રત્યક્ષ નમૂનો આ બંને વ્યક્તિઓની નોંધપોથી આપે છે."

આખી સભા આ વાત સાંભળીને સ્તબ્ધ બની ગઈ.

આથી તમને કહું છું કે વક્તા અને શ્રોતા બંનેની દૃષ્ટિ પ્રત્યેક બાબતનાં સારાં પાસાંને જોવાની હોય તો બંનેનાં કર્મોની નિર્જરા થાય છે. એમાંથી બુરાઈ શોધવાની દૃષ્ટિ હશે તો બંનેને કર્મબંધન થાય છે. ગમે તેટલા શુભ ભાવથી કે શુદ્ધ દૃષ્ટિકોણથી ધર્મકથાકાર કથા કરે, પરંતુ જો શ્રોતાની ભાવના શુદ્ધ નહીં હોય અને એની દૃષ્ટિ વિપરીત હશે તો સારી વસ્તુમાંથી પણ કોઈ ખરાબી કે બુરાઈ શોધી કાઢશે. માખીની સામે તમે સારામાં સારી વસ્તુ રાખો તો પણ તે વિષ્ટા પર બેઠા વિના નહિ રહે. સુવ્વરને તમે ગમે તેટલું સારું અનાજ આપો તો પણ એ વિષ્ટા તરફ જ જશે.

આનો અર્થ એ નથી કે ધર્મકથાકારે ધર્મકથા કરવી નહીં. જોખમ તો બધે રહેલું છે, પરંતુ સાવધાન થઈને ચાલવું જોઈએ. એણે પોતે જ બધાં પાસાંઓને પ્રગટ કરીને ધર્મકથા કરવી જોઈએ. અંતે તો વાતને કઈ રીતે સ્વીકારે છે તે શ્રોતાના ભાગ્ય પર આધારિત છે.

નંદીષેણ કુશળ ધર્મકથાકાર હતા. તેઓ એક વેશ્યાની મોહ-જાળમાં ફસાઈ ગયા. એ દિવસથી એમણે એક પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી વેશ્યાની મોહજાળમાંથી મુક્ત ન થાઉં ત્યાં સુધી વેશ્યાને ત્યાં આવનારા પુરુષોમાંથી રોજ ઓછામાં ઓછા દસ પુરુષોને પ્રતિબોધ આપીને આ પાપકૃત્યથી મુક્ત થઈશ. જે દિવસે આવું કરી નહીં શકું તે દિવસે અન્ન-જળ લઈશ નહીં.

આ પ્રતિજ્ઞા કોઈ સામાન્ય પ્રતિજ્ઞા નહોતી. વેશ્યાને ત્યાં આવનારા પુરુષો કામવાસનાની તૃપ્તિ માટે આવતા હોય. આવા પુરુષોને વેશ્યાના ઘરમાં જ રહીને વ્યભિચારથી વિરક્ત કરવાનું કાર્ય ઘણું મુશ્કેલ હતું, પરંતુ હિંમતવાન નંદીષેણે આવી કોઈ ચિંતા કર્યા વિના એ જ દિવસથી પોતાની પ્રતિજ્ઞા મુજબ કાર્ય શરૂ કર્યું. નંદીષેણ એવી ખૂબીથી વેશ્યાગામી પુરુષો સમક્ષ ધર્મકથા કરતો હતો કે એ પુરુષો સદાને માટે વેશ્યાગમન ત્યજી દેતા હતા, એટલું જ નહિ પણ ઉચ્ચ સાધક-જીવનનો પણ સ્વીકાર કરતા હતા. તેઓ પ્રતિબોધ પામીને વિરક્ત ભાવથી દીક્ષા ગ્રહણ કરતા હતા.

પોતાની પ્રતિજ્ઞા અનુસાર રોજ ઓછામાં ઓછી દસ વ્યક્તિઓને પ્રતિબોધ આપતાં આપતાં નંદીષેણે બાર વર્ષ જેટલો સમય પસાર કર્યો. આજે ભોગાવલિ કર્મની અવધિ સમાપ્ત થઈ રહી હતી. આજે અંતિમ દિવસ હતો ભોગાવલિ કર્મથી મુક્તિનો. સવારથી આરંભીને અત્યાર સુધીમાં એણે નવ વ્યક્તિઓને પ્રતિબોધ આપ્યો હતો. દસમી વ્યક્તિ હજી બાકી હતી. આ દસમો માણસ અક્કડ નીકળ્યો. નંદીષેણે એને સમજાવવાના હજારો પ્રયત્ન કર્યા, પરંતુ એણે કશુંય માન્યું નહીં. વળી સામે ચડીને નંદીષેણને કહેવા લાગ્યો :

"તમે મને ઉપદેશ આપો છો, પણ તમે પોતે તો પહેલાં એનો અમલ કરો ! તમે ખુદ મોહજાળમાં ફસાયેલા રહો છો અને મને તમારા ઉપદેશનો શિકાર બનાવવા ઇચ્છો છો ? બીજાને ઉપદેશ આપવો સરળ છે, પણ જાતે આચરણ કરવાનું આવે ત્યારે ધોળે દિવસે તારા દેખાય. આથી જ કહેવાયું છે :

पर–उपदेश–कुशल बहुतेरे । जे आचरहिं ते नर न घने रे ।"

આવી બોલાચાલી થઈ રહી હતી ત્યાં વેશ્યાએ મોકલેલી દાસી નંદીષેણને બોલાવવા આવી. દાસીએ નંદીષેણને કહ્યું. "ભોજન ઠંડું થાય છે; જલદી પધારો." પણ નદીષેણે 'હમણાં આવું છું' એમ કહીને દાસીને પાછી વાળી, ફરી દસમા માણસને સમજાવવા લાગી ગયો.

એણે કહ્યું, "અરે ભાઈ, મારા કોઈ મોહકર્મના ઉદયને કારણે જ જાણવા છતાં આ વેશ્યાની મોહ–જાળમાંથી નીકળી શકતો નથી. તારું હૃદય સરળ છે અને તું ઉચ્ચ કુળનો છે તેથી તું તો છોડી દે."

પેલા માણસે કહ્યું, "હું પણ છોડી શકવા અસમર્થ છું."

વેશ્યાએ બીજી વાર ભોજન બનાવ્યું અને તે પણ ઠંડું થઈ ગયું. આટલો બધો સમય નંદીષેણની રાહ જોતાં જોતાં વેશ્યા થાકી ગઈ. આમ છતાં તે ન આવ્યો. ત્રીજી વખત ભોજન તૈયાર કરીને વેશ્યા પોતે જ નંદીષેણને બોલાવવા ગઈ તો એણે જોયું કે નંદીષેણ જે વ્યક્તિને પ્રતિબોધ આપતો હતો તે સહેજે મચક આપતી નહોતી. એ નદીષેણને કહેતી હતી :

"તું ખુદ પાપની ખીણમાં પડયો છે અને મને એમાંથી બહાર કાઢવા પ્રયત્ન કરે છે? હું એવો ભોટ નથી કે માત્ર તારા કહેવાથી છોડી દઉં."

વેશ્યાથી વધુ વિલંબ સહન ન થયો. એ બોલી, "ભોજન કરવા આવો છો કે નહીં? નહિ તો હાથ પકડીને લઈ જઈશ."

નંદીષેણે કહ્યું, "બસ, હવે થોડી જ વાર છે. આ દસમી વ્યક્તિ પ્રતિબોધ પામે એટલે મારી આજની પ્રતિજ્ઞા પૂરી થઈ જશે અને પછી હું ભોજન કરીશ, પહેલાં નહીં."

દસમી વ્યક્તિ તો મચક આપતી નહોતી. એ તો એક જ રટણ રટતી હતી કે જો વેશ્યાગમન ખરાબ હોય કે પાપ હોય તો તમે પોતે શા માટે એને છોડી દેતા નથી?

નંદીષેણે ફરી સમજાવ્યું, "મારા મોહકર્મનો ઉદય છે."

દસમી વ્યક્તિએ કહ્યું, "તમારી માફક મારા પણ મોહકર્મનો જ ઉદય થઈ રહ્યો છે."

વેશ્યાની ધીરજની સીમા આવી ચૂકી હતી. એણે અકળાઈ આવેશમાં આવીને નંદીષેણને કહ્યું.

"જો દસમી વ્યક્તિ તૈયાર થતી ન હોય અને તમારી પ્રતિજ્ઞા પૂરી થતી ન હોય તો તમે જ દસમી વ્યક્તિ તરીકે સ્વયં પ્રતિબોધિત થઈ જાઓ ને? પ્રતિજ્ઞા પૂરી થશે અને ભોજન ઠંડું નહીં થઈ જાય."

આ શબ્દોએ નંદીષેણના હૃદયમાં ગહન મંથન જગાવ્યું. એની અંતર્દૃષ્ટિ ખૂલી ગઈ અને વિચારવા લાગ્યો:

"ધિક્કાર છે મને! હું કેવો કે સઘળું જાણતો હોવા છતાં આ વેશ્યાની પાછળ મારું સઘળું ચારિત્ર્યધન લૂંટાવી બેઠો. મને કઈ વાતની ખોટ હતી કે જેથી હું સંયમની મસ્તી છોડીને વેશ્યાની મોહજાળમાં ફસાયો. હવે કર્મોના ભરોસે જીવવું એ તો કાયરનું કામ છે. મેં જે કર્મો બાંધ્યાં છે તેને તોડવા શું બીજા કોઈ આવશે? મારે જ મારાં આગળ અને પાછળનાં કર્મબંધન તોડવા માટે કમર કસવી પડશે. હવે મારે જ પ્રતિબદ્ધ થઈને પુનઃ સદાચાર અને સંયમના માર્ગે ચાલવું જોઈએ."

નંદીષેણે તરત જ વેશ્યાની વિદાય લેતાં કહ્યું, "આ હું દશમો વ્યક્તિ પ્રતિબોધિત થઈને જાઉં છું."

નદીષેણને રોકવા માટે વેશ્યાએ ઘણી આજીજી અને વિનવણી કરી, પરંતુ એની એકેય વાત નંદીષેણે કાને ધરી નહીં. અંતે વેશ્યા પણ પ્રતિબોધ પામીને દીક્ષા લેવા તૈયાર થઈ ગઈ.

પોતાનાં સાધુનાં ઉપકરણ વેશ્યાના ઘરમાં જ્યાં રાખ્યાં હતાં તે લઈ લીધાં અને ગુરુદેવની પાસે જઈને પોતાનાં પાપકૃત્યોની આલોચના કરી. પ્રાયશ્ચિત્ત કરી ફરી દીક્ષા ધારણ કરી. કેટલાંક વર્ષો સુધી સંયમનું પાલન કરી અંતે સદ્ગતિ પ્રાપ્ત કરી.

એ સાચું છે કે જેના હૃદયમાં ધર્મ-ભાવનાની નાની શી ચિનગારી હોય તેવો ધર્મકથાકાર ક્વચિત્ ભૂલો પડે, પણ અંતે સાચે રસ્તે આવી જાય છે. નંદીષેણની માફક એ બીજાને પ્રતિબોધ આપ્યા વિના રહી શકતો નથી.

શુદ્ધ ધર્મભાવનાથી કરવામાં આવતી ધર્મકથા અવશ્ય પ્રભાવશાળી હોય છે. ધર્મકથાના ચાર પ્રકાર બતાવ્યા તેમાંથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પાત્રતા અને ક્ષમતા જોઈને કોઈ પણ એક પ્રકારે શ્રોતાઓને માટે ઉપયોગી ધર્મકથા કરવી જોઈએ. સાધુઓ માટે તો ધર્મકથા નિર્જરા (કર્મક્ષય) કરનારી છે. ગૃહસ્થ રોજ સામાયિક આદિ ધર્મક્રિયાઓ કરતી વખતે ધર્મકથાનું અધ્યયન કરે તો એમને માટે એ નિર્જરાનું નહિ તો પણ, પુણ્યનું કારણ જરૂર બનશે.

સ્થળ : જૈનભવન, બીકાનેર
૧૨ ઑગસ્ટ, ૧૯૪૮

□

## તેર

# ધ્યાતા, ધ્યાન અને ધ્યેય

આભ્યંતર-તપનો પાંચમો પ્રકાર છે ધ્યાન. શરીરને ટકાવવા માટે જેટલી જરૂર આહારની હોય છે તેટલી જ જરૂર જીવનની અમૃતમય સાધના માટે ધ્યાનની છે. કોઈ રંગબેરંગી ફૂલોથી હરિયાળા બગીચામાં બેસવાથી તમને કેટલી બધી શાંતિ મળે છે! ઉલ્લાસનો કેવો આનંદમય અનુભવ થાય છે! એમ લાગે કે જાણે સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિથી તમે મુક્ત બની ગયા હો. પરંતુ તમે કોઈ એવી જગ્યાએ જાઓ કે જ્યાં લડાઈ-ઝઘડા થતા હોય, પુષ્કળ શોર-બકોર હોય, કટુ અને કર્કશ અવાજો આવતા હોય, એવા સ્થળે તમને મનની શાંતિ સાંપડશે નહીં. તમારા હૃદયમાંથી શુદ્ધ ચિંતનની સરવાણી પ્રગટશે નહીં. તમારું મન ચિંતામુક્તિનો અનુભવ કરશે નહીં, બલ્કે બેચેની, અકળામણ અને ગભરામણ અનુભવશે.

આવું કેમ થતું હશે ? કારણ એટલું જ કે આ સ્થાન શાંતિને માટે અનુકૂળ નથી. બરાબર આવી જ સ્થિતિ ધ્યાનની છે. જેવું સ્થળ અને વાતાવરણ હોય અને જેવા વાયુમંડળની સંગતિ મનને મળે, એવું જ સુંદર ધ્યાન થાય છે. તમારું મન શુભ વાતાવરણ, શુભ આલંબન અને શુભ ભાવોની સંગિત કરે તો તેને અનુરૂપ બનશે. જો એ અશુભ કે અશુદ્ધ વાતાવરણ, અશુદ્ધ આલંબન અને અશુભ ભાવની સંગતિ કરશે તો એ તેવું જ બનશે.

વ્યવહાર-જગતમાં આપણે જોઈએ છીએ કે ચોર-ડાકુની સોબત કરનાર ધીરે ધીરે એ દૂષિત વાતાવરણના પ્રભાવને કારણે એવું જ જોવા લાગે છે, એવી જ ચેષ્ટા કરે છે અને વખત જતાં એક દિવસ એ ખુદ રીઢો ચોર કે ડાકુ બની જાય છે. આવી રીતે ધર્માત્મા કે સંતપુરુષની સંગતિમાં રહેનાર ધર્મમય વાતાવરણ મેળવીને એવું જ ધ્યાન કરે છે અને સમય જતાં એનો સ્વભાવ અને આદત પણ એવી બની જાય છે. સોની, સુથાર, લુહાર, દરજી, વેપારી આદિની સંગતિ કરનાર કે એવા વાતાવરણમાં જીવનાર એનો પરિવાર કે અન્ય કોઈ વ્યક્તિ એવું જ લક્ષ રાખશે અને એને અનુરૂપ સ્વભાવ કે આદત ધરાવતો થઈ જશે. ધીરે ધીરે એ ખુદ એના જેવો જ બની જશે. આવી રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ તમારું મન જેવા વાતાવરણ, આલંબન અને સંસ્કારોની સંગતિમાં રહેશે તે એવું જ સારું કે નરસું ધ્યાન કરવા માંડશે અને એનો એવો જ સ્વભાવ કે આદત બની જશે.

યોગીરાજ આનંદઘનજીએ એક સુંદર રૂપક દ્વારા ધ્યાનના મર્મને પ્રગટ કર્યો છે. એક ભમરી ઇલિકા(ઇયળ)ને પકડીને પોતાના સ્થાન પર લઈ આવી. એ રોજ ઇલિકાની સામે પોતાનો ગુંજારવ કરતી હતી. ઇલિકા પણ આવું વાતાવરણ મેળવીને અને આવી સંગતિને કારણે એક દિવસ પોતાનું શરીર છોડીને ભમરી બની જાય છે અને એવો જ ગુંજારવ કરવા માંડે છે. આવી રીતે જે વ્યક્તિ જેનું ધ્યાન જે

રૂપે કરે છે તે વ્યક્તિ પણ સતત એ પ્રકારના ધ્યાનના પ્રભાવથી એવી જ બની જાય છે. જો ખરાબ બાબતનું ધ્યાન કરે તો વ્યક્તિ સમય જતાં એક દિવસ એ જ પ્રકારની ખરાબ વ્યક્તિ બની જાય છે. કોઈ મહાપુરુષ કે સજ્જન વ્યક્તિની સજ્જનતાનું ધ્યાન કરે તો ધીરે ધીરે એ વ્યક્તિ પણ એવી જ સારી વ્યક્તિ બની જાય છે. એની આદત, સંસ્કાર, સ્વભાવ આદિ સજ્જન વ્યક્તિને અનુરૂપ બની જશે. આથી જ ધ્યાનનું જીવનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

'હનુમન્નાટકમ્'માં રામ અને સીતાનો એક સુંદર પ્રસંગ મળે છે. સીતાનું અપહરણ કરીને રાવણ એને લંકા નગરીમાં લાવ્યો છે અને અશોકવાટિકામાં એને રાખી છે. સીતાની સેવામાં રાક્ષસ જાતિની ઘણી સ્ત્રીઓ રાખવામાં આવી. એમાં એક સુરમા નામની સેવિકા પણ હતી. રામના વિયોગને કારણે સીતા પરોક્ષ રીતે રામનું નિરંતર ધ્યાન કરતી હતી.

એક દિવસ સીતાએ સુરમાને કહ્યું, "અરે ! જો તો ખરી, રામના ધ્યાનમાં હું સતત ડૂબેલી હોવાથી મને રામત્વ પ્રાપ્ત થઈ ગયું છે. હું રામ થઈ રહી છું."

ત્યારે સુરમાએ ઉત્તર આપ્યો, "એમાં ચિંતાની શી વાત છે ? તમારું ધ્યાન કરતાં રામે સ્ત્રીત્વ પ્રાપ્ત કર્યું છે અને તેઓ સીતા થઈ રહ્યા છે."

ધ્યાનનો કેવો અદ્ભુત પ્રભાવ છે !

## ધ્યાનનું લક્ષણ

ધ્યાનનો સામાન્ય અર્થ છે ચિંતન કરવું. 'ध्यै' ધાતુમાંથી ધ્યાન શબ્દ આવ્યો છે. 'ध्यै चिंतायाम्' એમ કહેવામાં આવે છે, પરંતુ આ ચિંતન સારું પણ હોઈ શકે અને નરસું પણ હોઈ શકે. અધમ વિચારણા આત્માને બરબાદ કરે છે, એનાથી દુર્ગતિ થાય છે અને મનુષ્યને પતન ભણી લઈ જાય છે, તો શુભ કે શુદ્ધ ચિંતન મનુષ્યને

ઉત્થાનપથગામી બનાવે છે. આનાથી આત્મા ધીરે ધીરે કર્મોનો ક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે અને મુક્ત થાય છે.

જૈનાચાર્યોએ ધ્યાનનું લક્ષણ આપતાં કહ્યું છે કે કોઈ પણ એક બાબતનું અંતર્મુહૂર્ત સુધી ચિંતન કરવું, કારણ કે અંતર્મુહૂર્તથી વધુ સમય કોઈ એક વસ્તુમાં ચિત્તને સ્થિર રાખવું મુશ્કેલ છે. આથી કહેવાયું છે,

"अन्तर्मुहूर्तमात्रं यदेकाग्रचित्ततान्वितम् ।
तद्ध्यानं चिरकालीनां कर्मणां क्षयकारणम् ॥"

"અંતર્મુહૂર્ત[1] સુધી કોઈ વસ્તુમાં ચિત્તની એકાગ્રતા થવી તે ધ્યાન છે. એ (શુભ ધ્યાન) ઘણા સમયથી બાંધેલા કર્મોનો ક્ષય કરવાનું કારણ બને છે. પતંજલિના 'યોગદર્શન'માં પણ આ જ આશય નજરમાં રાખીને એનું લક્ષણ દર્શાવવામાં આવ્યું છે.

"तत्प्रत्येकतानता ध्यानम् ।"

તે (મનોનીત) વસ્તુ પ્રત્યે એકલીન થઈ જવું તે ધ્યાન છે.

આ દૃષ્ટિએ ધ્યાન અને ભાવધર્મમાં ભેદ છે. ધ્યાનમાં વ્યક્તિ કોઈ એક વસ્તુના સ્વરૂપનું ચિંતન કરવામાં એકાગ્ર બની જાય છે, જ્યારે ભાવધર્મમાં વસ્તુ, પરિસ્થિતિ, સંયોગ અને નિમિત્તોને જોઈને અથવા પ્રાપ્ત કરીને સારી પરિણતિ કરવામાં આવે છે, સારા વિચાર કરવામાં આવે છે. ધ્યાનમાં એ બાબત સામે હોય પણ ખરી અને ન પણ હોય. સામાન્ય રીતે તો ધ્યાનમાં વસ્તુ પ્રત્યક્ષ હોતી નથી. વળી કોઈ પરિસ્થિતિ, સંયોગ કે નિમિત્ત તો સહેજે સામે હોતું નથી. આમાં તો પોતાના જ વિચારને અનુકૂળ ધ્યાતાએ એ વસ્તુના સ્વભાવસ્વરૂપ પ્રભાવ આદિનું મનમાં વિશ્લેષણ કરવું પડે છે. ભાવધર્મથી એ વસ્તુ અથવા પરિસ્થિતિ પર તાત્કાલિક શુભ–અશુભ, હિત–

---

૧. ધ્યાનનું આ લક્ષણ છદ્મસ્થ દૃષ્ટિએ આપવામાં આવ્યું છે. કેવળીનું ધ્યાન તો યોગો(મન, વચન અને કાયાના વ્યાપારો)ના વિરોધ રૂપે છે જે એક જ પ્રકારનું હોય છે અને તેમાં કોઈ ભેદ–પ્રભેદ હોતો નથી.

અહિત કે ધર્મ-અધર્મનો વિચાર કરવો પડે છે અને શુભ, હિત અને ધર્મ તરફ મનને વાળવું પડે છે.

બીજી બાજુ ધ્યાનમાં મનોનીત વસ્તુનાં બધાં પાસાંઓનું બારીકાઈથી વિશ્લેષણ કરીને પોતાના મનને શુભ, હિતકર અથવા ધર્મયુક્ત ભાવોમાં સ્થિર રાખવાનો પ્રયાસ કરવાનો હોય છે. ધ્યાન શુભ-ભાવોમાં મનને સ્થિર રાખવાનું કારણ છે, જ્યારે શુભ ભાવધર્મ એને જીવનમાં કાર્યાન્વિત કરે છે એટલે એ કાર્ય છે. બંને એકબીજાનાં પૂરક છે.

## ધ્યાનનું માહાત્મ્ય

જીવનને અંતર્મુખી બનાવવા માટે અને આત્મા પર લાગેલાં કર્મનાં આવરણોને દૂર કરવા માટે ધ્યાન ઉત્તમ સાધન છે. કર્મોની નિર્જરા માટે બાહ્ય તપની તુલનામાં આભ્યંતર તપ શ્રેષ્ઠ છે અને આભ્યંતર તપમાં પણ સર્વશ્રેષ્ઠ ધ્યાન-તપ છે. આમ કહેવાનો અર્થ એટલો જ કે કોઈ વ્યક્તિ જુદા જુદા પ્રકારની ઘણી કઠોર તપશ્ચર્યા કરે, પણ એને સિદ્ધિ કે મુક્તિ ત્યારે જ સાંપડે કે એ શુકલધ્યાન-રૂપ તપ કરે. આથી કહેવાયું છે :

> "सिद्धाः सिध्यन्ति सेत्स्यन्ति यावन्तः केऽपि मानवाः ।
> ध्यानतपोबलेनैव ते सर्वेऽपि शुभाशयाः ॥"

"જે કોઈ શુભાશયવાળા માનવીઓ સિદ્ધ થયા છે, સિદ્ધ થાય છે અને ભવિષ્યમાં સિદ્ધ (મુક્ત) થવાના છે એ બધા જ ધ્યાન-તપના બળથી જ મુક્તિ પ્રાપ્ત કરે છે."

આ બાબતમાં મરુદેવી માતા અને ભરત ચક્રવર્તીનું જ્વલંત ઉદાહરણ મળે છે. બંનેએ બાહ્ય તપ કર્યું નહોતું. શ્રાવક કે સાધુનું વ્રત ધારણ કર્યું નહોતું. ક્રિયાકાંડ કર્યા નહોતા તેમ છતાં શુભ ધ્યાનના પ્રભાવથી એકને હાથીની અંબાડી પર બેઠા બેઠા મુક્તિ પ્રાપ્ત થઈ અને બીજાને શીશમહેલમાં ઊભા ઊભા કેવળજ્ઞાન અને મોક્ષ-પ્રાપ્તિ થઈ.

અહીં જે ધ્યાનથી કર્મક્ષય અને મોક્ષની વાત કહેવામાં આવી છે એ પ્રશસ્ત ધ્યાન શુભ ધ્યાન છે. મોક્ષની સાધના માટે એ ઇષ્ટ છે. જો ધ્યાન માત્રથી જ કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થાય તો ભરત ચક્રવર્તીની માફક તમે પણ અરીસાની સામે રોજ ઊભા રહીને પોતાના શરીરને સજાવવાનું-શણગારવાનું કામ એક-ધ્યાનથી પ્રતિદિન કરો છો, તો પછી એ ધ્યાનથી તમને કેવળજ્ઞાન કેમ ન થાય ? હાથીની અંબાડી પર તો શું, પણ એથીયે આગળ વધીને મોટરની સીટ પર સંપન્ન મહિલાઓ રોજ બેસતી હોય છે અને ફરવા જતી હોય છે. એના મનમાં સુખનું પ્રચુર સાધન પામવાનું ધ્યાન ચાલતું હોય છે તો પછી એમને કેવળજ્ઞાન કે મોક્ષ કેમ નહીં ? પરંતુ શુભ ધ્યાનની ધૂણી ધખાવ્યા વિના કેવળજ્ઞાન કે મોક્ષ અથવા કશુંય સંભવ નથી. કોઈ વ્યક્તિ યેનકેન પ્રકારેણ ધન ભેગું કરતી હોય, બીજાની થાપણ પચાવી પાડતી હોય, પોતાની પાસેનાં સુખ-સુવિધાનાં સાધનો વધારવા માગતી હોય તો રાત-દિવસ એનું ધ્યાન ધન, બજારના ભાવ અને સુખ-સાધનની પાછળ હોય છે. આવી જ રીતે કેટલીક વ્યક્તિઓ પ્રિય વસ્તુના વિયોગ અને અપ્રિય વસ્તુના સંયોગને કારણે રડતી અને કકળતી હોય છે. એનું ધ્યાન એ ચિંતા અને શોકથી સંતપ્ત હોય છે. આવી વ્યક્તિઓ એકાદ કલાક ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા આવે, મંદિરમાં માત્ર પૂજા-પાઠ કરે, કોઈ દિવસ આયંબિલ જેવું તપ કરે અને એમ કરતાં ક્યાંક બેઠી હોય કે ઊભી હોય તો કેવળ-જ્ઞાન કે મોક્ષ ક્યાંથી સાંપડે ? આથી ધ્યાન-તપની પહેલી શરત એ છે કે તે શુદ્ધ ધર્મ (અહિંસા, સત્ય, ન્યાય આદિ)ને અનુરૂપ હોય અથવા તો ધર્મથી પણ વિશેષ આગળ જઈને આત્મા પર લાદેલાં કષાય, વિષયવાસના અને તેમાંથી જન્મેલાં કર્મનાં આવરણોને દૂર કરવાં જરૂરી છે. વળી આત્માને શુદ્ધ ભાવમાં એટલે કે પોતાના સ્વરૂપમાં સ્થિર રાખવાનો અભ્યાસ કરવો કે જે મોક્ષને અનુરૂપ હોય. બીજી શરત એ છે કે રોજ શુદ્ધ વાતાવરણ, શુભ સંગતિ, શુભ ભાવના અને સહિષ્ણુતા આદિ હોય. ત્રીજી શરત એ છે કે જીવનમાં પોતાની

ભૂમિકાને અનુરૂપ વ્રત-નિયમ આદિનું પાલન થતું હોય.

આવું હોય તો જ તમારું ધ્યાન તપની કોટિમાં આવી શકે, અન્યથા એ તપ નહીં પણ તાપ થઈ જાય. પોતાનાં મન, ઇન્દ્રિય અને શરીરને ખોટી રીતે આધિ, વ્યાધિ અને ઉપાધિની ભઠ્ઠીમાં જે તપાવતો રહે છે તેને માટે મોક્ષ તો દૂર રહ્યું, બલ્કે એ સાંસારિક સુખ પણ મેળવી શકતો નથી. આવા દુર્ધ્યાની રાત-દિવસ ચિંતાની આગમાં સળગતા રહે છે, વિષયવાસનાઓ અને કષાયોના દાવાનળથી દાઝતા રહે છે. એમને શુદ્ધ, શીતળ અને મધુર જલ સમાન પરમ શાંતિદાયક ધર્મધ્યાન અને શુકલ ધ્યાનરૂપી જળ જડતું કે મળતું નથી. તમારે માટે આવી શાંતિ, નિશ્ચિંતતા અને સુખનું વાતાવરણ છે, પરંતુ એને મેળવવા જે તપસ્યા જરૂરી છે તેનાથી ઘણાં દૂર ભાગો છો. તમે તો શું પણ પોતાને મોટા સાધુ કે તપસ્વી તરીકે ઓળખાવનારાઓ પણ એને પ્રાપ્ત કરવા માટે એવું તપ કરી શકતા નથી. આ કારણે જ અપ્રશસ્ત કે ખોટું ધ્યાન તપ બનતું નથી.

મનુષ્યનું મન તો કંઈક ને કંઈક ચિંતન કરતું જ રહે છે. એને કશુંય ચિંતન કર્યા વિના ગાંઠ મારીને રાખી શકાય નહીં. મન તો પોતાના સ્વભાવ પ્રમાણે સારો કે ખરાબ કોઈ ને કોઈ વિચાર તો કરશે જ. તમે મનને સારા વિચારોમાં કે શુભ ચિંતનમાં નહીં જોતરો તો એ અશુભ ચિંતનમાં લાગી જશે. મન એ નહીં વિચારે કે આ સાધુ છે કે આ ગૃહસ્થ છે. આથી પોતાના મનને મલિન વિચારો, અશુભ ચિંતન અને અપ્રશસ્ત તરફ લઈ જનાર પોતાના જ હાથે પોતાના આત્માની ઘોર ખોદે છે અને જાતે જ પોતાના પગ પર કુહાડી મારે છે.

### ધ્યાનનાં બે રૂપ

મહાપુરુષોએ ધ્યાનનાં બે રૂપ દર્શાવ્યાં છે-એક, અપ્રશસ્ત એટલે કે અશુભ ધ્યાન અને બીજું, પ્રશસ્ત એટલે કે શુભ ધ્યાન. અપ્રશસ્ત ધ્યાન ત્યાજ્ય છે અને પ્રશસ્ત ધ્યાન ગ્રાહ્ય છે. કોઈ કહે કે અપ્રશસ્ત ધ્યાન ખરાબ અને ત્યજવાયોગ્ય હોય તો પછી શાસ્ત્રોમાં કે તપના

ભેદમાં એને કેમ સ્થાન આપવામાં આવ્યું છે? મારી દૃષ્ટિએ અશુભ ધ્યાનથી બચવા, એનાથી સાવધ રહેવા અને એને છોડવાની દૃષ્ટિએ જ શાસ્ત્રોમાં એને સ્થાન આપવામાં આવ્યું છે અને એનું વર્ણન કરવામાં આવ્યું છે. આનો અર્થ એ કે અપ્રશસ્ત ધ્યાનનો ત્યાગ કરવો અને મનને સતત એવા ધ્યાનથી દૂર રાખવું. અપ્રશસ્ત ધ્યાનથી મનને દૂર રાખવાનું સતત ધ્યાન કરવું તેને તપની કોટિમાં ગણવામાં આવે છે. શુભ ધ્યાનમાં પ્રવૃત્ત થવા માટે અશુભ ધ્યાનથી નિવૃત્ત થવું જરૂરી છે. ખેડૂત જે જમીનમાં બી વાવવા માગે છે ત્યાં પહેલાં એ જમીન પરનાં કાંટા, ઝાડ, ઝાંખરાં, કાંકરા વગેરે દૂર કરીને જમીનને સાફ કરે છે. પછી જમીનને સમતલ બનાવે છે અને ત્યાર બાદ હળ ચલાવીને બીજ વાવે છે. આવું કરે તો જ એને મબલખ પાક મળે છે. આવી રીતે મુમુક્ષુએ પણ પોતાની હૃદયભૂમિ પરથી અપ્રશસ્ત ધ્યાનના કાંકરા, કંટક અને ઊગેલાં ઝાડીઝાંખરાંને બહાર કાઢીને ફેંકી દેવાં જોઈએ. હૃદયભૂમિને નમ્ર અને સમ બનાવવી જોઈએ. તો જ એના પર પ્રશસ્ત ધ્યાનનું બીજ વાવી શકાય. આમ થાય તો જ મોક્ષનો સુંદર પાક પ્રાપ્ત થાય. આ દૃષ્ટિએ અશુભ ધ્યાનને અળગું કરવું શુભ ધ્યાનને માટે જરૂરી છે. આ કારણે અશુભ ધ્યાનને અને એના ત્યાગને શાસ્ત્રમાં અને તપમાં સ્થાન આપવામાં આવ્યું છે.

### ધ્યાનના ચાર પ્રકાર

ધ્યાનનાં આ બંને રૂપોના બે-બે ભેદ છે. આમ કુલ ચાર ભેદ થાય : (૧) આર્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન અને, (૪) શુક્લધ્યાન. આમાં પ્રથમ બે ધ્યાન અશુભ છે અને બાકીનાં બે ધ્યાન શુભ છે.

### ૧. આર્ત ધ્યાન

આર્તધ્યાન એને કહીએ છીએ કે જે આર્ત એટલે કે દુઃખ અને પીડાને કારણે અથવા તો કોઈ પણ પ્રકારના દુઃખ અને પીડાને સમયે થાય તે આર્તધ્યાન કહેવાય છે. આને દુઃખી પ્રાણીનું ધ્યાન પણ કહી શકીએ. શરીરમાં કોઈ રોગ હોય, કોઈ પીડા થતી હોય, મનમાં

કોઈ ચિંતા હોય પછી તે ધનની ચોરી થવાથી થયેલી હોય કે પુત્રના વિયોગથી થયેલી હોય, કોઈ ખરાબ વસ્તુ અથવા ખરાબ નિમિત્ત મળવાથી હોય અથવા નિર્ધનતાની હોય, સાંસારિક સુખના અભાવની હોય, કોઈ વસ્તુ કે વ્યક્તિને કારણે દુઃખ થતું હોય, શોક થતો હોય, હાયવોય મચી ગઈ હોય, રડવા-કૂટવાનું થતું હોય-આ બધી બાબતોમાંની કોઈ પણ બાબતનું ચિંતન એ આર્તધ્યાન કહેવાય છે.

સામાન્ય રીતે આ પ્રકારનું ધ્યાન અણગમતી વ્યક્તિ કે વસ્તુનો સંયોગ અથવા તો મનપસંદ વ્યક્તિ, પરિસ્થિતિ કે પદાર્થનો વિયોગ હોય તો થાય છે. ચિત્તની આવી વ્યાકુળતા આંખોમાં આંસુ રૂપે, વાણીથી વિલાપ, રોકકળ અને કલેશ રૂપે કે પછી વેદનાભર્યાં વચનો દ્વારા પ્રગટ થાય છે. આવાં બાહ્ય ચિહ્નો એ જ વ્યક્તિના આર્તધ્યાનનાં પરિચાયક છે. આર્તધ્યાનવશ માનવી ગળામાં ફાંસો લગાવીને, ઝેર ખાઈને, પાણીમાં ડૂબી જઈને કે આગથી સળગી જઈને આત્મહત્યા કરે છે. શયન, આસન, સવારી, સ્ત્રી, પુત્ર, સુગંધિત પદાર્થ, માળા, મણિ, રત્ન, આભૂષણ આદિની ઉત્કટ લાલસા કે સત્તાપ્રાપ્તિની ઝંખના પણ ક્યારેક આર્તધ્યાનનું કારણ બને છે. આવા ધ્યાનની અસર અનુભવતો મનુષ્ય દીન-હીન અને સાંસારિક બાબતોનો ગુલામ બની જાય છે. પોતાનું આત્મબળ ખોઈ નાખે છે અને આત્મવિશ્વાસ ગુમાવીને પરાશ્રિત બની જાય છે.

ઉત્કટ આર્તધ્યાનની અસરને કારણે મનુષ્ય નરક-તિર્યંચ આદિ દુર્ગતિ પામે છે અને ત્યાં પણ એને અનેક પ્રકારનાં દુઃખ ભોગવવાં પડે છે. એને અહીં શાંતિ મળતી નથી અને ત્યાં પણ મળતી નથી; અહીં પણ એ કર્મોનો પુંજ એકઠો કરે છે અને ત્યાં પણ; આર્તધ્યાની જીવ ન અહીંયાં ધર્માચરણ કરીને કર્મક્ષય કરી શકે છે કે ન તો ત્યાં કરી શકે છે. આનો અર્થ એટલો કે આર્તધ્યાન એટલે અસંખ્ય દુઃખોને નોતરું આપીને બોલાવવાં.

ચક્રવર્તીની રાણી શ્રીદેવી પતિવિયોગમાં છ મહિના સુધી રુદન, વિલાપ અને આક્રંદ કરે છે. આ આર્તધ્યાનના પ્રભાવને કારણે એ

મૃત્યુ પામીને છઠ્ઠા નરકમાં જાય છે.

મેં તો સાંભળ્યું છે કે અહીં સ્વજનના વિયોગ પછી મહિનાઓ સુધી રોવા-કૂટવાનું ચાલે છે. બીજાં તો ઠીક, પરંતુ ધર્મને જાણનારી બહેનો પણ આવા રુદનમાં સામેલ થાય છે. કોઈ વિધવા બહેન પતિવિયોગ થવા છતાં રડે નહીં અથવા તો પ્રણાલિકા મુજબ રુદનમંત્રનું ઉચ્ચારણ કરે નહીં તો આવી ધર્મની જાણકાર બહેનો એની આલોચના અને નિંદા કરવા લાગે છે અને સમાજમાં એને બદનામ કરે છે. આ આર્તધ્યાનને વધારવાની વાત નથી, તો બીજું શું છે? ધર્મશીલ બહેનોએ પોતે આનાથી બચવું જોઈએ અને જે બહેનો આર્તધ્યાન છોડતી હોય તેને પ્રોત્સાહન તથા સાથ આપવો જોઈએ.

### ૨. રૌદ્રધ્યાન

હિંસા, અસત્ય, ચોરી, ધન કે સુખ-સાધનોની રક્ષામાં મન લીન રહે તેને રૌદ્રધ્યાન કહે છે અથવા તો મનમાં હિંસાદિ વિષયનાં અતિ ક્રૂર પરિણામ આવે તે પણ રૌદ્રધ્યાન કહેવાય છે. જીવહિંસા કરવાનો, કોઈને લૂંટવાનો કે ઠગવાનો, ક્યાંક ધાડ પાડવાનો અથવા તો બીજાના હક્કની વસ્તુ છીનવી લેવાનો કે એના પર કબ્જો જમાવી દેવાનો અથવા તો અધિકમાં અધિક સુખસામગ્રી ભેગી કરવાનો કે પછી અન્યાય, અત્યાચાર, બેઈમાની આદિમાં સામેલ થવાનો અથવા તો પ્રાપ્ત થયેલી સામગ્રી ચિરકાળ સુધી પોતાની પાસે રહે તેવી યોજના કરવાનો વિચાર મનમાં ચાલતો હોય અને એ જ વિચારોની જાળમાં વ્યક્તિ સતત બંધાયેલી રહે તે રૌદ્રધ્યાન છે. હિંસામાં રમમાણ રહેવાના કે પ્રાણીઓને રડાવવાના, પીડા આપવાના કે દુઃખી કરવાના વિચારોમાં સતત ઓતપ્રોત રહેવું તે રૌદ્રધ્યાન છે.

આવો રૌદ્રધ્યાની અત્યંત ક્રૂર, કઠોર અને સંક્લિષ્ટ પરિણામવાળો હોય છે. બીજાને દુઃખી જોઈને એ આનંદ પામે છે. પોતાનાં દુષ્કર્મોનો એના મનને પસ્તાવો થતો નથી. પાપાચાર કરવા છતાં પણ મનમાં ખુશ રહે છે. અન્યનું છેદન કે ભેદન કરવામાં, એને મારપીટ

કરવામાં, એના પર પ્રહાર કરવામાં કે એની હત્યા કરવામાં આવી વ્યક્તિને ઘણી પ્રસન્નતા થાય છે. એનામાં અનુકંપાનું એક ટીપુંય હોતું નથી. આવો માણસ માનસિક દુર્ધ્યાન અથવા તો દુર્ભાવ તેમજ ઐહિક અને પારલૌકિક ભય છોડીને હિંસાદિની સતત પ્રવૃત્તિ પ્રગટરૂપે કરતો હોય છે અને આ જ રૌદ્રધ્યાનીનાં બાહ્ય ચિહ્ન છે.

રૌદ્રધ્યાની જીવની નરક સિવાય બીજી કોઈ ગતિ હોતી નથી, કારણ કે એનાં એટલાં ક્રૂર પરિણામ હોય છે કે સ્વયં એનાથી સંકિલષ્ટ રહે છે અને બીજાઓને સંકિલષ્ટ કરે છે. રૌદ્રધ્યાની આ જગતમાં વાસ્તવિક સ્વાધીન સુખ પામતો નથી અને પરલોકમાં પણ એના ભાગ્યમાં દુઃખ ને દુઃખ જ ભોગવવાનું લખેલું હોય છે. કર્મોનું મોટું પોટલું અહીં બાંધે છે અને પરલોકમાં પણ. આનો અર્થ એ છે કે રૌદ્રધ્યાનીને અનેક જન્મો સુધી કર્મક્ષય કરવા અથવા તો આત્માને શુદ્ધ બનાવવા કોઈ નિમિત્ત મળતું નથી. એક જન્મમાં એક વાર કરવામાં આવેલું રૌદ્રધ્યાન અનેક જન્મો સુધી ભયંકર ફળ આપે છે.

શાસ્ત્રોમાં તન્દુલમચ્છનું વર્ણન આવે છે. આ તન્દુલમચ્છ હોય છે તો ચોખાના દાણા જેટલો નાનો મગર, પરંતુ એ પંચેન્દ્રિય અને સંજ્ઞી (સમનસ્ક) હોય છે. કોઈ મોટા મગરમચ્છનાં ભવાં પર બેસી રહે છે. સમુદ્રમાં અનેક માછલીઓ મોટા મગરમચ્છ પાસેથી પસાર થઈને જતી હોય છે અને પેલો મોટો મગરમચ્છ એને ગળી જતો નથી. આવે સમયે તન્દુલમચ્છ બેઠા બેઠા વિચાર કરતો હોય છે કે આ મગરમચ્છ કેટલો બધો આળસુ અને બેદરકાર છે કે જે આ બધી માછલીઓને ઝડપવાને બદલે જવા દે છે. જો મને આના જેટલું મોટું શરીર મળ્યું હોય તો હું એકેય માછલીને જવા ન દઉં, બધી માછલીને ગળી જાઉં.

ચોખાના દાણા જેટલો તન્દુલમચ્છ પોતે એક નાની માછલી કે જલજંતુને ગળી શકતો નથી, કોઈને કશું કરી શકતો નથી, પરંતુ પોતાના આ ક્રૂર ભાવો–રૌદ્ર પરિણામો–રૌદ્ર ધ્યાનને કારણે

મૃત્યુ પામ્યા પછી સાતમા નરકમાં જાય છે અને અનંત વેદના ભોગવે છે. આ છે રૌદ્રધ્યાનનું ફળ.

રોમનો શાસક નીરો અત્યંત ક્રૂર હતો. ક્રૂરતા આચરતી વખતે એ ફિડલ વગાડતો હતો અને આનંદમાં મસ્ત બનીને એ નાચતો હતો. પોતાના સૈનિકો સાથે એ એકવાર ઊંચા પહાડ પર ગયો હતો. મહાવતની બેદરકારીને કારણે એક હાથીનો પગ પહાડ પરથી લપસી ગયો અને હાથી ખાડામાં પડી ગયો. હાથીને ઘણી ઈજા થઈ હતી તેથી એ જોરથી ચિંઘાડતો હતો. હાથીનો આ ચિત્કાર સાંભળીને મહાવત થરથરતો નીરોની પાસે આવીને નમ્રતાપૂર્વક કહેવા લાગ્યો, "સમ્રાટ, મારો ગુનો માફ કરો. મારી ભૂલથી એક હાથી ખાડામાં પડી ગયો છે."

નીરોને હાથીની અંતિમ સમયની વેદનાભરી ચીસો સાંભળીને આનંદ આવતો હતો. તેણે કહ્યું, "તેં તો ઘણું સારું કર્યું. હાથીની ચિંઘાડ મને સ્વર્ગીય આનંદ આપે છે. તારી પાસે જેટલા હાથી હોય તે બધાને એક પછી એક આમ ખાડામાં નાખ. એમની ચિંઘાડ સાંભળીને મારે આનંદ પામવો છે."

મહાવતે સમ્રાટ નીરોને સમજાવવાની ઘણી કોશિશ કરી કે આ હાથીઓ બિચારા કારણ વિના કમોતે મરશે. સુંદર, શક્તિશાળી હાથીઓને આ રીતે ખાડામાં ધકેલી દેવાથી શું મળે? મહાવતની એક પણ વાત નીરોએ સાંભળી નહીં. એમ કહેવાય છે કે એક પછી એક લગભગ એકસો હાથીઓને ઊંડા ખાડામાં પાડી દેવામાં આવ્યા અને નીરોને એમનું જીવલેણ આક્રંદ સાંભળીને અપૂર્વ આનંદ આવ્યો. મનુષ્યની માનવતા રડી પડે તેવી આ ક્રૂરતા એ રૌદ્રધ્યાનનું જ પરિણામ છે.

### ૩. ધર્મધ્યાન

અહિંસા, સત્ય, અસ્તેય, ન્યાય, નીતિ, ઈમાનદારી, બ્રહ્મચર્ય, અપરિગ્રહવૃત્તિ આદિ, ચારિત્ર્યધર્મ અને ધર્મ-અધર્મનો વિવેક કરાવનાર

શાસ્ત્રજ્ઞાનમય શ્રુતધર્મનું અથવા શુદ્ધ ધર્મનું પાલન; એ પાલનમાં આવતાં ભય, પ્રલોભન, મુશ્કેલીઓ આદિ સામેની દૃઢતા તથા ધર્માચરણમાં પુરુષાર્થ કરવાના પ્રયત્નોનું ચિંતન કરવું એ ધર્મધ્યાન છે. સૂત્રાર્થની આરાધના કરવી, મહાવ્રત અથવા અણુવ્રતો ધારણ કરવાં તેમજ બંધ-મોક્ષ કે ગતિ-આગતિ(આવાગમન)નાં કારણો વિશે ઊંડાણથી ચિંતન કરવું એ ધર્મધ્યાન છે. પાંચેય ઇન્દ્રિયોને વિષયોમાંથી નિવૃત્ત કરવી અને પ્રાણીઓ પ્રત્યેના દયાભાવમાં મનને એકાગ્ર કરવું એ ધર્મધ્યાન છે અથવા તો આત્માનું સ્વરૂપ તથા આજ્ઞાદિ પદાર્થોનું સ્વરૂપ તેમજ નવ તત્ત્વોનું સ્વરૂપ ધર્મ છે એની વિચારણામાં મનને એકાગ્ર કરવું એ ધર્મધ્યાન છે. વળી, તીર્થંકર પ્રભુ તથા સાધુઓનો ગુણાનુવાદ કરનાર, એમની પ્રશંસા, સેવા અને ભક્તિ કરનાર, વિનીત, શ્રુત, શીલસંયમમાં અનુરક્ત આત્મા ધર્મધ્યાની છે. એનું ધર્મમાં રહેલું ધ્યાન એ ધર્મધ્યાન કહેવાય છે.

આનંદ શ્રાવક ધર્મધ્યાની હતો. એવી જ રીતે અર્હન્નક શ્રાવક ધર્મધ્યાની હતો. દેવતાઓએ એને ચળાવવા પ્રયત્ન કર્યો તોપણ ડગ્યા વિના ધર્મ પર દૃઢ રહ્યો. દેવતાઓએ એના સાથીજનોને વિચલિત કરવા કેટલાય પ્રયત્નો કર્યા, પરંતુ તેઓ ફાવ્યા નહીં. અર્હન્નકે એમને પણ સમજાવીને ધર્મમાં દૃઢ કર્યા હતા. આખરે દેવતાઓને હાર માનીને નતમસ્તકે વિદાય લઈ ચાલ્યા જવું પડ્યું.

### ૪. શુક્લધ્યાન

જે ધ્યાનમાં કોઈ બીજાનું આલંબન લીધા વગર કેવળ શુક્લ, નિર્મળ આત્મસ્વરૂપનું જ તન્મયતાપૂર્વક ચિંતન કરવામાં આવે છે તેને શુક્લધ્યાન કહેવામાં આવે છે અથવા આત્માને શુદ્ધ અને પવિત્ર કરનારું ધ્યાન તે શુક્લધ્યાન. જે ધ્યાનથી આત્માના બધા જ શોક દૂર થઈ જાય તે શુક્લધ્યાન છે. પૂર્વવિષયક શ્રુતજ્ઞાનના આધારથી મનની સ્થિરતા અને યોગો(મન, વચન અને કાયાના વ્યાપારો)નો નિરોધ પણ શુક્લધ્યાન છે.

આ શુક્લધ્યાન એટલે જીવનના સર્વોચ્ચ આનંદનું શિખર.

અહીં પહોંચ્યા પછી આત્મા પોતાના સ્વરૂપની મસ્તીમાં તન્મયતાપૂર્વક ડોલતો ડોલતો પોતાના જ્ઞાનની સાથે એકાત્મભૂત થઈ જાય છે. શુકલધ્યાન સિદ્ધ થઈ જાય તો ધ્યાતા, ધ્યેય અને ધ્યાન–ત્રણેયનું તાદાત્મ્ય સર્જાય છે. આથી જ કહેવાયું છે:

"ध्याता, ध्यानं तथा ध्येयमेकतावगतं त्रयम् ।
तस्य ह्यनन्यचित्तस्य सर्वदुःखक्षयो भवेत् ॥"

"ધ્યાતા, ધ્યાન અને ધ્યેય–ત્રણેયની એકતા પ્રાપ્ત થાય છે ત્યારે એ વિશુદ્ધ આત્મામાં અનન્ય ચિત્ત ધરાવતા સાધકનાં સઘળાં દુઃખોનો ક્ષય થઈ જાય છે."

જ્યારે સાધક સમ્યક્ પ્રકારથી ધ્યાનનો અભ્યાસી થઈ જાય છે ત્યારે ચિરકાળથી સંચિત થયેલાં કર્મોને પણ તત્કાળ નષ્ટ કરે છે. આ વિષયમાં ભાષ્યકાર કહે છે:

"जह चिरसंचिअमिंधणमणलो य पवणसहिओ दुअं डहइ ।
तह कम्मिंधणममिअं खणेण झाणाणलो डहई ॥

"જે રીતે ચિરકાળથી એકઠા કરેલા ઇંધનને પવનના ઝપાટા સાથેનો અગ્નિ થોડીક ક્ષણોમાં બાળી નાખે છે એ જ રીતે અપરિમિત કર્મરૂપી ઇંધનને ધ્યાન રૂપી અગ્નિ પણ ક્ષણભરમાં બાળીને ભસ્મ કરી નાખે છે.

"अहवा घणसंघाया खणेण पवणाहया विलिज्जंति
झाणपवणापहया तह कम्मघणा विलिज्जंति ॥"

"અથવા જેવી રીતે હવાના સપાટાથી વાદળોનો સમૂહ ક્ષણભરમાં વેરવિખેર થઈ જાય છે તે જ રીતે ધ્યાનરૂપી હવાથી કર્મરૂપી વાદળ થોડી જ ક્ષણોમાં વિલય પામે છે."

## ધ્યાનતપની વિશેષ શક્તિ

કેટલાક લોકો એમ કહે છે કે વાતાવરણ, સમાગમ કે નિમિત્ત જેવું મળે છે તેવું જ ધ્યાન થઈ જાય છે. આનો અર્થ એ થયો કે મનુષ્ય નિમિત્ત, પરિસ્થિતિ કે વાતાવરણની કઠપૂતળી જેવો છે. પરંતુ

ધ્યાનતપમાં એક વિશિષ્ટ શક્તિ છે. એ અશુભમાં અશુભ નિમિત્તને શુભમાં પરિણત કરી આપે છે, અશુભ પરિસ્થિતિમાં પણ શુભ પરિસ્થિતિ જેવો આનંદ આપે છે તેમજ ખરાબ વાતાવરણમાં પણ સારા સંયોગોનું અમૃત વરસાવે છે. આનો અર્થ એ કે ધ્યાનનો પ્રબળ અભ્યાસી પરિસ્થિતિ, નિમિત્ત કે વાતાવરણની પાછળ ચાલવાને બદલે એ બધાને પોતાની પાછળ ચલાવે છે. વળી ધ્યાન પોતે જ સ્વયં એક એવી સંગતિ, વાતાવરણ કે નિમિત્ત છે કે જેમાં મનુષ્ય પોતે આત્મવિભોર બનીને બાહ્ય વાતાવરણ, પરિસ્થિતિ, સંગતિ કે નિમિત્ત તરફ નજર પણ માંડતો નથી. આથી જ કહ્યું છે:

"अप्रशस्तकारणानि स्युः शुभानि ध्यानयोगतः ।
अर्हाण्यपि तान्येव अनर्हध्यानपुष्टितः ॥१॥"
"अप्रशस्तनिमित्तानि शुभानि ध्यानशुद्धितः ।
तद्रूपाणि भवन्त्येव अशुभाश्रवसंश्रयात् ॥२॥"

"શુભ ધ્યાનના યોગથી અપ્રશસ્ત કારણ પણ શુભ બની જાય છે, અશુભ ધ્યાનના યોગથી શુભ કારણ પણ અશુભ બને છે. ધ્યાનની શુદ્ધતાથી અપ્રશસ્ત નિમિત્ત પણ શુભ બને છે અને અશુભ આશ્રવનો આશ્રય લેવાથી શુભ કારણ પણ અશુભ બને છે."

આથી ધ્યાનની શુદ્ધતાનો અભ્યાસ રોજેરોજ કરવો જોઈએ. એ જ જીવનને શુદ્ધ અને નિષ્કલંક બનાવીને મોક્ષમાં બિરાજમાન કરશે.

સ્થળ : જૈનભવન, બીકાનેર
૧૩ ઑગસ્ટ, ૧૯૪૮.

□

## ચૌદ

# ધ્યાન-સાધના

આધ્યાત્મિક સાધનાનું અંતિમ શિખર છે ધ્યાન. એના પર આરોહણ કરીને સાધક મુક્તિના શિખરે પહોંચી શકે છે. ધ્યાન-સાધના અન્ય સાધના જેવી સરળ નથી, કારણ કે સામાન્ય માનવીનું ધ્યાન મોટેભાગે સાંસારિક વસ્તુઓમાં અધિક ડૂબેલું હોવાથી તેઓ વિશેષતઃ આર્તધ્યાની જ હોય છે. એના પછી મળે છે રૌદ્રધ્યાની. જ્યારે ધર્મધ્યાની તો બહુ ઓછા મળે છે અને શુકલધ્યાની તો વિરલ જ.

જેનો માનવી અધિક પરિચય અને સંસર્ગ કરે છે તેનાથી એનામાં એવી જ ભાવના જાગે છે અને તદનુસાર ધ્યાનમાં ડૂબેલો રહે છે. એનો સ્વભાવ, આદત, વૃત્તિઓ અને સંસ્કાર બધું જ એને અનુકૂળ બનાવી દે છે. આ કારણે જ પ્રથમ બે ધ્યાન અર્થાત્ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના

સંપર્ક અને વાતાવરણથી બચવાની વિશેષ જરૂર છે. વળી, ધર્મધ્યાન અને શુકલધ્યાનનાં વાતાવરણ અને સંગતિ પ્રાપ્ત કરવાની એથીય વિશેષ જરૂર રહે છે. ધર્મધ્યાન અથવા શુકલધ્યાનના વાતાવરણને પ્રાપ્ત કરવા માટે કેટલાક એવા આધાર જોઈએ કે જેનાથી એના પર દૃઢતાથી ટકી શકાય. આના અભાવમાં આર્ત–રૌદ્ર ધ્યાનનું અશુભ વાતાવરણ કે સંસર્ગ એને આકર્ષી જશે અને ખૂબ ઝડપથી માનવી એ પ્રવાહમાં વહેવા માંડશે. વિશ્વમાં એટલાં બધાં ભય અને પ્રલોભન છે કે આધ્યાત્મિક યાત્રીને માટે પદેપદે સાવધાની રાખવી આવશ્યક બની જાય છે.

### ચાર પ્રકાર

ધર્મધ્યાનમાં દૃઢતાથી અડગ રહેવું, સતત પોતાની સાધનામાં તલ્લીન રહેવું અને આત્મભાન ચૂકવું નહીં એ બાબતો ઘણી જ આવશ્યક છે. પાતંજલ યોગદર્શનમાં કહ્યું છે,

"स तु दीर्घतर–नैरंतर्य–सत्कारासेवितो दृढभूमिः।"

"લાંબા સમય સુધી નિરંતર આદર(શ્રદ્ધા)પૂર્વક એનું સેવન કરવાથી જ ચિત્તવૃત્તિના નિરોધરૂપ યોગની ભૂમિકા દૃઢ બનશે."

શુભ ધ્યાનસાધના માટે પણ આ જ વાત છે. લાંબા સમય સુધી સતત પ્રગાઢ શ્રદ્ધા અને આદર સાથે આ ધ્યાનમાં તલ્લીન રહેવાથી જ એ દૃઢ બને છે અને ધર્મધ્યાનમાં દૃઢતા અથવા પરિપકવતા આવ્યા પછી જ સાધક શુકલધ્યાનમાં પ્રવેશ કરી શકે છે. શુકલધ્યાનના શિખર પર ચડવા માટે પહેલાં ધર્મધ્યાનનાં સોપાનો પર ચડવું અનિવાર્ય છે. હવે ધર્મધ્યાનની સાધના માટેનાં ચાર સોપાન જોઈએ.

### ૧. આજ્ઞા–વિચય

વિચય એટલે તરંગો. ધ્યાનમાં મનના તરંગો જ વહેતા હોય છે અને મનના તરંગો અનુસાર જ આત્માની ગતિ-મતિ થતી હોય છે. તેથી ધર્મધ્યાનમાં મનના તરંગો ચાર મુખ્ય તરંગોમાં પ્રવાહિત થાય છે. એમાં સર્વપ્રથમ આજ્ઞા–વિચય છે.

પ્રતિક્ષણ વીતરાગ પ્રભુ દ્વારા પ્રતિપાદિત શુદ્ધ વ્યાપક સદ્ધર્મ-(અહિંસા, સત્ય આદિ)ની આજ્ઞાઓનું ચિંતન કરવું તે આજ્ઞા-વિચય

છે. આપ્તપુરુષની આજ્ઞા ક્યારેય અહિતકર હોતી નથી. સદ્ગૃહસ્થના પરિવારમાં માતા-પિતા વગેરે આપ્ત (હિતને જોનારા) પુરુષો પરિવારના હિતની જ વાત કરે છે. ગૃહસ્થના પરિવારમાં તો કવચિત્ સ્વાર્થ કે મોહને વશ થઈ સર્વહિતથી વિપરીત વાત પણ થઈ શકે છે, પરંતુ જે વિશ્વપ્રેમી, પ્રાણીમાત્રના હિતૈષી અને વિશ્વવત્સલ સર્વજ્ઞ વીતરાગ પ્રભુ છે તે તો પરમ આપ્ત છે. એમનો પોતાનો કયો સ્વાર્થ હોય કે તેઓ જગતના જીવોને અહિતકર વાત કહે ? હા, એમ બની શકે કે એને સાંભળનાર એને જુદા રૂપમાં કે વિપરીત રૂપમાં સમજે અથવા તો એનું વિભિન્ન રૂપે કે વિપરીત રૂપે પ્રરૂપણ કરે. પરંતુ એટલું ચોક્કસ છે કે જે મૂળ અને મુખ્ય વાત છે, તેમાં તો સમાનતા જ છે. એમાં કોઈ વિભિન્નતા હોતી નથી.

વીતરાગ પ્રભુ દ્વારા સિદ્ધાંતરૂપી અસલી માલમાં કોઈ ભેળસેળ હોતી નથી, એ નિખાલસ સત્ય હોય છે, સહુને માટે હિતકર અને શુદ્ધ ધર્મથી યુક્ત છે. આથી પરમઆપ્ત વીતરાગ પ્રભુની હિતકારિણી આજ્ઞાઓનું સતત ચિંતન કરવું અને તેના ચિંતનમાં તલ્લીન થઈ જવું તે આજ્ઞા–વિચય છે. આ આજ્ઞાઓ પર માત્ર ચિંતન કરવામાં આવે તો તે શુષ્ક અને નીરસ થઈ જશે તેથી પૂર્ણ શ્રદ્ધા, દૃઢ વિશ્વાસ, પરમ આસ્થા અને પરમ આદરભક્તિથી રસપૂર્વક એનું ચિંતન કરવું જોઈએ. એ ચિંતનનો આવો ક્રમ અપનાવી શકાય.

"વીતરાગ પ્રભુની એ આજ્ઞાઓ અત્યંત ઊંડાણમાં તત્ત્વોનું વિશ્લેષણ કરનારી હોવાથી અતિ કુશળતાભરી છે. આ આજ્ઞાઓ દેશ અને કાળથી અબાધિત એવી સાર્વત્રિક અને સર્વકાલીન સર્વપ્રાણી-હિતકારી હોવાથી શાશ્વત અને સર્વહિતકર છે. વળી, એ આજ્ઞાઓ અનેકાંતવાદના આશ્રયથી કહેલી હોવાથી પ્રત્યેક જીવને પોતપોતાની ભૂમિકાની અપેક્ષાએ બતાવવામાં આવી છે. અનેકાંતનો અનુભવ કરનારી આ આજ્ઞાઓની કિંમત આંકી શકાય તેમ નથી અને તેના અતાગ ઊંડાણને માપી શકાય તેમ નથી. કોઈ પણ હિતૈષી પુરુષ (કોઈ પણ વિશિષ્ટ

ધર્મના સંસ્થાપક)નાં વચનોથી પણ એ ખંડિત થતી નથી, કારણ કે એ આજ્ઞાઓમાં ત્રિકાળનું સત્ય છે. એનો અર્થ ઘણો ગહન અને પ્રભાવ અત્યંત વ્યાપક છે. એમાં પ્રતિપાદિત વિષય પણ ગંભીર છે. એમાં કોઈ પણ પ્રકારની ભેળસેળ કે બનાવટ ન હોવાથી એ દોષ-રહિત છે તેમજ વિવિધ નયો અને પ્રમાણોની (પ્રત્યક્ષાદિ) અપેક્ષાએ કહેવાયેલી છે. આથી આસાનીથી સમજાય તેવી નથી, પરંતુ દૃઢ શ્રદ્ધાપૂર્વક સમજવાનો પ્રયત્ન કરનારને એ સમજાય છે પણ ખરી. અનુભવની આંચમાં તપેલી આ આજ્ઞાઓ છે. જે વ્યક્તિ પૂર્વગ્રહગ્રસ્ત છે અથવા તો અકુશળ છે તેઓને માટે આ ન સમજાય તેવી છે."

આ રીતે વીતરાગ આપ્તપુરુષની આજ્ઞાઓ પર ચિંતન-મનન કરવું જોઈએ, એને સત્ય માનીને એના પર દૃઢ આસ્થા રાખવી જોઈએ અને એમાં પ્રતિપાદિત તત્ત્વોનું ચિંતન-મનન કરવું જોઈએ.

કદાચ પોતાની મંદબુદ્ધિને કારણે વીતરાગ-પ્રતિપાદિત આજ્ઞાઓ અથવા એનું તત્ત્વ સમજાય નહીં અથવા કોઈ વિષયને હેતુ, ઉદાહરણ આદિથી સરળ કરીને આલેખવામાં આવ્યો ન હોય અને તેને પરિણામે એ વિષય સમજાય નહીં તો છોડી દેવો જોઈએ નહીં; એ આજ્ઞાઓનાં તત્ત્વો અથવા વિષયોને સમજાવનાર કોઈ વીતરાગ પ્રભુના અનુગામી ધર્માચાર્ય કે ધર્મગુરુ મળે નહીં તો અકળાઈને કે આવેશમાં આવીને તે છોડી દેવો જોઈએ નહીં અથવા તો એને મિથ્યા કહેવો જોઈએ નહીં કે એના પર શંકા લાવવી જોઈએ નહીં. માત્ર એટલો જ વિચાર કરવો જોઈએ કે અત્યારે કોઈ કારણવશ આ તત્ત્વ મને સમ-જાતું નથી એમાં મારી બુદ્ધિનો દોષ છે, તત્ત્વ દર્શાવનારનો નહીં. તેઓ તો સર્વજ્ઞ, સર્વહિતૈષી વીતરાગ પુરુષ છે. ભલા, એમને અસત્ય કહેવાની જરૂર શી? જેમણે રાગ, દ્વેષ અને મોહને જીતી લીધા છે તેવા મહાપુરુષો તો અનુપકારી વ્યક્તિને પણ ઉપકાર કરવા સદા તત્પર રહેતા હતા. આથી એમનું જ્ઞાન કે અનુભવ એ નિતાંત સત્ય છે. ત્રૈકાલિક અને ત્રૈલૌકિક સત્યોના તેઓ જાણકાર હતા અને તેથી જ તેઓ જગતના નાથ, નેતા અને માર્ગદર્શક હતા. તેમની પવિત્ર

વાણી કે પુનિત આજ્ઞા પર શંકા લાવવી અનુચિત છે. તેઓ સર્વથા સત્ય હતા તેમાં કોઈ સંદેહ નથી. આમ વીતરાગ પ્રતિપાદિત આજ્ઞાઓ, સિદ્ધાંતો અને તત્ત્વોનું ઊંડાણથી દૃઢ નિષ્ઠા અને પરમ શ્રદ્ધા સાથે ચિંતન-મનન કરવું જોઈએ. તેમજ ગૂઢ તત્ત્વોની બાબતમાં પણ કોઈ પણ પ્રકારનો સંદેહ રાખ્યા વિના એમને દૃઢ રીતે સત્ય સમજવાં જોઈએ. એમની આજ્ઞાઓનો વિચાર કરવો, એ આજ્ઞાઓમાં ચિત્તને એકાગ્ર કરવું તેમજ પોતાની પ્રત્યેક વૃત્તિ-પ્રવૃત્તિનું વિશ્લેષણ કરવું કે મારી આ વૃત્તિ કે પ્રવૃત્તિ વીતરાગની આજ્ઞાને અનુકૂળ છે કે પ્રતિકૂળ. જો અનુકૂળ હોય તો એના પર દૃઢ રહેવું. આ આજ્ઞા-વિચયનો વિષય છે અને આ આજ્ઞા-વિચય ધર્મધ્યાન કહેવાય છે.

૨. અપાય-વિચય

'उपायं चिन्तयन् प्राज्ञ अपायमपि चिन्तयेत्'

(પ્રાજ્ઞ વ્યક્તિ ઉપાય વિચારવાની સાથોસાથ અપાયનો પણ વિચાર કરે.) આ ઉક્તિ પ્રમાણે જેમ વ્યક્તિ ધર્મ આદિ ઉપાયો વિચારે છે તે જ રીતે વ્યક્તિએ પોતાના આત્માને માટે કોણ કોણ અપાય અર્થાત્ હાનિકારક છે, તેનું પણ ચિંતન કરવું જોઈએ. રાગ, દ્વેષ, કષાય, વિષયોમાં આસક્તિ, પ્રમાદ, મિથ્યાત્વ, આશ્રવોમાં અવિરતિ, મન, વચન, કાયાના અશુભ વ્યાપાર આદિ આત્માને માટે અપાય (હાનિકારક બાબત) છે. આ અપાયોના સેવનથી જીવોને આલોકમાં અને પરલોકમાં કેવાં કેવાં દુષ્પરિણામ ભોગવવાં પડે છે?

આ અપાયોના ફલસ્વરૂપ કયાં કયાં કર્મ કેવી રીતે બંધાય છે અને એ રોગ, કષ્ટ, વૃદ્ધાવસ્થા, દુઃખ, ચિંતા આદિ રૂપે કયા કયા પ્રકારે પોતાનો પ્રભાવ પાડે છે? તેમ જ કેવી કેવી યોનિઓમાં એ કર્મના પ્રભાવે ભટકવું પડે છે અને એ ગતિઓમાં કેવાં કેવાં દુઃખો સહન કરવાં પડે છે? આ અપાયોથી પ્રત્યક્ષ અને પરોક્ષ કેવી કેવી હાનિ થાય છે? આ બધા વિશે ઊંડાણથી ચિંતન કરવું તે અપાય-વિચય ધર્મધ્યાનનો વિષય છે.

### ૩. વિપાક-વિચય

વિપાકનો અર્થ છે ફળ. કર્મનાં શુભ-અશુભ ફળોનું ઊંડાણથી ચિંતન કરવું તે વિપાક-વિચય છે. આમ તો આત્મા સ્વયં પોતે જ શુદ્ધ-બુદ્ધ છે, જ્ઞાન, દર્શન અને સુખ આદિથી યુક્ત છે, પરંતુ અજ્ઞાન, મોહ, મમતા, સ્વાર્થ, રાગદ્વેષ, કષાય વગેરેને કારણે થતાં કર્મોને લીધે ચાર ગતિ અને ચોર્યાશી લાખ યોનિઓમાં એ દડાની માફક અહીં તહીં ભટકે છે. સંપત્તિ-વિપત્તિ, સંયોગ-વિયોગ વગેરેથી થતાં સુખ-દુઃખ જીવનાં પોતાનાં પૂર્વોપાર્જિત કર્મો(શુભ અને અશુભ)નું જ ફળ છે. આત્મા પોતે પોતાના દ્વારા કરાયેલાં કર્મોનાં શુભ કે અશુભ ફળ પામે છે. સુખ કે દુઃખ પોતાનાં જ કૃત કર્મોનું ફળ છે.

પોતાનાં કર્મો સિવાય બીજું કોણ કોને સુખ કે દુઃખ આપી શકે છે કે લઈ શકે છે? કર્મના કેટલા પ્રકાર છે અને એ કર્મ કઈ કઈ રીતે બંધાય છે? એમાં કોની સ્થિતિ કેવી છે? એ આત્મા પર કઈ રીતે અને કેવો પ્રભાવ પાડે છે? આ કર્મો કયારે ઉદયમાં (ફળ ભોગવવા માટે) આવે છે? એમને અટકાવવા, ઓછાં કરવા કે એમને દૂર કરવાના ઉપાયો કયા કયા છે.? કયાં કયાં સંચિત કર્મ સત્તા(સ્ટૉક)માં પડયાં રહે છે? આ કર્મોને ઝડપથી ભોગવવાં હોય તો એના કયા ઉપાય(ઉદીરણા) છે? ગાઢ કર્મબંધ કઈ રીતે શિથિલ થઈ શકે? અશુભ કર્મનો ઉદય શુભમાં કઈ રીતે પરિણત કરી શકાય? કયા કાર્યનું અમુક ફળ છે અને કયાનું બીજું ફળ છે? આ રીતે ઊંડાણથી કર્મવિપાક પર ચિંતન-મનન કરવું તે વિપાક-વિચય ધર્મધ્યાનનો વિષય છે.

### ૪. લોક-વિચય

લોકના સ્વરૂપનું ચિંતન કરવું એ લોક-વિચય છે. આ લોક કયાં કયાં તત્ત્વોનો બનેલો છે? આ લોક કોણે બનાવ્યો છે કે અનાદિ-અનંત કાળથી પ્રવાહરૂપે ચાલ્યો આવે છે? લોકનાં ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્ય એકબીજાં પર કેવો પ્રભાવ પાડે છે? એમના પર્યાય કેટલા છે? જીવ અને અજીવ એવાં બે લોકગત મુખ્ય તત્ત્વોનું સ્વરૂપ

શું છે? એનો આકાર કેવો છે? એ સર્વથા નિત્ય છે કે એ ઉત્પાદ (ઉત્પત્તિ), વ્યય (વિનાશ) અને ધ્રૌવ્ય(સ્થિતિ) ધરાવે છે? લોક કેટલા છે અને કયા લોકમાં કોણ કયાં કયાં રહે છે? ત્યાં રહેનારા જીવનાં સ્વભાવ, સ્થિતિ, ગતિ, સુખ, દુઃખ, લેશ્યા(પરિણામ), પ્રભાવ વગેરે કેવાં, કેટલાં અને કયા પ્રકારનાં છે? એ બધા કઈ રીતે જન્મ-મરણ પામે છે? કયા લોકમાં કેટલાં અને કેવા પ્રકારનાં દ્વીપ, સાગર, નરકાલય, ભવન, વિમાન, પૃથ્વી જેવાં રહેવાનાં સ્થાન છે? આ રીતે લોકસ્વરૂપનું ચિંતન કરવું તે લોક-વિચય ધર્મધ્યાનનો વિષય છે.

ધર્મધ્યાનના આ ચાર પ્રકાર જોયા. ધર્મધ્યાનનાં સોપાન પર ચડનારાએ આ ચાર સોપાન પર દૃઢતા અને સાવધાનીથી ચડવું જોઈએ. એમાં સહેજ પણ ગફલત થાય તો લપસ્યા જ સમજજો, કારણકે આ સંસારમાં ચારે બાજુ અનેક કૂવાઓ છે. સંસારી જીવ તો ધર્મધ્યાનરૂપી વૃક્ષ પર ચડી નહિ જાય તો વારંવાર કામ, ક્રોધ, સ્વાર્થ, વિષયવાસના વગેરેના ઊંડા કૂવાઓમાં પડી જશે. ધર્મધ્યાન રૂપી વૃક્ષનો સહારો લેનાર જ આધ્યાત્મિક ગગનમાં ઉડ્ડયન કરીને મોક્ષમાં પહોંચી શકશે. આ વિષયમાં મને જૈન ઇતિહાસનું માર્મિક દૃષ્ટાંત યાદ આવે છે.

ક્ષીરકદમ્બક નામના એક ગૃહસ્થ ઉપાધ્યાય(અધ્યાપક) હતા. તેઓ અત્યંત જ્ઞાની, શ્રદ્ધાવાન, ધર્માત્મા અને વીતરાગના ખરા ઉપાસક હતા. એમની પાસે અનેક વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરતા હતા. એમના ત્રણ મુખ્ય વિદ્યાર્થીઓ હતા. એક હતો રાજકુમાર વસુ, બીજો હતો એ ઉપાધ્યાયનો પુત્ર પર્વત અને ત્રીજો હતો નારદ.

ઉપાધ્યાય ત્રણેને એક જ પાઠ સમભાવથી ભણાવતા હતા. એમના પર ઉપાધ્યાયની અપાર કૃપા હતી. ત્રણે વિદ્યાર્થી ભણવામાં ઘણા મહેનતુ હતા. પરંતુ અધ્યયન પણ પોતપોતાની પ્રકૃતિ, પરિણતી અને ભાવના(ધ્યાન) અનુસાર વિભિન્ન રૂપોમાં પરિણત થાય છે. કોઈ એનો ધર્મધ્યાનમાં ઉપયોગ કરે છે તો કોઈ એનો આર્ત-રૌદ્રધ્યાનમાં દુરુપયોગ પણ કરે છે. વિદ્યાનો સદુપયોગ કરવો કે

દુરુપયોગ તે તો વ્યક્તિ પર નિર્ભર છે તેથી ત્રણેય વિદ્યાર્થીઓની બાબતમાં પણ આવું જ થયું.

ત્રણેય વિદ્યાર્થીઓ ઉપાધ્યાય પાસે રોજ પાઠ લઈને અગાસી પર જઈને પાઠ પાકો કરતા હતા અને પછી સમય જતાં સૂઈ જતા હતા. એક દિવસ નિયમ મુજબ ત્રણે વિદ્યાર્થી પોતાનો પાઠ યાદ રાખીને અગાસીમાં સૂઈ ગયા. ઉપાધ્યાય ક્ષીરકદમ્બક અંદર પોતાનું ધર્મધ્યાન કરી રહ્યા હતા. આવે સમયે આકાશમાર્ગેથી બે ચારણઋષિ ઊડતા ઊડતા જતા હતા. આ વાત સહેજ પણ આશ્ચર્યજનક નથી.

જંઘાચારી મુનિઓ પાસે એવી વિદ્યા હતી કે જેની શક્તિથી તેઓ વિમાનની સહાયતા વિના સ્વયં આકાશમાં ઊડી શકતા હતા. આ બંને ચારણઋષિઓ મહાજ્ઞાની હતા.

એક ચારણઋષિએ બીજાને કહ્યું, "જુઓ, આ અગાસી પર સૂતેલા વિદ્યાર્થીઓમાં એક મોક્ષગામી છે અને બીજા બે નરકગામી છે."

આટલું કહીને ચારણઋષિ તો આગળ વધી ગયા. વિદ્યાર્થીઓ ગાઢ નિદ્રામાં હતા. એમને તો આ વાતની કશી ખબર નહોતી, પરંતુ અંદર બેઠેલા ઉપાધ્યાય ક્ષીરકદમ્બકે આ શબ્દો સાંભળ્યા અને મનોમન વિચાર કરવા લાગ્યા—

"શું મારી પાસે અધ્યયન પામેલા વિદ્યાર્થીઓ નરકગામી થશે ? આ તો અનર્થ કહેવાય. વિદ્યા કે વિદ્યાદાતાનો દોષ નથી, પરંતુ એનો ઉપયોગ કરનાર પર એનો આધાર છે. ચારણઋષિઓની વાતથી એવું અનુમાન થઈ શકે કે આ ત્રણમાંથી બે અશુભ ધ્યાનવશ મારી વિદ્યાનો દુરુપયોગ કરશે અને એક પ્રશસ્ત ધ્યાનવશ સદુપયોગ કરશે. પણ તે પહેલાં મારે નક્કી કરવું જોઈએ કે કોણ આ વિદ્યાને સુપાત્ર છે અને કોણ કુપાત્ર ? કોણ વિદ્યાનો સદુપયોગ કરશે અને કોણ દુરુપયોગ ? આવી પરીક્ષા પરથી જ જાણ થશે કે કયા બે વિદ્યાર્થીઓ નરકગામી છે."

પ્રાતઃકાળે ઉપાધ્યાયે લોટની ત્રણ મરઘી બનાવી અને ત્રણે વિદ્યાર્થીઓને પોતાની પાસે બોલાવીને કહ્યું, "એક એક લઈ જાઓ.

કોઈ જુએ નહીં તેવે સ્થળે જઈને કાપી નાખજો અને પછી મને પાછી સોંપજો.''

વસુ, પર્વત અને નારદ ત્રણેય લોટની મરઘી લઈને ગુરુઆજ્ઞાનું પાલન કરવા માટે જુદી જુદી દિશામાં નીકળી પડ્યા.

પર્વત સાવ અવિચારી અને રૌદ્રધ્યાનપરાયણ હતો. આથી ગુરુકુળથી સહેજ દૂર જઈને એણે માથે ચાદર ઓઢી. એમાં મરઘીને છુપાવીને એની ડોક મરડી નાખી. કામ પૂરું થતાં તરત જ ઉપાધ્યાય પાસે પાછો આવ્યો.

વસુ થોડો વિચારશીલ હતો. એ રૌદ્રધ્યાની નહોતો, પણ આર્ત-ધ્યાની તો હતો જ. એને એવો સ્વાર્થ હતો કે ગુરુની આજ્ઞાનું શબ્દશઃ પાલન કરીશ તો મને એ સારી રીતે ભણાવશે અને પરિણામે મારા પિતા પણ મારા પર ખુશ થઈને મને રાજગાદી આપશે.

વસુએ વિચાર્યું કે ગુરુજીએ આને એકાંતમાં મારી નાખવાનું કહ્યું છે. અહીં એકાંત નથી માટે જરા આગળ જાઉં. એ ચાલતો ચાલતો એક એકાંત નિર્જન વનમાં ગયો. એણે ચારે બાજુ બરાબર જોયું કે પોતાને કોઈ જોતું તો નથી ને ? પછી મરઘીના બે ટુકડા કરીને ગુરુની પાસે આવ્યો.

નારદ ધર્મધ્યાની જીવ હતો. એણે વિચાર્યું, ''ગુરુજીની આ આજ્ઞા પાછળ શું રહસ્ય હશે ? વળી, ગુરુજીએ એવી પણ આજ્ઞા આપી છે કે જ્યાં કોઈ જુએ નહીં ત્યાં એને ખતમ કરજો. પણ અહીં તો પશુ-પક્ષી જોઈ રહ્યાં છે.''

નારદ આગળ વધ્યો. ચાલતો ચાલતો નિર્જન વનમાં એક સરોવર પાસે આવ્યો. એણે જોયું તો સરોવરના પાણી પર સૂર્યનાં કિરણો ગેલ કરતાં હતાં. ઊંચે આકાશમાં જોયું તો એને વિચાર આવ્યો કે સૂર્યદેવ તો આ જોઈ રહ્યા છે. અહીં પણ એકાંત નથી. ચાલ, ક્યાંક આગળ જાઉં.

ચાલતાં ચાલતાં રાત પડી ગઈ, ઘનઘોર અંધારું થઈ ગયું. સહુ કોઈ નિદ્રાદેવીની ગોદમાં સૂતાં હતાં ત્યારે નારદે મરઘીની ડોક મરડવાનો વિચાર કર્યો, પણ એણે જોયું કે આકાશમાં ચંદ્ર અને અસંખ્ય તારાઓ આ જોઈ રહ્યા છે તેથી અટકી ગયો. પછી એ ગુફામાં ગયો અને વિચાર્યું કે અહીં તો એકાંત છે. અહીં કોઈ પશુ–પક્ષી નથી. ચંદ્ર, તારા, વૃક્ષ કે માનવ નથી. એ ગુફામાં મરઘીની ડોક મરડવાનો વિચાર કરતો હતો ત્યાં જ થંભી ગયો. ગુરુજીએ કહ્યું હતું કે 'જ્યાં કોઈ જોતું ન હોય ત્યાં' મરઘીને ખતમ કરવી. પણ અહીં હું તો મરઘીને જોઈ રહ્યો છું. આથી એ ગુફાની અંદર ગયો ત્યાં ગાઢ અંધકાર હતો. એ મરઘીને જોઈ શકતો નહોતો. ખુદ પોતાનાં બીજાં અંગોને જોઈ શકતો નહોતો.

નારદનો એક નિયમ હતો કે કોઈ પણ કાર્ય શરૂ કરતાં પહેલાં "પંચપરમેષ્ઠિ મંત્ર"નું ઉચ્ચારણ કરવું. આ કાર્ય કરતાં પહેલાં જેવું એણે 'નમો અરિહંતાણં'નું ઉચ્ચારણ કર્યું ત્યાં જ એને વિચાર આવ્યો, "અરે, મેં હમણાં જ જિન અરિહંત દેવનું સ્મરણ કર્યું. તેઓ તો કેવળજ્ઞાની અને સર્વજ્ઞ–સર્વદર્શી હોવાને કારણે અહીં પણ જોતા હશે. ગમે તેટલા અંધારામાં પણ કશું કરવામાં આવે તોય એમનાથી કશું છૂપું રહેતું નથી. જ્યારે ગુરુદેવની તો આજ્ઞા હતી કે એકાંતમાં જ્યાં કોઈ ન જુએ ત્યાં આ મરઘીને મારી નાખજે. વીતરાગ દેવ તો અહીં પણ જોઈ રહ્યા છે. આથી હું આને અહીં મારી શકીશ નહિ. અરે ! અહીં તો શું પણ પાતાળમાં જાઉં તો પણ આને ખતમ નહીં કરી શકું."

નારદને માટે દ્વિધા સર્જાઈ કે કરવું શું ? ગુરુઆજ્ઞાનું પાલન કરવું કઈ રીતે ? આવી વિમાસણમાં વિચારતાં–વિચારતાં રાત પસાર થઈ ગઈ. સુંદર સવાર ઊગી અને એકાએક નારદના ચિત્તમાં એક વિચાર વીજળીની માફક ચમકી ગયો, "શું ગુરુની આજ્ઞા જિનઆજ્ઞાથી વિપરીત હોઈ શકે ખરી ? ના, કદી નહીં. ગુરુજીએ અમારા આજ્ઞા–

વિચય ધ્યાનની પરીક્ષા લેવા માટે જ આ આજ્ઞા આપી છે. ઓહ ! હવે મને આનું રહસ્ય સમજાયું.”

બસ, હવે શું ? નારદ ઝડપથી પાછો ફરવા લાગ્યો. રાત કે દિવસનો થાક પણ પરમ જ્ઞાનનું રહસ્ય પામવાના ઉલ્લાસમાં અદૃશ્ય થઈ ગયો. એ જેવી મરઘી લઈને ગયો હતો તેવી મરઘી સાથે ગુરુજીની પાસે પહોંચ્યો. બીજી બાજુ ઉપાધ્યાય નારદની રાહ જોતા હતા. નારદ આવ્યો નહીં તેથી આખી રાત ઊંઘ ન આવી. નારદે આવીને ગુરુચરણમાં નમસ્કાર કર્યા અને મરઘીને સામે મૂકી. ગુરુએ ગુસ્સાનો દેખાવ કરતાં કહ્યું,

“અરે નારદ ! તું તો મરઘી જેવી હતી તેવી જ પાછી લાવ્યો. તેં મારી આજ્ઞાનું પાલન કેમ ન કર્યું ?”

નારદે કહ્યું, “ગુરુદેવ ! આપની તો આજ્ઞા હતી કે જ્યાં કોઈ ન જુએ ત્યાં....”

“તો શું, તને કોઈ એવી જગ્યા ન મળી કે જ્યાં કોઈ ન હોય ?” ઉપાધ્યાયે પૂછ્યું.

નારદ બોલ્યો, “ગુરુદેવ ! હું બધે ફરી આવ્યો. પર્વત અને વન, નદી, નાળું કે ગુફા બધે જ ગયો પણ ક્યાંય એકાંત મળ્યું નહીં. અંતે અંધકારભરી ગુફામાં જઈને કામ પૂરું કરવાનો વિચાર કર્યો, પરંતુ કાર્ય પૂર્વે ‘નમો અરિહંતાણ’નું ઉચ્ચારણ કરતાં જ મને એ વિચારથી આંચકો લાગ્યો કે ‘અરિહંત અને સિદ્ધ તો સર્વજ્ઞ-સમદર્શી છે. તેઓ બધું જ જોઈ રહ્યા છે. એક નાનકડો ખૂણો પણ એમની દૃષ્ટિ વિનાનો નથી.’ બસ, આમ વિચારી હું અટકી ગયો. વળી, વિચાર આવ્યો કે અરિહંત સર્વત્ર જોઈ રહ્યા છે. વળી, એમની આજ્ઞા પણ ધર્મથી વિપરીત ન હોય, જ્યારે હિંસા વગેરે કાર્યો તો એમની આજ્ઞાથી સાવ વિપરીત ગણાય. વીતરાગની આજ્ઞા વિરુદ્ધ કાર્ય કરવું એ અસત્ય કહેવાય અને એમની આજ્ઞા કોઈ જીવનું પ્રાણહરણ કરવું એ ચોરી ગણાય. આત્મસ્વભાવથી વિપરીત આચરણ કરવું અથવા

તો હિંસા જેવા પરભાવોમાં રમમાણ રહેવું એ અબ્રહ્મચર્ય છે. વળી, કોઈ જીવનો પ્રાણ હરવો તે મિથ્યાત્વ અને કષાયરૂપ હોવાથી અંતરંગ પરિગ્રહ પણ છે. આમ પાંચે વ્રતોનો ભંગ કરવો તે વીતરાગની આજ્ઞામાં નથી અને આપની આજ્ઞા વિતરાગની આજ્ઞાથી વિરુદ્ધ હોઈ શકે જ નહિ. આમ વિચારીને હું મરઘીને મારી શકયો નહીં. આપની કૃપાપૂર્ણ આજ્ઞાનું રહસ્ય પામી ગયો."

આ સાંભળીને ઉપાધ્યાય ગદ્ગદ્ બની ગયા અને નારદને છાતી સરસો ચાંપતાં કહ્યું, "હે શિષ્ય ! તું કસોટીમાં સાચે જ ઉત્તીર્ણ થયો."

આ રીતે ઉપાધ્યાય પામી ગયા કે આ ત્રણેમાં નારદ જ મોક્ષ-ગામી જીવ છે. એણે આજ્ઞા–વિચય આદિ ધર્મધ્યાનનું રહસ્ય મેળવ્યું છે. વાસ્તવમાં તો નારદના આ કાર્યથી મને પણ જિનઆજ્ઞાનું રહસ્ય પ્રાપ્ત થયું. હવે મારે આ સંસારમાં રહીને શું કરવાનું બાકી રહ્યું છે?

આમ વિચારી ઉપાધ્યાય ક્ષીરકદમ્બકે વૈરાગ્યપૂર્ણ ભાગવતી મુનિદીક્ષાનો અંગીકાર કર્યો. તેઓ શ્રમણ બનીને નિરતિચાર મહાવ્રતનું પાલન કરવા લાગ્યા. આ પ્રસંગમાંથી આજ્ઞા–વિચય ધર્મધ્યાનની સુંદર પ્રેરણા સાંપડે છે.

## ચાર આલંબન

ધર્મધ્યાન પ્રાપ્ત થાય તો પણ તેમાં સ્થિર રહેવું અત્યંત મુશ્કેલ છે. જો કોઈ આલંબન ન હોય તો ધર્મધ્યાનના પ્રાસાદ પર ચડવું મુશ્કેલ બને છે. આથી જ્ઞાની પુરુષોએ ધર્મધ્યાનનાં ચાર આલંબન આ પ્રકારે દર્શાવ્યાં છે : (૧) વાચના (૨) પૃચ્છના (૩) પરાવર્તના અને (૪) અનુપ્રેક્ષા. આ ચાર સ્વાધ્યાય–તપના ભેદોનું આપણે વિગતે વિવેચન કર્યું છે. અહીં તો સંક્ષેપમાં માત્ર એટલું જ દર્શાવવું છે કે આ આલંબન કઈ રીતે અને કેવા પ્રકારે લેવું જોઈએ અથવા તો બીજાઓને ધર્મધ્યાનમાં દૃઢ રાખવા માટે એ કઈ રીતે આપવું જોઈએ.

આમાં સર્વપ્રથમ 'વાચના'નું આલંબન છે. પૂર્વકાળમાં શાસ્ત્રજ્ઞાન કંઠસ્થ કરવામાં આવતું હતું. આથી ગુરુ અથવા વડીલજનો પાસે

શાસ્ત્ર કે ગ્રંથનું શ્રવણ થતું અને એ રીતે અભ્યાસ ચાલતો. આથી એનું નામ 'શ્રુત' પડ્યું. પરંતુ એ પછી જ્યારે શાસ્ત્ર લિપિબદ્ધ થયાં ત્યારે ગુરુ પાસેથી એનું રહસ્ય પામવા માટે વાચના લેવામાં આવતી હતી. આજકાલ તો મોટાભાગનાં શાસ્ત્ર, ગ્રંથ કે પુસ્તકો પ્રિન્ટિંગ પ્રેસમાં છપાય છે તેથી કેટલાક લોકો જાતે જ શાસ્ત્ર કે ગ્રંથનો અભ્યાસ કરે છે. શાસ્ત્ર અથવા ગ્રંથ કોઈ નવલકથા નથી કે જે જલદીથી વંચાય અને તરત સમજાય. આ માટે લાંબી સાધનાની જરૂર છે. તેથી ધર્મધ્યાનનું વિશેષ રહસ્ય સમજવા માટે શાસ્ત્રોનું વિધિવત્ અધ્યયન એ જ્ઞાનના અધિકારી પુરુષ પાસેથી કરવું જરૂરી છે. આમ થાય તો જ ધર્મધ્યાન દૃઢ બને.

શાસ્ત્રો કે સિદ્ધાંતોના ઊંડાણપૂર્વકના વાચનના અભાવે જ આજે સામાન્ય માનવીઓ ધર્મધ્યાનને બદલે અર્થ–કામધ્યાનમાં પડી જાય છે. વાચના લેનારનું એ કર્તવ્ય છે કે અત્યંત શ્રદ્ધાભક્તિ અને વિનય સાથે ગુરુ પાસેથી વાચના ગ્રહણ કરે. વાચના આપનારનું પણ એ કર્તવ્ય છે કે એ કશાય સ્વાર્થ, સ્પૃહા કે બદલાની ભાવનાથી નહીં પણ નિર્જરા કાજે શિષ્યો અને જિજ્ઞાસુઓને શાસ્ત્રો અથવા સિદ્ધાંત ગ્રંથોની વાચના આપે; એમનામાં ધર્મધ્યાનનો દીપક પ્રગટાવવા પ્રયાસ કરે; વિભિન્ન હેતુઓ અને દૃષ્ટાંતોથી સમજાવીને એમનામાં ધર્માનુરાગ જગાડે તેમ જ આત્મોન્નતિની ભાવના વધારે. માત્ર પોતાનું પાંડિત્ય દર્શાવવા, વાદમાં વિજય મેળવવા કે પ્રશંસા પામવાની દૃષ્ટિથી વાચના આપવી કે લેવી એ નિર્જરાનું કારણ બનતી નથી, બલ્કે એ અભિમાન-વૃદ્ધિ કરતાં પતનનું કારણ બને છે. મારો વ્યાખ્યાન આપવાનો ઉદ્દેશ કેવળ ધર્મધ્યાનમાં તમારી રુચિ જગાડવાનો છે. તમારું મનોરંજન કરવું, મારું પાંડિત્યપ્રદર્શન કરવું કે તમારી પ્રશંસા પામવાનો આની પાછળ કોઈ ઉદ્દેશ નથી. એથી જ આ પણ નિર્જરાનો હેતુ છે. આનો અર્થ એ છે કે ધર્મધ્યાનથી ડગતી વ્યક્તિને માટે વાચના (જેમાં વ્યાખ્યાન પણ એક છે.) ઉત્તમ આધારનું કામ કરે છે.

## સમજણની કેડી

પૃચ્છનાનો અર્થ છે પૂછવું. કેટલીક બાબતો વિશે શાસ્ત્રોમાં કશું લખ્યું હોતું નથી અથવા તો શાસ્ત્રવાચના પછી કોઈ બીજી બાબત અંગે જિજ્ઞાસા જાગે ત્યારે ગુરુજનો અને વડીલોને પૂછીને એનું સમાધાન મેળવવામાં આવે છે. જીવનમાં એવી ઘણી અટપટી સમસ્યાઓ, કોયડા, મૂંઝવણ અને ગૂંચ આવે છે કે જે સમયે વ્યક્તિને કોઈ માર્ગ સૂઝતો નથી. પરિણામે વ્યક્તિ શું કરવું અને શું ન કરવું તે વિચારી શકતી નથી અને તેથી ધર્મશ્રદ્ધાહીન બનીને ધર્મ-ધ્યાનને છોડવા માંડે છે. આવે સમયે પૃચ્છના એને પ્રબળ સહારો આપે છે. પૃચ્છના દ્વારા સાધક પોતાની જિજ્ઞાસાનું સમાધાન ન મેળવે તો એ વિકટ પરિસ્થિતિમાં ધર્મધ્યાનમાં દૃઢ રહી શકશે નહીં. આથી પૃચ્છના એક ઉત્તમ આલંબન છે.

## રહસ્યનું પ્રાગટ્ય

ત્રીજું આલંબન છે પરાવર્તના. સાધકે વાચના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કર્યું, પૃચ્છના મેળવીને સમાધાન મેળવ્યું. પછી એને વારંવાર દોહરાવવાથી અથવા તો એના પર પુનઃ પુનઃ ચિંતન-મનન કરવાથી એ જ્ઞાન, સમાધાન કે અનુભવ દૃઢ બની રહે છે. આવી પરાવર્તના કરવામાં આવે નહીં તો જ્ઞાનની વિસ્મૃતિ થઈ જવાની સંભાવના રહે અને પરિણામે વિકટ પરિસ્થિતિમાં ધર્મધ્યાનમાં સ્થિર રહેવાની બાબત ભૂલીને અન્ય અશુભ ધ્યાન તરફ દોરવાઈ જાય. એને કોઈ રસ્તો સૂઝશે નહીં. ગુરુઓનો સમાગમ પણ સદાય સાંપડતો નથી. ગુરુ ન હોય ત્યારે કોઈ સમસ્યામાં સાધક મૂંઝાઈ જાય તેવે સમયે ધર્મ-ધ્યાનમાં સ્થિર રહેવા માટે પરાવર્તનાનું આલંબન લેવું જ શ્રેયસ્કર છે. ગુરુ પાસેથી જે કંઈ શિક્ષણ કે અનુભવ સાંપડ્યાં, જે સમાધાન મેળવ્યું, તેનું વારંવાર ચિંતન-મનન કરતા રહેવું જોઈએ અને જ્યારે જરૂર પડે ત્યારે એનો ઉપયોગ કરવો જોઈએ. વળી એક જ વાત પર ઊંડાણથી વારંવાર ચિંતન-મનન કરવામાં આવે તો નવા-નવા અર્થોની સ્ફુરણા થાય છે અને અનેક ગૂઢ રહસ્ય પ્રગટ થઈ જાય છે.

## ચાર અનુપ્રેક્ષા

ચોથું આલંબન છે અનુપ્રેક્ષા. ધર્મધ્યાનમાં એકાગ્ર થવા માટે ધ્યેય અને ધર્મને અનુરૂપ આત્માના ઊંડાણમાં ડૂબકી લગાવવી તે અનુપ્રેક્ષા કહેવાય. આવી અનુપ્રેક્ષા દ્વારા સિદ્ધાંતના સાગરમાં વારંવાર ડૂબવાથી અનુભવરત્ન સાંપડે છે અને જ્ઞાનનાં મોતી પ્રાપ્ત થાય છે. આથી ધર્મધ્યાનના આલંબનને માટે ચાર અનુપ્રેક્ષાઓ દર્શાવવામાં આવી છે: (૧) એકત્વાનુપ્રેક્ષા (૨) અનિત્યાનુપ્રેક્ષા (૩) અશરણાનુપ્રેક્ષા અને (૪) સંસારાનુપ્રેક્ષા. આ ચાર અનુપ્રેક્ષાઓને લીધે વ્યક્તિ આર્ત-રૌદ્રધ્યાનમાં જતો અટકે છે અને ધર્મધ્યાનના પંથે આગળ પ્રયાણ કરે છે. ચારેય અનુપ્રેક્ષાઓનું ક્રમશઃ ચિંતન આ પ્રમાણે છે:

### ૧. એકત્વાનુપ્રેક્ષા

આ જગતમાં હું એકલો આવ્યો છું અને એકલો જ જવાનો છું. મારા આત્મા સિવાય મારું બીજું કોઈ નથી અને હું પણ બીજા કોઈનો નથી. સામાન્ય રીતે તો 'હું' અને 'મારું'નો વિચાર કરીને મનુષ્ય દુઃખી થતો હોય છે. કોઈ પણ વસ્તુમાં એનું મમત્વ થાય એટલે એના સંયોગ-વિયોગથી દુઃખી રહે છે અથવા તો એ વસ્તુઓ એની પાસે હોય નહિ તો તે મેળવવા માટે એ હિંસા, ચોરી, દગો, અસત્ય અને અનીતિમય સાધનોનો આશરો લેવાનું વિચારે છે.

આમ, ધર્મધ્યાનમાં પ્રગતિ સાધવા માટે કરેલો પ્રયાસ આ અનુપ્રેક્ષાના અભાવમાં આર્ત-રૌદ્રધ્યાન જ વધારે છે. આમાં ધર્મધ્યાની પોતાના મનમાં એવી ગાંઠ લગાવે છે કે આ શરીર પણ તારું પોતાનું નથી, તો પછી મકાન, દુકાન, ધન, સગાંસંબંધી કે સંપ્રદાયના અનુયાયી વગેરે કોઈ પણ પોતાનાં નથી. કેવળ એક આત્મા જ પોતાનો છે તો એ આત્માના શુદ્ધ સ્વરૂપ તરફ જવા માટે એ ધર્મધ્યાનમાં સ્થિર થશે. ધર્માચરણમાં દૃઢ રહેવાની ભાવના ભાવશે.

### આત્મૌપમ્યનો ભાવ

એકત્વ-અનુપ્રેક્ષાનું બીજું પાસું એ છે કે ધ્યેય સુધી પહોંચવા

માટે વિશ્વના તમામ આત્માઓ સાથે એકત્વની ભાવના હોવી જરૂરી છે. જગતના સમસ્ત આત્માઓ પ્રત્યે આત્મૌપમ્ય ભાવ–એકત્વ ભાવની અનુપ્રેક્ષા છે. જગતના બધા જ જીવો મારી માફક સુખપ્રિય છે અને એમને દુઃખ અપ્રિય છે. કોઈ દુઃખ ઇચ્છતું નથી. કોઈને પોતાની હિંસા થાય કે કોઈ એની સાથે અસત્ય આચરણ કરે તેવું ઇચ્છતું નથી. પોતાની સાથે કોઈ ઝઘડો કે બેઈમાની કરે તે તેને ગમતું નથી. પોતાની ચીજવસ્તુ કોઈ ચોરી લે અથવા તો પોતાના હક્કને કોઈ છીનવી લે તે ગમતું નથી. પોતાની સાથે કોઈ આવો વ્યવહાર કરે તો મનુષ્ય દુઃખનો અનુભવ કરે છે, પણ બીજાની સાથે વ્યવહાર કરતી વખતે મનુષ્ય પોતાની આ વાતને અર્થાત્ પોતાના આ ધર્મને ભૂલી જાય છે અને હિંસા, અસત્ય આદિ અધર્મમય વ્યવહાર કરે છે. આથી જગતના સમસ્ત આત્માઓ અને એમાંય ખાસ કરીને મનુષ્ય આત્માઓ સાથે એકત્વ સ્થાપિત કરવા માટે એકત્વાનુપ્રેક્ષા જરૂરી છે.

મરુદેવી માતાએ પોતાના જીવનમાં આવી એકત્વાનુપ્રેક્ષા અપનાવી હતી. જ્યારે એમના પુત્ર ઋષભદેવે દીક્ષા લીધી અને તેઓ ઘરબાર છોડીને ગામેગામ વિચરણ કરવા લાગ્યા ત્યારે પુત્રવિયોગમાં મરુદેવી માતા ચિંતિત થઈને અત્યંત રુદન કરવા લાગ્યાં. પોતાના પૌત્ર ભરતને એ વારંવાર ઋષભદેવના સમાચાર પૂછતાં કે તેઓ ક્યાં છે ? આવી રીતે એ આર્તધ્યાન કરતાં હતાં. ભગવાન ઋષભદેવ વિચરણ કરતા કરતા અયોધ્યામાં પધાર્યા અને એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

તેઓ વિશાળ ધર્મસભા(સમવસરણ)માં બેસીને સહુને ધર્મોપદેશ આપતા હતા. આની જાણ થતાં જ ભરત પોતાનાં દાદી મરુદેવીને હાથી પર બેસાડીને ઋષભદેવ ભગવાનનાં દર્શન કરાવવા માટે લઈ આવ્યો. હાથી સમવસરણની નજીક પહોંચ્યો ત્યારે મરુદેવી માતા સમવસરણની રચના જોઈને તેમ જ હિંસક અને અહિંસક પ્રાણીઓને શાંતિથી બેઠેલાં જોઈને સ્તબ્ધ બની ગયાં. તેઓ વિચારવા લાગ્યાં, "હું તો માનતી હતી કે મારો ઋષભ દુઃખી છે, પરંતુ એની પાસે

તો બધાં પ્રાણી બેઠાં છે અને એની સેવા કરે છે, એનો ઉપદેશ સાંભળે છે. આવા સુખનું શું કારણ હશે ?"

આમ વિચારતાં માતા મરુદેવીને સ્વયંસ્ફુરણા થઈ કે આ સર્વ સુખ શરીર સાથેના એકત્વને કારણે નહીં, બલ્કે આત્મા સાથેના એકત્વને કારણે સાંપડચાં છે. શરીર તો કોઈનું હોતું નથી, પરંતુ આત્મા શાશ્વત છે અને એની સાથેના એકત્વ–આત્મૌપમ્ય–દ્વારા જ આ શકય બને છે. જગતનાં બધાં જ પ્રાણીઓને પોતાના સમાન જાણીને એમનાં સુખદુઃખને સમજનાર, એમને સુખ પ્રાપ્ત થાય અને દુઃખ દૂર થાય તેવો વ્યવહાર કરીને જ વિશ્વ સાથે એકત્વ પ્રાપ્ત કરે છે. વિશ્વના સર્વ આત્માઓ સાથેના એકત્વને કારણે જ ઋષભને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને આ બધાં જ એમની ચિંતા–સેવા કરી રહ્યાં છે. માત્ર ઋષભના શરીર સાથેના મમત્વને લીધે હું આર્તધ્યાન કરી રહી હતી.

આ રીતે એકત્વાનુપ્રેક્ષાથી મરુદેવીનો આત્મા ધર્મધ્યાનમાં અને પછી શુકલ ધ્યાનમાં સ્થિર થઈ ગયો. એમનો આત્મા ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈને કેવળજ્ઞાનથી યુક્ત થયો અને આયુષ્ય ક્ષય થતાં એમને તરત મોક્ષની પ્રાપ્તિ થઈ. આ છે એકત્વાનુપ્રેક્ષાનું પરિણામ.

### ૨. અનિત્યાનુપ્રેક્ષા

સંસારના તમામ પદાર્થો, ખુદ સગાંસંબંધી, ધનસંપત્તિ, ઘરબાર, કુટુંબ અને આ શરીર પણ અનિત્ય અને ક્ષણભંગુર છે. ઉત્પન્ન થનારો દરેક પદાર્થ નાશવંત છે. સાથોસાથ એ પણ સત્ય છે કે કોઈ જીવ સુખી કે દુઃખી, ધનિક કે નિર્ધન, રોગી કે નિરોગી હોય, પણ એની એક જ સ્થિતિ હંમેશાં રહેવાની નથી. પરિસ્થિતિઓ બદલાતી હોય છે.

જે શરીરને લીધે સંબંધ અને સગપણના તંતુ જોડાયેલા છે તેમજ જે ધનસંપતિ સાથે મારાપણું વળગેલું છે તે પણ નષ્ટ થવાનાં જ છે, કાયમ રહેવાનાં નથી. શરીર, ધન કે કુટુંબ આદિ

કોઈ પણ પોતાની સાથે આવનાર નથી, અંતિમકાળ પછી એ બધું અહીં જ રહી જવાનું છે તો પછી શા માટે હું શરીરને વશ થઈને આર્ત-રૌદ્રધ્યાન કરું ? શા માટે આ શરીરને માટે ધન કે સાધન મેળવવા માટે ચોરી કરું, ધાડ પાડું, હિંસા કરું ? શા માટે શરીર કે શરીરની પ્રિય વસ્તુનો વિયોગ થતાં દુઃખી થઈને વિલાપ કરતો ફરું ? મારે તો નિત્ય એવા આત્માને માટે જ સઘળો પુરુષાર્થ અને સર્વ ચિંતન કરવું જોઈએ. આ રીતે અનિત્યાનુપ્રેક્ષા દ્વારા આર્ત-રૌદ્રધ્યાનથી દૂર જઈને ધર્મધ્યાનમાં સ્થિર થવું જોઈએ.

### ૩. અશરણાનુપ્રેક્ષા

જન્મ, જરા, મૃત્યુ, રોગ, ભય અને અનેક દુઃખોથી પીડિત આ સંસારમાં કોઈ પણ આ આત્માને શરણ આપનાર નથી. આત્માને શરણ આપનાર તો સ્વયં પોતાનો આત્મા છે. માનવી સંકટ સમયે પોતાનાં મિત્રો, સગાંસંબંધીઓ અને સાંસારિક પદાર્થોનું શરણ શોધે છે, પરંતુ જ્યાં તેઓ ખુદ અશરણ અને અસુરક્ષિત હોય તે બીજાનાં શરણદાતા કઈ રીતે બની શકે ? જો વિપત્તિ કે દુઃખના સમયમાં શરણ ન આપી શકે, સુરક્ષાનું આશ્વાસન ન આપી શકે અથવા તો સહાયક બની શકે તેમ ન હોય તો શા માટે બીજાની પાસે આશા રાખીને મારે દુઃખી થવું જોઈએ ? કોઈ સહયોગ ન આપે તો શા માટે એમના વિશે સારું-નરસું કહેવું જોઈએ ? શા માટે કોઈના આશ્રયની કે સહાયતાની સ્પૃહા રાખવી જોઈએ ?

સામાન્ય રીતે મનુષ્યનો એ સ્વભાવ છે કે જો કોઈ એને વિપત્તિમાં સહાય, શરણ કે આશ્રય આપે નહીં તો એ હાય-વોય કરતો રડવા-કૂટવા માંડે છે અને આર્તધ્યાન કરીને શોકવિહ્વળ બની જાય છે. જેમની પાસેથી એણે સહાયની અપેક્ષા રાખી હતી તેઓ સહાય કે શરણ ન આપે તો એમના વિશે ખરાબ વિચારવા માંડે છે અથવા તો એમનાં ધનવૈભવ આંચકી લેવા કે એમના પર પ્રહાર કરવાની યોજના ઘડે છે.

આવે સમયે અશરણ-અનુપ્રેક્ષા આર્ત-રૌદ્રધ્યાનથી દૂર કરીને અશાંત માનવને ધર્મધ્યાન તરફ વાળતાં સમજાવે છે કે અરે ભાઈ! આ જગતમાં ધર્મ જ એકમાત્ર શરણદાતા છે. શુદ્ધ ધર્મનો જ આશ્રય શા માટે લેતો નથી કે જેનાથી તને શાશ્વત શાંતિ અને સુખ મળે? આને માટે ધર્મપુરુષો-અરિહંતો, સિદ્ધો અને સાધુઓનું શરણ લેવામાં આવે છે.

આ વિષયમાં મને એક વ્યાવહારિક દૃષ્ટાંત યાદ આવે છે. એક રાજકુમારે ક્યાંક એવું વાંચ્યું હતું કે માનવીએ પોતાનાથી શક્ય હોય તેટલા મિત્રો બનાવવા જોઈએ. બસ, પછી તો એના પર મિત્રો બનાવવાની ધૂન સવાર થઈ ગઈ. મહેલમાંથી નીકળ્યો તો રસ્તામાં ઊજળાં વસ્ત્ર પહેરેલા માણસ સાથે મુલાકાત થઈ ગઈ. એણે પૂછ્યું, "રાજકુમાર, ક્યાં જઈ રહ્યા છો?"

રાજકુમારે કહ્યું, "ક્યાંય નહીં. મિત્ર બનાવવાની ઇચ્છાથી નીકળ્યો છું."

ઊજળાં વસ્ત્રવાળા શિષ્ટ માણસે કહ્યું, "તો મને જ બનાવી લો ને? આજથી હું તમારો મિત્ર."

રાજકુમાર ખુશ થઈ ગયો અને એને પોતાનો મિત્ર બનાવી લીધો. એથીયે વિશેષ એને મકાન, સંપત્તિ વગેરે આપ્યાં. એ મિત્ર પડછાયાની માફક એની સાથે રહેતો અને બધાં જ કામ તે બેઉ સાથે મળીને કરતા. આમ એ ચોવીસ કલાકમાં મિત્ર બની ગયો.

આ દરમિયાન એક બીજો મિત્ર પણ બન્યો, જે વારતહેવારે રાજકુમાર પાસે આવતો અને વાતચીત કરી, ભોજન કરી ચાલ્યો જતો. આ રાજકુમાર પોતાના સ્વાસ્થ્યને માટે બહાર ફરવા જતો હતો. અહીં એને એવો એક મિત્ર મળ્યો કે જે છ-આઠ મહિને એકાદવાર મળતો અને અભિવાદન કરતો, પણ તેઓ એકબીજાને જાણતા નહોતા.

આમ, રાજકુમારે ત્રણ મિત્રો બનાવ્યા. એક દિવસ નગરમાં

દુર્ઘટના થઈ. કોઈ વ્યક્તિએ એક વેપારીની હત્યા કરીને એની લાશ રાજકુમારના મહેલમાં મૂકી દીધી. આખુંય કાવતરું એટલું ખૂબીપૂર્વક યોજવામાં આવ્યું હતું કે તપાસ થયા બાદ રાજકુમારને અપરાધી ઠરાવવામાં આવ્યો. જ્યારે રાજકુમારની ધરપકડ કરવાનું વૉરંટ નીકળ્યું ત્યારે કેટલાક લોકોએ રાજકુમારને એવી સલાહ આપી કે તમે એવી જગ્યાએ છુપાઈ જાઓ કે તમારી ભાળ ન મળે, નહિ તો તમને ફાંસી મળી જ સમજો.

રાજકુમારે વિચાર્યું, "ઓહ ! કેવો ફસાઈ ગયો ? લાવ, મારા હંમેશના ગાઢ મિત્રને ત્યાં જઈને છુપાઈ જાઉં."

રાજકુમાર જેની સાથે ચોવીસે કલાક રહેતો હતો એ મિત્રને ત્યાં મધરાતે જઈ પહોંચ્યો. એને પૂરો ભરોસો હતો કે એનો મિત્ર એને જરૂર શરણ આપશે. સમય આવ્યે પોતાને માટે પ્રાણ પાથરી દે તેવો એને માનતો હતો. પોતાના નિત્યમિત્રના ઘેર જઈને બહારથી બૂમ પાડી. કવેળાએ પોતાનો મિત્ર આવેલો જોઈને તે આશ્ચર્યમાં ડૂબી ગયો. એણે ઘરની બારીમાંથી ડોકું કાઢીને પૂછ્યું, "કહે ભાઈ, આવે સમયે કેમ આવવું પડ્યું ?"

રાજકુમાર બોલ્યો, "અરે, શું વાત કરું ! મોટી આફતમાં ફસાઈ ગયો છું. મારા પર હત્યાનો આરોપ છે અને ધરપકડનું વૉરંટ છે. તેથી વિચાર્યું કે લાવ, મિત્રને ત્યાં જઈ છુપાઈ જાઉં જેથી કોઈને મારી ભાળ મળે નહીં અને હું ફાંસીના ફંદામાંથી બચી જાઉં. આથી જ હું તારે ત્યાં આવ્યો છું."

નિત્યમિત્ર મૂંઝાયો અને કહેવા લાગ્યો, "અરે ભલા માણસ ! બીજું તો ઠીક, પણ મારાં બાળ-બચ્ચાંનો ખ્યાલ કરવો હતો. ખેર ! તું તો આફતમાં ફસાયો, પણ મને શાને ફસાવે છે ? મૃત્યુદંડની સજા થઈ છે તેવા અપરાધીને ઘરમાં રાખું તો તો મારું આવી જ બને, તારી સાથે મને પણ મૃત્યુદંડની સજા મળે. જલદી અહીંથી ચાલ્યો જા. કોઈ તને અહીં જોશે તો મારું આવી બનશે."

રાજકુમારે વિચાર્યું, "ઓહ! હવે ક્યાં જાઉં? જિગરજાન મિત્ર જ આવું કરે તો બીજે ક્યાં આશરો મળશે?"

એવામાં એને એનો બીજો મિત્ર યાદ આવ્યો અને વિચાર્યું, "લાવ, પ્રસંગોપાત્ત મળે છે તેવા એ મિત્રની પાસે જાઉં." હંમેશાં તો નહીં પણ પર્વ કે શુભ પ્રસંગોના દિવસે એ મળતો હતો.

રાજકુમાર ગયો ત્યારે એનો મિત્ર ઝરૂખામાં લટાર મારતો હતો. રાજકુમારે તરત જ પર્વમિત્રને ઓળખી કાઢ્યો. એની સાથે હાથ મિલાવ્યા. આ પર્વમિત્ર રાજકુમારને ઘરની અંદર લઈ ગયો અને ભારે આગતાસ્વાગતા કરી. અલ્પાહાર કરાવ્યા પછી પૂછ્યું, "કહે ભાઈ! આજે આ ગરીબને ત્યાં આવવાની કૃપા કેમ કરી?"

રાજકુમાર બોલ્યો, "રાજાએ મને મૃત્યુદંડ ફરમાવ્યો છે. એનાથી બચવા માટે તારે શરણે આવ્યો છું. જો તું મારી રક્ષા કરીશ તો આજીવન તારો ઋણી રહીશ."

આશરો આપવાની વાત સાંભળતાં જ મિત્રના ચહેરાનું નૂર ઊડી ગયું. એ બોલ્યો, "તમે કહો તો તમારા માટે પ્રાણ આપવા તૈયાર છું, કહો તેટલું ધન કે જમીનજાયદાદ આપી દઉં, પરંતુ આશરો આપવાની બાબતમાં હું લાચાર છું."

રાજકુમારને અહીંથી પણ નિરાશ થઈને પાછા જવું પડ્યું. એ હિંમત હારી બેઠો. બે મિત્રોના આવા જવાબને કારણે ત્રીજો મિત્ર યાદ આવ્યો, પણ એની પાસે જવાની હિંમત ચાલી નહીં. ત્રીજો જુહારમિત્ર હતો. રાજકુમારે વિચાર્યું કે જ્યાં નિત્યમિત્ર અને પર્વ-મિત્રે જાકારો આપ્યો છે ત્યાં ત્રીજા મિત્ર પાસેથી શું આશા રાખું? આજ સુધી ક્યારેય એને કોઈ મદદ કે સહાય કરી નથી. પછી કયું મોં લઈને એની પાસે જાઉં?

આમ છતાં આશા–નિરાશાના તરંગોમાં ફંગોળાતા રાજકુમારે મન મારીને ત્રીજા મિત્રને ત્યાં જવાનું નક્કી કર્યું. ત્રીજો મિત્ર પોતાના ખંડમાં બેસીને કામ કરી રહ્યો હતો. રાજકુમારને જોતાં જ

એણે બધું કામ છોડી દીધું અને તેનું સ્વાગત કર્યું. રાજકુમારના ચહેરા પરની ઉદાસીનતાનું કારણ પૂછ્યું ત્યારે રાજકુમારે પોતાની સઘળી આપવીતી સંભળાવી.

ત્રીજા મિત્રે રાજકુમારને આશ્વાસન આપતાં કહ્યું, "સહેજે ગભરાઈશ નહીં. આ ઘરમાં તને આશરો તો મળશે જ, પરંતુ જરૂર પડે તારે માટે પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર છું. તું બેફિકર રહે. તારો કોઈ વાળ પણ વાંકો કરી શકશે નહીં. આવ, અંદરના ખંડમાં જઈ આરામ કર. માત્ર એક વાતનું ધ્યાન રાખજે કે આ ઘર છોડીને બહાર જતો નહીં, નહિ તો તારા જાનનું જોખમ ઊભું થશે."

રાજકુમારને જાણે નવું જીવન મળ્યું. અહીં નિશ્ચિંતપણે રહેવા લાગ્યો. રાજકુમારને ગિરફતાર કરવાનું રાજાનું વૉરંટ નિષ્ફળ ગયું. રાજકુમારની ચિંતા દૂર થઈ.

આ તો દૃષ્ટાંત છે. હવે એનો મર્મ જોઈએ. સાંસારિક જીવરૂપી રાજકુમાર છે અને શરીર એની સાથે ચોવીસે કલાક રહેતો નિત્યમિત્ર છે. શરીર પડછાયાની માફક સાથે રહેતું હોવા છતાં વખત આવે સાથ છોડી દે છે, યોગ્ય શરણ આપતું નથી. બીજો પર્વમિત્ર એટલે કે પરિવાર અને સગાંસંબંધી છે, જે કવચિત્ ખવડાવી, પિવડાવી શકે છે, પરંતુ શરણ આપી શકતાં નથી. ત્રીજો જુહારમિત્ર તે ધર્મ છે. એના તરફ સાંસારિક જીવરૂપી રાજકુમાર ઓછું ધ્યાન આપે છે. એને કશું પૂછતો નથી, પરંતુ આફત આવતાં આ જ શરણ આપે છે. મૃત્યુદંડનું વોરંટ આવે તો બધાં ઉપેક્ષા કરવા માંડે છે, પરંતુ એ સમયે ધર્મ જ આશ્વાસન અને શરણું આપે છે. આથી અશરણ ભાવના દ્વારા ધર્મધ્યાનનું શરણ લેવાની વાત કહેવાઈ છે.

### ૪. સંસારાનુપ્રેક્ષા

સંસારમાં સર્વત્ર દુઃખ જ છે, કયાંય કોઈ સુખી નથી. સંસારનું સ્વરૂપ જ એવું છે કે એમાં ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ થતો રહે છે, જેને પરિણામે જીવ દુઃખી થાય છે. આર્ત-રૌદ્ર ધ્યાનવશ

જીવને વારંવાર જન્મ-મરણ ભોગવવાં પડે છે. ચોર્યાશી લાખ યોનિમાં કોઈ સ્થાન એવું નથી કે જ્યાં જીવે જન્મ લીધો ન હોય અને મૃત્યુ પામ્યો ન હોય. આમ છતાં કોઈ પણ જગ્યાએ એને વાસ્તવિક સુખ સાંપડ્યું નથી. બધા સંબંધો સાંસારિક સ્વાર્થને લક્ષમાં રાખીને રચાય છે. ક્યારેક તો સંપત્તિ કે સુખસાધનની બાબતમાં નજીકનાં સગાઓ પણ દુર્વૃત્તિ ધરાવતાં હોય છે, ક્યારેક આની ઉપેક્ષા કરે છે. આ સમયે જીવ આર્ત-રૌદ્ર ધ્યાનવશ થઈને દુઃખી થાય છે. જો આવા સમયે એ વિચાર કરે કે આ જગતમાં ધર્મ સિવાય બીજી કોઈ બાબત સુખ આપે તેમ નથી તેથી હું ધર્મને કેમ ન અપનાવું. જો ધર્મને અપનાવે તો ધર્મધ્યાનના પ્રભાવથી સુખ પ્રાપ્ત કરે છે. આ રીતે સંસારભાવના સાધકને સંસારમાંથી અળગો કરે છે. જો જીવ સંસારમાં જ ફસાઈ રહે તો આર્ત-રૌદ્ર ધ્યાન થાય છે, જેનાથી મુક્ત થઈએ તો જ ધર્મધ્યાનમાં સ્થિર થવાય છે. આ રીતે સંસારાનુપ્રેક્ષાથી ચાર ગતિમાં બધી અવસ્થાઓમાં સંસારના વિચિત્રતાપૂર્ણ સ્વરૂપનું ચિંતન કરીને આર્ત-રૌદ્રધ્યાનથી દૂર જવું જરૂરી છે.

આ ચારેય અનુપ્રેક્ષાઓ ધર્મધ્યાનમાંથી ચલિત થતા સાધકને સ્થિર કરે છે.

## ધર્મધ્યાનનાં ચાર લક્ષણો

ધર્મધ્યાનને ઓળખવા માટે એનાં ચાર લક્ષણ બતાવવામાં આવ્યાં છે : (૧) આજ્ઞા-રુચિ (૨) નિસર્ગ-રુચિ (૩) સૂત્ર-રુચિ અને (૪) અવગાઢ-રુચિ.

### (૧) આજ્ઞા-રુચિ

વીતરાગ આપ્તપુરુષની આજ્ઞામાં જેની રુચિ છે તેઓ ધર્મધ્યાન કરી શકે છે. આથી જ કહેવાયું છે કે "आणाए धम्मो" અર્થાત્ "આજ્ઞામાં જ ધર્મ છે." આ રીતે આજ્ઞા પર દૃઢ રુચિ રાખવી તે ધર્મધ્યાનનું ચિહ્ન છે. જેની રુચિ ભગવાનની આજ્ઞામાં નથી અને માત્ર પોકળ વાતો જ કરે છે, તો સમજી લો કે તે ધર્મધ્યાનથી દૂર છે.

### (૨) નિસર્ગ-રુચિ

કશાય ઉપદેશ વિના પૂર્વભવના સંસ્કારને કારણે જે વ્યક્તિ ધર્મમાં, અહિંસા, સત્ય આદિના પાલનમાં તેમ જ ધર્મકાર્યમાં રુચિ રાખે છે એવી નિસર્ગ-રુચિ ધરાવતી વ્યક્તિ ધર્મધ્યાનમાં લીન બની હોવાનો સંકેત મળે છે.

### (૩) સૂત્ર-રુચિ

ધર્મશાસ્ત્રોમાં દૃઢ શ્રદ્ધા રાખીને ધર્મમાર્ગનું યથાશક્તિ અનુસરણ કરતો હોય. આવી વ્યક્તિ સૂત્ર-રુચિ ધર્મધ્યાન કરી શકે છે. કોઈ સૂત્રમાં રુચિ હોય એટલે સમજી લો કે એનામાં ધર્મધ્યાન છે. આવી જ રીતે વ્યક્તિ સૂત્રો સાંભળતાંની સાથે જ ધર્મમાં રુચિ લેવાનું શરૂ કરે તો માની લો કે એ ધર્મધ્યાની છે.

### (૪) અવગાઢ-રુચિ

આનું બીજું નામ છે વિસ્તાર-રુચિ. દ્વાદશાંગી અથવા તો ધર્મશાસ્ત્રોનું વિસ્તારથી વિશ્લેષણ કરીને અને એમાં ઊંડા ઊતરીને સમજવાની શ્રદ્ધા કે રુચિ હોય તો તે ધર્મધ્યાન કરી શકે છે. અવગાઢ-રુચિ એ સાધકના ધર્મધ્યાનની પારાશીશી છે.

આ ચાર રુચિ હોય તો તે વ્યક્તિ ધર્મધ્યાની હોવાની સૂચક છે. ચાર રુચિમાંથી કદાચ કોઈ એકાદ રુચિ હશે તોપણ ધર્મધ્યાનમાંથી ચલિત થતો માનવી તરત જ વાચના આદિના આલંબન દ્વારા સ્થિર થઈ જશે. જેનામાં આ ચાર રુચિ નથી તેવી વ્યક્તિઓમાં અર્થ-કામની તીવ્ર રુચિ હોય છે. તેઓ ધર્મધ્યાનને નવરા માણસનું સાધન માનીને ભૌતિક ચીજવસ્તુઓ તરફ વધુ ધ્યાન આપશે.

## શુક્લધ્યાન

શુક્લધ્યાન સર્વોત્કૃષ્ટ ધ્યાન છે. આ ધ્યાન સાધકને મોક્ષની સાવ નિકટ લઈ જાય છે, પરંતુ એની પ્રાપ્તિ પહેલાં ધર્મધ્યાનના સંસ્કારોની દૃઢતા જરૂરી છે. આવી સાધના પરિપક્વ થવી જોઈએ.

શુક્લધ્યાનના ચાર પ્રકાર છે : (૧) પૃથક્ત્વ-વિતર્ક-સવિચારી

(૨) એકત્વ-વિતર્ક-નિર્વિચારી (૩) સૂક્ષ્મ-ક્રિયા-પ્રતિપાતી અને (૪) સમુચ્છિન્નક્રિયા-નિવૃત્તિ.

આ ચાર પ્રકારનાં ધ્યાન આત્મા અને શરીરના ભેદવિજ્ઞાનને કારણે છે. શુકલધ્યાનનાં ચાર લિંગ(ચિહ્ન) છે-અવ્યથા, અસમ્મોહ, વિવેક અને વ્યુત્સર્ગ. આ ચારેનો અર્થ સ્પષ્ટ છે. કોઈ પણ પ્રકારની વ્યથા, સમ્મોહ, અવિવેક કે અવ્યુત્સર્ગ હોય તો શુકલધ્યાનની પ્રાપ્તિ થતી નથી. એ જ રીતે શુકલધ્યાન પણ આ ચાર દ્વારા જ ઓળખી શકાય છે.

શુકલધ્યાનમાં સ્થિર રહેવા માટે ચાર આલંબન છે: (૧) ક્રોધ ન કરવો, (૨) ગર્વ ન કરવો, (૩) માયા ન કરવી અને (૪) લોભ ન કરવો. આનો અર્થ એ કે ક્રોધ, માન, માયા, લોભ સૂક્ષ્મરૂપે હોય તોપણ સાધક શુકલધ્યાનમાંથી ચલિત થઈ જાય છે. આ ચારેનો સંપૂર્ણ ક્ષય થાય તો જ શુકલધ્યાન પ્રગટ થાય છે.

શુકલધ્યાનને માટે ચાર અનુપ્રેક્ષા છે: (૧) અનન્તવર્તિતાનુપ્રેક્ષા, (૨) વિપરિણામાનુપ્રેક્ષા, (૩) અશુભાનુપ્રેક્ષા અને (૪) અપાયાનુપ્રેક્ષા.

શુકલધ્યાનનો વિષય ઘણો ગહન છે. સંક્ષેપમાં તમારી સામે એના સ્વરૂપ અને ભેદ દર્શાવ્યા છે.

આ રીતે ધ્યાનસાધનાનાં જુદાં જુદાં પાસાંઓનો આપણે વિચાર કર્યો. વાસ્તવમાં સાધક ધ્યાનની કે અન્ય કોઈ પણ પ્રકારની સાધના કરવા માગે છે ત્યારે એ સાધનાની આસપાસનાં બધાં જ સાધકબાધક કારણોનો વિચાર કરવો પડે છે. કોઈ વ્યક્તિ આંબો વાવીને એને પાણી પાય નહીં, એનો બરાબર ઉછેર કરે નહિ અથવા તો એની યોગ્ય જાળવણી કરે નહીં તો એની આંબો વાવવાની મહેનત નિષ્ફળ જાય છે. એ જ રીતે ધ્યાનની સાધનાનો આરંભ કર્યા પછી જો એ સાધનાની સતત સંભાળ લેવાય નહીં, તેની આસપાસનાં અવરોધક કારણો દૂર કરાય નહીં અથવા તો આર્ત-રૌદ્ર ધ્યાનથી એને બચાવવામાં આવે નહીં તો બધી જ મહેનત પર પાણી ફરી વળે છે.

આજે તો વ્યક્તિ સાધના દ્વારા ભૌતિક વસ્તુઓની પ્રાપ્તિની આશા રાખે છે. તે ઇચ્છે છે કે અમારી સર્વત્ર પ્રશંસા થાય, આજુબાજુ અનુયાયીઓની ભીડ જામે અને એમનો જયનાદ ગૂંજતો રહે. આવી કોઈ બાબતને અથવા તો કોઈ ભૌતિક વસ્તુની પ્રાપ્તિને તમે સાધનાનું ફળ માનતા હશો તો સમજી લેજો કે તમે ભ્રમમાં છો. સાધનાનું ફળ તો કષાયની મંદતા, અહિંસા-સત્ય આદિ ધર્મ પ્રત્યે દૃઢતા, આંતર અને બાહ્ય એકતા, વિશ્વના તમામ આત્માઓ સાથેના એકત્વમાં વિકાસ તથા જીવનની પવિત્રતા અને સરળતા છે. જો આવું નહીં હોય તો માત્ર વાઘો પહેરી લેવાથી અથવા તો ક્રિયા કરવાથી સાધનાના વૃક્ષ પર સુંદર ફળ આવશે નહીં.

મિત્રો ! ધ્યાનસાધના માટે પણ તમે દીર્ઘદૃષ્ટિથી વિચારીને પુરુષાર્થ કરશો તો અવશ્ય એનાં સુફળ પામશો.

સ્થળ : જૈનભવન, બીકાનેર
૨૫ ઑગસ્ટ, ૧૯૪૮

□

પંદર

# વ્યુત્સર્ગ-તપનું વિરાટ રૂપ

આભ્યન્તર તપનો છઠ્ઠો ભેદ છે વ્યુત્સર્ગ. આ વ્યુત્સર્ગ-તપ એક અત્યંત કઠિન તપ છે. માતા પોતાના પુત્રોને માટે ભૂખ, તરસ કે ઠંડી-ગરમી સહન કરે છે, પરંતુ એની પાછળ તો એનું વાત્સલ્ય રહેલું હોય છે. આને તપની કોટિમાં મૂકી શકાય નહીં. એક વેપારી ધનપ્રાપ્તિ માટે કેટલીયે રાત્રિના ઉજાગરા વેઠે; એક રાજા પોતાના રાજ્યવિસ્તાર માટે પ્રાણની આહુતિ આપે અથવા તો કોઈ કામી પુરુષ પોતાની પ્રેમિકાની પાછળ પાગલ થઈને પતંગિયાની માફક કામવાસનાની આગમાં પોતાના પ્રાણનું બલિદાન આપી દે; આ બધાંને તપ કહેવાય નહીં, કારણ કે એની પાછળ રાગ, આસક્તિ કે મોહ રહેલાં હોય છે. મોહાંધ બનેલો માનવી પોતાનું શરીર, સંપત્તિ, જમીન-જાયદાદ, પોતાના સગાંવહાલાં, પુત્ર અને પત્નીને

પણ એક ક્ષણમાં તજી દે છે, પણ આને તપ કહેવાય નહીં.

તપની પાછળ એક નિશ્ચિત ઉદ્દેશ અને વિશુદ્ધ ભાવના હોય છે. એમાં રાગ, મોહ, આસક્તિ, સ્વાર્થ, કામના કે યશની લિપ્સાને કોઈ અવકાશ હોતો નથી. આ બધાંને પાર કરીને શરીર અને શરીર સંબંધી જડ અને ચેતન વસ્તુઓનું મમત્વ તજવું, સમય આવે 'इदं न मम' કહીને અથવા તો 'अप्पाणं वोसिरामि' (પોતાની મનાતી અને ગણાતી ચીજોનો વ્યુત્સર્ગ કરું છું) કહીને ક્ષણ માત્રમાં જીર્ણ વસ્ત્રની માફક અથવા તો સર્પ જેમ કાંચળી છોડે છે તે રીતે છોડી દેવું તે વ્યુત્સર્ગ છે.

માત્ર કોઈ ચીજવસ્તુને છોડવી તેનું નામ વ્યુત્સર્ગ નથી. કોઈ પણ ચીજને છોડવી તેનું નામ વ્યુત્સર્ગ હોત તો મનુષ્યશરીર મળ, મૂત્ર, મેલ આદિ મલિન વસ્તુઓનો ઉત્સર્ગ કરે છે તેને પણ વ્યુત્સર્ગ કહેવો જોઈએ. સડેલી ચીજો ફેંકી દેવી કે મકાનમાંથી કચરો કાઢવો તે પણ વ્યુત્સર્ગ કહેવાય. હકીકતમાં આ વિશેષ ઉત્સર્ગ અર્થાત્ મમત્વથી રહિત કે કષાય-વિજય સહિતનો ઉત્સર્ગ નથી; માત્ર એને નિરુપયોગી માનીને ફેંકી દેવામાં આવે છે. જો તમને એમ ખ્યાલ આવે કે આ મળમૂત્રમાંથી સોના જેવું ખાતર તૈયાર થઈ શકે તેમ છે અને એ ખાતર ખેતરમાં નાખવાથી ચાર ગણું અનાજ ઉગાડી શકાય છે તો તમે એને મમતાપૂર્વક સંગ્રહીત કરી રાખશો.

પોતાના પરિવારને માટે સુખસુવિધાનો ત્યાગ કરવો તે પણ ઉત્સર્ગ કહેવાય નહીં. દેશની રક્ષા માટે, સામાજિક સંકટના નિવારણ માટે, વિશ્વનાં પ્રાણીઓનાં દુઃખો દૂર કરવા માટે નિઃસ્વાર્થ ભાવે જો પોતાનું શરીર, મંડળ, સુખસામગ્રી, કષાય, ભોજનપાણી, સંસાર વગેરે છોડવામાં આવે તો તે વ્યુત્સર્ગ કહેવાય છે. ઇસ્લામ ધર્મમાં આને 'કુરબાની' કહેવામાં આવે છે. વૈદિક ધર્મમાં આને ઉત્સર્ગ, બલિદાન કે સર્વસ્વ સમર્પણ કહેવામાં આવે છે. ખ્રિસ્તી ધર્મમાં એને 'સેક્રિફાઇસ' કહે છે. આને માટે ગમે તે શબ્દ વપરાય, પરંતુ એની

પાછળનો ભાવ તો એક જ હોય છે. એ બીજી વાત છે કે સમય જતાં સ્વાર્થાંધ લોકોએ પોતાના ક્ષુદ્ર સ્વાર્થને ખાતર એનો ખોટો અર્થ કર્યો હોય. કુરબાનીનો અર્થ છે પોતાની આહુતિ અથવા તો પોતાની પ્રિય વસ્તુનું ખુદાને સમર્પણ. આમાં કોઈ નિર્દોષ જીવની કતલની વાતો તો ક્યાંય આવતી નથી !

આવી રીતે પહેલાં ભારતવર્ષમાં નિર્દોષ પશુઓનો બલિ ચડાવાતો હતો, પરંતુ સમય જતાં એ પ્રથા સર્વથા બંધ થઈ. પરંતુ આજે ફરી દેવદેવીઓની સમક્ષ એમને નામે બકરાઓ અને ભેંસો વગેરેનો બલિ ચડાવવામાં આવે છે. ધર્મને નામે થતો આ અધર્મ છે. હકીકતમાં બલિ આપવાનો હતો કામક્રોધાદિ પશુઓનો અને હોમ કરવાનો હતો અજ્ઞાન–મોહ આદિ કષાયોનો. પરંતુ સ્વાર્થી માણસોએ અર્થનો અનર્થ કરીને એક મિથ્યા પરંપરા ઊભી કરી.

આમ, વ્યુત્સર્ગનો અર્થ સમય આવે પોતાનું શરીર, પોતાનો સંઘ, પોતાની સમસ્ત સામગ્રી (ઉપધિ) તથા પોતાનાં શુભાશુભ કર્મોને છોડવાં, કુરબાન કરવાં, બલિદાન કરવાં યા ન્યોછાવર કે સમર્પિત કરી દેવાં.

બીજા શબ્દોમાં કહીએ તો આપણા પર આવતાં સંકટો કે કે ઉપસર્ગને સમયે ધર્મ પર દૃઢ શ્રદ્ધા હોવી જોઈએ. સત્ય કે સિદ્ધાંતને ખાતર અથવા તો અન્ય પર આવતી આપત્તિમાં એમના રક્ષણને માટે શરીર કે શરીર સંબંધિત વસ્તુઓ, સગાંસંબંધી આદિ ચેતન અથવા તો મકાન, દુકાન, ધન, જમીન–જાયદાદ, આહાર-પાણી જેવા જડ પદાર્થોને છોડવા. એ જ રીતે રાગ, દ્વેષ, કષાય, વિષયવાસના મોહ, ઘૃણા જેવા શરીર સાથે સંબદ્ધ દુર્ભાવ અથવા તો શરીરને અનુલક્ષીને થતી અશુભ ક્રિયાઓ, દુષ્પ્રવૃત્તિઓ આદિ પરથી મમત્વ છોડી દેવું અથવા તો એનો સંપૂર્ણ ત્યાગ કરવો એને વ્યુત્સર્ગ કહે છે. વ્યુત્સર્ગ ત્યારે જ તપ બને કે જ્યારે એની પાછળ કોઈ સ્વાર્થ, પ્રલોભન, ભય, વાસના કે કામના ન હોય.

## આત્માનું સ્વ-રાજ્ય

આપણી દૃષ્ટિ સાંસારિક પદાર્થોમાં આસક્ત હોય છે, આથી સંસારના પદાર્થો રમણીય લાગે તે રાગ છે. રાગને કારણે આત્મા મમત્વ-બુદ્ધિમાં ખૂંપી જાય છે. કોઈ પણ વસ્તુને જોવી, સાંભળવી, સૂંઘવી, સ્પર્શવી કે ચાખવી તે પાપ નથી, પરંતુ પ્રત્યેક શરીરધારીને માટે આવું કરવું અનિવાર્યપણે આવશ્યક હોય છે; પછી તે ભલે પંચ મહાવ્રત-ધારી સાધુ કેમ ન હોય ! શરીર છે ત્યાં સુધી જોવાની, સાંભળવાની, ચાખવાની, સ્પર્શવાની આદિ ક્રિયાઓ થતી રહે છે. પરંતુ જ્યારે આપણે મનવાંછિત વસ્તુને જોઈને એના પર આસક્ત થઈએ છીએ; મધુર કર્ણપ્રિય શબ્દો સાંભળીને મુગ્ધ થઈ જઈએ છીએ; સ્વાદિષ્ટ વાનગી ચાખ્યા પછી તેને અધિક પામવા માટે આતુર બની જઈએ છીએ; કોમળ અને ગલીપચી કરે તેવી વસ્તુને સ્પર્શ કરી મોહિત થઈ જઈએ છીએ તે રાગ છે. કોઈ સુગંધિત પદાર્થની મહેક અનુભવતાં વિભોર બની જઈએ છીએ અથવા તો કોઈ કુરૂપ વસ્તુ જોતાં એની ઘૃણા કરવા માંડીએ છીએ; નિંદા કે અપશબ્દ જેવા કર્ણકટુ શબ્દો સાંભળીને ધૂંવાંપૂંવાં થઈ જઈએ છીએ અથવા કડવી કે બેસ્વાદ ચીજને ચાખતાં જ થૂ-થૂ કરવા માંડીએ છીએ; કર્કશ અને ખરબચડી વસ્તુનો સ્પર્શ થતાં અકળાઈએ છીએ અને બદબૂ ધરાવતા પદાર્થોની દુર્ગંધ નાકમાં પડતાં જ મોઢું મચકોડવા માંડીએ છીએ. આ બધાથી રાગ અને દ્વેષની પરિણતિ થાય છે.

રાગદ્વેષની પરિણતિથી કર્મબંધન થાય છે. આમ વ્યુત્સર્ગ-તપમાં એક બાજુ બાહ્ય વસ્તુઓને ત્યજવાનો અભ્યાસ કરવો પડે છે. આનો અર્થ એટલો કે અન્ય કોઈ વ્યક્તિ દુઃખ, હેરાનગતિ, સંકટ કે મુસીબતમાં પડી હોય ત્યારે આપણે જેને આપણી પ્રિયમાં પ્રિય વસ્તુ માનતા હોઈએ તેને છોડવાનો અભ્યાસ કરવાનો હોય છે; એ વસ્તુ તરફ મમત્વ બુદ્ધિથી રહિત થઈને તેનો નિઃસ્વાર્થ અને નિસ્પૃહ ભાવના સાથે ત્યાગ કરવો પડે છે.

બીજી બાજુ જે વસ્તુ આપણી પોતાની નથી અથવા તો આપણને

આધીન નથી એને જોઈને, સાંભળીને, સૂંઘીને, સ્પર્શ કરીને અથવા તો ચાખીને તેમાં રાગ કે દ્વેષ પેદા કરીએ છીએ; પરિણામે એમાંથી કષાય ભાવના અને વિષયવાસના જાગે છે; એ મેળવવા માટે લડાઈ–ઝઘડા થાય છે. આમ, મનની એ વસ્તુ પ્રત્યેની રાગ કે દ્વેષની દુર્ભાવના વાણી કે શરીરચેષ્ટા દ્વારા પ્રગટે છે. આવી પરાશ્રિત વસ્તુઓ પ્રત્યે રાગદ્વેષ, કષાય અને વિષયાસક્તિ વગેરેનો આ તપમાં ત્યાગ કરવો પડે છે. આનો અર્થ જ એટલો કે વ્યુત્સર્ગ-તપ દ્રવ્ય અને ભાવ બંને રૂપે કામ કરે છે. આ તપથી જ આત્મા શરીર સાથે જોડાયેલી વિરાટ સેનાને જીતી શકે છે, અન્યથા આત્મા શરીરની એ ફોજ આગળ હારી જશે.

વ્યુત્સર્ગ-તપ આત્માને શરીરની ગુલામીમાંથી મુક્ત કરીને સ્વરાજ્ય અપાવે છે. આત્માનું રાજ્ય સ્વતંત્ર હતું પણ એના પર શરીરે ધીરે ધીરે પોતાનું પ્રભુત્વ જમાવીને આત્માને પરતંત્ર બનાવી દીધો. હવે એ આત્મા વ્યુત્સર્ગ–તપની, દ્રવ્ય અને ભાવ બંને પ્રકારની તાલીમ લઈને અને એ તપનો પ્રયોગ કરીને સ્વતંત્ર બની શકે છે. આવી સ્વતંત્રતાનો અનુભવ આત્માને વ્યુત્સર્ગ–તપ દ્વારા જ થઈ શકે છે.

## આસક્તિની આળપંપાળ

વાસ્તવમાં જોઈએ તો શરીર અથવા અન્ય કોઈ પણ વસ્તુમાં રાગ કે દ્વેષ હોતા નથી, બલ્કે એ તો વ્યક્તિમાં વસે છે. જો વસ્તુમાં જ રાગ કે દ્વેષ ભરેલા હોત તો વીતરાગને પણ એનો સ્પર્શ થતાં રાગદ્વેષ પેદા થાત, પણ એવું બન્યું નથી. વીતરાગ પ્રભુ વ્યુત્સર્ગ-તપના દીર્ઘ અભ્યાસથી વસ્તુ પ્રત્યેના રાગ અને દ્વેષને સર્વથા મિટાવી ચૂકયા છે. એ સિદ્ધ થાય છે કે વસ્તુમાં રાગદ્વેષ નથી તેમજ એનામાં રાગદ્વેષ ઉત્પન્ન કરવાની શક્તિ પણ નથી. હકીકતમાં તો વ્યક્તિ પોતે જ એ વસ્તુને સારી કે ખરાબ માનીને પોતાનો રાગ કે દ્વેષ પ્રગટ કરે છે. આથી વ્યક્તિ જ એ રાગ કે દ્વેષને દૂર કરી શકે છે. એને હટાવવાનો ઉપાય છે વ્યુત્સર્ગ–તપની દ્રવ્ય અને ભાવ બંને રૂપે સાધના.

બીજી એક એવી પણ વાત છે કે એક જ વસ્તુ પ્રત્યે એક વ્યક્તિના હૃદયમાં રાગ પેદા થાય છે અને એ જ વસ્તુ પ્રત્યે બીજી વ્યક્તિના

હૃદયમાં દ્વેષ જાગે છે. વિષ્ટા આપણને ઘૃણાજનક લાગે છે, પરંતુ સૂવરને માટે મનવાંછિત ભોજન છે. કડવો હોવાને કારણે જે લીમડો આપણને પસંદ નથી તે ઊંટને મળે તો એ લીમડાને લહેરથી ખાશે. આમ, રાગ કે દ્વેષ પદાર્થમાં નથી, બલ્કે વ્યક્તિની સારી–ખોટી દૃષ્ટિમાં છે. પદાર્થ તો જડ છે. એનામાં વળી એટલી બધી તાકાત ક્યાંથી હોય કે એ રાગ કે દ્વેષ પેદા કરી શકે? જો જડ પદાર્થોના હાથમાં આ શક્તિ પહોંચી જાય તો તેઓ આખી દુનિયા પર કાબૂ મેળવે અને આવું થાય તો ચેતન એનું ગુલામ બની જાય. ચેતનમાં જે અનંત શક્તિ છે તેનું શું થાય?

ખરી વાત એ છે કે આત્મા જ વિરાટ શક્તિ ધરાવે છે. એ પોતે જ પોતાનો નિયંતા, કર્તા અને ભોક્તા છે. પરંતુ આજે એની એ વિરાટ શક્તિ જડપદાર્થોના સંસર્ગમાં આવતાં રાગ અને દ્વેષની પળોજણમાં પડી ગઈ છે. એ પોતાની જાતને સંભાળે અને વ્યુત્સર્ગ–તપનો આશરો લે તો જડપદાર્થોના ચક્કરમાંથી છૂટી શકે છે.

જડ હોય કે ચેતન, પણ એમનો પ્રત્યેના રાગદ્વેષ આત્મા પર સવાર થઈ જાય તો આત્માને નચાવે છે; એ હસાવે પણ છે અને રડાવે પણ છે. એક પુત્ર ઝંખતી માતા પુત્રજન્મથી ખૂબ આનંદિત થાય છે, એને લાડ-પ્યાર આપીને ખવડાવે–પિવડાવે છે, પરંતુ એ બાળક અચાનક મૃત્યુ પામે તો એ જ એને રડાવે છે. અજ્ઞાનવશ આત્મા પ્રિય વસ્તુને પોતાની માનીને ખુશ થઈને હસતો હોય છે અને એ જ એના વિયોગમાં રડતો હોય છે અથવા તો અપ્રિય વસ્તુ સામે આવતાં અપ્રસન્ન બની જતો હોય છે. રાગદ્વેષના આ કુચક્રમાંથી બહાર કાઢનારું વ્યુત્સર્ગ–તપ છે.

મહાપુરુષોએ આ તપની આરાધના કરવા માટે બાહ્ય અને આભ્યંતર બંને પ્રકારની વસ્તુઓનો ત્યાગ કરવાનું કહ્યું છે. બાહ્ય વસ્તુઓમાં ગણ, શરીર, ઉપધિ, આહાર વગેરેનો ત્યાગ કરવાનો હોય છે. આને દ્રવ્ય–વ્યુત્સર્ગ કહે છે. આભ્યંતર વસ્તુઓમાં કષાય, કર્મ, રાગદ્વેષ આદિનો ત્યાગ કરવાનો હોય છે. આને ભાવ–વ્યુત્સર્ગ કહે છે.

આ દૃષ્ટિએ વ્યુત્સર્ગ-તપના મુખ્યત્વે સાત પ્રકાર છે: (૧) શરીર-વ્યુત્સર્ગ (૨) ગણ-વ્યુત્સર્ગ (૩) ઉપધિ-વ્યુત્સર્ગ (૪) ભક્ત-પાન-વ્યુત્સર્ગ (૫) કષાય-વ્યુત્સર્ગ (૬) સંસાર-વ્યુત્સર્ગ અને (૭) કર્મ-વ્યુત્સર્ગ.

આમાંના પ્રથમ ચાર ભેદનો દ્રવ્ય-વ્યુત્સર્ગમાં અને પછીના ત્રણ ભેદનો ભાવ-વ્યુત્સર્ગમાં સમાવેશ થાય છે.

### ૧. શરીર-વ્યુત્સર્ગ

શરીર-વ્યુત્સર્ગમાં શરીર અને શરીરથી સંબંધિત તમામ જડ અને ચેતન વસ્તુઓના વ્યુત્સર્ગનો સમાવેશ થાય છે. મનુષ્યને પોતાનું શરીર સૌથી વધુ પ્રિય હોય છે અને એને પરિણામે જ મનુષ્ય આટલી બધી પછડાટ ખાતો હોય છે. શરીરની સાથોસાથ એને પરિવારનું મમત્વ થાય છે અને પોતાના પરિવારને માટે એ મરવા કે મારવા તૈયાર થઈ જતો હોય છે. શરીરના મમત્વને પરિણામે જ મકાન, દુકાન, સુખસાધન, ધનસંપત્તિ, જમીન-જાયદાદ વગેરે પ્રત્યે મમત્વ અનુભવે છે. આથી જ શરીર અને શરીરથી સંબદ્ધ એવી તમામ જડ અને ચેતન વસ્તુઓ પ્રત્યેથી મમત્વને અળગું કરવું તે જ શરીર-વ્યુત્સર્ગનું રહસ્ય છે. શરીર-વ્યુત્સર્ગના અભ્યાસને કારણે જ મનુષ્ય ઘણીવાર અન્યના હિત કે સુખ માટે સર્વસ્વની આહુતિ આપતાં અચકાતો નથી.

સુરતની તાપી નદીમાં એકવાર ભયંકર પૂર આવ્યું હતું. પૂરના ઊછળતા પાણીમાં મનુષ્ય અને પશુઓ ડૂબી રહ્યાં હતાં. આવે સમયે કિનારા પર ઊભેલા દાદાભાઈ પાંડેએ આ જોયું અને એમનાથી રહેવાયું નહીં. તેઓ કુશળ તરવૈયા અને પહેલવાન પણ હતા. એમણે વિચાર્યું,

"ભલે મારો દેહ ડૂબી જાય, પણ થોડાંક પ્રાણીઓને તો હું ડૂબવાથી બચાવી શકીશ."

દાદાભાઈ ધસમસતા પૂરમાં કૂદી પડયા. તરવાનું જાણતા હતા, પરંતુ પૂરના ચડતા પાણીમાં તરવું અને અન્યના જીવ બચાવવા એ

કોઈ આસાન વાત નહોતી, પરંતુ દાદાભાઈએ પોતાના શરીરની પરવા કર્યા વિના માનવીઓ અને પ્રાણીઓને બચાવવાનું શરૂ કર્યું. કહે છે કે એમણે અવિરત પ્રયત્ન બાદ મનુષ્ય અને પ્રાણીઓને બચાવ્યાં. એમણે એ રીતે ૧૦૬ જીવોને ઉગારી લીધા. આને શરીર–વ્યુત્સર્ગ નહીં કહીએ તો શું કહેવાય?

શરીર–વ્યુત્સર્ગ–તપનો અભ્યાસ થતાં મનુષ્ય પોતાના શરીર પર શસ્ત્ર–પ્રહાર કે શસ્ત્રક્રિયા થાય તોપણ ગભરાતો નથી. કોમી રમખાણ વખતે નિર્ભય બનીને ગણેશશંકર વિદ્યાર્થી જનતાની વચ્ચે આશ્વાસન આપવા માટે ગયા હતા. તેઓ શાંતિ સ્થાપવા પ્રયત્નો કરતા હતા ત્યારે ક્યાંકથી બંદૂકની ગોળી આવી અને એમને વીંધીને ચાલી ગઈ. આમ છતાં એમણે 'ઉફ' પણ કર્યું નહીં.

મહાત્મા ગાંધીજી પર ગોડસેએ ગોળી ચલાવી ત્યારે એમણે ગોડસે તરફ કશોય ક્રોધ કે દ્વેષ રાખ્યા વિના 'હે રામ' એટલું જ બોલ્યા. શું આ હસતાં હસતાં શરીર છોડવાનું ઉદાહરણ નથી?

બાર વર્ષના લાંબા દુષ્કાળ વખતે કેટલાંય સાધુ–સાધ્વીઓએ પોતાનો ધર્મ સમજીને અનશન (સંલ્લેખના–સંથારો) કરીને પોતાનું શરીર છોડી દીધું હતું. ઘણા શ્રાવકોએ પણ આવું જ કર્યું હતું. આ રીતે બ્રહ્મચર્યની રક્ષા કરવા માટે પોતાના પ્રાણની આહુતિ આપવા તૈયાર થયેલા સુદર્શન શેઠને કોણ નથી જાણતું?

એક બાજુ સિદ્ધાંતની રક્ષા કરવાનો સવાલ હોય અને બીજી બાજુ પ્રાણ જવાની ભીતિ હોય કે શરીર–રક્ષા કરવાનો પ્રસંગ હોય ત્યારે મોટા મોટા સાધકો પાછા પડી જાય છે; શરીર કે પ્રાણનો મોહ એમને સિદ્ધાંતમાંથી ચલિત કરે છે. આથી જ આચાર્ય અમિતગતિ-સૂરિએ તીર્થંકર પરમાત્માને શરીર-વ્યુત્સર્ગ માટે બળ આપવાની પ્રાર્થના કરી છે:

"शरीरतः कर्तुमनन्तशक्तिं विभिन्नमात्मानमपास्तदोषम् ॥
जिनेन्द्र ! कोषादिव खड्गयष्टिं तव प्रसादेन ममास्तु शक्तिः ॥"

"હે જિનેન્દ્ર પ્રભુ! આપની કૃપાથી મને એવી શક્તિ મળો કે

જેથી આ શરીરથી અનંત શક્તિમાન અને દોષરહિત શુદ્ધ આત્માને એવી રીતે જુદો કરી શકું કે જેવી રીતે મ્યાનમાંથી તલવાર અલગ થાય છે.''

**૨. ગણ-વ્યુત્સર્ગ**

ગણ કહેવાય છે પોતાના ગચ્છ કે સંપ્રદાયને અથવા તો પોતાના કુટુંબ અથવા જ્ઞાતિને. વ્યક્તિ રાગ કે મોહમાં અંધ બનીને પોતાના ગણ (સમૂહ) સાથે બંધાઈ રહે છે. ઘણી વાર પોતે દુ:ખી થાય છે અને બીજાઓને પણ દુ:ખી કરે છે. કેટલીયે વાર અવિનીત શિષ્યો અથવા તો દુરાચારી, અત્યાચારી અને અન્યાયી પુત્રોને લીધે ગુરુ કે માતાપિતા દુ:ખી થતાં હોય છે. તેઓ મોહવશ બનીને એમ બોલતાં હોય છે :

कुर्वन्नपि व्यलीकानि यः प्रियः प्रिय एव सः ।

અનેક પ્રકારની અનીતિ કરે, તો પણ જે પ્યારા હોય તે પ્યારા જ હોય. ધૃતરાષ્ટ્ર જાણતા હતા કે દુર્યોધન આદિ કૌરવો અન્યાય-માર્ગે ચાલે છે. યુગપુરુષ શ્રીકૃષ્ણે એમને ચેતવણી પણ આપી હતી કે "આપ દુર્યોધનનો પક્ષ લેવો છોડી દો.'' પરંતુ ધૃતરાષ્ટ્ર મોહવશ હોવાથી દુર્યોધન આદિનો પક્ષ લેવાનું છોડતા નથી. તેઓ એમજ કહેતા રહ્યા, "ભાઈ! જે અમારું છે તેને કઈ રીતે છોડી શકીએ? સારું-નરસું ગમે તેવું હોય પણ પોતીકું છે.''

બીજી બાજુ ગાર્ગ્યાચાર્ય નામના આચાર્યે જોયું કે એમના પાંચસો શિષ્યો અવિનીત છે, એમનું કહ્યું માનતા નથી તેમજ સાધુ-મર્યાદાનું પાલન કરવા તૈયાર નથી તો એ બધાને છોડીને એકલા ચાલી નીકળ્યા. આને ગણ-વ્યુત્સર્ગ કહેવાય.

**૩. ઉપધિ-વ્યુત્સર્ગ**

'ઉપધિ' એ જૈન પારિભાષિક શબ્દ છે. એનાથી સાધુ-સાધ્વીઓના ભંડોપકરણોનો અર્થ ગૃહીત હોય છે. ઉપધિ બે પ્રકારની છે—

(૧) ઔધિક-ઉપધિ અને ઔપગ્રાહિક-ઉપધિ. ઔધિક ઉપધિ એને કહેવાય છે કે જે હંમેશાં ઉપયોગમાં આવે છે; જેમ કે રજોહરણ

મુખવસ્ત્રિકા, ચોલપટ્ટો વગેરે જ્યારે ઔપગ્રાહિક ઉપધિ એ છે કે કોઈ વાર પાસે હોય અને કોઈ વાર ન પણ હોય. જેમ કે દંડ, લાકડાની પાટ, બાજોઠ વગેરે. સાધુ-સાધ્વી માટે આ બંને પ્રકારની ઉપધિનો મમત્વરહિત ત્યાગ કરવો તે ઉપધિ-વ્યુત્સર્ગ છે.

ગૃહસ્થને માટે ઉપધિ છે ઘરસંસાર ચલાવવામાં ઉપયોગમાં આવનારી બધી ચીજવસ્તુઓ. મકાન, દુકાન, જમીન-જાયદાદ, ધન, સોનાચાંદી, પાળેલાં પ્રાણીઓ આદિ બધી બાબતો ઉપધિમાં સમાવેશ પામે છે. વખત આવે પોતાના સિદ્ધાંત કે ધર્મની રક્ષા માટે અથવા તો બીજી વ્યક્તિ પર આવતાં સંકટને દૂર કરવા માટે આ બધાંને છોડવાની જરૂર પડે તો મમત્વબુદ્ધિરહિત થઈને એનો ત્યાગ કરવો તે ઉપધિ-વ્યુત્સર્ગ છે. હિન્દુસ્તાન અને પાકિસ્તાનના ભાગલા વખતે ઘણાં જૈન ભાઈબહેનોને પાકિસ્તાનમાં પોતાની જમીન, સંપત્તિ, મકાન, દુકાન વગેરે છોડીને આવવું પડ્યું હતું. જો એ સમયે એ વસ્તુઓમાં મમત્વબુદ્ધિ રહી હશે તો એ ઉપધિ-વ્યુત્સર્ગ ગણાય નહીં. મમત્વનો ત્યાગ કરવો અથવા તો મમત્વને વોસિરાવીને(વ્યુત્સર્ગ કરીને) જ સાચો વ્યુત્સર્ગ થાય છે. ક્રોધ, માન, માયા, લોભ, પ્રમાદ અને મિથ્યાત્વ આદિ અંતરંગ ઉપધિ છે તેનો પણ ત્યાગ કરવો જોઈએ.

**૪. ભક્તપાન-વ્યુત્સર્ગ**

દેશ, સમાજ અને ધર્મ પર સંકટ આવ્યું હોય, કોઈ વ્યક્તિ પર ઉપસર્ગ આવ્યો હોય અથવા તો કોઈ અનિષ્ટ, રોગ, ઉપદ્રવ, પ્લેગ કે અધર્મનું નિવારણ કરવા માટે અથવા તો અન્યાય કે અત્યાચાર કરનારને પોતાની ભૂલશુદ્ધિ કરવા બાધ્ય કરવા માટે અહિંસક પ્રતિકારના રૂપમાં અથવા તો સંલ્લેખના-સંથારો(અનશન) કરવા માટે આહાર-પાણી છોડવાં પડે તો હર્ષભેર મમત્વબુદ્ધિરહિત થઈને છોડવાં તેને ભક્તપાન-વ્યુત્સર્ગ (આહાર પાણી છોડવાં) કહેવાય છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં છ કારણથી આહાર લેવા અને છ કારણથી આહાર તજવાનું વિધાન છે.

રાજગૃહી નગરીના સુદર્શન શ્રમણોપાસકે જોયું કે અર્જુનમાળીનો

સર્વત્ર આતંક છવાયેલો છે અને મહાવીર પ્રભુ નગરની બહાર પધાર્યા છે ત્યારે પોતાનાં માતાપિતાની સંમતિ લઈને પોતાની પ્રબળ ઉત્સુકતા સાથે ઘેરથી એ ભગવાન મહાવીરના દર્શનાર્થે નીકળ્યો. હત્યારા અર્જુનમાળીથી એ સહેજે ગભરાયેલો કે મૂંઝાયેલો નહોતો, પરંતુ જ્યારે એણે અર્જુનમાળીને મોગર ઘુમાવતો ઘુમાવતો નજીક આવતો જોયો ત્યારે સામે આવતા ઉપસર્ગને જોઈને એ તરત જ જમીન પર બેસી ગયો અને સાગારી (શર્તી) અનશન (ભક્તપાન-વ્યુત્સર્ગ) કર્યું. આખરે જ્યારે અર્જુનમાળીએ ઘુમાવેલો મોગર એને કશી અસર કરી શક્યો નહિ અને ખુદ અર્જુનમાળી એકાએક બેભાન બનીને પડી ગયો ત્યારે સુદર્શન અનશન લઈને અર્જુનમાળીને સ્વસ્થ કરવા લાગ્યો.

આ છે ભક્તપાન-વ્યુત્સર્ગનું જ્વલંત ઉદાહરણ. આજકાલ તો મૃત્યુની ઘડી નજીક આવી હોય તોપણ માણસ એક પછી એક દવા લીધે જ જાય છે. એવે સમયે ભક્તપાન-વ્યુત્સર્ગ તપનો કોઈ વિવેક જોવા મળતો નથી.

૫. કષાય-વ્યુત્સર્ગ

કષાયનું નિમિત્ત મળવા છતાં કષાય પ્રગટ થવા દેવો નહીં, કષાયનાં કારણોથી દૂર રહેવું, કષાય વધારવામાં નિમિત્ત બનવું નહીં તેમજ વિરોધી કે પ્રતિપક્ષી કષાય કરતા હોય તો પણ શાંત રહેવાનો પ્રયત્ન કરવો તેનું નામ કષાય-વ્યુત્સર્ગ છે.

હત્યારો બનેલો અર્જુનમાળી રોજ રાજગૃહી નગરીની સાત વ્યક્તિઓની હત્યા કરતો હતો. શ્રમણોપાસક સુદર્શનના સંપર્કને લીધે ભગવાન મહાવીરનો મેળાપ થતાં એણે સાધુ-દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા લેવાની સાથે જ બેલા (બે-બે ઉપવાસ) પછી પારણાં કરવાની પ્રતિજ્ઞા આજીવન લીધી હતી, પરંતુ પારણાં કરવા માટે અર્જુનમુનિને રાજગૃહી નગરીમાં જ જવું પડતું અને નગરીની જનતા એમને જોઈને ક્રોધાયમાન બની જતી. કોઈ ગાળો આપે, કોઈ મારપીટ કરે, કોઈ ધક્કા મારે તો કોઈ લાકડી ફટકારે. આવી સ્થિતિમાં એક-બે દિવસ

નહીં, એક-બે મહિના પણ નહીં, પરંતુ છ-છ મહિના પસાર થઈ જતા. અર્જુનમુનિને ક્યારેક લૂખું-સૂકું ભોજન મળતું તો ક્યારેક માત્ર પાણી જ મળતું. અર્જુનમુનિ પૂર્ણ શાંતભાવ, ક્ષમાભાવ અને સમભાવથી લોકોના દુર્વ્યવહારને સહન કરતા હતા. આવા કષાય-વ્યુત્સર્ગને કારણે જ તેઓ છ મહિનામાં પોતાનાં સમસ્ત કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા. આમ કષાય-વ્યુત્સર્ગ-તપ શાંતિનું વરદાન આપે છે.

૬. સંસાર-વ્યુત્સર્ગ

નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારેય ગતિ ધરાવતાં સંસારનાં કારણો-મિથ્યાત્વ આદિ-નો ત્યાગ કરવો તે સંસાર-વ્યુત્સર્ગ કહેવાય છે. આનો અર્થ એટલો કે જે કાર્યથી સંસાર વધે તેવાં કાર્યોનો ત્યાગ કરવો તે સંસાર-વ્યુત્સર્ગ.

૭. કર્મ-વ્યુત્સર્ગ

કર્મબંધનનાં કારણોનો ત્યાગ કરવો તે કર્મ-વ્યુત્સર્ગ છે. કર્મ-બંધનનાં આ બધાં કારણો જુદાં જુદાં શાસ્ત્રોમાં તેમજ 'તત્ત્વાર્થસૂત્ર'માં દર્શાવવામાં આવ્યાં છે. આ કારણોને યોગ્ય રીતે સમજીને એના નિવારણ માટે પુરુષાર્થ કરવો જોઈએ. આમ કરીએ તો જ કર્મ-વ્યુત્સર્ગ તપ કહેવાય.

## ભાવ-વ્યુત્સર્ગ આવશ્યક

માત્ર દ્રવ્યરૂપથી જ વ્યુત્સર્ગ-તપની સાધના કરવામાં આવે અને ભાવરૂપથી સાધના ન થાય તો એની તપસાધના કાચી રહી જાય છે, જેનાથી એ વ્યુત્સર્ગની પરીક્ષામાં નિષ્ફળ જાય છે.

કરટ અને ઉત્કરટ બંને ભાઈઓ એક જ સમયે દીક્ષિત થઈને સાધુ થયા હતા. એકવાર આ બંને સાધુઓએ કુણાલા નગરીની બહાર એક નાળા(જેમાં થઈને નગરીનું પાણી બહાર જતું હતું)ની પાસે કાયોત્સર્ગ (શરીર-વ્યુત્સર્ગ) કર્યો. ચોમાસાના દિવસો હતા. આ બંને તપસ્વી સાધુઓના અધિષ્ઠાયક દેવોએ વિચાર્યું કે જો વરસાદ આવશે

તો નગરનું પાણી આ બંને તપસ્વીઓને એના પ્રવાહમાં ખેંચી જશે, આથી અધિષ્ઠાયક દેવોએ વરસાદ અટકાવી દીધો.

બીજી બાજુ વરસાદ વરસ્યો નહીં તેથી નગરજનોમાં હાહાકાર થઈ ગયો. નગરવાસીઓ આ વિશે વિચારવા માટે ભેગા થયા. એમણે વિચાર્યું,

"ગમે તે હોય પરંતુ આ બે મુંડિત સાધુઓ નાળાની પાસે ઊભા છે અને એમણે જ વરસાદ રોકી રાખ્યો છે."

પરિણામે નગરજનોએ એ બંને સાધુઓને માર માર્યો અને તિરસ્કાર-વચનો કહ્યાં. આનાથી બંને સાધુઓને પણ ક્રોધ આવ્યો. બંને સાધુ માસક્ષમણ(સતત એક મહિના સુધી ઉપવાસ)નું તપ કરતા હતા, આથી દેવો એમના વશમાં હતા.

પરિણામે ગુસ્સે થઈને એમાંથી એક સાધુએ દેવને કહ્યું, "મુશળ-ધાર વર્ષા થાઓ."

બીજા સાધુએ કહ્યું, "પંદર દિવસ સુધી સતત વરસાદ પડો."

બસ, પછી તો દેવતાઓએ એમ કર્યું. પંદર દિવસ સુધી સતત મુશળધાર વર્ષા થતી રહી. ચારે બાજુ પાણી ઊભરાવા લાગ્યાં. પ્રજાની પરેશાનીનો પાર ન રહ્યો, પરંતુ આ બંને સાધુ પોતાના અપમાનનો બદલો લેવાથી ઘણા ખુશ હતા. પરિણામે દ્રવ્ય-વ્યુત્સર્ગની સાથે ભાવ-વ્યુત્સર્ગની સાધનામાં તેઓ અસફળ રહ્યા. રૌદ્ર ધ્યાનવશ આ બંને સાધુઓ મૃત્યુ પામીને નરકમાં ગયા. આ છે વ્યુત્સર્ગ-તપની નિષ્ફળતાનો નમૂનો.

ભાઈઓ, આથી જ કષાય-વ્યુત્સર્ગ વગેરે ભેદોમાં દ્રવ્ય-વ્યુત્સર્ગની સાથે ભાવ-વ્યુત્સર્ગની અનિવાર્યતા સ્પષ્ટ રૂપે બતાવે છે. વ્યુત્સર્ગ-તપ માનવજીવનને માટે વરદાન છે તેથી એને અપનાવીને સ્વ-પર કલ્યાણ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો.

સ્થળ : જૈનભવન, બીકાનેર
૨૭ ઑગસ્ટ, ૧૯૪૮.

સોળ

# કાયોત્સર્ગ

કાયોત્સર્ગ વ્યુત્સર્ગ-તપની ભૂમિકારૂપ છે. સાધક કાયોત્સર્ગ કરવાનું શીખી લે, એનું યોગ્ય પ્રશિક્ષણ લઈને તૈયાર થાય તે પછી જ એ વ્યુત્સર્ગનો પૂર્ણ આરાધક બની શકે છે. અન્યથા કાયોસત્ર્ગની શિક્ષા પામ્યા વિનાનો યોદ્ધો વ્યુત્સર્ગનું રણમેદાન છોડીને ભાગી જશે.

વ્યુત્સર્ગની પૂર્વ કાયોત્સર્ગનો અભ્યાસ એ માટે આવશ્યક છે કે કાયાને સાધ્યા વિના કસોટીને વખતે તે કાયા જ વ્યુત્સર્ગ કરવામાં દગો કરશે. કાયોત્સર્ગનો યોગ્ય અને પૂર્ણ અભ્યાસ કરનાર વ્યુત્સર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે. મેટ્રિકની પરીક્ષા પાસ કરનાર ક્રમશઃ આગળ વધીને એમ. એ.માં ઉત્તીર્ણ થઈ શકે છે, પરંતુ જેણે પહેલી ચોપડીનું પાઠ્યપુસ્તક પોતાના હાથમાં પકડી રાખ્યું હોય તે સીધેસીધો એમ. એ. ની પરીક્ષા આપે

તો ઉત્તીર્ણ થાય ખરો ? કદી નહિ. આવી જ વાત કાયોત્સર્ગની છે.

માનવી પોતાની કાયાના વર્તુળમાં જ ફેરફૂદડી ફરતો હોય છે, એના જ બંધનમાં રહ્યો હોય છે અને જો એની મમતાને છોડી શકતો ન હોય તો પછી તે કઈ રીતે ગણ, ઉપધિ, ભક્ત-પાન આદિની મમતાને અળગી કરી શકે ? એ કઈ રીતે કષાય, કર્મ અને સંસારના વ્યુત્સર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શકે ?

મૂળ વાત તો એ છે કે 'કાયા' આત્માની સૌથી વધુ નિકટ છે. આત્મા રાત-દિવસ એના સંસર્ગમાં રહે છે. "संसर्गजा दोषगुणा भवन्ति" એ નિયમ અનુસાર જોઈએ તો આત્મામાં કાયાના સંસર્ગથી ગુણ આવવા તો દુર્લભ હોય છે, બલ્કે દોષ જ વધુ લાગે છે. વળી કાયા આત્માની અત્યંત નિકટવર્તી હોવાથી એના પર મોહ-મમતા પણ વધુ ચોંટી જાય છે. 'ઉપનિષદ'ના કહેવા મુજબ અન્નમયકોષની ભૂમિકા પાર કર્યા વિના જ્ઞાનમયકોષની ભૂમિકા સુધી પહોંચવું અત્યંત દુર્લભ છે. આવી જ રીતે શરીરની મમતા-મૂર્ચ્છા છોડયા વિના વ્યુત્સર્ગની ઉચ્ચ ભૂમિકાએ પહોંચવું કઠિનતમ છે. આથી જ જૈન ધર્મના મહાપુરુષોએ આત્માના નિકટતમ સહવાસી શરીરની મમતા છોડવાનું કહ્યું છે. સાધુજનો માટે તો કાયોત્સર્ગના અભ્યાસનું વિશેષ મહત્ત્વ દર્શાવ્યું છે :

"साधु सो तो साधे काया । कौड़ी एक न राखे माया ॥
लेना एक न देना दो । साधु हो तो ऐसा हो ॥"

"કાયાને સાધનારો જ સાચો સાધુ છે અને એ કાયા કાયોત્સર્ગ દ્વારા જ સધાય છે."

## કાયોત્સર્ગનો ઉદ્દેશ

રણમેદાનમાં જતાં અગાઉ યોદ્ધાને પહેલાં તાલીમ લેવી પડે છે, યુદ્ધનું વ્યવસ્થિત પ્રશિક્ષણ લેવું પડે છે, સચોટ નિશાનબાજી શીખવી પડે છે, પછી જ એ યોદ્ધો યુદ્ધના મેદાનમાં સફળ થઈ શકે. વળી, એ અગાઉ એણે નકલી લડાઈ લડીને શરીર અને શરીરથી સંબંધિત વ્યક્તિ-વસ્તુઓનો મોહ છોડવો પડે છે. જો યોદ્ધો યુદ્ધના મેદાનમાં પોતાની પત્ની અને બાળકોને યાદ કરીને રડવા માંડે તો એ સમરાંગણમાં

શું વીરતા બતાવવાનો ? આવી રીતે રાગ-દ્વેષ, કર્મ અને વિષય-કષાયની સાથે યુદ્ધ કરવા માટે સુસજ્જ યોદ્ધાએ (પછી તે સાધુ હોય કે ગૃહસ્થ) પહેલાં વ્યુત્સર્ગ-તપની તાલીમ લેવી પડે, જેનો પ્રારંભ કાયોત્સર્ગથી થાય છે. વ્યુત્સર્ગનો પહેલો મુકામ જ કાયોત્સર્ગ છે.

કાયોત્સર્ગનો ઉદ્દેશ શરીર અને શરીરથી સંબંધિત જડચેતન આદિ વસ્તુઓ પરનું મમત્વ છોડવાનું છે અને વખત આવે હસતાં હસતાં શરીર પણ છોડવાનું છે. પરંતુ આ કાયોત્સર્ગવીરને સૈનિકની માફક પહેલાં શરીરને એવી તાલીમ આપવી પડે છે કે જેથી રણનાદ વખતે એ તરત જ મમત્વ કે સર્વસ્વ છોડવા તૈયાર થઈ શકે. આવી તાલીમ પણ કાયોત્સર્ગ જ કહેવાય છે. આજકાલ જૈનસાધકોમાં એ 'ધ્યાન'ના નામથી પ્રચલિત છે, પણ હકીકતમાં એનું નામ કાયોત્સર્ગ જ હોવું જોઈએ અને એનો અર્થ એટલો જ થાય કે કાયાનો ઉત્સર્ગ કરવા માટે જરૂરી કસરત, પ્રક્રિયા કે તાલીમ.

## વિધિનું વિધાન

કાયોત્સર્ગની તાલીમ લેવાનું પ્રયોજન એ છે કે ખરે વખતે વ્યક્તિ પોતાના પર આવતા કષ્ટ, પ્રહાર કે ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરી શકે. આ દૃષ્ટિએ કાયોત્સર્ગની મુખ્ય વિધિ ઊભા રહીને કરવાની છે, સૂઈ જઈને કે ઊંચે કે નીચે માથું રાખીને નહીં. વ્યક્તિ ઊભી હોય ત્યારે એનું શરીર બરાબર ટટ્ટાર હોય છે અને એનાથી સાધક બરાબર જાગૃત રહે છે. એના શરીર પર ચારે બાજુથી વાચિક કે કાયિક પ્રહાર આવે, તોપણ એ વિચલિત થતો નથી. આથી "ઓઘનિર્યુક્તિ'માં કહ્યું છે :

> "चउरंगुल मुंहपत्ती उज्जोयए वामहत्थि रयहरणं ।
> वोसट्ठचत्तदेहो काउसग्गं करेज्जाहि ॥"

જૈનાચાર્ય દ્રોણાચાર્યે આના પર વૃત્તિ કરતાં લખ્યું છે :

"नाभेरधश्चतुर्भिरंगुलैः पादयोश्चान्तरं चतुरंगुलं कर्तव्यं, तथा मुखवस्त्रिका 'उज्जुगे'–दक्षिणहस्तेन गृह्णाति, वामहस्तेन च रजोहरणं गृह्णाति । पुनरसौ व्युत्सृष्टदेहः प्रलम्बितबाहुस्त्यक्तदेहः सर्पादीनां उपद्रवेऽपि नोत्सारयति कायोत्सर्गं, अथवा व्युत्सृष्टदेहो

दिव्योपसर्गेष्वपि न कायोत्सर्गभङ्गं करोति । त्यक्तदेहो अक्षिमलदूषिकामपि नापनयति । स एवंविधः कायोत्सर्गः कुर्यात् ।"

આનો ભાવાર્થ એ છે કે નાભિની નીચેથી બંને પગના વચમાં આગળના ભાગમાં ચાર આંગળનું અંતર રહે અને પાછળના ભાગમાં પોણા ચાર આંગળાનું અંતર રહે, જમણા હાથમાં મુખવસ્ત્રિકા રહે અને ડાબા હાથમાં રજોહરણ હોય, બંને હાથ સીધા રાખવામાં આવે. શરીરનું મમત્વ એટલું બધું છોડી દેવું કે સર્પ વગેરેનો ઉપદ્રવ કે દેવ વગેરેનો ઉપસર્ગ (આપત્તિ) આવવા છતાં પણ એ કાયોત્સર્ગનો ભંગ ન કરે. આમ જ્યાં સુધી કાયોત્સર્ગ પારિત ન કરવામાં આવે ત્યાં સુધી શરીર અથવા શરીરસંબદ્ધ તમામ વસ્તુઓ પ્રત્યેના મમત્વનો ઉત્સર્ગ કરી દે.

કાયોત્સર્ગમાં દૃષ્ટિ નાસાગ્ર (નાકના અગ્ર ભાગ) પર રહેવી જોઈએ અને બંને આંખો અધખુલી રહેવી જોઈએ. છદ્મસ્થ અવસ્થામાં તીર્થંકર અને જિનકલ્પી મુનિ વગેરે તો ઊભા રહીને જ કાયોત્સર્ગ કરતા હતા, બેસીને નહિ. આમ કાયોત્સર્ગ ઊભા રહીને જ કરવામાં આવે, પરંતુ કોઈ વિશેષ કારણ હોય તો ગુરુની આજ્ઞા લઈને બેઠા-બેઠા પણ કાયોત્સર્ગ કરી શકાય છે. આજકાલ તો કશાય કારણ વિના દેખાદેખીથી બેઠા-બેઠા કાયોત્સર્ગ કરવાની પરંપરા શરૂ થઈ ગઈ છે. મારા જેવો કમજોર અને વૃદ્ધ માનવી બેસીને પ્રતિક્રમણ કરે તો મારું જોઈને ઘણા સાધુઓ અને એમને જોઈને કેટલાક શ્રાવકો પણ બેઠા-બેઠા જ પ્રતિક્રમણ કરવા લાગે છે. આવું અનુકરણ યોગ્ય નથી. વીર્યાચારના અતિચારમાં બેઠા-બેઠા પ્રતિક્રમણ કરવાને અતિચાર કહ્યો છે.

કેટલાક ભાગ્યશાળીઓ બેઠા-બેઠા કાયોત્સર્ગ કરે છે, પરંતુ એમના હાથ સીધા જ રાખે છે તે પણ વિધિયુક્ત વાત નથી. જિન-પ્રતિમાઓમાં કાયોત્સર્ગની મુદ્રાઓ બે પ્રકારની હોય છે: (૧) કાયોત્સર્ગમાં ઊભી પ્રતિમા જેના હાથ સીધા હોય છે. (૨) કાયોત્સર્ગમાં પદ્માસનસ્થ અથવા તો સિદ્ધાસનસ્થ બેઠેલી પ્રતિમા કે જેના બંને

હાથ જોડેલા હોય છે. ઊભા ઊભા કે બેસીને કાયોત્સર્ગ કરનારને માટે આ બંને મુદ્રાઓ અનુકરણીય છે.

### અનેક પ્રકારે લાભદાયી

જે નિમિત્તે કાયોત્સર્ગ કરવામાં આવતો હોય એનું ચિંતન કરવું જોઈએ. આવા કાયોત્સર્ગથી શરીરને ટટ્ટાર રહેવાની તાલીમ મળે છે અને શરીરમાંથી જડતા અને આળસ દૂર થતાં સ્ફૂર્તિ આવે છે. આવું શરીર વિકારો અને પરભાવોની સાથે લડવા માટે તૈયાર થઈ જાય છે તેમ જ શ્લેષ્માદિનો પણ એનાથી ક્ષય થાય છે. આમાં વિશેષ પ્રયાસ કરીને અભ્યાસ પરિપકવ થતાં આ પ્રકારના કાયોત્સર્ગમાં સ્થિત આત્મા શુદ્ધ ઉપયોગમાં લીન બની જાય છે. આનાથી વિષયવાસના, કષાયો કે પરભાવમાં દોડતા ચિત્તની કૂદાકૂદ ઓછી થાય છે અથવા તો સર્વથા બંધ થાય છે. કાયોત્સર્ગમાં સ્થિત આત્મા ફરી ધર્મધ્યાન અથવા શુકલધ્યાનમાં એકાગ્ર થાય છે. એને શરીરનું કોઈ ભાન રહેતું નથી અને શરીરને ખવડાવવા-પિવડાવવા જેવી કોઈ ચિંતા રહેતી નથી. આમ, શરીર પરથી જયારે મમત્વ છોડવાનો અભ્યાસ થાય છે ત્યારે શરીર સાથે સંબંધિત બધી જ જડચેતન વસ્તુઓ, દુર્ભાવો અને દુષ્પ્રવૃત્તિઓ પરથી પણ મમત્વ દૂર થઈ જાય છે. આનો અર્થ એ કે કાયોત્સર્ગના અભ્યાસથી પોતાના પર કે કોઈ અન્ય પર સંકટ આવે અથવા તો પોતાના પર પ્રહારાદિ થાય તોપણ સાધક એટલો સજ્જ થઈ ગયો હશે કે એ સહજ અને સહર્ષ ભાવથી શરીર અને શરીર-સંબદ્ધ સર્વસ્વનો ત્યાગ કરતાં સહેજે અચકાશે નહીં. કાયોત્સર્ગથી અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં સમભાવથી રહેવાની શક્તિ પ્રગટે છે, કાયોત્સર્ગમાં ચિત્ત એકાગ્ર બની જાય છે, જેનાથી ભાવના અને ધ્યાનનો અભ્યાસ પણ વધુ પુષ્ટ થાય છે. કાયોત્સર્ગની તાલીમને કારણે દિનચર્યામાં થયેલા દોષો કે અતિચારોનું ચિંતન યોગ્ય રીતે થઈ શકે છે કે જે ચારિત્ર્યશુદ્ધિને માટે આવશ્યક છે. આ રીતે કાયોત્સર્ગ-તપ અનેક પ્રકારે લાભદાયી છે.

ગજસુકુમાર મુનિ આવું કાયોત્સર્ગ-તપ કરતા હતા. એમણે એ

જન્મમાં દ્રવ્ય-કાયોત્સર્ગનો ક્યારેય અભ્યાસ કર્યો નહોતો. પરંતુ પૂર્વજન્મમાં કાયોત્સર્ગની સાધના કરી હોવાથી તેઓ ભાવ–કાયોત્સર્ગમાં સ્થિર રહી શક્યા. કાયોત્સર્ગમાં નાકના અગ્ર ભાગ પર દૃષ્ટિ સ્થિર કરીને ઊભેલા ગજ-સુકુમાર મુનિના મસ્તક પરએમના સંસારીકાળના સસરા સોમિલ બ્રાહ્મણ માટીની પાળ બાંધીને એમાં ધગધગતા અંગારા મૂકે છે. એમને કેટલી બધી તીવ્ર વેદના થઈ હશે ! પરંતુ ગજસુકુમાર મુનિએ શરીર પરથી મમત્વ છોડી દીધું હતું. જે શરીરને પોતાનું માનતા ન હોય એને શરીરની ચિંતા કઈ રીતે સતાવે ? તેઓ આનંદથી આ બધા ઉપસર્ગ (સંકટ) સમભાવપૂર્વક સહન કરતા રહ્યા, આત્મધ્યાનમાં તલ્લીન થઈ ગયા. એમને ન તો શરીર પર રાગ રહ્યો, કે ન સોમિલ પર દ્વેષ થયો. શુક્લ ધ્યાનનું અવલંબન લીધું હોવાથી તેઓ કાયા, માયા અને કર્માદિથી મુક્ત થઈ ગયા હતા. જો ગજસુકુમાર મુનિ કાયોત્સર્ગ કરવામાં નિષ્ફળ ગયા હોત તો એમની સમગ્ર સાધના ધૂળમાં મળી જાત. શરીર પર સહેજે મમત્વ જાગે તો પછી રાગ અને દ્વેષ આવતાં વાર લાગતી નથી. આ હતો કાયોત્સર્ગ તપનો પ્રભાવ.

આવા ભાવ-કાયોત્સર્ગ સાધના માટે પહેલાં દ્રવ્ય–કાયોત્સર્ગની તાલીમ લેવી પડે છે. બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિના નાનાભાઈ રથનેમિ ગિરનારની ગુફામાં કાયોત્સર્ગ કરતા હતા, પરંતુ હજી એમની કાયોત્સર્ગની તાલીમ પરિપક્વ બની નહોતી. ભગવાન અરિષ્ટનેમિએ દીક્ષા લીધા પછી રાજીમતીએ પણ દીક્ષા લીધી અને સાધ્વી બનેલાં રાજીમતી રૈવતકગિરિ પર બિરાજમાન અરિષ્ટનેમિના દર્શને જઈ રહ્યાં હતાં. રસ્તામાં બારે મેઘ તૂટી પડતાં એમનાં કપડાં સાવ ભીનાં થઈ ગયાં અને તેથી ક્યાંક આશરો લેવાનો વિચાર કર્યો. એવામાં એમને ગુફા દેખાઈ. એમાં પ્રવેશીને સાધ્વી પોતાનાં ભીનાં કપડાં ઉતારીને સૂકવવા લાગ્યાં.

આ ગુફામાં કાયોત્સર્ગ કરી રહેલા રથનેમિની અકસ્માત જ રાજીમતી પર નજર પડી અને એમની નિર્વસ્ત્ર અવસ્થા જોઈને વિચલિત

થઈ ગયા. રૂપ અને લાવણ્યને જોઈને એમણે મોહનો વ્યુત્સર્ગ કરવાની જરૂર હતી. તેને બદલે તેઓ ખુદ મોહવશ બની ગયા. એમના મનમાં જાગેલી કામવાસના વાણીમાં પ્રગટ થઈ. રાજીમતીએ કોઈનાં પગલાંનો અવાજ સાંભળ્યો, તેથી તરત જ સાવધાન થઈ ગઈ અને અંગસંકોચ કરી લીધો, પરંતુ કામાતુર રથનેમિ રાજીમતી સમક્ષ સાંસારિક કામભોગો માટે વિનંતી કરવા લાગ્યા. રાજીમતીએ જુદી જુદી યુક્તિઓ દ્વારા એમને ફરી સંયમમાં સ્થિર કર્યા. એ સાચું છે કે દ્રવ્ય-કાયોત્સર્ગની વ્યવસ્થિત તાલીમ મળી ન હોય તો વ્યક્તિ ભાવ-કાયોત્સર્ગ કરવામાં નિષ્ફળ જાય છે.

## ૧૯ દોષોથી સાવધાન!

કાયોત્સર્ગની ઉચિત સાધના કરવા માટે સાધકે કાયોત્સર્ગના નીચે મુજબના ૧૯ દોષોથી બચવાનું અને સાવધાન રહેવાનું હોય છે. બે ગાથાઓમાં આ ૧૯ દોષો દર્શાવવામાં આવ્યા છે.

> "घोडग–लया य खम्भे–कुड्डे माले य सबरि बहु–नियले ।
> लंबुत्तर थण उड्ढी संजय खलिणे य वायस कविट्ठे ॥
> सीसोकंपिय मूई अंगुलि–भमुहा य वारुणी पेहा ।
> एए काउसग्गे हवंति दोसा इगुणवीसं ॥"

(૧) ઘોટક (૨) લતા (૩) સ્તંભકુડ્ય (૪) માલ (૫) શબરી (૬) વધૂ (અવનત) (૭) નિગડ (૮) લમ્બોત્તર (૯) સ્તન (૧૦) ઊર્ધ્વિકા (૧૧)સંયતી (૧૨) ખલીન (૧૩) વાયસ (૧૪) કપિ (૧૫) શીર્ષોત્કમ્પિત (૧૬) મૂક (૧૭) અંગુલિકાભ્રૂ (૧૮) વારુણી (૧૯) પ્રેક્ષા–આ કાયોત્સર્ગમાં થતા ૧૯ દોષ છે.

(૧) ઘોટક–દોષ : ઘોડાની માફક એક પગ ઊંચો રાખી ઊભા રહીને ધ્યાન કરવું એ ઘોટક–દોષ છે. ઘોડો જ્યારે થાકી જાય ત્યારે એક પગ ઊંચો કરીને ઊભો રહે છે અને એ રીતે પોતાનો થાક દૂર કરે છે. કાયોત્સર્ગમાં એવી રીતે ઊભા રહી શકાય નહિ.

(૨) લતા–દોષ : જેવી રીતે પુષ્પલતા હવામાં કાંપતી હોય છે એ જ રીતે સાધક કાયોત્સર્ગ કરતી વખતે કાંપતો રહે તો તે લતા–દોષ કહેવાય.

(૩) સ્તમ્ભકુડ્ય–દોષ : થાંભલાનો કે દીવાલનો ટેકો લઈને કાયોત્સર્ગ કરવો તે સ્તમ્ભકુડ્ય કાયોત્સર્ગ–દોષ છે. આવી રીતે કાયોત્સર્ગ કરવાથી નિદ્રા આવવાનો કે પ્રમાદ જાગવાનો સંભવ રહે છે. આમ, કાયોત્સર્ગમાં ટેકો લેવો તે દોષરૂપ છે.

(૪) માલ–દોષ : કાયોત્સર્ગમાં ઉપરના ભાગમાં માથું ટેકવીને ઊભા રહેવું તે માલ–દોષ છે.

(૫) શબરી–દોષ : વસ્ત્રહીન શબરી (ભીલડી)ની સામે જો કોઈ પુરુષ આવે તો એ પોતાના બંને હાથે ગુપ્તાંગને ઢાંકી દે છે. બંને હાથ ગુપ્તાંગ પર રાખીને કાયોત્સર્ગમાં ઊભા રહેવું તે શબરી–દોષ છે.

(૬) વધૂ (અવનત)–દોષ : જેવી રીતે કુલીન સ્ત્રી માથું નીચે ઢાળીને ઊભી રહે તે રીતે કાયોત્સર્ગમાં નીચે જોવું એ વધૂ–દોષ છે.

(૭) નિગડ–દોષ : હાથકડી પહેરેલા મનુષ્યની માફક બંને પગ ફેલાવીને અથવા તો તદ્દન નજીક રાખીને કાયોત્સર્ગમાં ઊભા રહેવું તે નિગડ–દોષ છે.

(૮) લમ્બોત્તર–દોષ : નાભિની ઉપર અથવા તો ઘૂંટણની નીચે ચોલ-પટ્ટાને રાખીને કાયોત્સર્ગમાં ઊભા રહેવું તે લમ્બોત્તર–દોષ છે. આ દોષ વિશેષે સાધુઓ માટે છે.

(૯) સ્તન–દોષ : માંકડ, મચ્છરના ભયથી અથવા તો અજ્ઞાનને કારણે છાતી પર કપડું રાખીને કાયોત્સર્ગ કરવો તે સ્તન–દોષ છે.

(૧૦) ઊર્ધ્વિકા–દોષ : ગાડીના ઠેકાની માફક એડી મેળવીને અથવા તો પગના આગળના પંજાને ફેલાવીને કાયોત્સર્ગમાં ઊભા રહેવું એ ઊર્ધ્વિકા–દોષ છે અથવા તો પગના પંજાને ભેગા

રાખીને અને એડીને ફેલાવીને કાયોત્સર્ગ કરવો તે આ દોષમાં સમાવેશ પામે છે.

(૧૧) સંયતી દોષ : સાધ્વીની માફક કપડાથી શરીર ઢાંકીને કાયોત્સર્ગ કરવો.

(૧૨) ખલીન-દોષ : ઘોડા પર લગામ લગાવેલી હોય ત્યારે એનું મુખ સતત આમતેમ હલાવતો હોય છે એ જ રીતે કાયોત્સર્ગમાં મુખ હલાવતા રહેવું અથવા તો હાથમાં લગામ પકડીને જેમ ઘોડેસવારી કરવામાં આવે એ રીતે હાથને સામે રાખીને કાયોત્સર્ગ કરવો તે ખલીન-દોષ છે.

(૧૩) વાયસ-દોષ : કાગડાની માફક ચંચળ ચિત્ત રાખીને આમતેમ આંખો ઘુમાવવી અથવા તો જુદી જુદી દિશા તરફ જોવું તે વાયસ-દોષ છે.

(૧૪) કપિ-દોષ : વાંદરો જમીન પર બેસે ત્યારે બંને પગ ફેલાવીને બેસે છે. એ રીતે પગ ફેલાવીને કાયોત્સર્ગ કરવો તે કપિ-દોષ છે.

(૧૫) શીર્ષોત્કમ્પિત-દોષ : માથું હલાવતાં હલાવતાં કાયોત્સર્ગ કરવો તે શીર્ષોત્કમ્પિત-દોષ છે.

(૧૬) મૂક-દોષ : મૂંગા માનવીની માફક 'હૂં-હૂં' કરીને કાયોત્સર્ગ કરવો અથવા તો કાયોત્સર્ગમાં મૂક માનવીની માફક 'હૂં-હૂં'નો ઇશારો કરીને કોઈને હટાવવો તે મૂક-દોષ છે.

(૧૭) અંગૂલિકા-ભ્રૂદોષ : કાયોત્સર્ગમાં આંગળીના વેઢા પર ગણતરી કરવી તે અંગૂલિકા-દોષ અથવા કોઈ કાર્ય સૂચવવા માટે ચેષ્ટાથી ભ્રમર ઊંચીનીચી કરવી તે ભ્રૂદોષ છે.

(૧૮) વારુણી-દોષ : કાયોત્સર્ગમાં શરાબીની માફક બડબડાટ કરવો તે વારુણી-દોષ છે.

(૧૯) પ્રેક્ષા-દોષ : કાયોત્સર્ગમાં હોઠ ફફડાવતા રહેવું તે પ્રેક્ષા-દોષ છે.

આ રીતે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે ૧૯ કાયોત્સર્ગ દોષોનું વર્ણન 'યોગશાસ્ત્ર'માં કર્યું છે. જો દીવાલ, થાંભલો, આંગળી અને ભ્રમરને જુદાં જુદાં ગણવામાં આવે તો કાયોત્સર્ગના ૨૧ દોષો થાય.

## કેટલાક આગાર (છૂટછાટ)

માનવશરીર અનેક રોગો અને શિથિલતાઓનો ભંડાર છે. એને બરાબર સાધવા માટે દીર્ઘકાળ સુધી નિરંતર અભ્યાસની જરૂર પડે છે, પરંતુ નવા શિખાઉને તો શરૂઆતમાં કાયોત્સર્ગ અટપટી ચીજ લાગે છે. વળી કોઈ વૃદ્ધ, અશક્ત, નિર્બળ કે રોગિષ્ટ વ્યક્તિ બધા જ કડક નિયમોના પાલન સાથે કાયોત્સર્ગ કરી શકતો નથી. સહુને માટે આ શક્ય બનતું નથી, કારણ કે દરેકની શક્તિ વત્તી-ઓછી હોય છે. ક્યારેક કોઈ કમજોર કે ડરપોક વ્યક્તિ એટલી બધી ગભરાઈ જાય છે કે ધર્મધ્યાનને બદલે આર્ત-રૌદ્ર ધ્યાન કરવા લાગે છે. આવી કેટલીક પરિસ્થિતિને લક્ષમાં રાખીને કાયોત્સર્ગમાં કેટલીક છૂટ આપવામાં આવી છે. કાયોત્સર્ગ કરતાં પહેલાં 'इरियावही पड़िक्कमण' કર્યા પછી આગારો (છૂટછાટ આપતો પાઠ) બોલવામાં આવે છે. આને 'तस्स उत्तरीकरणेण' કહેવામાં આવે છે. આ પાઠમાં અપાયેલી છૂટ આ મુજબ છે.

अन्नत्थ (એના સિવાય), ऊससिएणं (ઊંચો શ્વાસ લેવો), नीससिएणं (નીચો શ્વાસ લેવો), खासिएणं (ખાંસી આવવી), छीएणं (છીંક આવવી), जंभाइएणं (બગાસું ખાવું), उड्डुएणं (ઓડકાર આવવો), वायनिसग्गेणं (અપામનવાયુ અર્થાત્ અધોવાયુ નીકળવો), भमलीए (ચક્કર આવવા), पित्तमुच्छाए (પિત્તને કારણે મૂર્છા આવવી), सुहुमेहिं अंगसंचालेहिं (શરીરનું સૂક્ષ્મ હલનચલન), सुहुमेहिं खेलसंचालेहिं (કફ-થૂંક આદિનો સૂક્ષ્મસંચાર), सुहुमेहिं दिट्ठीसंचालेहिं (આંખનું સૂક્ષ્મ હલનચલન), एवमाइएहिं आगारेहिं अभग्गो अविराहीओ हुज्ज मे काउसग्गो (ઇત્યાદિ આગારોથી મારો કાયોત્સર્ગ ભાંગે નહિ કે વિરાધના પામે નહીં).

આમાં 'एवमाहएहिं' (ઇત્યાદિ, આ અને એવા) એવા વધુ ચાર આગાર લેવામાં આવે છે.

"अगणीओ छिंदिज्ज वा बोहियरगेभाइ दीहडक्को वा ।
आगारेहिं अभग्गो उवसग्गो एवमाईहिं ॥"

"(૧) અગ્નિ આદિનો ઉપદ્રવ થતાં અન્ય સ્થળે જવું પડે (૨) બિલાડી, ઉંદર વગેરેનો ઉપદ્રવ થાય અથવા તો કોઈ પંચેન્દ્રિય જીવનું છેદન–ભેદન થવાને લીધે બીજે જવું પડે. (૩) ધાડ, અકસ્માત કે રાજા વગેરેની હેરાનગતિને કારણે સ્થાન બદલવું પડે. (૪) સિંહ આદિના ભયથી; સાપ, વીંછી જેવા વિષભર્યા જીવોના ડંખની શંકાથી અથવા તો દીવાલ વગેરે પડવાની આશંકાથી બીજા સ્થળે જવું પડે.

આ બધા આગારો(છૂટ)થી કાયોત્સર્ગ ત્યાં સુધી ભાંગતો નથી જ્યાં સુધી 'નમો અરિહંતાણં' કહીને એ પાળવામાં આવ્યો ન હોય. એ પાઠ આ મુજબ છે :

"जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि ।"

"જ્યાં સુધી નમસ્કાર મંત્ર કહીને કાયોત્સર્ગ પાળું નહીં ત્યાં સુધી સ્થાનથી, મૌનથી અને ધ્યાનથી મારી કાયાના મમત્વનો ત્યાગ કરું છું."

## ધ્રુવ અને અધ્રુવ કાયોત્સર્ગ

સવાલ એ છે કે કાયોત્સર્ગ ક્યારે, કેટલા અને કોના માટે કરવા જોઈએ ? મુખ્યત્વે કેટલાક કાયોત્સર્ગ નિયમબદ્ધ હોય છે અને તે રોજ નિયમિતરૂપે કરવા જરૂરી છે. કેટલાક કાયોત્સર્ગ નિયમબદ્ધ નહીં હોવાથી જરૂર પડે ત્યારે કરવામાં આવે છે.

નિયમબદ્ધ કાયોત્સર્ગને ધ્રુવ કાયોત્સર્ગ કહેવામાં આવે છે અને નિયમ નહીં ધરાવતા કાયોત્સર્ગને અધ્રુવ કાયોત્સર્ગ કહેવામાં આવે છે. આ બંને કાયોત્સર્ગને નિત્ય અને નૈમિત્તિક કાયોત્સર્ગ પણ કહી

શકીએ. પ્રતિક્રમણમાં કાયોત્સર્ગ આવશ્યક છે. આથી જ તેને છ આવશ્યકોમાં એક આવશ્યક ગણવામાં આવ્યું છે. શ્રાવક-શ્રાવિકાઓ માટે પણ તે અવશ્ય કરવા યોગ્ય છે. સાધુ-સાધ્વી રોજેરોજ આવશ્યક ન કરે તો એમને માટે પ્રાયશ્ચિત્ત હોય છે, પરંતુ શ્રાવક-શ્રાવિકાને આવો કોઈ નિયમ લાગુ પડતો નથી.

એક કાયોત્સર્ગ લોગ્ગસના પચીસ પદના ઉચ્ચારણ સુધી અથવા તો પચીસ વાર શ્વાસોચ્છ્વાસ લેવા સુધી જરૂર અટકવું પડે છે. કાયોત્સર્ગ માટે 'લોગસ્સ'(ચતુર્વિંશતિસ્તવ)નો પાઠ નિયત કરેલો છે. જેમાં 'चन्देसु निम्मलयरा' સુધી ૨૫ પદ હોય છે. એક પદનો એક શ્વાસોચ્છ્વાસ માનવામાં આવે છે, એટલે કે એક પદ એક શ્વાસોચ્છ્વાસમાં મનમાં બોલવું જોઈએ. કોઈ કાયોત્સર્ગમાં 'सागरवरगंमीरा' સુધી બોલવું પડે છે અને અહીં સુધી ૨૭ શ્વાસોચ્છ્વાસ ગણાય છે. જ્યારે 'शान्ति' વગેરે માટે કાયોત્સર્ગ કરવામાં આવે છે તો લોગસ્સનો પૂરેપૂરો પાઠ બોલાય છે.

ક્યારેક વિશિષ્ટ પર્વ પ્રસંગે પ્રતિક્રમણ (આવશ્યક)માં કાયોત્સર્ગ આવશ્યકમાં ચાર લોગસ્સને બદલે વધુ લોગસ્સનો કાયોત્સર્ગ કરવામાં આવે છે. પક્ખી (પાક્ષિક) પ્રતિક્રમણમાં ૩૦૦ પદો (શ્વાસોચ્છ્વાસો)નો અર્થાત્ બાર લોગસ્સનો, ચાતુર્માસિક પ્રતિક્રમણમાં ૫૦૦ પદો (શ્વાસોચ્છ્વાસો)નો એટલે કે વીસ લોગસ્સનો અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૧૦૦૮ પદો(શ્વાસોચ્છ્વાસો)નો એટલે કે ૪૦ લોગસ્સ (૧૦૦૦ પદ) અને એક નવકાર મંત્ર(આઠ પદ)નો કાયોત્સર્ગ કરવામાં આવે છે. વળી કોઈ ઉપસર્ગના સમયે અથવા તો ઐર્યાપથિક (ગમનાગમનના) પ્રતિક્રમણ વખતે કાયોત્સર્ગ કરવાનો હોય છે. આ બધા કાયોત્સર્ગ અધ્રુવ કાયોત્સર્ગ કહેવાય છે. આ ઉપરાંત કોઈ પણ સમયે પોતાની ઇચ્છા મુજબ સાધનામાં પ્રગતિ કરવા માટે કે કાયાને સાધના માટે કાયોત્સર્ગ કરવામાં આવે તો તેમાં કોઈ આપત્તિ નથી, બલ્કે લાભ જ છે.

## ગિરત્નની આરાધના

કયા કયા ઉદ્દેશથી કાયોત્સર્ગ કરવામાં આવે છે તે જોઈએ. મહાન આચાર્યોએ ભવ્ય સાધકો પર અનુકંપા કરીને મૂળમાં તો શરીર પ્રત્યેના મમત્વનો ત્યાગ કરવાની સાધના કરવા માટે અને શરીરને કાયોત્સર્ગની તાલીમ આપવા માટે દ્રવ્ય–કાયોત્સર્ગનું વિધાન કર્યું છે. આમાંના કેટલાક કાયોત્સર્ગ જ્ઞાનની આરાધના માટે, કેટલાક દર્શનની આરાધના માટે, કેટલાક ચારિત્ર્યની આરાધના માટે અને તપની આરાધના માટે કાયોત્સર્ગ નિયત કર્યા છે.

કાયોત્સર્ગમાં જે 'લોગસ્સ' (ચતુર્વિંશતિસ્તવ)નો પાઠ બોલવામાં આવે છે એની પાછળ મારી સમજ પ્રમાણે જ્ઞાનીઓની એવી દૃષ્ટિ લાગે છે કે ભરત ક્ષેત્ર તથા ઐરાવત ક્ષેત્રના દસ તથા મહાવિદેહ-ક્ષેત્રના વીસ વિહરમાન (વર્તમાન) તીર્થંકરોની સ્તુતિ-આરાધનાથી એમનું સ્મરણ કરીને એમના કાયોત્સર્ગ (શરીર અને આત્માના ભેદજ્ઞાન -વિવેક કરવા રૂપે)ના આદર્શમાંથી આપણે પ્રેરણા લઈએ અને આપણા આત્માને પણ એ જ રીતે શરીરથી જુદો સમજવાની વૃત્તિમાં સ્થાપિત કરી શકીએ અને એ રીતનો સુંદર, વ્યવસ્થિત અભ્યાસ કરી શકીએ, તાલીમ લઈ શકીએ તેવો આશય છે. આ કારણે જ કેટલાક આવી રીતે કાયોત્સર્ગની તાલીમ સ્થાપના (તીર્થંકરના અભાવમાં આચાર્યદેવનું પ્રતીક) રાખીને કરે છે અને કોઈ સ્થાપના રાખ્યા વિના કરે છે. હકીકતમાં તો એનું કોઈને કોઈ રૂપે આલંબન લઈને કાયોત્સર્ગ કરવાનો છે.

## ચાર સ્તુતિ

મહાભારતનો એકલવ્યનો પ્રસંગ આ બાબતમાં પ્રેરણાદાયી છે. એકલવ્ય ભીલ હોવાથી ગુરુ દ્રોણાચાર્યે એને ધનુર્વિદ્યા શીખવવાનો ઇન્કાર કર્યો તેમ છતાં એકલવ્ય નિરાશ થયો નહિ. ગુરુ દ્રોણાચાર્ય પ્રત્યે અતૂટ શ્રદ્ધા રાખીને જંગલમાં પોતાની ઝૂંપડીની પાસે ગુરુ દ્રોણાચાર્યની એક મૂર્તિ બનાવી અને તેને સાક્ષી રાખીને રોજ

ધનુર્વિદ્યાનો અભ્યાસ કરવા લાગ્યો. થોડા જ દિવસમાં એ આ વિદ્યામાં પારંગત બની ગયો.

એક વખત ગુરુ દ્રોણાચાર્ય અર્જુન આદિ શિષ્યોને લઈને જંગલમાંથી પસાર થતા હતા. એમની સાથે એક કૂતરો પણ હતો. આ કૂતરાએ એકલવ્યને જોયો અને એને અપરિચિત માનીને ભસવા લાગ્યો. એકલવ્યે એવી કુશળતાથી બાણ માર્યાં કે કૂતરાનું મુખ બાણથી બંધ થઈ ગયું અને એનું ભસવાનું અટકી ગયું, જોકે કૂતરાને આનાથી કોઈ હાનિ થઈ નહીં.

ગુરુ દ્રોણાચાર્ય, અર્જુન અને અન્ય સહુને આશ્ચર્ય થયું. એમણે જોયું કે આવો ચતુર બાણાવળી ભીલકુમાર એકલવ્ય છે. દ્રોણાચાર્યને જોતાં જ એકલવ્યે એમને દંડવત્ પ્રણામ કર્યાં. દ્રોણાચાર્યે એને પૂછ્યું,

"વત્સ, કોની પાસેથી તું આવી કુશળ ધનુર્વિદ્યા શીખ્યો ?"

ભીલકુમાર એકલવ્યે કહ્યું, "ગુરુદેવ ! આ કલા હું બીજા કોઈની પાસેથી નહિ, બલ્કે આપની પાસેથી શીખ્યો છું."

આ સાંભળીને અર્જુનના મનમાં શંકા જાગી, કારણ કે ગુરુ દ્રોણાચાર્યે એને આશીર્વાદ આપ્યા હતા કે ભારતમાં તારાથી ચડિયાતો બીજો કોઈ બાણાવળી નહિ હોય. દ્રોણાચાર્યે ભીલકુમાર એકલવ્યને એમ કહ્યું કે, "મેં તો તને ક્યારેય કોઈ વિદ્યા શીખવી નથી." તો એકલવ્યે એમને ગુરુ દ્રોણાચાર્યની મૂર્તિ બતાવી અને પોતાની કુશળતાનું રહસ્ય પ્રગટ કર્યું.

આનો અર્થ એટલો જ કે કાયોત્સર્ગ માટે તીર્થંકરના અભાવમાં તીર્થંકરનું માનસિક કલ્પનાચિત્ર મનમાં ઉપસાવવું અથવા તો સ્થાપનાજી રાખીને એકલવ્યે જેમ ધનુર્વિદ્યાનો અભ્યાસ કર્યો હતો તે રીતે કાયોત્સર્ગ-વિદ્યાનો અભ્યાસ કરી શકાય.

અહીં એ વિચારવાનું છે કે આવી રીતે સ્તુતિ અથવા વંદનના નિમિત્તે કેટલા કાયોત્સર્ગ કરી શકાય ? પ્રતિક્રમણમાં જે કાયોત્સર્ગ

નિયત છે તે તો જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય અને તપમાંથી કોઈની પણ આરાધના માટે કરવામાં આવે છે. એમાં દેવવંદનમાં એવા ચાર કાયોત્સર્ગ છે કે જે આ ચારેયની આરાધના માટે કરવામાં આવે છે. પહેલો કાયોત્સર્ગ, પહેલી સ્તુતિ (થુઈ)ના રૂપમાં 'લોગસ્સ'નો પાઠ મનમાં બોલીને "सव्वलोए अरिहंत चेइयाइं वंदामि" (સર્વ લોકમાં અરિહંત-ચૈત્યોને વંદન કરું છું) કહીને કરવામાં આવે છે. ઊર્ધ્વ, મધ્ય અને અધોલોકમાં અસંખ્ય જૈનચૈત્ય છે. કેટલાક તો શાશ્વત ચૈત્ય માનવામાં આવે છે. આથી સવારે કરવામાં આવતાં રાત્રિ પ્રતિક્રમણમાં "सकल तीर्थ वन्दूं कर जोड़" આદિ પાઠથી આ બધાની સ્તુતિના રૂપમાં સ્મરણ કાયોત્સર્ગની પ્રેરણા માટે કરવામાં આવે છે.

ઉદાહરણરૂપે જોઈએ તો પ્રથમ કાયોત્સર્ગમાં પ્રથમ સ્તુતિના રૂપે મહાવીરપ્રભુની સ્તુતિ આવી રીતે કરવામાં આવે છે :

"संसार-दावानल-दाहनीरं, सम्मोहधूलिहरणे समीरं ।
मायारसादारणसारसीरं, नमामि वीरं गिरिसारधीरं ॥"

આવી જ રીતે બીજા કાયોત્સર્ગમાં બીજી સ્તુતિના રૂપમાં 'સર્વલોકના ચૈત્યો'ને આ પાઠથી નમન કરવામાં આવે છે :

भावावनाम-सुर-दानव-मानवेन ।
चूलाविलोल-कमलावलि-मालितानि ॥
संपूरिताभिनतलोक-समीहितानि ।
कामं- नमामि जिनराजपदानि तानि ॥"

એ પછી ત્રીજા કાયોત્સર્ગમાં ત્રીજી સ્તુતિ (થુઈ)ના રૂપે જ્ઞાન (આગમ)ની પ્રશંસા કરવામાં આવે છે. આ બાબત શરીર અને શરીર-સંબદ્ધ વસ્તુઓ પ્રત્યે રાગ-દ્વેષનું નિવારણ કરવામાં અને આત્માને સ્વ-સ્વરૂપમાં સ્થિર કરવા માટે સહાયક બને છે. એનો પાઠ આ પ્રમાણે છે :

"बोधागाधं सुपदपदवी–नीरपूराभिरामं ।
जीवाहिंसाऽविरललहरी संगमागाहदेहम् ॥
चूलावेलं गुरुगममणिसंकुलं दूरपारं ।
सारं वीरागम–जलनिधिं सादरं साधु सेवे ॥"

એ પછી ચોથા કાયોત્સર્ગમાં ચોથી સ્તુતિના રૂપે જિનશાસનની અધિષ્ઠાત્રી શાસનરક્ષિકાનું સ્મરણ કાયોત્સર્ગની સાધનામાં સ્થિર રહેવા માટે કરવામાં આવે છે. ચોથી સ્તુતિનો પાઠ આ પ્રમાણે છે.

આ સ્તુતિમાં પણ દ્વાદશાંગી વાણીની અધિષ્ઠાત્રી શ્રુતદેવી પાસે સંસાર-સાગરને પાર કરવાની શક્તિ આપવા માટે પ્રાર્થના કરવામાં આવી છે.

"आमूलालोलधूली–बहुल–परिमलालीढलोलालिमाला-
झंकाराराव–सारामल–कमलागारभूमि–निवासे ।
छायासंभारसारे ! वरकमलकरे ! तारहाराभिरामे !
वाणीसंदोहदेहे ! भवविरहवरं देहि मे देवि ! सारम् ॥"

હકીકતમાં આ ચારેય સ્તુતિઓ કાયોત્સર્ગની સુંદર સાધના માટે કાયોત્સર્ગ–ક્રિયાના સમયે કરવામાં આવે છે. આવી રીતે દ્રવ્ય-કાયોત્સર્ગની તાલીમ લઈને કેળવણી પામેલી વ્યક્તિ ભાવ–કાયોત્સર્ગ તરફ વળે છે. ભાવ-કાયોત્સર્ગમાં કાયાના નિમિત્તે થતાં કષાય, પ્રમાદ, મિથ્યાત્વ, રાગદ્વેષ, વિષયોના સંકલ્પ-વિકલ્પ આદિ દુર્ભાવોનો ઉત્સર્ગ (ત્યાગ) કરીને આત્માને શુદ્ધ ભાવમાં સરળતાથી સ્થિર કરી શકાય છે. 'ભગવદ્ ગીતા'ના બે શ્લોકો દ્વારા આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવ-કાયોત્સર્ગમાં થતી ભાવના જોઈ શકાય છે :

"नैनं छिंदन्ति शस्त्राणि, नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो, न शोषयति मारुतः ।
अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥"

"આ આત્માને શસ્ત્ર કાપી શકતાં નથી. અગ્નિ બાળી શકતો નથી. પાણી ડુબાડી શકતો નથી અને હવા સૂકવી શકતી નથી. એ

અછેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય અને અશોષ્ય છે. આ આત્મા નિત્ય, સનાતન, સર્વવ્યાપી, અચલ અને પોતામાં સ્થિર છે.”

દ્રવ્ય–કાયોત્સર્ગમાં કંઈક ગરબડ થવાથી પ્રસન્નચંદ્ર રાજર્ષિએ એકદમ સાવધાન બનીને ભાવ-કાયોત્સર્ગ કર્યો. તેઓ દુર્ભાવના હિંડોળે ઝૂલવા લાગ્યા હતા, પરંતુ તરત જ જાગૃત થઈને કાયોત્સર્ગના અગાઉ કહેલા ભાવોમાં સ્થિર થઈ શુદ્ધ આત્માના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં શુક્લધ્યાનમાં આરૂઢ બનીને કેવળજ્ઞાન પામ્યા.

મિત્રો ! કાયોત્સર્ગની સાધના આત્માને અજર-અમર પદ પર પહોંચાડવા માટે છે. એની સમ્યક્ પ્રકારે સાધના કરીને તમે સહુ પરમ કલ્યાણ પ્રાપ્ત કરી શકશો.

સ્થળ : જૈનભવન, બીકાનેર
૨૬ ઑગસ્ટ, ૧૯૪૮

□

